Scan OK. 5/8/24
1500040

22972
22972

072
30
P02

गांधी स्मृति ग्रंथालय
भावनगर

P
050
SHI-16
22972

GANDHI SMRITI LIBRARY
BHAVNAGAR

22972
22972

આ [illegible] તરફથી ભેટ મળેલું છે.

શિક્ષણપત્રિકા

(નૂતન બાલશિક્ષણસંઘ)

આદ્યતંત્રી : સ્વ. ગિજુભાઈ બધેકા

: તત્રી :

તારાબેન મોડક

વાત એમ છે કે દરેક બાળકને આપણે સમ-ધારણ સમજવું. ને આપણે તેને એક વાર અસમ-ધારણમાની બેઠા તો આપણા અને બાળકના બંનેના બાર વાગે છે.

સ્વ. ગિજુભાઈ.

:: કાર્યાલય ::
દાદર, મુંબઈ ૧૪

અંક ૧
ફાગણ

નૂતન વર્ષ

દર વર્ષે વસંત ઋતુ આવે છે. જૂનાં પાંદડાં ખરી ગયેલાં હોય ત્યાં નવાં તાજાં પાંદડાં ઊગે છે. સૃષ્ટિ આખી તાજી અને ચોખ્ખી દેખાય છે. નવો જીવનરસ પીને નવા ઉત્સાહથી, નવા જોસથી, નવા કસથી મહાલે છે.

શિક્ષણપત્રિકાને પણ આજે નવું વર્ષ બેસે છે. એ જ નવો ઉત્સાહ, નવું જીવન ને તાજગી પત્રિકાના જીવનમાં પણ આવો.

વર્ષોથી ચાલી રહેલી સંસ્થાને ઇતિહાસ હોય, પ્રથા હોય, નક્કી થયેલી રીતિનીતિ હોય, ધોરણ હોય; એ બધું તો સંસ્થાની સ્થિરતા સૂચવે છે. એ બધું હોવા છતાં નવા રહેવું, નવું વિચારવું, નવું કરવું, નવું કહેવું એ જ સંસ્થાનું જીવંતપણું બતાવે છે. કાળની જરૂરિયાત સંસ્થા ઓળખે અને આગળ ચાલે તે આવશ્યક હોય છે.

શિક્ષણપત્રિકા એ માત્ર એક માસિક નથી, પણ એ એક સંસ્થા છે. તેણે વર્ષો પહેલાં જન્મ લીધો ને સતત એકધારું કામ કર્યું છે. તેમાં તેની સ્થિરતા ને પ્રતિષ્ઠા છે. તેની સાથે તે ઘરડી ન બની જાય, પણ તાજી, જીવતી ને પ્રાણવાન રહે એ જ અમારું તેને શુભચિંતન છે.

પત્રિકાના વાચકો પણ તેને એવા જ શુભાશિષ આપશે એવી આશા છે.

બાળકો માટે પત્રિકા ઘણું જીવો, ને ઘણું કાર્ય કરો.

તંત્રી.

નોંધ

નૂતન બાલશિક્ષણ સંઘ

છેલ્લા પાંચ મહિનાથી દરેક અંકમાં આપણા સંઘના બંધારણને અંગે થોડું ઘણું લખવામાં આવ્યું છે. એટલે વાચકો સંઘના ઉદ્દેશથી અને કાર્યપ્રદેશથી ઘણે અંશે પરિચિત થઇ ગયેલ છે.

છતાં હજી કોઇકોઇ સ્થળેથી કોઈના મનમાં કાંઇ શંકાઓ કે અસ્પષ્ટતા રહી ગઇ હોય એમ તેમના કહેવા પરથી જણાય છે.

પહેલો સવાલ એવો કરવામાં આવે છે કે આ **સંઘ કોનો ?**

જવાબ સહેલો છે—અને લાંબો પણ છે.

પ્રથમ તો સંઘ સઘળા બાલહિતેચ્છુઓનો છે.

જેમને બાલજીવનનું મહત્ત્વ શું છે તે સમજાયું છે તેમનો આ સંઘ છે.

બાલજીવનનો જેઓ શાસ્ત્રીય દૃષ્ટિએ અભ્યાસ કરવા ઇચ્છે છે તેવા શાસ્ત્રજ્ઞોનો આ સંઘ છે.

બાળકોના જીવનમાં આવતી મુશ્કેલીઓ હઠાવી દેવાનું જેમના દિલમાં વસ્યું છે એવા બાલપ્રેમીઓનો આ સંઘ છે.

બાળકની ખાતર પ્રાણ ન્યોચ્છાવર કરી દેનારી માતાઓનો આ સંઘ છે.

બાળકો અખંડ—કષાય નડતર વિના વિકાસ સાધ્યા કરે એવી આકાંક્ષા ધરાવનારા શિક્ષકોનો આ સંઘ છે.

બાળકોને રાષ્ટ્રના પાયા તરીકે માનનારા રાષ્ટ્ર-પુરુષોનો આ સંઘ છે.

બાળકોને સમાજના પાયા રૂપે લેખનારા સમાજહિતૈષીઓનો આ સંઘ છે.

ટૂંકમાં નૂતન બાલશિક્ષણ સંઘ કોઈ એક વ્યક્તિનો નથી; વિશિષ્ટ પ્રકારનું જ કામ કરનારાઓમાં આ સંઘ સમાઈ જતો નથી; ચોઉક્કસ મત ધરાવનાર પક્ષનો પણ સંઘ નથી; માત્ર શિક્ષકોનો એ નથી, તેમ માત્ર બાળકોને જોઈ રાચનારાં ફકત માબાપોનો પણ એ નથી.

જેઓ ગંભીરતાપૂર્વક ભાવિનો વિચાર કરી રહ્યાં છે, જેમને દિલ બાલવિકાસનું મહત્ત્વ વસ્યું છે એવી સઘળી વ્યક્તિઓને સંઘમાં આવકાર છે–એમનો જ આ સંઘ છે.

સંઘ કોણ ચલાવે છે ?

આ સંઘ કોણ ચલાવે છે એ બીજો સવાલ હોય છે.

આ સંઘની શરૂઆત મૉન્ટેસોરી સંઘના નામથી ભાવનગરમાં થઈ. તે વખતે ચાર જણાંનું એક મંડળ નિમાયું અને શિક્ષણપત્રિકા એના મુખપત્ર તરીકે ચાલુ કરવાનું નક્કી કરવામાં આવ્યું. સંઘના સભ્યોને શિક્ષણપત્રિકા મફત મળે એમ ઠર્યું. સંઘના સભાસદનું વાર્ષિક લવાજમ રૂા ૧॥ અને જેઓ આજીવનસભ્ય થાય તેમની પાસેથી રૂા ૫૦) લેવા એમ પણ નક્કી થયું. આ રીતે આજીવનસભ્યો પણ ઘણા માણસો થયા, અને વાર્ષિક લવાજમ આપીને પત્રિકા વાંચનારાઓની સંખ્યા હજારોથી ગણાવા લાગી. એટલે જેમને જેમને શિક્ષણપત્રિકા મળતી તેઓ આ સંઘના સભાસદ હતા.

પણ ધીરે ધીરે સંઘના સભાસદ પોતે છે એવું પત્રિકાના વાચનારના લક્ષમાંથી સરી જવા માંડ્યું; અને પોતે લવાજમ ભરે છે એટલો જ ખ્યાલ રહ્યો.

કાયદાની દૃષ્ટિએ વિચાર કરવાનો વખત આવ્યો ત્યારે આ ૪–૪॥ હજાર ગ્રાહકોને સંઘના સભાસદ નહિ ગણી શકાય એવું કાયદાપંડિત ના. પકવાસા સાહેબનું પણ કહેવું થયું; માત્ર આજીવનસભ્યો જ સંઘના સભાસદો ગણાય એમ જણાયું.

આ પરિસ્થિતિમાંથી તોડ કાઢવા સારૂ નવા બંધારણમાં સભાસદનું આઠ આના લવાજમ જુદું વધારે લેવું એમ વિચારવામાં આવ્યું. આજે સઘળા વાચકોને અમે આ મુદ્દો લક્ષમાં રાખવાની વિનંતિ કહીએ છીએ. અને એથી જ નવા વર્ષના લવાજમ સાથે આઠ આના વધારે મોકલવાની હજુ અમે સહુને વિનંતિ કરીએ છીએ. આ જાતનું જેઓ વધારે લવાજમ આપશે તેઓ સંઘના સભાસદ ગણાશે.

પણ સભાસદ શા માટે થવું ?

સંઘના સભાસદ થવામાં શો લાભ? કોઈ પણ સારું કામ કરીએ છીએ તેમાં શો ફાયદો હોય છે? કોઈ સારી ચળવળમાં આપણે જોડાઇએ છીએ તેનો શો લાભ હોય છે? આ બધા સવાલોના જવાબો દરેક વ્યક્તિ પોતે જ અવશ્ય આપી શકશે. જો કોઈ કાર્યની અગત્ય આપણા મનમાં વસે તો તેમાં આપણે સહેજે ભાગ લઇએ છીએ.

વાર્ષિક આઠ આના વધારે લવાજમ આપવાથી બાળકો પરત્વે જૂની દૃષ્ટિએ વિચાર કરવાને બદલે બાળકો તરફ નવી દૃષ્ટિએ જોનારાઓની સંખ્યામાં આપ વધારો કરશો. બાળકોના હિતાર્થે મહેનત કરી રહેલ મંડળનું સંખ્યાબળ એથી વધશે. અને કોઈ પણ નવો વિચારપ્રવાહ શરૂ કરવો હોય છે ત્યારે તેમાં જોડાનાર એક વ્યક્તિની મદદ પણ ભારે કિંમતી ગણાય છે !

જૂનો અને નવો મત

બાળકોએ મોટાંઓની આજ્ઞા સદૈવ માનવી જ જોઇએ; મોટાંઓ અપમાન કરે કે દુર્લક્ષ કરે તો પણ તે મૂંગે મોંએ બાળકોએ સહી લેવું જોઇએ એમ માનનારો વર્ગ જૂના મતવાળો છે.

રોજ રોજ વધતા—ખીલતા જતા બાળકની વ્યક્તિને માન આપી તેના વિકાસમાં આડે

આવતી મુશ્કેલીઓ દૂર કરવી એ જ મોટાંઓની ફરજ છે એમ માનનારો વર્ગ નવા મતવાળો છે.

બાળકોને ઉપદેશ આપીને, શિક્ષા કરીને અથવા દમદાટી બતાવીને કે ભયથી પોતાને જે યોગ્ય લાગે તે માર્ગે ચડાવી શકશું એમ કહેનારો વર્ગ જૂના મતનો છે.

અંદરના જોરે, અંતઃશક્તિથી જ જેઓ વિકાસ મેળવી રહ્યાં છે એવાં ફૂલઝાડો તરીકે બાળની દૃષ્ટિથી જોનારો અને ખાતરપાન આપનારો વર્ગ નવા મતનો છે.

જ્યારે જ્યારે જૂના મતોને હચમચાવી, હઠાવી દઈ નવા મતની સ્થાપના અને પ્રચાર કરવાની જરૂર ઊભી થાય છે ત્યારે એવા કાર્યને સંઘબળની આવશ્યકતા હોય છે. બેપાંચ કે દસપંદર વ્યક્તિઓથી એ કામ થઈ શકતું નથી. એટલે જ નૂતન બાલશિક્ષણ સંઘના અસ્તિત્વની જરૂર છે; સંઘના સભ્યો હોવાની જરૂર છે; અને એ સંઘબળ મોટી સંખ્યામાં હોવાની પણ એટલી જ આવશ્યકતા છે.

નૂતન બાલશિક્ષણ સંઘનું સંખ્યાબળ સામાન્ય સભ્યોમાં રહેલું છે. આજે એવા સભ્યો હજારોથી ગણાતા હોય તોપણ તે લાખે ગણવા જોઈએ. આપણા દેશમાં ચાળીશ કરોડની વસ્તી છે; એમાં એક લાખ માણસોનો સંઘ હોય તોપણ એ સંખ્યા કંઈ ગણતરીમાં લેખાય?

ગ્રાહકોને

ઘણા ગ્રાહકોને પોતે સંઘના સભાસદ છીએ એવો ખ્યાલ હોવાનો સંભવ છે, ઘણા ગ્રાહકોને એ ખ્યાલ ન પણ હોય. અર્થાત્ દરેક વાચકને પોતે સંઘનો સભાસદ છે એવો ખ્યાલ સતત રહ્યા કરે એટલા સારૂ સભાસદ તરીકેનું લવાજમ આઠ આના વધારે રાખ્યું છે. કાંઈ નહિ તો દરેક વર્ષે લવાજમ ભરવાનો વખત આવે ત્યારે દરેકને ખ્યાલમાં આવશે જ કે પોતે માત્ર ગ્રાહક નથી પણ સંઘનો સભાસદ પણ છે. સંઘના કામનું મહત્ત્વ જોતાં આઠ આના લવાજમ ઝાઝું ન ગણાય.

સંઘનું કાર્ય

જેમને સંઘના રોજના કામમાં કાંઈક ભાગ લેવાની ઇચ્છા હોય તેમણે સક્રિય સભાસદ અથવા સહાયક સભાસદ થઈ જવું, કાર્યકર્તા મંડળમાં ચૂંટાઈ આવવું, અને કાર્યકર્તામંડળ યોજે તે કામમાં મંડી પડી સંઘના બળને અને કાર્યને વેગ આપવો જોઈએ. કામ ઢગલાબંધ પડ્યું છે; પ્રદેશ બહુ મોટો છે. માત્ર કામ કરનારાઓની ધગશ અને હોંશ જોઈએ.

કાર્યકર્તામંડળ

તા. ૧૮–૩–૪૧ સુધીમાં (આ અંક મળશે તે પહેલાં આ મુદત તો પૂરી થઇ ગઈ હશે.) કાર્યકર્તા મંડળમાં ચૂંટાવા ઇચ્છનાર સભાસદ ભાઈબહેને પોતાનું નામ ઉમેદવાર તરીકે કાર્યાલયમાં નોંધાવી દેવાનું છે.

તારીખ ૩૧–૩–૪૧ ના રોજ મોડામાં મોડું બપોરના બાર વાગ્યા સુધીમાં દરેક મતદારે પોતાના મતો લેખિત શિક્ષણપત્રિકા કાર્યાલયમાં પહોંચાડવાના છે.

તા. ૩૧–૩–૪૧ ના રોજ બપોરના બે વાગે શિક્ષણપત્રિકા કાર્યાલયમાં સંઘના બે મંત્રીઓ આવેલા મતપત્રકો પરથી મતગણતરી કરી તે જ વખતે કાર્યકર્તા મંડળ સારૂ ચૂંટાયેલ ઉમેદવારોનાં નામો જાહેર કરશે, અને તુરત ચૂંટાયેલ વ્યક્તિને ટપાલથી જણાવશે.

તા. ૬–૪–૪૧ રવિવારના રોજ અમદાવાદમાં ધી રીસ્ટ્રીટ, શાહીબાગમાં કાર્યકર્તામંડળની પહેલી બેઠક સવારના નવ વાગે મળશે.

કાર્યકર્તામંડળના સભ્યોની સંખ્યા:—

જોડાણ સંસ્થાઓના પ્રતિનિધિ તથા સક્રિય સભ્યો તરફથી ચૂંટાયેલ	૯	સભ્યો.
આજીવનસભ્યો તરફથી ચૂંટાયેલ	૨	,,
સહાયક સભ્યો તરફથી ચૂંટાયેલ	૨	,,
સંઘના મંત્રીઓ (અધિકારની રૂએ)	૨	,,
એકંદર સંખ્યા	૧૫	સભ્યો.

આ ચૂંટણીને અંગે મતદારોને અમારી એવી વિનંતિ છે કે બને તો તેઓ કચ્છ, મહારાષ્ટ્ર અને હિંદુસ્થાન જેવા દૂરના ભાગોમાંથી ઊભા રહેનારા ઉમેદવારોને પણ મત આપે, અને એ રીતે કાર્યકર્તામંડળમાં જુદા જુદા પ્રદેશના કાર્યકર્તાઓ આવી શકે તેવી સગવડ કરી આપે.

કાર્યકર્તામંડળ પોતાના સારૂ આવતા વર્ષના કામની રૂપરેખા દોરશે. અમને આશા છે એ યોજના આવતા અંકમાં વાચકો આગળ અમે રજૂ કરી શકશું.

જોડાણ સંસ્થાઓ

સંઘની ઇચ્છા જોડાણ સંસ્થાઓના કામમાં દખલ કરવાની મુદ્દલ નથી એ અમે ગયા અંકમાં જણાવી ચૂકયા છીએ. છતાં તે વાત વધારે સ્પષ્ટતાથી આ અંકમાં અમે ફરી જણાવીએ છીએ. જોડાણ સંસ્થાઓ સંઘનું બળ તો વધારે જ છે, ઉપરાંત તેમને પોતાને પણ અનેક જાતના લાભો થવા સંભવ છે. કેટલાએક લાભો અહીં નોંધીએઃ—

(૧) સંસ્થાના સંચાલકો પોતે નૂતન બાલ-શિક્ષણ વિશે સંપૂર્ણપણે જાણતા હોય એવું બનતું નથી; બલકે ઘણી વાર ઓછું જાણતા હોય છે. તેમને નૂતન બાલશિક્ષણ સંબંધે બધી માહિતી પોતાની શાળા ચલાવનાર મુખ્ય માણસ પાસેથી મેળવવાની રહે છે. અને તેઓ આંખો મીંચી તેનું જ બધું સાચું ગણવું કે કેમ એ વિષે મનમાં સાશંકપણ રહે છે. આવે પ્રસંગે સંચાલકોને યોગ્ય સલાહ આપવાનું કામ નૂતન બાલશિક્ષણ સંઘ જેવું ત્રાહિત મંડળ કરે તે વધારે સગવડ-ભર્યું થશે.

(૨) ઉપરાંત આવી સંસ્થાઓના મુખ્ય અધ્યા-પક તેમ જ અન્ય શિક્ષકવર્ગને નૂતન શિક્ષણમાં કાંઈ નવું માર્ગદર્શન કરાવવાની જરૂર હશે. ત્યારે તે સંઘ કરી શકશે. તેમના રોજના કામની મુશ્કેલીઓ જાણી લઈ તેમના ઉકેલ બતાવવાનું કામ નિરીક્ષકનું મુખ્યત્વે રહેશે. તે સારૂ નિરીક્ષક પ્રત્યક્ષ પાઠ પણ જરૂર હશે તો આપી બતાવશે. ઉપરાંત શિક્ષકોની નાની એવી સભા યોજી ચર્ચાઓ અને વાતચીતો ગોઠવી શકાશે.

(૩) ઘણે સ્થળે બાલમંદિરનાં બાળકોનાં માબાપોના દિલમાં પણ નાની મોટી શંકાઓ વસે છે; નાની મોટી બાબતોમાં તેમને અસંતોષ હોય છે. ખુદ બાલશિક્ષણના સિદ્ધાંતો વિષે અશ્રદ્ધા હોય છે. એટલે દરેક નિરીક્ષણ વખતે માબાપોની સભા ગોઠવવાથી આવી જાતજાતની મુશ્કેલીઓ દૂર કરી શકાશે.

(૪) ઘણી વાર સંસ્થાના સંચાલકો અને શિક્ષકો વચ્ચે થોડીઘણી ગેરસમજૂતીઓ હોય છે. એવે વખતે નિરીક્ષકની મદદ તેમની વચ્ચે ત્રીજી મધ્યસ્થ વ્યક્તિ તરીકે બંનેના હિતમાં લાભકારી જણાશે.

(૫) એક જ ઉદ્દેશથી શરૂ થયેલી અનેક સંસ્થાઓ સ્થળ પરત્વે જુદીજુદી રીતે કામ કરતી હોય છે. એમાં ઘણી વાર સિદ્ધાંતોમાં પણ ફરક થઈ જાય છે. આ બધી શાળાઓમાં સિદ્ધાંતની દૃષ્ટિએ એકધારાપણું જાળવી રાખવાનું કાર્ય સંઘ પોતાના નિરીક્ષક દ્વારા બધા વચ્ચે ઓતપ્રોત બની જઈને કરી શકશે. એથી સંગઠન અને સિદ્ધાંતનું બળ પણ જામશે.

(૬) આપણી શિક્ષણપદ્ધતિ નવી છે; નવા તરીકે માર્ગક્રમણ કરવાનું એકલાને મુશ્કેલ પડે છે. તેવે કાળે આપણા જેવી ઘણી સંસ્થાઓ આ દિશામાં કામ કરી રહી છે એનું સંઘબળ સંસ્થાને એકલી અટૂલી દશામાંથી બચવામાં સહાયભૂત બને છે.

(૭) ઘણાં બાલમંદિરોના પ્રશ્નો સહુને માટે

સરખી જ જાતના હોય છે. દરેક બાલમંદિર પોતે એનો સ્વતંત્ર રીતે તોડ કાઢે તે કરતાં સહુ સાથે મળી એક જ પ્રશ્નનો વિચાર કરી સામાન્ય તોડ કાઢે, અને શી રીતે આગળ વધવું તેનો વિચાર કરે, તો સહુને સરલતાભર્યું થઈ પડે છે.

એકંદરે જોડાયેલી સંસ્થાઓના કામમાં જરાયે દખલ કરવાનો સંઘનો ઇરાદો નથી એમ ફરી જાહેર કરવા છતાં જોડાણ સંસ્થાઓને અને સંઘને પરસ્પર શી રીતે લાભ થાય એ તરફ અંગુલિનિર્દેશ કરવાની અમે આ તક લઈએ છીએ. કે અને દરેક બાલમંદિરને આગ્રહપૂર્વક કહીએ છીએ કે તે સંઘ સાથે જોડાય અને બાળ-કેળવણીના કામને વેગવંતું કરવામાં પોતાનો સંપૂર્ણ ટેકો આપે.

અનુભવ—મનન

ઘેર ફૂટી ગયેલ થરમામિટરનો પારો નળીમાં ભરી ઉષાએ રમવા લીધો. શાળામાં વિજ્ઞાનના પાઠો શિખવાતા તેમાં તેને મજા પડતી, એટલે રમવા માટે પારો મળ્યો એથી ઉષા ખૂબ પ્રસન્ન થઈ. છૂટો મૂકીએ એટલે ઝીણી ઝીણી અનેક ગોળીઓ થઈ પારો વેરાઈ જાય અને બધી ગોળીઓ એકઠી કરે એટલે વળી એક મોટા મોતીના દાણા જેવડો ગોળો થાય, એ રમત ઉષાને બહુ ગમતી.

એક વાર પારાની નળી ઉષા શાળામાં લઈ આવી, અને પોતાની રોજની રમત તેણે વર્ગની બીજી બેનપણીઓને બતાવી. છોકરીઓને પણ એ રમતમાં આનંદ પડ્યો. ઘડીમાં ઝીણી ઝીણી ગોળીઓ વેરાઈ જાય, અને રૂપાના દાણા એકઠા કરવા બધી દોડાદોડ કરી મૂકે; જોર કરી ગોળીઓ પકડવા જાય ત્યાં તો તેના જ ઝીણા ઝીણા કણ બની જાય! સહુને ખૂબ મજા પડી. છોકરીઓને રમતી જોઈ ઉષાના વર્ગના બીજા છોકરાઓ પણ તે જોવા આવ્યા. ઉષાએ તેમને પણ રમત બતાવી. છોકરાઓ પણ રમતમાં જોડાયા; પરંતુ તેમની રમતે તોફાનમસ્તીનું રૂપ લેવા માંડ્યું. ઘણી ઝીણી ઝીણી ગોળીઓ તેમણે સંતાડી દીધી.

ઉષા જરા મૂંઝાઈ. તેણે એકદમ બાકીની ગોળીઓ એકઠી કરી નળીમાં પારો ભરી દીધો અને પોતાની પાકીટમાં તળિયે નળી સંતાડી દીધી. છોકરાઓએ પારો રમવા માગ્યો ત્યારે ઉષાએ સંભળાવી દીધું: "પારો ખલાસ. મારી પાસે હવે પારો જ નથી."

પણ છોકરાઓને સાચું લાગતું નહોતું. "આપ નો ઉષા!" એમ કહી બધા ઉષા ફરતા ફરી વળ્યા. ઉષાએ એક જ જવાબ આપ્યા કર્યો: "પણ મારી પાસે પારો જ નથી, તેનું શું?"

ઉષાએ અનેક વાર ના કહી છતાં છોકરાઓ તેનું માનતા નહોતા. તેમની ખાતરી હતી કે ઉષાએ પારો સાચવીને સંતાડી રાખ્યો છે.

એટલામાં હું વર્ગમાં જઈ પહોંચી.

વર્ગમાં શાંતિ પથરાઈ. બધાં બાળકો શાંતિથી દાખલાઓ ગણવામાં પડ્યાં. પણ મને વર્ગમાં સાચી શાંતિ છે એમ લાગતું નહોતું. સહુ વારંવાર એકબીજા તરફ જોતાં હતાં, એટલે અંદરઅંદર કાંઈક ચાલી રહ્યું છે એમ લાગ્યા વિના મને રહ્યું નહિ.

વાત લાંબો વખત સુધી દાબી ન રહી. એક વિદ્યાર્થીએ પોતાની અડચણ કહી બતાવી. "મોટીબેન! ઉષા પાસે પારો છે પણ અમને તે બતાવતી નથી."

"પારો છે? હું કાંઇ સમજતી નથી." મેં કહ્યું.

"હા. તેણે નળીમાં ભરી આણ્યો છે. પોતાની

બેનપણીઓને આપતી હતી, પણ અમે વર્ગમાં આવ્યા એટલે સંતાડી દીધેલ છે."

મેં ઉષાને પૂછ્યું: "ઉષા! આ બધા શું કહે છે? તારી પાસે શું છે?"

"કાંઈ નથી." ઉષાએ જવાબ આપ્યો.

"ત્યારે આ છોકરાઓ શું કહે છે?"

"ના મોટીબેન! મારી પાસે કાંઈ નથી."

પણ ત્યાં તો છોકરાઓ બોલી ઊઠ્યા: "છે, છે; મોટીબેન! ઉષા પાસે પારો છે."

એક વિદ્યાર્થીએ કહ્યું: "મોટીબેન! ઉષા પાસે પારો છે; તે બોટું બોલે છે."

મેં ઉષા તરફ વળીને હસતાં હસતાં પૂછ્યું: "હેં ઉષા! તું જૂઠું બોલે છે શું?"

ઉષા જરા મૂંઝાઈ; આંખમાં ભયનું ચિહ્ન જણાયું; મોં પર અનિશ્ચિતતાનો ભાવ તરી આવ્યો. જરા અચકાતાં અચકાતાં તેણે કહ્યું: "મોટીબેન! .....કાંઈ નથી."

પણ મારા મનની બાતરી ન થઈ. મેં ઉષાને પાસે બોલાવી; પ્રેમપૂર્ણ સ્વરે ફરી કહ્યું: "ઉષા! સાચું હોય તે કહી દે. તારી પાસે પારો છે?"

ઉષાએ માથું નમાવી "હા" કહી.

આંખમાં ભય હતો, મોં પર વિષાદની રેખાઓ હતી; જરા શરમ પણ દેખાતી હતી. માથું નીચું રાખી તેણે "હા" કહી અને પછી જ બીતાં બીતાં મારા સામે જોયું.

છોકરાઓ તાળી પાડી ઊઠ્યા. વર્ગમાં ધોંધાટ મચ્યો. "અમે નહોતા કહેતા? અમે નહોતા કહેતા?" શોર જામ્યો.

બધાને મેં શાંત કર્યાં. કહ્યું: "જરા ધીરજથી આપણે ઉષાની વાત સાંભળી લઈએ."

ઉષાને મેં નબી બતાવવા કહ્યું. ઉષાની જરાયે મરજી નહોતી. શું કરવું તેના તે વિચારમાં પડી; પણ મારી પાસેથી બસી નહિ.

મેં પૂછ્યું: "ઉષા! તારી પાસે પારો હતો તો 'નથી' એમ શા માટે કહેતી હતી?"

ઉષાને બદલે બેનપણીએ ખુલાસો કર્યો: "મોટી-બેન! આ છોકરાઓ બધા ઉષાનો પારો ઉઠાવી જાય છે."

અને ઉષાનું સિવાયેલું મોં ઊઘડ્યું: "અને તોફાન પણ બહુ કરે છે. એટલું જ નહિ પણ 'હજુ વધારે દે, હજુ વધારે દે.' એમ કરી કરીને મારી બધી ગોળીઓ ઝૂંટવી જાય છે!" ઉષાના બોલમાં રોષ પણ હતો.

મેં નીતિશિક્ષણનો પાઠ આપવાનો પ્રસંગ શોધ્યો અને કહ્યું: "ત્યારે તો, ઉષા! તારે એમ કહેવું જોઈએ કે મારી પાસે પારો છે પણ હું નહિ આપું."

"પણ એમ કહીએ તો આ બધા લોકો કયાં માની જાય એવા છે? આપ ને, આપ ને, કહીને બધા બેંચી જાય છે."

અને એક પછી એક બધી છોકરીઓએ છોકરાઓ વિરુદ્ધની ફરિયાદો રજૂ કરી. છોકરા-ઓથી કશું બોલી શકાય તેવું નહોતું; તે સઘળા પાછા પડ્યા હતા. "અમે એવું કશું નથી કર્યું." વગેરે બોટો લૂલો બચાવ તેઓ કરતા હતા, પણ એ લૂલો છે એની બાતરી તેમના મોં પર સ્પષ્ટ થયેલી દેખાતી હતી.

મેં કહ્યું: "જુઓ, આપણો તો કાયમી એવો નિયમ છે કે કોઇએ કોઇની વસ્તુ બેંચાબેંચી કરી લઈ લેવી નહિ; માગી જોવી, અને આપે તો જ લેવી. કેમ બરાબર છે ને?"

છોકરાઓએ માથું હલાવીને જ માત્ર હકારમાં જવાબ આપ્યો. છોકરીઓ બોલી ઊઠી: "હા હા, બરાબર છે; એવો જ નિયમ છે."

મેં આગળ ચલાવ્યું: "અને જો, ઉષા! કોઇ તારી પાસેથી પારો ઉપાડી જવા આવે તો તારે

ચોખ્ખું કહી દેવું, કે ' મારા પાસે પારો છે પણ હું આપવા માગતી નથી."

ઉષાને જરા હિંમત આવી. તેને ભય હતો કે હું તેનો પારો લઈને બધાને વહેંચી દઈશ. પણ તેનો બચાવ થયો એટલે તે પ્રસન્ન થઈ હતી.

પણ બીજી છોકરીઓથી રહેવાયું નહિ. "મોટી-બેન ! અમે કોઈ ચીજ હોય અને નહિ આપીએ એમ કહીએ તો છોકરાઓ માનતા જ નથી. આપ ને, આપ ને, કહી બધા વાંસે પડે છે એટલે 'નથી' એમ કહીએ તો જ છૂટી શકાય છે."

મેં સાંભળ્યા કર્યું.

આ વર્ગમાં પાંચ છોકરાઓ અને પાંચ છોકરીઓ છે. રોજ બધાં વર્ગમાં સાથે રહે છે, ને રમે છે. તેમને કાયમ સાથે રહેવું એટલે એમણે પોતપોતા માટે આ નવો રસ્તો શોધી કાઢ્યો હતો. પણ ખોટું બોલવા વિષે હું જાહેર રીતે મારી અનુમતિ બતાવું તે મને રુચ્યું નહિ. મેં કહ્યું: "ના, એમ ન બોલાય. બોલ ભાઈ! તારો પતંગ બધા જોવા દે જોવા દે કરીને ફાડી નાખે તો તને ગમશે ખરું?...અને ભાઈ! તારે શું છે? તારું નવું વિમાન બધા તોડી નાખે તો?...અને ભાઈ! તારું પેલું ચિત્રનું આલ્બમ ચોળી નાખે તો?..."

મારું કહેવું યોગ્ય છે એમ સાને એ ક્ષણપૂરતું ગળે ઊતર્યું હોય એમ લાગ્યું. સમાજમાં રહેવું હોય તો જેની માલેકીની ચીજ હોય તે તે પોતે જ રાખે એ બધાએ સ્વીકાર્યું. તેની મરજી વિના બીજાથી તે ન લેવાય એમ પણ સહુએ કબૂલ કર્યું. બધા સંમત થયા. કહે: "અમે કોઈની ચીજ જોઈતી હશે તો તેની પાસેથી માગશું પણ ખેંચી નહિ લઈએ."

પરંતુ દૂર રહી રહી ઉષા ગણગણતી હતી: "આપણે તો આવતી કાલથી પારો શાળામાં જ નથી લાવવાનાં; આપણે તો હવે ઘેર જ રમશું."

અનુભવે ઉષાને દીર્ઘદર્શી થતાં શીખવ્યું હતું. છોકરાઓના આ સ્મશાનવૈરાગ્યનો એને રોજનો અનુભવ હતો.

એક જોતાં બોટું ન બોલવું એવો ઉપદેશ મેં કર્યો જ નહોતો. પરંતુ ઉષાને પોતે જૂઠું બોલી હતી તે યોગ્ય નહોતું કર્યું એની મનમાં ખાતરી થઈ હતી; એ બિના પહેલી વાતચીત વખતે પણ તેના મોં પર દેખાઈ આવતી હતી, તેમ તેના છેલ્લા નિશ્ચયના શબ્દોમાં પણ એ વ્યક્ત થતી હતી. એનો અનુભવ કહેતો હતો કે શાળામાં જે કાંઈ લાવશું તો કાં તો જૂઠું બોલવાનો વારો આવશે અગર તો પેલા તોફાની છોકરાઓ બધું પડાવી લેશે. અર્થાત્ કોઈ ચીજ જ શાળામાં ન લાવવાનો મધ્યમ માર્ગ તેણે ઉભય પરિ-સ્થિતિમાંથી બચવા સારૂ શોધી કાઢ્યો.

મારા મનમાં આખો દિવસ ચેન ન પડ્યું. સત્ય બોલવાની તીવ્ર ઇચ્છા અને બોટું બોલવાની શરમ આ ૬-૭ વર્ષનાં બાળકોનાં મોં પર કેટલી સાફ સાફ દેખાતી હતી? અને છતાં ઉંમર વધવા સાથે આ બંને લાગણીઓ કેવી બૂઠી થઈ જવાની હતી?

જૂઠું ન બોલવા વિષે થોડી વધારે વાતો પણ મેં તેમની સાથે કરી. મેં પૂછ્યું: "બોલો, ઘેર કોણ કોણ જૂઠું બોલે છે? શાળામાં કોણ જૂઠું બોલે છે?"

પહેલો જવાબ આપવાની શરૂઆત છોકરાઓએ કરી. બધા કહે: "અમે જૂઠું નથી બોલતા; કોઈ દિવસ નહિ." એટલે તુરત છોકરીઓએ તેઓ કયારે કયારે જૂઠું બોલેલા તે પ્રસંગો સંભારી આપ્યા.

મેં કહ્યું: "કોઇએ બીજા વિષે કાંઈ કહેવાનું નથી. દરેકે પોતા વિષે જ બોલવાનું. જૂઠું બોલતા હોઇએ તો કહેવામાં કશી અડચણ નથી. ક્યાં બોલો છો અને શા સારૂ બોલવું પડે છે, બધું

કહો. કોઇને પોતા વિષે કહેવું ન હોય તે ભલે મૌન રાખે, પણ અમે જૂઠું નથી બોલતા એવી પહેલેથી જ શા માટે અસત્ય બોલવાની શરૂઆત કરો છો?"

બધા મૂંગા થઈ ગયા.

આખરે એક છોકરીએ શરૂઆત કરી: "હું કોઈ કોઈ વાર જૂઠું બોલું છું. ઘેર જૂઠું બોલવું પડે છે; શાળામાં જૂઠું નથી બોલતી."

બીજીએ કહ્યું: "મારું પણ એવું જ છે." એમ કહી તેણે આખો પ્રસંગ કહી સંભાળાવ્યો, અને ત્યાં કેવી રીતે જૂઠું બોલવું પડેલું તે સહુને વર્ણવી બતાવ્યું.

બધાએ પોતપોતાની વાતો કહેવા માંડી. એક છોકરે કહ્યું: "ત્યારે શું કરવું? સાચું કહીએ તો અમારે માર ખાવા પડે છે. ત્યારે શું સાચું બોલીને માર ખાઈ લેવા?"

એકંદરે એમ જણાયું કે ઘણાં જણાં ઘેર તેમ જ શાળામાં પણ જૂઠું તો બોલે છે. અને જૂઠું બોલવાનું કારણ કોઈ મારશે અથવા દબડાવશે એ ભય જ હોય છે. અમારી શાળામાં મારવાનું કે દબડાવવાનું-ડરાવવાનું બંધ છે છતાં બાળકો કોઈ કોઈ વાર જૂઠું બોલે છે.

મેં પૂછ્યું: "શાળામાં જો કોઈ મારે એવી બીક નથી, તો પછી જૂઠું શા સારૂ બોલો છો?"

"અમસ્થું જ!" જવાબ મળ્યો.

છતાં બધાના કહેવા પરથી એ સાફ દેખાતું હતું કે જૂઠું બોલવું એ અયોગ્ય-હલકું છે. અને છતાં જૂઠું બોલ્યા વિના બીજો રસ્તો પણ હોતો નથી.

"માર પડે તો સહી લેવો, પણ જૂઠું શા સારૂ બોલવું? જો અમુક વાત આપણે જ હાથે બની હોય તો પછી તે નથી કરી એમ શા માટે કહેવું? પોતે ભૂલ કરી હોય તો તેની શિક્ષા સહી વી. એમાં શું?" મેં કહ્યું.

કેટલાકે એ વાત માન્ય રાખી. કેટલાકને માર ખાઇ લેવાની જરાયે ઇચ્છા થતી ન હોતી. જ્યોર્જ વોશિંગ્ટનની જાણીતી વાર્તા મેં સહુને કહી સંભળાવી. અંતે કહ્યું: "તેણે તો નિશ્ચય જ કર્યો હતો કે આપણી ભૂલ થઈ છે તો તે માટે શિક્ષા સહી લેવી, પણ જૂઠું હરગિજ ન બોલવું."

સાચું કહેવામાં રહેલી હિંમત-નીડરતા બધાં છોકરાંઓને ગમી; જૂઠું બોલવામાં ડરપોકપણું રહેલું છે એ પણ સહુને સમજાયું.

પણ હું નથી માનતી કે મારી વાર્તા પછી બધાં બાળકો સાચું બોલવા માંડ્યાં હશે. સાચું કહેવાની એક બાજુ હિંમત ન હોય, બીજી બાજુ જૂઠું બોલવામાં ડરપોકપણું રહેલું છે એ સમજાયું હોય, અને એથી પોતાની જાત વિષે હલકો મત પણ બંધાયો હોય, એ દશા તો સહુથી ખરાબ ન ગણાય? એ સ્થિતિમાં તો એવું બને કે ખોટું બોલવામાં હરકત નહિ એમ પણ તેઓ હિંમતથી કહી નહિ શકે, અને છતાં એવી કુશળતાથી ખોટું બોલતાં શીખી જાય કે બસ!:

જેમ જેમ વિચાર આવતો ગયો તેમ તેમ મને એ સ્થિતિ વધારે દુઃખદ લાગી. એમ થયું કે બાળકોને નીતિ સંબંધે ઉપદેશ કરવો એ જ સારુ નથી. શ્રેષ્ઠ માર્ગ બાળકોને નીતિનું આચરણ તેઓ કરી શકે એવી અનુકૂળતા કરી આપવી એ જ છે. મોટેરાંઓની દુનિયાના તેમના પર થતા રોજના આક્રમણ સામે જૂઠું બોલવું એ તેમને મન ઢાલ સમાન છે; નબળા લોકો માટેનું એ આત્મ-રક્ષણનું હથિયાર છે. ખરી વાત એમ છે કે વારે ઘડીએ બાળકોને આ ઢાલનો આશરો લેવો પડે એ સ્થિતિ જ પલટાવી જોઈએ. આપણે સાચું બોલવાનો ઉપદેશ આપીએ તેથી શો દાડો વળે? રોજના વહેવારમાં એમને જીવવું છે તો એમના પોતા થકી ના?

બાળકોની દુનિયામાં મુખ્યત્વે માબાપ અને શાળાનો શિક્ષકવર્ગ આવે છે. ઘરમાં માબાપ, શેરીમાં પોતાના મિત્રો અને શાળામાં શિક્ષક એટલાની સાથે એમને સંબંધમાં આવવું પડે છે.

ઘરમાં માબાપ અને શાળામાં શિક્ષક ઉભય પક્ષ તરફથી બાળકોનો ભય દૂર કરી દેવાનું શક્ય છે. જે મોટેરાંઓ બાળકને ખાતરી કરાવી આપે ને કહે કે "તમે સાચું બોલજો; અમે તમને ડરાવશું કે સતાવશું નહિ; અમારાથી બીવાનું તમારે કશું કારણ નથી." તો બાળકો અરસપરસ હિંમતથી ડર્યા વિના વર્તન રાખતાં થઈ જશે. ઘણાં બાળકોને એ ગમશે. અમને ફાવી જશે એ વિષે શંકા નથી.

પણ મને બીજો વિચાર પણ આવે છે. મને એમ લાગે છે કે બાળકો મારના ભયથી જેટલે અંશે જૂઠું બોલતાં શીખે છે, તેટલે જ અંશે તેઓ મોટેરાઓનાં રોજના જીવનમાંથી જોઈને પણ જૂઠું બોલતાં શીખે છે.

મોટે ભાગે એવું જ બને છે કે જેઓ જીવન-વ્યવહારમાં વધારેમાં વધારે જૂઠાણાનું અવલંબન કરે છે તેઓ જ બાળકોને સત્યનો ઉપદેશ વધારે આપે છે. અને બાળકો તો ઉપદેશ કરતાં રોજના આચારમાં જે જુએ છે તે જ પોતામાં વધારે ઉતારે છે!

એકંદરે જૂઠું બોલવાનો પ્રશ્ન ગૂંચવણ ભરેલો છે. "કદિ જૂઠું બોલવું નહિ." એવાં વચનામૃતો મોંએ કર્યે અથવા જ્યોર્જ વોશિંગ્ટનની વાર્તાઓ કહેવાથી આ બાબતનો નિકાલ નહિ આવે.

સદ્ગુર્તન શું એ માત્ર જાણી લેવાથી લાભ થઈ જતો નથી; જાણીને આચરણમાં મૂકી શકવાની આવડત—શક્તિ હોવી જોઈએ. પણ જે પરિસ્થિતિ જ એવી હોય કે આવી શક્તિ જામવાને બદલે રોજ ક્ષીણ થતી જાય તો બાળકો પાસેથી એ માટેનો આગ્રહ સેવવાની માગણી શી રીતે રાખી શકીએ?

વર્ગમાં તે દિવસે બાળકો જે જે બોલેલાં તે શબ્દેશબ્દ હજુ મને સાંભરે છે. તે વખતની તેમના મોં પરની પળેપળે પલટાતી રેખાઓ, સૂક્ષ્મ ભાવો, ભયની આછી રેખાઓ, હિંમતબાજ બનવાની હોંશ, ડરપોક દેખાવાની શરમ, સાચું બોલી શકવાની અશક્તિ, વગેરે અનેક ચિત્રો હજુ આંખ પાસેથી તાજાં જ પસાર થયા કરે છે. કોઈ બાળકોને જાણે જૂઠું બોલવામાં જ મોજ આવતી હતી; કેટલાકને મન એ સ્વાભાવિક બની ગયું હતું.

એ અરધા કલાકમાં કેટકેટલા બાલભાવોનું મેં દર્શન કરી લીધું હતું?

હજુ આમાં તો કેટલેય ઊંડે ઊતરી શકાય તેવું છે. પણ અત્યારે અટકીએ. **તા.**

બાલજીવનમાં ચિત્રકામનું સ્થાન

ગયા એક લેખમાં, જ્ઞાનપ્રાપ્તિમાં ચિત્રકામનો કેટલો નિકટ અને મહત્ત્વનો સંબંધ છે તે પર વિચાર કર્યો હતો.

હવે બાલજીવનમાં ચિત્રનું શું સ્થાન છે તે જોઈએ. અમે અમારી શાળાનાં બાળકોને કણકેશ્વર અને કિહીમ લઈ ગયાં હતાં. બાળકો સમુદ્ર, નાળિયેરીની ઝાડી, ડુંગર, આગબોટ વગેરે જોઈને અતિશય આનંદિત થયાં અને એની એમના પર ખૂબ ઊંડી છાપ પડી.

પાછાં આવી તે સંબંધે વારંવાર તેઓ વાતો કર્યા કરતાં. વર્ગમાં પત્રલેખનમાં પણ તે જ વિષય આવતો. નિબંધલેખનમાં પણ "અમે કિહીમ

વિષે લખીએ" ?' કહી તે જ લખતાં. પ્રિય વસ્તુનું વારંવાર સ્મરણ કરવું એ સૌને ગમે છે. બાળકોને માટે પણ તેમ જ બન્યું.

મુસાફરીને લગભગ એક માસ વીતી ગયો. શાળામાં વાર્ષિક પરીક્ષા ચાલતી હતી. ચિત્રની પરીક્ષા આવી.

કહેવામાં કે આવ્યું તમને ફાવે તે સુંદર ચિત્ર કાઢી લાવો.

બધાં બાળકો પૂછવાં લાગ્યાં: "અમે કિહીમનું ચિત્ર કાઢીએ?" એક અવાજે સૌનું એક જ જાતનું કહેવું સાંભળી આશ્ચર્ય થયું.

"કાઢો, ગમે તે ચિત્ર કાઢો."

કોઈએ બોટ, કોઇએ કિહીમનું ઘર, કોઇએ સમુદ્ર તો કોઇએ નાળિયેરીઓ વગેરે અનેક ચિત્રો કાઢ્યાં. અલબત્ત ચિત્રકલા પૂરી આવડતી ન હોવાને કારણે ચિત્રો અનેક દોષવાળાં, અપૂર્ણ અને અવિકસિત એવાં હતાં. પણ ચિત્ર કાઢનારા ચિત્રકારોનો આનંદ ફક્ત બેહદ હતો. કદાચ આ સિવાય બીજાં ચિત્રો કાઢયાં હોત તો પરીક્ષામાં માર્ક વધુ મળ્યા હોત. આપણને આ ચિત્રો કાઢતાં નહિ આવડે તો પરીક્ષામાં નાપાસ થશું વગેરે વિચારો તેમને આવ્યા જ નહિ. તેઓની અંતઃ સ્ફૂર્તિ એટલી જોરવાળી હતી, કિહીમનાં ચિત્રો કાઢવાનો આનંદ એટલો મહાન હતો અને તે કાઢીને થયેલો સંતોષ એટલો સંપૂર્ણ હતો કે એટલેથી જ એ વિષય ત્યાં પૂરો થતો હતો.

આનું કારણ શું?

પહેલું કારણ એ કે પરીક્ષાના માર્કો અને ઉપરનો નંબર મેળવાના વાતાવરણમાં આ બાળકો ઊછર્યાં ન હોવાને કારણે તે જાતના વિચારો તેમને ન આવ્યા તે સહજ હતું.

બીજું કારણ એ કે મનના આનંદ ખાતર ચિત્રો કાઢવાની આદત પડવાને લીધે, મનપસંદ વિષય લેવાયો. અને સુખમય અનુભવ યાદ કરીને તે વ્યકત કરવાને ભાવનાનો બંધ તૂટીને (emotion release) બહાર વહેવાનો અવકાશ મળતાં તેઓને તે ચિત્રકામમાં ખૂબ આનંદ આવ્યો.

કલાની દૃષ્ટિએ કઈ કૃતિ વધુ શ્રેષ્ઠ ઠરી શકે? ચિત્ર કાઢવાનું શાસ્ત્ર જાણતા હોવાને કારણે બરોબર શાસ્ત્રોકત રીતે કાઢેલું ચિત્ર, કે શાસ્ત્ર-દૃષ્ટિએ અનેક ભૂલો અથવા તો શાસ્ત્રનો લગભગ અભાવ જ હોય તેવું ભાવનાની ઊર્મિઓ ઊછળી પડવાને કારણે સહજ રીતે દોરાયલું ચિત્ર?

કલાકોવિદો ભલે ગમે તે કહે. બાળકો તો ચિત્રોનો ઉપયોગ ભાવનાઓને વ્યકત કરવા માટે જ કરે છે. ભાવના ઊછળી આવતાં તેને રસ્તો કરી આપવાની જરૂર તેઓને લાગે છે.

માણસજાતે શું આવાં જ કારણોને લીધે અનેક-વિધ કલાઓને જન્મ નથી આપ્યો?

કાવ્ય શા માટે ઉત્પન્ન થયું? સંગીત, ચિત્ર, નાટક, નૃત્ય આ બધી કલાઓ શા માટે ઉત્પન્ન થઇ?

ભાવનાના આવિષ્કાર માટે જ. પહેલાં કલાનો જન્મ થયો અને પછી તેનું શાસ્ત્ર જન્મ્યું.

પહેલો પ્રવાહ ગમે તેમ અવ્યવસ્થિત રીતે ડુંગર તોડી બહાર આવે છે ને પછી સુધડ વ્યવસ્થિત રીતે નદીનું સ્વરૂપ લઇ તે વહેલા લાગે છે.

પહેલાં કલાનું નિર્માણ થયું અને પછી તેનું શાસ્ત્ર શોધવામાં આવ્યું. આવાં સર્જનોના મૂળમાં કઈ જાતના નિયમો હોય છે તે જોવામાં આવ્યું. અને ત્યારે ઊર્મિયુકત કલાના વસ્તુને જ પ્રથમ સ્થાન છે તેમ દેખાયું.

આનો અર્થ એમ નથી કે કલા અથવા તો જ્ઞાનનો આજ સુધી જે વિકાસ થયો તેનો ફાયદો બાળકને ન આપવો, શાસ્ત્રની સમજણ ન હોવાને

કારણે રહેલી ભૂલો તેમ જ રહેવા દેવી, તેઓને કલાની પ્રાથમિક દશામાં જ રહેવા દેવાં અથવા તો કલાની પ્રાથમિક અવસ્થા જ હમેશ તેમની આગળ આવવા દેવી. કલાના સુંદર નમૂના અને શાસ્ત્રના નિયમો જેમ જેમ તેઓ સમક્ષ આવતા જશે તેમ તેમ તેમના ભાવોના આવિષ્કારને ખરો સંતોષ મળશે. ભાષામાં જેમ વધુ શબ્દો અને શબ્દપ્રયોગો મળતાં વિચાર વ્યક્ત કરવાને મદદ મળે છે અને વિચાર પૂર્ણપણે વ્યક્ત કરવાનો સંતોષ મળે છે, તેવું આ છે.

હવે પ્રશ્ન એ છે કે બાલજીવનમાં ચિત્રકલાનું શું સ્થાન છે?

નવીન સર્જન અને પોતાના આત્માના આવિષ્કારનો અમૂલ્ય સાત્ત્વિક આનંદ મનુષ્ય પ્રાણી અનુભવે છે અને તે કલા દ્વારા મનુષ્ય મેળવે છે.

બધી કલાઓમાં બાલપ્રિય એવી કોઈ કલા શોધીએ તો પ્રથમ સ્થાન નૃત્યને મળે. બાલ-ભાવનાઓ એટલી ઉત્કટ હોય છે કે તે શબ્દોમાં, રંગમાં કે લીટીઓમાં અથવા તો સાત સૂરોમાં વ્યક્ત કરતા પહેલાં બાળક થૈ થૈ નાચીને પ્રથમ વ્યક્ત કરે છે. નૃત્યકલાનું શાસ્ત્ર પણ બીજી કલાઓના શાસ્ત્ર જેટલું જ કઠિન અને નિયમબદ્ધ થયું હશે, છતાં બાલનૃત્ય અને લોકનૃત્યને સ્વતંત્ર જ સ્થાન આપવું પડશે; અને બાળકો જે હાવભાવ સ્વાભાવિક જ કરે છે તેને દોરવણી આપવી જોઈશે. બાલનૃત્યોનો વિકાસ આપણને બાળકોની રમતોમાં દેખાઈ આવે છે.

બાલપ્રિય એવી કલાઓમાં બીજું સ્થાન ચિત્ર-કલાનું આવશે. નૃત્યની જેમ જ ચિત્રકલા પ્રત્યક્ષ દેખાય છે. 'કોઈ હસે છે.' એટલું કહેવા માત્રથી એ વસ્તુ એટલી પ્રત્યક્ષ નથી થતી જેટલી મુક્ત હાસ્ય કરતા મનુષ્યનું ચિત્ર જોઈને અથવા તો કાઢીને થાય છે. તે જ હાસ્યવિનોદ અથવા આનંદની ભાવના સ્વરોની મદદથી વ્યક્ત કરવા એક બાજુ ભાષાની અને બીજી બાજુ સ્વરોની મદદ લઈએ અને હા હા હા કરીને હાસ્ય ઉત્પન્ન કરીએ તો તે હાસ્ય, ગાયન ન બને. તે પ્રત્યક્ષ હાસ્ય જ બને. ગાવાની રીત, ચાલ, રાગ અને શબ્દોના ઉચ્ચાર વગેરેની મદદથી ભાવ વ્યક્ત કરવામાં શાસ્ત્રની પુષ્કળ સાધના કરવી પડે છે.

એટલે આ બાબતમાં સંગીતકલા કરતાં પણ ચિત્રકલા વધુ બાલપ્રિય હોય છે. અમારો અનુભવ પણ એવો જ છે કે ગાયન અને ચિત્રોની પસંદગી કરવાનો સમય આવે તો ઘણાં બાળકો ચિત્રો તરફ વળે છે. આનું કારણ ચિત્રકામમાં પોતાનું સર્જન અને યોજના કરવાનું બાળકોને વધુ સરળ પડે છે, અને કરેલી કૃતિમાં પોતાનો ભાવ વ્યક્ત થયો છે તે તેઓને દેખાય છે.

સંગીતકલા પણ બાલભોગ્ય અને બાલપ્રિય નથી એવું ન કહેવાય. તેઓને યોગ્ય એવાં ગાયનો અને શહુ તેઓની આગળ આવે તો તેટલી જ મસ્તીથી અને પ્રેમથી તેઓ ગાય છે. તે જ પ્રમાણે મધુર સંગીતથી મુગ્ધ પણ બને છે. સંગીતથી આનંદિત થવું એ શક્તિ તો તદ્દન બાલ્યાવસ્થાથી જ બાળકોમાં દેખાય છે. ચિત્રોનો આસ્વાદ લેવાની શક્તિ નથી આવી હોતી તે વખતે બાળક, માતાનાં ગીતો સાંભળવા ઉત્સુક હોય છે. આનો અર્થ એ છે કે છેક બાલ્યાવસ્થામાં જ તેઓ સંગીતના સંસ્કારો લેવા માટે શક્તિમાન હોય છે. ગીતો ગાવાનું પણ તેઓને મન થાય છે. છતાં પણ સામાન્યરીતે બોલીએ તો સંગીત એ ચિત્રકલા કરતાં જરા વધારે સૂક્ષ્મ છે. કારણ ચિત્રમાં પ્રત્યક્ષ વસ્તુ હોય છે અને સંગીતમાં સૂરની મદદ વડે તે ભાવ ઉપજાવવાનો હોય છે. એટલે શરૂ-આતમાં બાળકોનું આકર્ષણ ચિત્રો તરફ વધુ હોય તે સાહજિક છે.

બાળકો બાળકોમાં પણ પૂરક હોય જ છે. કોઈ બાળકો સૂરપ્રધાન હોય છે તે એ સંગીત તરફ વધુ આકર્ષાય છે. બીજાં રંગરુપનાં પ્રેમી ચિત્રો તરફ આકર્ષાય છે. કોઈ વળી ભાષાપ્રધાન જ હોય છે; નાનપણથી જ નવા નવા શબ્દો પકડવા અને તે વાપરવા તરફ તેઓનો ઝોક હોય છે. આવાં બાળકો ગાયનો ગાઇએ તો પણ રાહ કે તાલ કરતાં તેના શબ્દો પર જ મોહિત થાય છે; તેઓ ચિત્ર જુએ તો પણ તેનું વર્ણન તરત ભાષાથી કરવા લાગે છે. એટલે કે અંગ્રેજીમાં લખેલા પાઠનું ગુજરાતી ભાષાંતર કરીએ તેમ તેઓ ચિત્રભાષામાંથી શબ્દ-ભાષામાં તે ઉતારે છે. તેથી ઊલટું જેઓ ચિત્રપ્રધાન બાળકો હોય છે તેઓ શબ્દોમાં કહેલી વાર્તા, પ્રસંગ, ઐતિહાસિક વાતો વગેરે કાંઈ પણ સાંભળેલું ચિત્રભાષામાં અનુવાદિત કરે છે એટલે કે એનાં ચિત્રો પાડી દે છે.

આ પ્રમાણે બાળકોને સામાન્ય રીતે શરૂઆતમાં ચિત્રકલા વધુ આકર્ષે છે. કારણ તેમાં સંજ્ઞાને બદલે પ્રત્યક્ષપણું હોય છે. 'લીલો પોપટ' એ શબ્દો ઉપરથી ભાવ ઉત્પન્ન થવામાં આ બે શબ્દો એટલે કે લીલો રંગ અને પોપટ પક્ષી એ વ્યકત કરનારી સંજ્ઞા મારફત; કલ્પનાના જોર પર સમજી લેવાનું હોય છે. પણ ચિત્રમાં લીલો એટલે પ્રત્યક્ષ લીલો રંગ જ દેખાય છે અને પોપટ પણ પ્રત્યક્ષ દેખાય છે. ટૂંકમાં પ્રત્યક્ષ જીવંત પોપટની સાથે વધુમાં વધુ સમાનતા બતાવનાર અને તે પોપટ વધુમાં વધુ પ્રત્યક્ષ કરનાર તેનું ચિત્ર હોય છે. એટલે બાલજીવનમાં અને તેથી કરીને બાલ-શિક્ષણમાં ચિત્રનું સ્થાન ખૂબ મહત્ત્વનું છે.

તે જ પ્રમાણે જે રૂપરંગપ્રધાન બાળકો હોય છે તેવાં બાળકને માટે તો ચિત્ર એ પ્રાણરૂપ જ બની બેસે છે. બાલશિક્ષણમાં આ દૃષ્ટિએ ચિત્રકલાનું સ્થાન મહત્ત્વનું સમજવું જોઇએ.

જ્ઞાન મેળવવામાં ચિત્રો ઉપયોગી છે એ સ્વીકારાયું છે એટલે જ આજ સુધી શાળાઓમાં ચિત્રો નકશાઓ (ચાર્ટસ) વગેરેને સ્થાન મળ્યું છે.

બાળકોને ચિત્રો કાઢતાં પણ આવડવાં જોઇએ એવું થોડે ઘણે અંશે સ્વીકારવામાં આવ્યું છે. અને એટલેજ શિક્ષકની મદદથી લાકડી, પેન્સિલ, ભમરડો, ખડીઓ વગેરેનાં ચિત્રો બાળકો પાસે કઢાવવામાં આવે છે.

પરંતુ ભાષાના જેટલું જ ઉપર પ્રમાણે ચિત્રનું સ્થાન પણ કેળવણીનો છે, એ બહુ જ થોડાઓના ધ્યાનમાં છે; અને હશે તો પણ તે રાજમાન્ય અથવા સર્વમાન્ય થયું નથી.

તે જ પ્રમાણે વિચાર અથવા ભાવ વ્યકત કરવામાં અને નવા પ્રકારનું નવું સર્જન કરવામાં બાળક ચિત્રકલાનો ઉપયોગ કરી શકે છે, અને તે કરવામાં તેમને સગવડ કરી આપવી જોઇએ. બાલશિક્ષકોનું એ કામ છે, એવું કયાંય પણ સ્વીકાર-વામાં આવ્યું નથી.

અને એટલે જ જે શાળામાં આ તત્ત્વ સ્વીકાર-વામાં આવે છે તે મૂર્ખ ગણાય છે. "તમારી શાળામાં તો બાળકો લખવા કરતાં ચિત્રો જ વધારે કાઢે છે." એવો આ શાળા પર આરોપ આવે છે, એ અને તેને દુર્ગુણ તરીકે ઓળખાવવામાં આવે છે.

શાળામાં ગણિત શીખવવા માસ્તરની જરૂર પડે છે, વાચનલેખન માટે માસ્તરની આવશ્યકતા ગણાય છે. પરંતુ સંગીતશિક્ષક, ચિત્રશિક્ષક, નૃત્યશિક્ષક શા સારૂ કામ જોઇએ તે ઘણાઓને સમજાતું જ નથી. આનું કારણ બાલજીવનમાં નૃત્ય, ચિત્ર, સંગીત વગેરેનું શું સ્થાન છે તે ઘણાઓને સમજાયું જ નથી હોતું. અને સર્વનું મૂળ કારણ આપણા શિક્ષણનો પાયો હજુ શાસ્ત્રીય નથી તે છે.

તા.

"જરા ભૂલવી દઈને ચાલ્યો આવજે!"

બાલમંદિરમાં બાળકો બહુ નાનાં આવે છે. નાનાં એટલે ૨॥–૩–૩॥ વર્ષની ઉંમરનાં એમાં ઘણાં બાળકો હોય છે. કેટલાંએક બાળકો આવતાંવેંત શાળામાં બીજાં બાળકો સાથે હળી જાય છે. કેટલાંએક બાળકોને બાલમંદિર ગમે છે પણ બાળકો સાથે નથી ફાવતું, ત્યારે કેટલાંએક બાળકોને ઘર, ત્યાંનું સુરક્ષિત વાતાવરણ, પોતાની બાસ કાળજી રાખનાર વડીલો અને નોકરવર્ગ પાસે જ હોય એવું જોઇએ છીએ એટલે તેઓ બાલમંદિરમાં હળતાં નથી.

આવાં ન હળી જનારાં બાળકોને શરૂઆતમાં ઘરનાં માણસોના સાથની જરૂર રહે છે. ઘરનું કોઈક માણસ પાસે બેસે તો તેઓ બાલમંદિરમાં રહે એવી તેમની માગણી હોય છે. કેટલાંએક બાળકો નોકર સાથે જ હળેલાં હોય છે; તેઓ નોકર બાલમંદિરમાં જ રહે એમ ઇચ્છે છે. પણ ઘણા નોકરો આમ બેસી રહેવાથી કંટાળે છે, તો ઘણા નોકરોને ઘેર કરવાનાં કામો બાકી પડયાં હોય છે. આવા કારણે નોકર સતત બાળક સાથે રોકાઈ શકતો નથી. એટલે નોકર પોતાની કાયમી યુક્તિ શોધી કાઢે છે અને "હમણાં બેઠો છું; તમે રમો." એમ કહી બાળકને રમતે લગાડે છે અને જરી વારે તેની નજર ચૂકવી ઘેર ચાલ્યો જાય છે.

ઘણી વાર ઘેરથી શેઠાણીનો પણ તેને હુકમ હોય છેઃ "જરા ભૂલવી દઈને ચાલ્યો આવજે!"

બાળક નોકર બેઠો છે એવી મનમાં બાંતરી હોવાથી નિશ્ચિંતપણે બાલમંદિરમાં કામે લાગે છે. પણ એક કામ પૂરું થતાં ધ્યાન આસપાસના વાતાવરણ તરફ ખેંચાય છે; એને બધું નવું નવું અને અપરિચિત દેખાય છે; નવા માણસો, નવાં બાળકો, નવી જગ્યા બધું જ નવું હોય છે. તુરત તે પોતાના જાણીતા માણસનો આશ્રય લેવા ચાહે છે પણ નોકર તો હોતો નથી! "હું અહીં જ બેઠો છું." એવું વચન આપીને બાતરી આપી બેઠેલા પોતાના અંગત નોકરને ન દેખતાં બાળક પોતાને નિરાધાર દશામાં આવી પડેલું જુએ છે. તેનો નોકર પરથી વિશ્વાસ ઊઠી જાય છે. અજાણે સ્થળે અજાણ્યા માણસો વચ્ચે પોતે નિરાધાર હોય એમ લાગે છે. તેના દિલ પર સખત આઘાત થાય છે. સૌથી વધારે આઘાત તો પોતાના જ ગણેલા માણસે–નોકરે તેનો વિશ્વાસઘાત કર્યાથી થાય છે.

ઘણી વાર માતા બાલમંદિરે મૂકવા આવે તો તે પણ આવું જ કાંઇક કરે છે. "હું નહિ જાઉં, તું રમ. અહીં બહાર બેસું છું હોં!" એમ કહી બાળકનું રમતમાં દિલ ચોંટેલું દેખતાં જ સટકી જાય છે! નાના બાળકને એ ઉંમરે આવી જાતના માનસિક આઘાત પહોંચાડવા યોગ્ય નથી.

જ્યાં સુધી બાળક બાલમંદિરના પરંતુ તેને મન અજાણ્યા લાગતા વાતાવરણમાં હળી ન જાય ત્યાં સુધી સાથે આવનાર ઓળખીતા માણસનો જે આધાર બાળક માગે છે તે આપવામાં જરાય અજૂગતું નથી.

બાસ કરીને બાળકને ફોસલાવીને, તેની સરત ચૂકવી, બોટું બોલી તેને કદિ પણ એકલું મૂકી ચાલ્યા ન જવું જોઈએ.

તા.

મોન્ટીસોરી શિક્ષણ પ્રચારમાળા

લેખકોઃ સ્વ. ગિજુભાઈ અને શ્રી. તારાબેન.

કિંમત ૦–૧૦–૦ ટપાલખર્ચ ૦–૨–૩

મગાવો : "શિક્ષણ પત્રિકા" કાર્યાલય

૧૧૮, હિંદુ કોલની, દાદર.

સમાચાર

—ઉત્તરસંડામાં તારીખ ૫–૩–૪૧ ના રોજ નવું બાલમંદિર ખૂલ્લું મુકાયું. બાલમંદિર સાથે શ્રી. ઈશ્વરભાઈ કુબેરભાઇએ પોતાના પિતાનું નામ જોડી રૂપિયા ૧૦૦૦૭) નું દાન આપ્યું છે. સભામાં પ્રમુખ શ્રી. હરિભાઈ મરઘાભાઇ તરફથી રૂપિયા ૩૦૧) વધારે દાનની જાહેરાત કરવામાં આવી હતી.

બાળકોનાં ભાવિ ઊજળાં કરનાર સહુને અભિનંદન !

—અઘારમાં ડૉ૦ મૉન્ટેસોરીએ ચલાવેલો બીજો અધ્યાપનવર્ગ ગયા મહિનામાં પૂરો થયો. એમાં અભ્યાસ કરવા જઈ આવેલાઓમાં આ વખતે ગુજરાતમાંથી શ્રી. ઉમિયાશંકર જોષી 'પાલણપુર વાળા' એકલા હતા એમ જાણવા મળ્યું છે. રંગૂનથી એક બીજાં ગુજરાતીબેન પણ આવ્યાં હતા. ગયે વર્ષે ઘણાં ભાઈબહેનોએ ડૉ૦ મૉન્ટેસોરીનો લાભ લીધો હતો.

—ખંભાતમાં જાનેવારીની પહેલી તારીખથી નવું બાલમંદિર શરૂ થયું છે. શ્રી. મયાશંકર ભગવાનજી ત્રિવેદી તેના આચાર્ય તરીકે નિમાયા છે.

—સ્વ૦ ગોવિંદજી માધવજી ભાટિયા બાલમંદિર (મુંબઇ)નાં બાળકો તરફથી સ્વ૦ ગિજુભાઈ સ્મારક ફાળામાં રૂા ૬–૭–૦ મળ્યા છે. બાળકોના એ સ્મરણ માટે તેમને ધન્યવાદ !

કામ ધપ્યે જાય છે.

ગતાંકમાં જણાવ્યા મુજબ આપણા નવીન બાલશિક્ષણસંઘના સભ્યો નોંધવાનું કામ આગળ વધે જ છે. અમદાવાદ, ગુજરાત અને મુંબઈમાંથી એક માસમાં ઠીક પ્રમાણમાં સંસ્થાઓ જોડાઈ છે અને સક્રિય સભાસદોની સંખ્યા પણ વધી જ છે. અમારી ધારણા મુજબ એમાં સફળતા ન મળી ગણાય. છતાં આ વખતે તો એક વખત આપણે યોજેલું બંધારણ અને તેને અંગેની કાર્યવાહી ગતિ પકડે એ વસ્તુ તત્કાળ જરૂરની અમે ગણી છે. એક વખત કાર્ય શરૂ થાય તો પછી એને વ્યવસ્થિત રીતે વેગ મળી આગળ વધુ જોસ પકડશે જ એમાં અમને શક નથી.

પ્રચારસમિતિનાં ભાઈબહેનો સંભ્યો નોંધી હવે ચૂપ બને એવું અમે ઇચ્છતા નથી. વર્ષ આખું અને પછી પણ સતત રીતે તેઓ સૌ સંઘનાં જીવંત અંગો તરીકે જ જ્યાં હોય ત્યાં કામ કરતાં રહે અને સંસ્થાઓ અને વ્યક્તિઓને સંઘ સાથે નિકટ પરિચયમાં લાવે અને જોડાણના યત્નમાં રહે એમ ઇચ્છીએ છીએ.

આ અંક છપાય છે ત્યાં સુધીમાં સઘ સાથે ૨૫ સંસ્થાઓ જોડાઈ ચૂકી છે.

(કાર્યાલય)

ગલિઆરા સ્મારક અંક.

ગયા અંક સાથે "સાગરનો ખજનો" નામનો ભેટ અંક સહુને મોકલાઈ ગયો છે. આજે વર્ષોથી એના દાતા બાળકોને આ ભેટ આપતા આવ્યા છે. આ વર્ષની તેમની નવમી ભેટ છે. સહુ બાળકો તરફથી અમે દાતાનો—શ્રી. નિરંજન સી. ગલિઆરાનો આભાર માનીએ છીએ.

સાથે સાથે અમે દાતાની એક માફી માગીએ છીએ. ભેટ અંકને મથાળે દર વખતે ગલીઆરા સ્મારક અંક એમ છપાય છે. કાર્યાલયની ભૂલને લઈ આ વખતે તે રહી ગયેલું છે. અમે એ ભૂલ માટે દિલગીર છીએ. અમને આશા છે કે આ ભેટ અંક બાળકોને શિક્ષણપત્રિકા મારફત દાતા તરફથી નિરંતર મળ્યા કરશે.

તંત્રી.

શિશુવિહાર
બાલઅધ્યાપનમંદિર
(સરકાર તરફથી માન્ય થયેલું)

મુખ્ય અધ્યાપિકા : શ્રી. તારાબેન મોડક

ઘણાં ભાઈ બહેનો તરફથી વારંવાર પુછાણ આવે છે કે નવીન બાલશિક્ષણપદ્ધતિની તાલીમ લેવી હોય તો કયાં જવું? સંભવ છે કે દાદર (મુંબઈ. ૧૪) હિંદુ કોલનીમાં 'શિશુવિહાર'ની સાથે જ આવું અધ્યાપનમંદિર ચાલે છે એની માહિતી ઘણાંઓને ન હોય.

આ અધ્યાપનમંદિરને મુંબઈ સરકારે માન્ય (recognize) કરેલું છે. તેમાં ગુજરાતી અને મરાઠી બંને ભાષા જાણવાવાળાં ભાઈબહેનો દાખલ થઈ શકે છે.

અભ્યાસક્રમ **બાલક્રીડાંગણના** પ્રમાણપત્ર માટે છ મહિના અથવા એક સત્રનો છે, અને **નૂતન બાલશિક્ષણના** પ્રમાણપત્ર માટે એક વર્ષનો છે. વર્ષની શરૂઆત દરેક જૂન મહિનાથી થાય છે.

દાખલ થવાની અરજી મોડામાં મોડી એપ્રિલ માસની આખર સુધીમાં કરવી.

ફી, અભ્યાસક્રમની વિગતો, રહેવાની ગોઠવણ, વગેરે માટે નીચે પ્રમાણે પત્રવ્યવહાર કરવોઃ—

મુખ્ય અધ્યાપિકા,
શિશુવિહાર બાલઅધ્યાપનમંદિર
હિંદુ કૉલની, ૪થી ગલ્લી; દાદર (મુંબઈ ૧૪)

હરિજન શાળાઓને

સ્વ. ગિજુભાઈના વખતમાં ઘણી હરિજન શાળાઓને પત્રિકા વિના મૂલ્યે મોકલાતી હતી. કાર્યાલય મુંબઈમાં લાવવાને કારણે વધેલ ખર્ચને લઈ આ ધોરણ ચાલુ રાખી શકાયું નહોતું તે માટે દિલગીર છીએ.

પરંતુ જે જે હરિજન શાળાઓને "શિક્ષણ પત્રિકા" ની જરૂર હોય તેઓ પોતાના મંડળ તરફથી અથવા ગામના ઉદાર ગૃહસ્થ મારફત લવાજમની અધરી રકમ પણ મોકલવા તજવીજ કરશે તેમને સંઘ તરફથી "શિક્ષણપત્રિકા" આખા વર્ષ માટે મોકલવાની ગોઠવણ કરવાનું વિચાર્યું છે. હરિજન શાળાનાં શિક્ષક ભાઈબહેનોને આટલી ગોઠવણ જાતે કરી લેવાનું કહેતાં અમને પુષ્કળ સંકોચ થાય છે. ઉદાર વાચકો સહાય કરશે તો અનેક જિજ્ઞાસુઓના આશીર્વાદ પામશે.

તંત્રી

ઉદ્ધાર હાથ લંબાવશો?

ગયા અંકની વિનંતિ પરથી થોડાએક ઉદાર ભાઇઓ તરફથી હરિજનભાઈઓને 'શિક્ષણ પત્રિકા' મફત આપવા સારૂ અમને નીચેની સહાય મળી છે. દાતાઓનો એ સહાય બદલ અમે ઉપકાર માનીએ છીએ.

૩—૦—૦ શ્રી. દ્વારકાદાસ તુલસીદાસ સરવૈયા
સિકંદરાબાદ.

૩—૦—૦ ડૉ. ઈશ્વરભાઇ જી. પટેલ, આણંદ.

૧—૦—૦ શ્રી. વલ્લભદાસ નાનજી સચદે, કરાંચી.
(જિજ્ઞાસુઓને પત્રિકા ભેટ આપવા.)

પણ આ તો હજુ પાશેરામાં પહેલી પૂણી છે. અમારી પાસે શિક્ષણપત્રિકા ભેટ આપવાનાં ૭૦—૭૫ નામો પડ્યાં છે. હરિજન ભાઈઓને આ લાભ આપવા હજુ ઉદાર હાથ લંબાવશો?—તંત્રી.

મુદ્રક : કૃ. ના. સાપલે : રામકૃષ્ણ પ્રિં. પ્રેસ : ત્રિભુવન રોડ, મુંબઇ ૪.
પ્રકાશક : તારાબેન મોડક : 'શિક્ષણપત્રિકા' કાર્યાલય : હિંદુ કૉલની, દાદર.

શિક્ષણ પત્રિકા

(નૂતન બાલશિક્ષણસંઘ)

આદ્યતંત્રી : સ્વ. ગિજુભાઈ બધેકા

: તંત્રી :

તારાબેન મોડક

સંઘબળ

એક નવો વિચાર કોઈ એકને ગમે છે; નવી કાર્યદિશા કોઈ એકને સૂઝે છે; અને કાર્યની હળવે હળવે શરુઆત થાય છે.

એકની જેમ તે નવો વિચાર અનેક જણને ગમતો થાય છે; એકની જેમ તે નવી કાર્યદિશા અનેકને સૂઝવા લાગે છે.

અને પરિણામે અનેકઘણી કાર્યશક્તિનું નિર્માણ થાય છે; એને પરિણામે અનેકઘણું બળ ઉત્પન્ન થાય છે; એને પરિણામે અનેકઘણી ગતિ વધે છે.

કાર્ય ઝપટથી પાર પડે છે.

સંઘબળનો આવો મહિમા છે.

તા.

વર્ષ ૧૬ | :: કાર્યાલય :: | અંક ૨

૧૯૬૭ | દાદર, મુંબઈ ૧૪ | ચૈત્ર

નોંધ

કાર્યકર્તા મંડળની ચૂંટણી

આપણા સંઘના નવા બંધારણ મુજબ ગયા માસની તા. ૨૦ મી સુધી જુદી જુદી જાતના સભ્યો નોંધવાનું ગુજરાત તથા બૃહદ્ ગુજરાતમાં ચાલુ હતું. એ માટે સંઘ તરફથી એક પ્રચાર સમિતિ નીમાએલી. તા. ૨૦–૩–૪૧ સુધીમાં નવા બંધારણ પ્રમાણે મત આપી શકે તેવા કુલ જુદી જુદી જાતના સભ્યો નીચેની સંખ્યામાં હતાઃ—

આજીવન સભ્યો	૮૦
સંસ્થા પ્રતિનિધિ તથા સક્રિય સભ્યો	૧૧૬
સહાયક સભ્યો	૩૪

આ તમામમાંથી સંઘના કાર્યને વેગ મળે તે માટે યોજનાર કાર્યકર્તા મંડળની ચૂંટણી થવાનું જાહેર થએલું. તે માટે ઉમેદવારી નોંધાવવાની તારીખ પણ ૨૦–૩–૪૧ ની રાખવામાં આવેલી.

આજીવન સભ્યો તરફથી તથા સહાયક સભ્યો તરફથી મંડળમાં બે બે સભ્યોને ચૂંટવાના હતા. એ બન્ને વર્ગોમાંથી બે બે જ ઉમેદવારો ચૂંટણી માટે ઉભા રહેતા આપોઆપ જ તેઓ ચૂંટાયલા ગણાયા હતા.

સંસ્થાજોડાણ તથા સક્રિય સભાસદો તરફથી ૨૨ ઉમેદવારો ઉભા રહેલ જેમાંથી માત્ર ૯ ચૂંટવાના હતા.

તા. ૨૦ મીની રાત્રે આ ઉમેદવારોની યાદી સંઘના મતદારોને મોકલી આપવામાં આવી હતી. તા. ૩૧–૩–૪૧ ના બપોર સુધી મત આપવાની મુદત જાહેર થઈ હતી. તે મુજબ તા. ૩૧–૩–૪૧ ના બપોર પછી શિક્ષણપત્રિકા કાર્યાલયમાં સંઘના મંત્રીઓ તરફથી મતગણત્રી કરવામાં આવી હતી અને નીચે પ્રમાણેનું કાર્યકર્તા મંડળ ચૂંટાએલું જાહેર કરવામાં આવ્યું હતું.:—

આજીવન સભ્ય

૧ શ્રી. બૅ. પોપટલાલ ચુડગર : રાજકોટ.
૨ સૌ. અનસુયાબાઈ કાળે, બી. એ. : નાગપુર.

સહાયક સભ્ય

૧ શ્રી. બાબીબેન મૂળજી : મુંબઈ
૨ ડૉ. ડી. જી. વ્યાસ : મુંબઈ.

સંસ્થાપ્રતિનિધિ તથા સક્રિય સભ્ય

૧ શ્રી. નરેન્દ્ર ગિજુભાઈ બધેકા : જામનગર
૨ ,, ભોગીલાલ પરીખ : વઢવાણ
૩ ,, મૂળજીભાઈ ભકત : નડીઆદ
૪ ,, સવિતાબેન ત્રિવેદી : અમદાવાદ
૫ ,, ઈન્દુપ્રસાદ ભટ્ટ : અમદાવાદ
૬ ,, વજુભાઈ દવે : અમદાવાદ
૭ ,, સોમાભાઈ ભાવસાર : અમદાવાદ
૮ ,, વિષ્ણુપ્રસાદ ભટ્ટ : અમદાવાદ
૯ ,, હરિપ્રસાદ ભટ્ટ : અમદાવાદ

તથા

મંત્રીઓ તરીકે

શ્રી. સરોજબેન યોધ : મુંબઈ
અને શ્રી. તારાબેન મોડક : મુંબઈ

આ રીતે પંદર સભ્યોનું કાર્યકર્તા મંડળ તૈયાર થયું છે. તેમની પહેલી બેઠક તા. ૬–૪–૪૧ ના રોજ સવારે અમદાવાદમાં શ્રી. સરલાદેવી સારાભાઈને ઘેર મળી હતી. તે વખતે સંઘના પ્રમુખ શ્રી. સરલાદેવીએ નીચે પ્રમાણે આવકાર આપ્યો હતોઃ

“ તમે જાણો છો કે સ્વ. ગિજુભાઈના દેહાન્ત પછી લગભગ શ્રી. તારાબેન એકલે હાથે સંઘનું વિશાળ કામ ચલાવી રહ્યાં હતાં અને સંઘને

વિસ્તૃત કરવા વધારે કાર્યકર્તાઓની આવશ્યકતા રહે તેથી નવા બંધારણમાં કાર્યકર્તામંડળની યોજના કરવામાં આવી. તમારા બધાનો સાથ આ યોજનાથી સંઘને મળશે એવી મને આશા છે.

આપણી પાસે કામનું વિશાળ ક્ષેત્ર છે ને આપણી જવાબદારીઓ પણ મોટી છે. તેને પહોંચવા આપણે પોતાને યોગ્યતા મેળવવાની રહે છે. યોગ્યતા મેળવતાં મેળવતાં આપણે આપણા આદર્શોની નજીક આવવા પ્રયત્ન કરી રહ્યાં છીએ. નૂતન બાલશિક્ષણ જેવું, ભાવિ પ્રજાના ઘડતરનું આપણું ક્ષેત્ર છે. આપણે પણ જેવા જીવનની ઘડતરની આશા બાળકો પ્રત્યે સેવીએ છીએ તેવા સંસ્કારો આપણામાં ઉતરે તેવી જરૂર છે. આપણે એક બીજા પ્રત્યે વિશ્વાસ કરીએ એ પ્રથમ વાત છે.

શ્રી. નાનાભાઈની છાયા નીચે સ્વ. ગિજુભાઈએ સંઘનું કામ ચલાવ્યું હતું. સંઘ આજે જ્યાં છે ત્યાંથી આગળ વધે તેવું આપણે ઇચ્છીશું. સંઘનું નાવ ખોટા બંદરે ન ચઢી જાય અને સંઘ જે ભાવિ પ્રજાનો ઘડતરનો દાવો કરે છે તેને આપણે બધાં લાયક નીવડીએ એમ પણ હું ઇચ્છું છું.

બંધારણ બને તેટલું પ્રજા પાસે મૂકી, તે ઉપર જેટલા વિચારો મળ્યા તે બધાનો સમન્વય કરીને ઘડેલું છે. કામ કરતાં તેમાં કોઈ સુધારા વધારાની જરૂર પડશે તો બંધારણ સુધારવાનો અવકાશ છે. વળી નવા બંધારણમાં સંયુક્ત મતાધિકારથી ચૂંટણી થાય છે. વ્યવસ્થાપક મંડળે આ માર્ગ પ્રજાતંત્રવાદની ભાવનાને સાચવવાની ઇચ્છાથી, વિચારપૂર્વક લીધો છે. વળી ભૌગોલિક પ્રદેશો કે જ્યાં કામનો વિસ્તાર ઓછો છે તેવા પ્રદેશોનું કામ વ્યવસ્થિત રીતે શરૂ થાય ને વિસ્તાર પામે એ જોવાનું છે. આ ઉદ્દેશથી મેં આજની સભામાં હિંદી વિભાગોમાંથી કામ કરતા શ્રી. કાશીનાથજીને આમંત્રણ આપી, આમંત્રિત સભ્ય તરીકે હાજર રહેવા તાર કર્યો હતો. આવો બીજો તાર કચ્છના શ્રી. પ્રભુભાઈ ધોળકીઆને પણ કર્યો હતો. શ્રી. કાશીનાથજી આવી પહોંચ્યા છે પણ શ્રી. પ્રભુભાઈ આવી શક્યા નથી.

ગુજરાત, કાઠિયાવાડમાં સદ્‌ભાગ્યે પ્રજા જાગૃત છે. આપણે ત્યાં સંખ્યાબંધ બાલમંદિરો ચાલે છે. પણ સંઘે બીજા પ્રાંતોમાં કામ શરૂ કર્યું છે. આપણે તે બંધ ન કરી શકીએ. તે તે કાર્યના પ્રદેશોને ન ભૂલી જવાય. વળી સંઘે હવે મહા-સમાજની રાષ્ટ્રીય ભાવના મુજબ માનવજાતિની સેવાનો આદર્શ રજુ કર્યો છે. તેને અપનાવવામાં તમે સક્રિય સાથ આપશો એવી મારી આશા છે."

ત્યારબાદ શ્રી. નાનાભાઈ બોલ્યા હતા :

" તમે સૌ જાણો છો કે બંધારણમાં મારી ચાંચ ખૂંચતી નથી. હું બંધારણ ભણાવી જાણું છું પણ ચલાવી શકું નહિ.

હું તો મારા જીવનમાં કોઇની પાસેથી નહિ પણ દીકરા પાસેથી પરાજયની આશા રાખું છું. ત્રણ વર્ષ પછી મારું સ્થાન સંઘમાં આશીર્વાદ આપવાનું રહે તે હું ઇચ્છું છું. અને મને પોતાને આશીર્વાદ આપનારાની કોટીમાં જતો હું જોઉં છું.

આંબલામાં અમે આંબા વાવીએ છીએ. તેનાં ફળ કોણ ચાખશે તે ભવિષ્ય જાણે પણ મારે તો મહેનત કરવાની રહી.

ગિજુભાઇએ સંઘરૂપી આંબો ઉછેર્યો છે. તેનું આપણે રખેવાળું કરવાનું છે. આજે નવો આંબો વાવીને ઉછેરવાની શકિત નથી.

બીજી એક વાત છે. મોટેરાને માની લેવાની ટેવ પડેલી છે. અમને તમે મુરબ્બી ગણો ને ગણતા રહ્યા છો એટલે કયે વખતે અમે મુરબ્બી મટી ગયા તેની અમને ખબર પડે નહિ. વળી મુરબ્બી ખસી જતાં દુનિયા રંડાઈ જતી નથી. કાળ મુરબ્બી પકવવાનો છે. તિલક જતાં ગાંધીજી

કયાંકથી નીકળ્યા. તેમ અમારે મુરબ્બીવટની મર્યાદા સમજી લેવી જોઇએ. વળી જુવાન તત્ત્વને બ્રેક વગર પણ ચાલશે નહિ. બ્રેક વગરની ગતિ રાખશો તો કોઈકે વાર ગતિ હાડકાં ભાંગી નાખશે. ઉંમરની ઉપર ધડપણનો આધાર નથી. નાના પણ ઘરડા હોઈ શકે ને ઘરડા જુવાન હોઈ શકે. પણ જ્યારે સાચેસાચ ધડપણ આવે ત્યારે પલાયન કરવું શ્રેયસ્કર છે.

આપણે સૌ પરસ્પર સદ્‌ભાવથી રહીશું. આપણે સંઘ પ્રત્યે મારાપણું ભૂલવું નહિ. ત્યારે જ ગિજુભાઇના વાવેલા આંબાનાં ફળ પામીશું. નહિ તો તેમનો ઘણી જ મહેનતે ઉછેરેલો સંઘરૂપી આંબો આપણે ગુડી પાડીશું.

આપણા વિચારો કે માર્ગોમાં એકતા હોવી જોઇએ. આ આપણું સૂત્ર કરી લઇએ. સ્વ. ગિજુભાઇને આ રીતે જ સાચી અંજલિ આપી શકાશે. અંતે પ્રભુ પાસે મારી પ્રાર્થના છે કે આપણને ગિજુભાઇનું તપ આ માર્ગમાંથી ચળવા ન દે."

આટલા ઉપોદ્‌ઘાત પછી નીચે પ્રમાણે નવા કાર્યકર્તા મંડળના પ્રમુખ, મંત્રી અને વ્યવસ્થાપક-મંડળ પરના પ્રતિનિધિ ચૂંટવામાં આવ્યા હતા:

પ્રમુખ: શ્રી. તારાબેન મોડક

મંત્રીઓ: શ્રી. ઈન્દુપ્રસાદ ભટ્ટ

,, સોમાભાઈ ભાવસાર

વ્યવસ્થાપક મંડળપરના પ્રતિનિધિ:

શ્રી. નરેન્દ્ર બધેકા

શ્રી. વજુભાઈ દવે.

શ્રી. તારાબેન મોડકે અંતમાં સંઘની વિકાસ-દિશા સમજાવી હતી. આપણે રાષ્ટ્રીય દૃષ્ટિએ આગલા દસ વર્ષનું કામ આંકવું જોઈએ અને તે દૃષ્ટિએ કામે લાગવું જોઈએ એમ તેમણે જણાવ્યું હતું.

કાર્યકર્તા મંડળની આ પહેલી બેઠકમાં કેટલા-એક ઠરાવો પસાર થયા હતા. એમાંના થોડા તો કાર્યકર્તામંડળને વ્યવસ્થિત રીતે ગતિમાં આવવા માટે, તેમની અંતર્ગતની વ્યવસ્થાને સરળ કરવા માટેના હતા. નીચેના ઠરાવો બધા સભ્યોને ઉપયોગી થાય તેવા હોઈ જાણ માટે આપીએ છીએ:—

(૧) એવું નક્કી કરવામાં આવે છે કે દરેક સભ્યે શિક્ષણ પત્રિકાના ૫૦ ગ્રાહકો મેળવવાનો પ્રયત્ન કરવો અને સંઘનો સંગીન પ્રચાર કરવો.

(૨) શારદામંદિર તરફથી શ્રી. સવિતાબેન ત્રિવેદીએ આપેલા આમંત્રણને માન આપી, જુલાઈ માસમાં, સંઘના સંસ્થા પ્રતિનિધિસભ્યો, સક્રિય સભ્યો તથા સહાયક સભ્યો એમ તમામનું એક સંમેલન ભરવાનું ઠરાવવામાં આવ્યું હતું. જે વખતે "હસ્ત વ્યવસાય" ઉપર એક અભ્યાસ-સત્ર ભરવામાં આવશે.

(૩) નીચેના દિવસો ગામેગામ તથા નૂતન બાળશિક્ષણની સંસ્થાઓ ઉજવે તેવી જાહેર હીલચાલ કરવી:

(૧) ડૉ. મોન્ટીસોરીનો જન્મ દિવસ.

(૨) સ્વ. ગિજુભાઈનો જયંતિદિન.

(૩) વસંત પંચમી 'સમસ્ત બાળદિન.'

૪. સંઘની પ્રવૃત્તિઓ દરેક પ્રદેશમાં વ્યવસ્થિત ચાલે અને તેનો ફેલાવો થાય તે માટે નીચેના પ્રાદેશિક વિભાગો પાડવામાં આવે છે. આ દરેક પ્રાદેશિક વિભાગની 'નૂતન બાળશિક્ષણ સંઘ સમિતિ' સ્થાપવી, ને તે કામ કરતી થાય અને કામ કરતી રહે તે વ્યવસ્થા નીચેના ભાઈબહેનોને સોંપવામાં આવે છે. આ વિભાગીય સમિતિઓ યોગ્ય ખર્ચ, સંઘના મંત્રીઓની મંજુરીથી કરી શકશે.

અમદાવાદ શહેર : શ્રી. હરપ્રસાદ ભટ્ટ.

બતાવેલી ઇચ્છા મુજબ વિનિયોગ કરવાની તૈયારી કરી રહ્યા છે. પ્રૉ. રામનારાયણ વિશ્વનાથ પાઠક જેવા તે કમિટિના પ્રમુખ છે. ને થોડા જ દિવસમાં તેમનો નિર્ણય આપણે જાણવા પામશું.

બીજી પ્રવૃત્તિ તે સ્વ. ગિજુભાઈ ની સ્મરણાંજલિની. સ્વ. ગિજુભાઈના વિદ્યાર્થીઓએ એ કામ ઉપાડ્યું છે. તેઓએ લેખો ભેગા કર્યા છે. આપણે ધારીએ તે જ વખતે બધાના લેખો આવી પહોંચતા નથી. તેમ જ બીજા કામકાજમાં થોડું મોડું વહેલું પણ થાય છે. અમે જાણીએ છીએ કે એ વિદ્યાર્થીઓ સ્વ. ગિજુભાઇની દ્વિતીય સંવત્સરીને દિવસે આ ગ્રંથ બહાર પાડવાની તૈયારીમાં છે.

ત્રીજી પ્રવૃત્તિ સ્વ. ગિજુભાઈ સ્મારક ફંડની. એ પણ સંઘ તરફથી ઉપાડવામાં આવી ન હતી. ચાળીસ જણાની સહીથી એની અપીલ બહાર પડી હતી. ફંડ ભેગું કરનાર બૅ. શ્રી. પોપટલાલ ચૂડગર છે. તેમનું કામ ચાલે છે.

સંજોગવશાત થોડો વખત ધીમું પડે તે બનવા જોગ છે.

આ ત્રણે પ્રવૃત્તિઓ વિષે તેના મંત્રીઓ પોત પોતાનો અહેવાલ આપવાના છે એમ સંભળાય છે. ત્યાં સુધી આ સ્પષ્ટીકરણ એટલાં પૂરતું આપીએ છીએ કે નકામી ગેરસમજ ન થાય.

મંત્રી

નૂતન બાલશિક્ષણ સંઘ, દાદર.

બાળકો અને રજાઓ

શાળામાં રજા પડે છે.

સામાન્ય રીતે બાળકો આનંદથી કૂદવા લાગે છે. અમારી શાળાનાં નાનાં બાળકો કહે છે: "આ શું ? રજાઓ શા માટે ?" "રજાઓ હશે તોયે અમે તો આવીશું." "બા, ચાલ. અમને રજાઓ દેખાડ. શાળામાં ચાલ ને ?"

ખરી રીતે રજા ગમવી એ સાહજીક છે. પરંતુ આજની શાળામાંથી બાળકોને રજાઓ ગમે છે કારણ કે તેઓ શાળા અને શાળાના અભ્યાસથી કંટાળ્યાં હોય છે. અને તેથી તેઓને રજા જોઈએ છીએ.

અમારી શાળામાંથી રજા પણ નથી ગમતી તે પણ બરોબર નથી કારણ શાળામાં જે પ્રવૃત્તિ, કામકાજ વગેરે મળે છે તેવું ઘેર કાંઈ જ મળતું નથી. અને એથી, તેઓ ઘરથી કંટાળે છે અને શાળામાં જવાની હઠ કરે છે.

બાળકોને શાળા પણ ગમવી અને રજાઓ પણ ગમવી એ સ્થિતિ ઉત્તમ કહી શકાય.

અમારી શાળામાં રજા હોય છે ત્યારે હું જોઉં છું કે આજુબાજુનાં બધાં બાળકો પ્રવૃત્તિ સિવાય ચારેબાજુ ચકર લગાવતાં હોય છે. ઘણાંઓને શું કરવું તે સૂઝતું જ નથી. કેટલાંક કાંઈક પણ શોધી કાઢીને વખત ગાળતાં હોય છે.

આથી, રજા પછી તાજાં બનીને શાળામાં આવવાને બદલે કંટાળીને શાળા ફરી પાછી કયારે ઉઘડશે એવું તેમને થઈ જાય છે.

મારે ઘેર ઘણાં બાળકોનો અડ્ડો બને છે. કારણ રજાના દિવસે હું તેમને વાંચવા પુસ્તકો આપું છું. એકવાર જોયું તો બાળકોએ ઓરડાની ખુરશીઓ આડી કરીને ઘર બનાવ્યાં હતાં. અને છોકરા છોકરીઓ (ત્રણ હતાં) પોત પોતાની રસોઈ બનાવવામાં ગુંથાયાં હતાં. સાત સાત વર્ષનાં બાળકો હતાં. ઢીંગલા ઢીંગલી માટે ભોજન થતું હતું અને નાનાં નાનાં રમકડાંનાં વાસણ હતાં. એવી રમત તે કેટલોક વખત ચાલે ? આવી રમતમાં તે તેઓનું મન કેટલોક વખત આનંદ

મેળવશે એમ મને લાગતું અને એથી દૂરથી હું તે જોતી રહેતી.

એક રજા પૂરી થઈ. બીજી આવી. ત્રીજી આવી. દરેક રજામાં તે ત્રણે મોરે ઘેર આવતાં અને ઢીંગલા ઢીંગલીના ઘર બનાવતાં, તેમને માટે રસોઈ તૈયાર કરતાં અને તે કામોમાં તેઓ ત્રણ ત્રણ કલાક ગાળતાં! મમરાના ભાત અને લાઈના લોટની ભાખરી બનાવવામાં આ સાત સાત વર્ષનાં છોકરાંઓને શું આનંદ આવતો હશે એનું મને આશ્ચર્ય થતું.

ચોથી રજા આવી. ફરી પાછી એ જ રમત. તે વખતે મેં તેઓને બોલાવ્યાં. તેમને કહ્યું: "આવી ઢીંગલા ઢીંગલીની રસોઇ વગેરે શું કરો છો? ખરેખરી રસોઇ કરોને! ખરી રસોઈ કરતાં શું નથી આવડતી?"

"હા, હા, આવડે છે. પણ અમને કરવા કોણ દે છે?"

"ચાલો હું આપું. શું શું બનાવશો?"

"ભાત, શાક, દાળ, રોટલી."

"આજે જ એ બધું નહીં. શાક અને રોટલી કરો. અને દહીં પૌઆ બનાવો."

"પણ રોટલી શાકને માટે તો સગડી જોઇશે. સળગતા કોલસા જોઇશે. તે કોણ આપશે?

"હું આપું છું ને. બરી શગડી અને કોલસા બન્ને."

છોકરીઓ આનંદથી નાચવા લાગી. માત્ર સાચી રસોઇ કરવાની કલ્પના સુધ્ધાં આટલી મનોહર લાગી.

મેં કહ્યું: "બીજું જે જે જોઇએ તે બધાની યાદી કરીને લાવો. લ્યો આ કાગળ અને પેન્સિલ."

મેં યાદી જોઈ તો જણાયું કે યાદીમાં એકે ચીજ બાકી ન હતી. તેલ, મીઠું, મરચું વગેરે પણ તેઓ ભૂલ્યાં ન હતાં.

પછી તેમની યાદી પ્રમાણે બધો સામાન તેમને આપ્યો. રસોડામાં જતાં જ, પાટલી, વેલણ, લોઢી વગેરે બધું જ ઝટપટ તેઓએ શોધી લીધું. નોકરે શગડી પેટાવી દીધી. દૂરથી માત્ર નજર રાખવા તેને મેં ત્યાં બેસાડ્યો અને હું બાજુના ઓરડામાંથી જોતી હતી. હું કદાચ અંદર રહેત તો, તેઓને પોતાનું કામ બરોબર છે કે નહિ તે માટે અવિશ્વાસ લાગત અથવા તો ઘડીએ ઘડીએ મને પૂછીને કરવાનું મન થયું હોત એવું મને લાગ્યું.

તેઓમાંથી કોણે શું કરવું તે આગળથી નક્કી કરી આપ્યું હતું.

ખરેખર આશ્ચર્ય થાય એટલી સુંદર રીતે એક છોકરાએ બટાટાનું શાક બનાવ્યું; છોકરીએ રોટલી બનાવી અને ત્રીજા છોકરાએ કાંદા વગેરે નાખી દહીં પૌઆ બનાવ્યા.

અમને જમવા બોલાવવા માટે તેઓ આવ્યાં. "પાટલા, કળશા વગેરેની તૈયારી કરી કે?" એટલું મેં પૂછ્યું.

તરત જ દોડતાં જઈ બધી જ વ્યવસ્થિત તૈયારી કરીને, પીરસીને ફરી તેઓ બોલાવવા આવ્યાં.

તે વખતના તેમના આનંદી ચહેરાઓ તેમના માતાપિતાઓએ જોયા હોય તો!

મને લાગે છે કે પાંચ મિનિટ માટે, માત્ર આનંદથી નાચતી તે આંખો જોવા માટે એક સિનેમાની ટિકીટના જેટલા રૂપિયા તો જરૂર તેઓએ ઓવારી નાખ્યા હોત!

શું તે આનંદ? તેમાં પોતાના કાર્યની સમજ હતી. કામ કૃતેહમંદ રીતે પાર પાડવાનો સંતોષ હતો. આપણે રોટલી, શાક વગેરે બનાવ્યું તેનો —નવું ઉત્પન્ન કરવાનો—મોટો આનંદ તેમના ચહેરા ઉપર વ્યક્ત થતો હતો.

તેમાંના એક છોકરાની મા પડોશમાં જ રહેતી

હતી. મેં તેમને જમવા બોલાવી. તેમને કહ્યું : "આજ આમનો આનંદ તો જુઓ."

તે બોલી : "હા, તે બધું ખરું પણ હવે દરેક રજામાં તેઓ આ માગશે એનું શું ? આ એક ઉપદ્રવ જ થયો ને ?"

હું એટલી બધી ખોટી થઈ ગઈ !

આપણે જાતે વાવેલ, હાથે પાણી પાઈને ઉછેરેલ રોપને બે નવાં પાન ફૂટે, બે નવાં ફૂલ આવે; વેલ બે હાથ લાંબી વધે તે જોઈને જે મનને આનંદ અનુભવવાની શક્તિ છે, તે જ મન પોતાના બાળકનું કામ, તેમની સફળતા જોઈને આનંદ પામી શકતું નથી !

કેવું વિચિત્ર ! કેટલું આશ્ચર્યકારક !

બાળકો જોઈ બે છે, થોડો સમય હસેકૂદે તે જોઈએ છે. પણ આ બાળકોનો ત્રાસ નથી જોઈતો ! દરેક વખતે તેમને આ બધું આપવું કોણે ?

"જાઓ રે છોકરાઓ, બહાર રમવા જાવ." એટલું કહી નાખ્યા પછી દિવસ આખો છોકરાંઓ શું કરે છે અને કયાં સમય પસાર કરે છે એની શી ખબર ? તેઓને ગમતું નથી એટલે કંટાળો આવે છે. પ્રવૃત્તિહીન મન કંટાળે જ. હાથમાં આવે તે અથવા તો પ્રસંગે જે દેખાય તે કરવા તેઓ જવાનાં જ. પછી તે પ્રવૃત્તિ કદાચ સારી પ્રવૃત્તિ હોય, કદાચ દુષ્પ્રવૃત્તિ હોય, કદાચ તે નકામી પ્રવૃત્તિ હોય. કદાચ ને તે માત્ર વખત પસાર કરવાનું સાધન માત્ર પણ હોય.

બાળકો વખત કેમ પસાર કરવો એવી સ્થિતિમાં આવી પડતાં કાંઈ પણ શોધી કાઢે છે. પથ્થર, માટી જે દેખાય તે લે છે. તેમાંથી જે સૂઝે તે કરે છે. એવું કોઈ કાર્ય ન મળે તો અહીં ચડે છે ત્યાંથી ઉતરે છે. આ લે છે તે લે છે.

કોઈ ઉપયોગી વસ્તુ બગડે નહીં અથવા પડવા આખડવાનું બને નહીં અને તેઓ કોઈને કાંઈ વાગે કારવે નહીં ત્યાં સુધી મોટાં માણસો, બાળકો શું કરે છે તેની પરવા કરતાં નથી. પણ આવા અવ્યાપારેષુ વ્યાપાર કરવામાં બાળકોને કાંઈ ખાસ મજા પડતી નથી. કારણ તેમાં તેઓને કરવાપણું કશું હોતું નથી. તે માત્ર અર્થહીન પ્રવૃત્તિ હોય છે.

ઘણીવાર બાળકો પોતાની શક્તિના પ્રમાણમાં ઘણું હલકી કક્ષાનું કામ લઈ બેસે છે. બે વર્ષનું બાળક એક દોરો લઈ, મોતીનાં કાણામાં તે બરોબર પરોવતા શીખે અને એ ક્રિયા હસ્તગત થાય ત્યાં સુધી તેના પર પ્રયત્ન કર્યા કરે તો તેમાં તેને મજા પડે છે. પણ બીજી પ્રવૃત્તિ ન મળવાથી આઠ આઠ વર્ષનાં બાળકો પણ જો તે જ પ્રવૃત્તિ કરવા માંડે તો તે સાચી પ્રવૃત્તિ સમજવી નહીં. તે માત્ર વખત પસાર કરવાનું કામ ગણાય.

ઘણીવાર બાળકો ભાંગતોડનાં વિનાશક કામોમાં લાગે છે. તેઓને ગમતું નથી, કાંઈ કરવા મળતું નથી, એટલે ગુસ્સો આવે છે. પરિણામે આવી દુષ્પ્રવૃત્તિ સૂઝે છે.

ભાઈના અથવા તો બાપુના પુસ્તકો પર લીંટા કાઢવા, ભીંતો ગંદી કરવી વગેરે જાતનું નુકસાન અને બગાડ કરવાનું સમજણપૂર્વક કેટલીક વાર તેઓને મન થાય છે.

આવી નાશકારક પ્રવૃત્તિ કરવાને બદલે ચિત્રો કાઢવા, લખવા વગેરેનું મન તેઓને થાય છે. તે બધું ન મળવાને કારણે તેનું રૂપાંતર આવા કામોમાં થાય છે.

સારાંશ એટલો કે યોગ્ય પ્રવૃત્તિ મળવાને અભાવે બાળકો દુઃખી થાય છે; મનમાં ગમતું નથી. તેઓ ઉદ્વિગ્ન અને અસુખી બને છે અને કાંઈ પણ કરી બેસે છે.

આ પ્રમાણે અપ્રવૃત્તિ, દુષ્પ્રવૃત્તિ અથવા તો હળવી પ્રવૃત્તિ એ ત્રણેમાં સમય અને શક્તિનો

અપવ્યય છે; નકામો વ્યય છે. તે કરવાથી કામ કરવાનો આનંદ અને સંતોષ મળતો નથી. બુદ્ધિનો વિકાસ થતો નથી. માત્ર વખત પસાર થાય છે. તેનાથી વિશ્રાંતિ પણ નથી મળતી, અને તેથી રજાઓનો મુખ્ય ઉદ્દેશ જે વિશ્રાંતિ તે તો જરાય સફળ થતો નથી.

રજા દરમ્યાનની બાળકોની માનસિક દશા જોઈને કેટલાક બાળપ્રેમી, શિક્ષણમાં કામ કરનારાઓને એમ લાગશે કે આપણે રજાઓ રાખવી જ નહીં. બાળકોને નિરુદ્યોગની યાતનામાંથી છોડાવવા અને બચાવવા.

મારા અભિપ્રાય પ્રમાણે આ પણ બરોબર નથી. અને તેનાં અનેક કારણો છે.

શાળામાંની પ્રવૃત્તિઓ—બૌદ્ધિક, શારીરિક, હસ્ત ઉદ્યોગ વગેરે બાળકોને અત્યંત પ્રિય હોય છે. છતાં હમેશ તેની તે જ પ્રવૃત્તિઓ આગળ આવે, તેની તે જ વસ્તુઓ દેખાય, તે જ કાર્યક્રમ હોય તો તેમાં નવીનતા નથી રહેતી. વચ્ચે બે દિવસ, ચાર દિવસ દસ દિવસ કે માસ દોઢમાસ જાય અને ફરી પાછાં તેઓ શાળામાં આવે તો શાળાનાં કામોમાં આનંદ જણાય છે.

બીજી એવી કેટલીક વાતો છે કે જેને શાળા કરતાં ઘરમાં સ્થાન દેવું વધારે સગવડવાળું અને યોગ્ય હોય છે. રસોઇનો દાખલો જ લઈએ. એક અથવા તો બે ત્રણ બાળકોને ઘેર જ રોટલી, શાક કરવા દેવાનું જેટલું સરળ છે તેટલું તે શાળામાં ૨૫, ૨૫ બાળકોના વર્ગમાં સહેલું નથી. મોટી છોકરીઓની શાળાઓમાં રસોઈ શીખવવાના અનેક પ્રયોગ થયા છે. તેમાં પણ સામાન્ય અનુભવ એ જ છે કે ઘેર માની દેખરેખ નીચે આ કરવું વધુ સહેલું પડે છે.

બીજાં પણ અનેક કામો અને પ્રવૃત્તિઓ રજાઓમાં કરવા જેવી હોય છે. જેને (હૉબીઝ) અથવા તો હોંશનું કામ કહીએ તે ઘેર જ કરી શકાય. રદ્દીમાંથી ચિત્રો એકઠાં કરી તેનું વર્ગીકરણ કરી આલ્બમ બનાવવાના કામનું શાળામાં દિશાદર્શન કરાવી આપ્યા પછી ઘેર જ કરવાનું તે કામ ગણાય. શિવણ, ભરત, કાતરકામ, ચિત્રકામ વગેરે ઘણી વાતો ઘેર જ્યારે ખૂબ પુરસદ હોય છે ત્યારે કરવા જેવી ગણાય. શાળામાં તેનું દિશાસૂચન મળે એટલું જ પૂરતું ગણાય.

બાગમાં ફરવું, પક્ષીઓ જોવાં, તેના માળાઓ જોવા, જુદી જુદી જાતના પથ્થરો જોવાં, ફૂલો તથા પાન એકઠાં કરી તેને સૂકવી સંગ્રહ કરવો વગેરે કામો પણ રજાઓમાં જ કરવા જેવાં ગણાય.

કપડાં ધોવાં, દાણા વીણવા, વાટવું, પીસવું, રાંગોળી કાઢવી વગેરે અનેક કામો ઘરમાં કરવા જેવાં હોય છે.

પતંગ બનાવવા અને એવી બીજી રમતોનાં સાધનો ઘેર બનાવવાનું શકય છે.

આ બધાં કામો અથવા રમતો અથવા તો પોતાના આનંદ ખાતર કરવાની પ્રવૃત્તિઓ શાળામાંજ કરવાનું શકય નથી. શાળા જે ચોવીસ કલાક રહેવાનું ઘર બને તો જ તે બધુંય કરવું ત્યાં શકય બને.

આ સિવાય રજાઓમાં ઘણા લોકો બહારગામ પણ જાય છે. શ્રીમંત લોકો હવા ખાવાની જગ્યાએ જાય છે તો ગરીબ લોકો પોતાના કોઈ કાકા, મામા, દાદા વગેરેને ત્યાં જાય છે. કોઈ લગ્ન કાર્યના નિમિત્તે જાય છે તો કોઈ પોતાને ગામ છે. આ રીતે શહેરમાંથી પોતાના ગામે અને બીજા શહેરોમાં લોકો સ્થાનફેર અને હવાફેર કરે છે. મોટેરાંઓ સાથે બાળકોને પણ એનો લાભ મળે જ છે. અનેક દૃષ્ટિએ તે જરૂરી અને હિતાવહ પણ છે. જુદા જુદા પ્રદેશો જોવા; મુસાફરીમાં ખેતરો; ડુંગરો, નદીઓ વગેરે જોવાં; તથા ગાય ભેંશ વગેરે જનાવરો જોવાનું તો આ મુસાફરીમાં શકય બને છે જ પણ સામાજીક વ્યવહાર, નાતજાતમાં હળવું

મળવું, જુદા જુદા સ્વભાવોના લોકોની વચ્ચે સ્થિર થઈને રહેવું વગેરે અનેક વાતો પણ આમાં શક્ય બને છે. સતત શાળામાં જવાથી આ કશાનો લાભ બાળકોને મળતો નથી જ.

આ થયો બાળકોની દૃષ્ટિએ વિચાર. પણ શિક્ષકોની દૃષ્ટિએ પણ વિચાર કરવો તેટલો જ જરૂરી છે. નાનાં બાળકોની નવીન શાળા એટલે તેમાં શિક્ષકોને કેટલું તંગ થવું પડે છે તે તો જેઓએ આવી શાળા ચલાવી હશે તેને જ ખબર પડશે. ઉપરાંત શિક્ષકને કૂપમંડુકની જેમ તે જ શાળા, તે જ બાળકો, તે જ દિવસનો કાર્યક્રમ એક સરખો રહે તો થાકી જવાનો સંભવ છે. તેને પણ વિશ્રાંતિ અને જીવનક્રમમાં ફેરફારની અત્યંત આવશ્યકતા છે.

શિક્ષકોએ વાચન, અધ્યયન, ચિંતન, મનન પણ કરતાં રહેવું જોઈએ. વિદ્યાનો વ્યાસંગ રાખવો જોઈએ, જ્ઞાન તાજું કરતાં રહેવું જોઈએ વગેરે આપણે કહીએ છીએ પણ તે બધું માત્ર એક મહિનાની છુટ્ટીમાં જ બની આવે એ શક્ય નથી.

આ બધા સિવાય સતત શાળા ચાલુ રાખવામાં મારો વિરોધ તો એ છે કે, તો પછી માબાપોએ બાળકોને માટે કાંઈ કરવું કે નહીં? તેમના પરિચયમાં તેઓએ આવવું કે નહીં? તેઓની જરૂરીઆતોનો, માનસિક જરૂરીઆતોનો કોઈવાર તેમણે વિચાર કરવો કે નહીં? બધાનો હમેશ શાળા જ વિચાર કરવા લાગે તો પછી માબાપ અને બાળકોનો સંબંધ વધશે કેમ?

મારા ઓળખીતા એક વૃદ્ધ ડોક્ટર છે. તેઓ પોતાનાં ભાણેજો રજાઓમાં પોતા પાસે આવવાના થાય કે તેમણે કરવાના અને તેમને ગમતા એવા શિવણ, ડ્રોઇંગ વગેરેનાં કામોની તજવીજમાં તેઓ લાગે છે. તેઓનું કામકાજ, તેઓની મુસાફરી, જોવા જવાનું વગેરે બધું જ વ્યવસ્થિતપણે આગળથી તેઓ નક્કી કરે છે.

બહુ જ થોડાં માતા પિતાઓ બાળકોની રજાઓ ઉત્તમ રીતે પસાર થાય તે સંબંધેનો વિચાર કરતાં હશે. માત્ર ૫૦૦, ૬૦૦ નો બંગલો માથેરાન કે મહાબળેશ્વરમાં ભાડે લઈ, ત્યાં જઈ રહેવાથી તેઓની રજાઓ યોગ્ય રીતે પસાર થાય છે એવું નથી. તેઓને ત્યાં જઈને પણ ઘણીવાર વખત પસાર કરતાં બેસી રહેવું પડે છે. એટલે વર્ષના દસ-માસ બાળક જે શાળામાં જાય છે તો એક બે માસ તો માબાપોએ બાળકોની બીજી પ્રવૃત્તિઓ અને તેની રજાઓના કાર્યક્રમની જવાબદારી લેવી જ જોઈએ. કેટલાંક માબાપો આશ્ચર્યથી અમને કહે છે કે શાળા પાછી ઉઘડે છે તેની રાહ જોતાં અમારાં બાળકો બેસે છે. શાળાની દૃષ્ટિએ આ શાળાનાં વખાણ જ ગણાય પણ ઘરની દૃષ્ટિએ તે શું ગણવું જોઈએ?

આ રીતે શાળાની-રવિવારની, બીજા તહેવારોની વચલી રજાઓ અને ઉનાળા વગેરેની લાંબી રજાઓ સંબંધી પુષ્કળ વિચાર કરીને તે યોગ્ય રીતે પસાર થાય તેમ કરવાની જરૂર છે. રજામાં બાળકોને વિશ્રાંતિ મળે અને બીજો પણ વિવિધ પ્રકારનો માનસિક ખોરાક મળે એવો પ્રબંધ થવો જોઈએ. ઘણાં બાળકોને બે ચાર પુસ્તકો વાંચવાનાં પણ મળતાં નથી એવી દુર્દશા હોય છે. ઉત્તમ હાકૂસ કેરીઓ મળે છે, આગબોટ અથવા તો રેલ્વેની મુસાફરી મળે છે, નવાં કપડાં મળે છે પણ મનને માત્ર આળસમાં રહી ઉપવાસી રહેવું પડે છે.

હમણાં ઉનાળાની રજાઓ પાસે આવે છે. આટલા લાંબા લખાણને અંતે આ રજાઓ પસાર કરવામાં માબાપોને કાંઇક થોડું માર્ગદર્શન મળે અને બાળકોના ગમે તેમ, ગમે ત્યાં દિવસો નિર્ગમન કરવાની યાતના ટળે એવી આશા છે.

તા.

ઊડતા વિચારો

(કેળવણી વિષયક)

.....કાશીરામભાઈ માસ્તરને ચક્કર આવ્યાં ને વર્ગમાં પછડાઈ પડ્યા. વિદ્યાર્થીઓ બહુ ગભરાઈ ગયા. કોઈ પાણી લાવવા દોડ્યા, કોઇ પવન નાખવા લાગ્યા, કોઇ વળી હુંગળી લાવવા દોડ્યા. ચારેકોર દોડાદોડી થઈ પડી! કેટલાએક વિદ્યાર્થીઓ માસ્તર ફરતા ટોળે વીંટળાઈ વળ્યા, ને તેમાંથી કોઈ વળી માસ્તરનાં કપડાંના બટન ખુલ્લા કરવામાં રોકાયા, કોઈ પરસેવો લૂછવા લાગ્યા. પડખેના વર્ગમાંથી પણ વિદ્યાર્થીઓ અને શિક્ષકો દોડી આવ્યા. બધાના મોં ઊપર ચિંતા અને કાશીરામભાઈ તરફ સહાનુભૂતિ દેખાતાં હતાં. મારા મોં પર તેવા કોઇ ભાવનાં ચિહ્ન ન હોતાં. (કેમ કે સાંજે શિક્ષકોએ મને એ પ્રમાણે કહ્યું હતું.) ખરું પૂછો તો મને ઊલટો કાશીરામ ભાઈ પર ગુસ્સો આવ્યો હતો. એમને ત્યાં રોજ રાત્રે બબ્બે વાગ્યા સુધી ગંજીફો કુટાય છે તે હું જાણતો હતો. રાતના ઉજાગરા, ગમે તેટલીવાર ચહાના કપ ચડાવવા, અને સવારમાં ઊઠતાંવેંત ટ્યૂશન માટે દોડાદોડી માંડવી તે શાળામાં જતાં સુધી. આમાં તેમને શાળાના કામ માટે મન અને શરીરની જોઇતી શાંતિ કે સ્વાસ્થ્ય મળે શી રીતે? આમાંથી બે પાંચ મિનિટમાં શાળામાં ભણાવવાનું શું તે જરા વિચારી જતા હોય તો તેમનો ઉપકાર! પણ એટલી માનસિક તૈયારીથી શો દહાડો વળે? એની સાથે થોડીક શારીરિક પણ તૈયારી (તાકાત) જોઇએ કે નહિ? એંજીન બગડી ગયું હોય તો માત્ર વરાળ ઝાઝી એકઠી કર્યે શો દહાડો વળે? તેમના વર્ગના તેમ જ પડખેના બે ત્રણ વર્ગોના મળી સો દોઢસો વિદ્યાર્થીઓનો એક કલાક એળે ગયો એની જવાબદારી કોની? બીજા માસ્તરો અને વિદ્યાર્થીઓને કાશીરામભાઇ વિષે મનમાં લાગી આવ્યું હતું પરંતુ મને તો તેમના જેવા બિન-જવાબદાર શિક્ષકો તરફ ગુસ્સો જ ઉપજ્યો હતો. પોતાની ફરજ બજાવવામાં બેદરકારી રાખવી અને બીજી બાજુ બીજા લોકોની સહાનુભૂતિ મેળવવી એ કયાંનો ન્યાય? બીજા બધાની જેમ મેં કાશીરામ માસ્તરની દયા બાધી હોત તો એક રીતે સારું કર્યું કહેવાત; લોકોએ હું બહુ ભલો છું એમ અવશ્ય કહ્યું હોત. પણ એથી હું મારા મુખ્ય અધ્યાપકના કર્ત્તવ્યમાં ચૂકયો હોત. વળી દયા અને સહાનુભૂતિ બતાવવાં હોય તો તે સત્પાત્રે જોઇએ. એ વિના એ અનિષ્ટકારક નીવડે એનો ઘડો. પણ વિદ્યાર્થીઓને બેસાડવાની આવશ્યકતા બરી જ ને? તો શું વિદ્યાર્થીઓ અને બીજા માસ્તરોએ કાશીરામભાઇને એમને એમ પડયા રહેવા દેવા? ના; તેમણે મદદ તો અવશ્ય કરવી. પણ તે કરતી વેળા બીજા શિક્ષકોએ જે મનનું પોચાપણું બતાવ્યું તેને બદલે કાશીરામભાઈના આવા એકંદર વર્તાવ વિષે પોતાની નાપસંદગી છે એ દર્શાવવાનો તેમણે મોકો છોડવો ન હોતો જોઇતો એમ હું માનું છું. જે વ્યકિતનું હિત સમાજના હિતની આડે આવે તો વ્યકિત તરફ દુર્લક્ષ કરવું જ જોઇએ. અને કાશીરામભાઇના કિસ્સામાં વાંક તેમનો પોતાનો જ હતો.

× × ×

આ વાલીઓના મનમાં પણ પોતે ભારે વિદ્વાન હોવાનું ઘમંડ હોય એમ લાગે છે. તેઓ બાળકોના જન્મદાતા છે અને તેમના પાલન-પોષણની જવાબદારી તેમની છે એ વાતમાં ના કહેવાય જ નહિ. પણ એ દાવે જ્યારે તેઓ

શિક્ષણ ક્ષેત્રમાં જેમણે વર્ષોનાં વર્ષો ગાળ્યાં હોય એવા અધ્યાપકોને પણ એ બારામાં કાંઈક ઉપદેશ આપવા નીકળી પડે છે ત્યારે તો તેમના તરફ ખૂબ ગુસ્સો આવે છે ને ચીડ પણ ચડે છે. આવે વખતે તેમની સાન બરાબર ઠેકાણે લાવવાનું મન થાય છે. એકવાર 'જરા આગલા વાળ બરાબર કાપો' એમ મેં સલૂનમાં હજામને કહ્યું ત્યારે મારા તરફ એવો તો કતરાઈ રહ્યો કે હું તો ફડેાગાર બની ગયો! મારી જગ્યાએ બીજો કોઈ હોત તો જરૂર તે કહી દેત: "બસ કરો મહેરબાન સાહેબ! આપ બીજી બાબતમાં ગમે તેટલા વિદ્વાન હશો પણ આ બાબતમાં આપને કશી જ ગતાગમ નથી." મને અમુક દવા આપો અગર અમુક પથ્ય કરવાનું સૂચવો એમ રોગી પોતે અથવા તેના હિતચિંતકો કોઈ અનુભવી ડોકટરને કહેવા માંડે તો કયો સ્વાભિમાની ડોકટર એ બધું શાંતિથી સાંભળી લેશે? વાત સાવ સાદી છે. જેણે જે કામ કરવામાં આખો જન્મારો ગાળ્યો હોય તેને કોઈ અદનો માણસ આવીને આમ કરો અને તેમ કરો એવી સલાહ આપવા માંડે ત્યારે શાંત રહેવાનો ગમે તેવો નિશ્ચય હોય તો પણ મગજ ગરમ થયા વિના ન રહે.

આજે એક પાંઘડીવાળા ગૃહસ્થ લાકડીને ટેકે ટેકે ઠેઠ મારા ઓરડા સુધી આવ્યા. અને પાંચમી ભણતા પોતાના પૌત્રને ઘેર ઓગણોતેર રામ કેટલા? એમ પૂછ્યું તેનો તે તુરત જવાબ ન આપી શકયો તે માટે મને ઠપકો આપતા સ્વરે બોલ્યા: "જુઓ માસ્તર, આવું તો બધું અમે એકડિયા ભણતા ત્યારે ચટ ચટ કહી દેતા અને આ ગધેડો પાંચમીમાં પડ્યો તોય કાંઈ આવડતું નથી"! અને પછી કેળવણી પરનો તેમ જ મારા પરનો બધો રોષ તેમણે પોતાના પૌત્ર પર ઠાલવ્યો. મેં પણ જરા લુચ્ચાઈપૂર્વક પૂછ્યું: "ત્યારે આપ જ જવાબ આપોને કેટલા થાય છે?" મારા પ્રશ્નથી ડોસા લેવાઈ પડ્યા. તેમણે કહ્યું: "અરે સાહેબ! હવે મોટપણે એ બધા આંક મોઢે રાખવાની જરૂર હોતી નથી. અને છતાં કોઇ વાર જરૂર પડે તો કાગળ પેન્સિલ લઈને કયાં જવાબ નથી શોધી શકાતો?"

"અવશ્ય શોધી શકાય. અને એ જ દાખલો તમારા પૌત્રની બાબતમાં પણ લાગુ પાડી શકાય છે." ખરું જોતાં પેલા વિદ્યાર્થીને ઓગણોતેર ઓગણોતેર રામનો જવાબ મોંએ આપતાં આવડ્યો હોત તો સારું જ થાત. આંક જેટલા મોંએ હોય તેટલી વહેવારમાં સરળતા થાય એ નિઃસંદેહ વાત છે. પણ એકાદ બાબત અને તે પણ રોજ ઉપયોગમાં ન લેવાય તેવી હોય તે છોકરાંને મોંએ ન આવડે તો તે સાવ નાદાન છે, શિક્ષણપદ્ધતિ ખરાબ અને માસ્તર પણ નાલાયક–બધાજ નાલાયક છે; માત્ર પોતે જ ડાહ્યા છે એવો જે ડોળ કેટલાક વાલીઓ બતાવે છે તેથી જ ગુસ્સો ચડે છે. આવે પ્રસંગે શિક્ષકે જોસપૂર્વક કહેવું જોઈએ: "Well sir, we know our job better. આપને વચ્ચે આપવાની કશીએ જરૂર નથી." જીવનની વધતી જતી આંટીઘૂંટીઓ અને માનવીના મનની વધતી જતી શોધોને કારણે ભણવાના વિષયોની સંખ્યા વધતી જ જવાની અને આ સંખ્યા બાહુલ્યને કારણે અભ્યાસનું ઊંડાણ ઓછું ઓછું થતું જવાનું. આ વસ્તુસ્થિતિ સંબંધે ઉપેક્ષા રાખીને "જૂનું તેજ સારું" એમ માનીને પારકાને ઉપદેશ દેવા નીકળનારને એ રીતે જ ઉધડા લેવા જોઈએ.

એક એવાજ બીજા ડાહ્યા–દોઢ ડાહ્યા ગૃહસ્થ શાળાના બધા વર્ગો જોઈ આવ્યા પછી (આજે જ) મારા તરફ જોઈ હસતા હસતા કહે: "આ તો બધું જાણે કે ઠીક. બાળકો ટાપટીપવાળાં અને ચોખ્ખાં છે એ સાચું. પણ અમારા જમાનામાં

જે સાદી રહેણી અને ઉચ્ચ વિચાર હતા તે સ્થિતિ આજે હવે નથી રહી એમ તમને લાગે છે, સાહેબ?" ડોસાના એ હાસ્યમિશ્રિત નાનકડા વાકયમાં અનેક બાબતો તેમણે કહી નાખી છે. ટાપટીપ અને સ્વચ્છતા જાણે કે સાદાઈનું ખૂન કરનારાં અંગો છે એવો એમનો ધ્વનિ છે. બીજું સાદી રહેણી કરણી સાથે જ આપોઆપ વિચારોની ઉચ્ચતા આવે છે એમ ન કહેવાય; ત્રીજું સાદી રહેણી કરણીમાંથી ફલિત થતી તેમના મતે વિચારોની ઉચ્ચતા ફકત જૂના જમાનાના વિદ્યાર્થીઓમાં—વિશેષે કરીને પોતામાં હતી, અને આજનાં બાળકોમાં એનો સાવ અભાવ છે, અને છેલ્લે આ સર્વ અનર્થો—અધઃપાતનું મૂળ હું અને મારા શિક્ષકો છીએ! પણ એમને શી ખબર કે અમે એમનાં બાળકોની સાદી રહેણી કરણીનો વિરોધ તો કરતા જ નથી? જે બાળકોની રહેણી કરણી તેમની માન્યતા અનુસાર બગડી ગઇ હોય તો પણ તે સારૂ જવાબદાર શિક્ષકો નથી પણ જેમના નિત્ય સહવાસમાં અને લાંબો વખત સુધી એ બાળકો ઊછરે છે એવા વાલીઓ જ એ બધા માટે જવાબદાર છે.

અઠવાડિક પરીક્ષામાં પોતાનો દીકરો વારંવાર નાપાસ થતો હતો તે સંબંધે પૂછપરછ કરવા સારૂ તેના વાલી એકવાર મને મળવા આવ્યા. એ ગૃહસ્થ ભોળા અને શ્રદ્ધાળુ જણાયા. છોકરા સંબંધે થોડીક પૂછપરછ કરી લીધા પછી થોડા દહાડા એકાદ ટ્યૂશન રાખી લેવાનું મેં તેમને સૂચવ્યું. પેલા ગૃહસ્થ જરા નિરાશા અને આશ્ચર્ય મિશ્રિત સ્વરે કહેવા લાગ્યાઃ "હું પોતે પણ શિક્ષક છું. બાળકે વર્ગમાં સારો નંબર રાખવો એટલું જ નહિ પણ પહેલો નંબર રાખવો જોઇએ એ સારુ હું કેટલીય માથાકૂટ કરું છું. બાસ્તરનો દીકરો બીજા બધા છોકરાઓ કરતાં સારો હોવો જ જોઇએ ના?" ખુદ પિતા પોતે જ શિક્ષક છે એમ મેં જાણ્યું ત્યારે મારા મનની બધી ગૂંચ ઊકલી ગઈ. મેં તરત કહ્યું: "તમે પોતે તમારા દીકરાને ભણાવવાનું કામ છોડી દો; એ કામ બીજા કોઇને સોંપો અને પછી પરિણામ જોશું." એમ કહી મેં તેમને વળાવ્યા. પણ મનમાં એ સંબંધી અનેક વિચારો ઘોળાવા લાગ્યા.

અમે શિક્ષકો પોતાનાં બાળકોની બાબતમાં જબરી ભૂલ કરીએ છીએ. અમારાં બચ્ચાંઓને અમે જાતેજ ભણાવવા માંડીએ છીએ. જે વિષય અમે અમારાં બાળકોને શીખવીએ છીએ તેમાં બાળકોની જરા સારી પ્રગતિ થતી હોય તો પણ એકંદરે અમારા પરસ્પરના સંબંધોમાં, લાગણીઓમાં અને એકબીજા તરફ જોવાની દૃષ્ટિમાં ન ઇચ્છવા જેવું અંતર પડતું જાય છે; અને એમાં વધારે દિલગીરીની બિના એ છે કે આવા અંતરનું જાણ પરસ્પર કોઇને હોતી નથી. પિતા બાળક તરફ વિદ્યાર્થીની ભાવનાથી જ જુએ છે. તેણે અભ્યાસપરાયણ રહેવું જોઈએ, વર્ગમાં સારો નંબર લાવવો જોઇએ, પોતાના કુટુંબનું અને ખાસ કરીને પોતાના પિતાનું નામ ઉજળું રહે તેમ એકંદરે વર્તવું જોઇએ એમ બાપ માને છે. તેનું મુખ્ય ધ્યેય બાળક તરફ લાગણીભર્યું ન રહેતાં તેણે જીવનની શરતમાં પહેલે નંબરે આવવું જોઇએ એ જ બની જાય છે, અને એ રીતે તે પોતાના બાળકને હમેશાં પ્રેર્યા કરે છે. આજની પ્રચલિત ભાષામાં બોલીએ તો બાપ પોતાના સ્વાર્થની ખાતર: પોતાના છોકરાનો ઉપયોગ (એકસ્પ્લોઇટેશન) કરે છે. અને પિતાની પોતાનાં પુત્ર તરફ આવી જાતની ભાવના થતાં જ પુત્ર પણ પિતાને પારકો ગણવા લાગે છે, અને પોતાના તથા પિતાના સ્વાર્થોની અથડામણ થશે એવી સંશયી વૃત્તિ તેનામાં જાગૃત થાય છે. પરિણામે પિતાપુત્ર વચ્ચે જે સ્વાભાવિક પ્રેમનો ઉભળકો—

મમતાભરી લાગણી અને દિલની મોકળાશ હોવી જોઇએ તે અદૃશ્ય થાય છે અને બન્ને વચ્ચે ભેદભાવ ઊપજે છે. 'ડાહ્યા માણસે પોતાના છોકરાને જાતે ન ભણાવવો' એમ એક વૃદ્ધ અને અનુભવી ગૃહસ્થ હમેશાં કહેતા, અને પોતાના કથનના સમર્થનમાં હમેશાં શસ્ત્રક્રિયા કરનાર ડોકટરનો દાખલો આપતા. સર્જન જાતે ગમે તેવો કુશળ હોય તો પણ તે પોતાના અંગત માણસોનાં ઓપરેશન નથી કરતો. એમના કથનમાં ઊંડો અર્થ રહેલો છે. મારો પોતાનો અનુભવ પણ આવો જ છે.

અમે શિક્ષકો ઉપરના જેવી જ એક બીજી ભૂલ પણ હમેશાં કરીએ છીએ. સાંજે ફરવા જતી વખતે પોતાના પુત્રને સાથે લઈ જઇએ તો ફરતાં ફરતાં કાંઈક તેને શીખવી શકાય અને એ રીતે વખતનો બચાવ પણ થાય એમ આપણે માનીએ છીએ. અને એથી બાળકની ઇચ્છા ન હોવા છતાં આપણે તેને સાથે ખેંચી જઇએ છીએ. પરિણામ એ આવે છે કે પુત્ર બને ત્યાં સુધી બાપથી દૂર રહેવાનો જ પ્રયત્ન કરે છે. ઉમરને કારણે, વહેવારી દૃષ્ટિએ અને સંસ્કારના ધોરણે જરૂરિઆતને કારણે અને ગમવા ન ગમવાને કારણે પિતાપુત્ર બને વચ્ચે મહદ્ અંતર હોય છે એ પુસ્તકમાં વાંચેલું મહાન સત્ય વહેવારમાં આપણે વીસરી જઇએ છીએ. અને એથી આપણો હેતુ સારો હોવા છતાં, આપણા વર્તનનું પરિણામ આપણે ન ધારીએ તેવું – ન ગમે તેવું આવે છે.

પ્રો. એન. એમ. પટવર્ધન,
(હિંગણે.)

ગામડાની બાલવાડી

લેખાંક બીજો

ગામડાની બાલવાડીની શરૂઆત શિક્ષક અને બાળકોનાં હૃદયોના તારના સંધાનમાંથી થવી જોઇએ એમ ગયા લેખમાં કહ્યું હતું. શિક્ષક અને બાળકોનો આવો સંબંધ કોઇ પણ બાલમંદિરમાં હોવો જ જોઇએ. ગામડાંઓમાં નવીન શરૂઆત કરવાની છે અને તેથી નવાં માણસો આગળ બાળક સહજ રીતે આવે નહીં એ સંભવિત છે. શહેરોમાં પણ પહેલું તો આ જ સાધવું પડે છે. છતાં શહેરોમાં અમુક અંશે બાળકો શાળામાં જવા માટે અભિમુખ હોય છે. પોતાનાં મોટાં ભાઇ અથવા બહેન શાળામાં જતાં હોય છે તે પ્રમાણે હું પણ 'નિશાલે' જઇશ એમ કહેતાં ૨ થી ૨॥ વર્ષનાં બાળકો ખૂબ હોંશથી શાળામાં જવાને માટે ઉત્સુક હોય છે. એથી ઉલટું નવીન ગામડામાં, નવીન પરિસ્થિતિમાં, બાળકો નવી વાત માટે અભિમુખ ન હોવાનો પૂરો સંભવ છે.

તે પછીનો કાર્યક્રમ શહેરોમાં અને બધી જગ્યાએ જે પહેલો લેવામાં આવે છે તે સ્વચ્છતાનો ગણાય. ગામડામાં કદાચ તેને માટે પુષ્કળ લાંબો વખત લેવો પડશે.

હરિજન આશ્રમોમાં, મીલમજુરો આદિની શાળાઓમાં સ્વચ્છતાનું શિક્ષણ પ્રથમ લેવાતું દેખાય છે.

ત્યાં અને બાલમંદિરોમાં સ્વચ્છતાના શિક્ષણનું પ્રયોજન અને હેતુ જુદાજુદા હોય છે. અને એથી તે લેવાની રીત પણ જુદી જ પડવાની.

અત્યંત ગંદાં બાળકો સામે આવે, તેમનાં કપડાં, વાળ, શરીર અતિશય મેલાં હોય તેમને પાસે બેસાડી શીખવવું પણ કઈ રીતે ? આ પ્રશ્ન નીચલા વર્ણમાં કામ કરનાર ઉચ્ચ વર્ણના શિક્ષક આગળ ઉપસ્થિત થાય છે. એટલે તેઓને નવરાવવાં, તેમનાં ગંદાં કપડાં બાજુમાં બાંધી રાખી પેટીમાં

મૂકી રાખવાં, તેમને શાળા પૂરતા શાળા તરફથી સ્વચ્છ કપડાં આપવાં અને એ રીતે શિક્ષણને સરળ બનાવવું એ જાતની અથવા એવી કોઈ વ્યવસ્થા શાળામાં દાખલ કરવામાં આવે છે.

પરંતુ શહેરોનાં બાલમંદિરોમાં તો બાળકો બનતાં સુધી શ્રીમંત અને મધ્યમ વર્ગનાં આવે છે અને છતાં આ જ વિષયને પહેલો લેવામાં આવે છે. તેનું કારણ એ છે કે જીવનની દૃષ્ટિએ તે તેટલો જ મહત્ત્વનો છે. અને એથી તે બાબતમાં બાળક શિક્ષણ લઈને શક્ય તેટલું જલદી સ્વાવલંબી થાય તે કરવું ઇષ્ટ છે. આ ઉપરાંત સ્વચ્છતાનો પ્રેમ અને એને માટે ટેવ એ પણ નાનપણથી જ આવે એ માટે પણ એના શિક્ષણની પહેલી જરૂર છે.

સ્વચ્છતાનું શિક્ષણ દેવામાં પણ મૂળ હેતુ જુદો હોઈ બહુ ફરક પડે છે. જ્યાં બાળકોએ સ્વચ્છ રહેવું એટલું જ એક સાધ્ય હોય ત્યાં નોકર આંઇ રાખીને અથવા તો આયાને કહીને બાળકોને સ્નાન વગેરે કરાવીને, સ્વચ્છ કપડાં પહેરાવીને મોકલી આપ્યા એટલે કામ પૂરું થાય છે. પરંતુ જ્યાં બાળકોને સ્વચ્છ બનવાનું શીખવવાનું છે ત્યાં નોકર માણસ અથવા તો આયા વગેરે ચાલે નહિ.

જેટલું વધારે શ્રીમંતનું બાળક તેટલું વધારે પરાવલંબી એવો સામાન્ય અનુભવ છે. તેના બૂટ તેનો નોકર કાઢી આપે છે, તેનું નાક તેની આયા લૂછી આપે છે, તેની હેટ પણ તે પોતે કાઢતું નથી. પોતાનું મોઢું ધોવું, વાળ ઓળવા, હાથ ધોવા, કપડાં પહેરવાં, કાઢવાં પ્રત્યેક બાબત તેણે કરાવી લેવાની હોય છે. અથવા તો તે કરી આપનાર તેની પાસે હાજર હોય છે અને તેઓ તે બધું કરી આપે છે. એટલે તેઓ માટે પોતે કરવા કરતાં, કરાવી લેવું એ જ સ્વાભાવિક બની બેસે છે. આવાં શ્રીમંત બાળકો કરતાં ગરીબ ઘરોમાંથી આવતાં બાળકો પોતાના કામો વધુ હુશિયારીથી કરી શકે છે એવું સ્પષ્ટ દેખાય છે.

સારાંશ એટલો કે ગામડાંઓમાં સ્વચ્છતાનું શિક્ષણ પહેલું લેવું એવું કશું નથી. કોઇ પણ બાલશાળામાં તે પ્રથમ લેવું જોઇએ એ જરૂરી છે.

સ્વચ્છતાના શિક્ષણમાં ઘણી વાતોનો સમાવેશ થાય છે.

તેમાં પોતાનું નિરીક્ષણ કરવું એ પહેલી વાત લેવી જોઇએ.

બાળકોને, પોતાને હાથપગ, નાક, આંખ વગેરે અવયવ છે તેનું સામાન્ય ભાન હોય છે. પરંતુ તેના તરફ બારીકાઇથી ધ્યાન આપવાની આદત ન હોવાને કારણે તે સ્વચ્છ છે કે નહીં તે તેમને ધ્યાનમાં આવતું નથી.

આ માટે પહેલાં અરીસો લઈને પોતપોતાનાં નાક, આંખ, વાળ વગેરે તેમને જોવા દેવું જોઇએ. એ બધી ક્રિયા શિક્ષકે બાળકો પાસે કરાવવી જોઇએ. પછી અરીસો બારણા આગળ ટાંગવાથી આવતાં જતાં બાળકો ગમે ત્યારે પોતાની જાતને તપાસતાં થઈ જશે.

આવીને તરત પોતાની જાતનું નિરીક્ષણ કરવું અને સાફસુફ થયા પછી નિરીક્ષણ કરવું એવી રીત રાખવામાં આવે તો અરીસાની મદદથી સ્વચ્છતાનો ખ્યાલ બાળકોમાં આવે છે. માત્ર અરીસા સામે ઉભા રહી, હેતુ સિવાય પોતાની જાતને જોવી અથવા તો મોઢું વાંકું ચૂંકું કરી અંદર જોવું નિરર્થક છે. નાક વગરે સ્વચ્છ છે કે નહીં તે જોવાથી આરસામાં અસ્વચ્છતા અને અવ્યવસ્થિતપણું દેખાવા લાગે છે.

હાથ, પગ, કપડાં વગેરેની સ્વચ્છતા માટે આરસાની જરૂર ન પડે. તે તેની મદદ શિવાય જોતાં શીખવી શકાય.

ગામડાંઓમાં મોટો અરીસો બધે ન મળે તો

બાળકોને એક બીજાની સ્વચ્છતા જોવા દેવી. શક્ય હોય તો પાણીમાં પોતાનું પ્રતિબિમ્બ દેખાડવું. ગામને ગામમાં સસ્તો અરીસો કેમ તૈયાર કરી લેવો તે શોધીને અમલમાં લાવવું બહુ કઠિન નથી. મારી સમજ પ્રમાણે આરસો તૈયાર કરવું સાવ સહેલું અને સસ્તું છે.

આનો અર્થ એમ છે કે જેઓને કશું કરવું નથી તેવી શાળાઓ ઘણીવાર આ બધું મોંઘું પડે છે એમ કહે છે. તેઓને માટે ઉપરનું લખાણ નથી. એક મોટા રજવાડાના વિદ્યાધિકારીએ મને કહેલું : "અમારે ત્યાં એટલી શાળાઓ છે (શાળાઓનો આંકડો મને યાદ નથી) કે દરેકને એક બાલદીને ટબુડી આપીએ તો અમારા બજેટમાં એક બે હજાર રૂપિયાનો ફરક પડી જાય. તેથી અમે તે કરી શકીએ નહિ." પણ આ કહેવામાં કશો અર્થ નથી. પ્રત્યેક શાળાને માટે એક બાલદી એટલે બાર આના, રૂપિઓ અથવા તો બહુ બહુ તો ૩–૪ રૂપિયાનો સવાલ થાય. એક એક શાળા પાછળ સાધનસાહિત્ય માટે આટલો પણ ખર્ચ કરાય નહીં એવું નથી. જેના તાબામાં આટલી પુષ્કળ શાળાઓ હશે તેનું ખાતું પણ મોટું જ હશે. આવક પણ મોટી જ હશે. આવા ખાતાઓના આ પ્રકારના ઉત્તરો પણ નક્કી કરેલા હોય છે. જાય ત્યાંથી હાથી ચાલ્યો જાય અને નહીંતર કીડી પણ જવા ન પામે એવી એમની સ્થિતિ હોય છે.

પરંતુ ખરેખર અત્યંત ગરીબ વસ્તીના ગામડામાં કોઇ નાની વસ્તુ પણ મોંઘી પડવાનો સંભવ છે. તેમને માટે અરીસા અથવા તો બાલદીના જેવા ખર્ચોનો પ્રશ્ન પણ ગ્રામશિક્ષકોએ ધ્યાનમાં લેવો જોઇએ અને તેનો કરકસરથી નિકાલ લાવવો જોઇએ. શિક્ષકોના ધ્યાન પર લાવવા પૂરતો જ આ પ્રશ્ન અહીં છેડ્યો છે.

સ્વચ્છતામાં શરીરની સ્વચ્છતા, કપડાંની સ્વચ્છતા અને આજુબાજુની સ્વચ્છતા એવા ત્રણ ભાગ પાડી શકાય.

શરીરસ્વચ્છતામાં શરીરની સ્વચ્છતા કેમ રાખવી એ સંબધે પાઠ આપી, તે વારંવાર કરવાની ટેવ પડે તેવું કરવું જોઇએ. તેમાં નવ પાઠ આવે:–

૧ નખ અને વાળ સાફ કરવા, ૨ હાથ ધોવા, ૩ મોઢું ધોવું, ૪ દાંત ઘસવા, ૫ નાક સાફ કરવું, ૬ આંખ અને કાન ધોવા, ૭ પગ ધોવા, ૮ શરીર ધોવું, ૯ શૌચ સાફ કરવું. આ બધાં સાથે તે લૂછી નાખવાના પાઠ પણ આવવા જ જોઇએ. આ પાઠો એક એક વાર બતાવી આપવાથી પતશે નહિ. તે વારંવાર દેતા રહી, હમેશ કરાવી લેવાની અને જ્યારે જ્યારે જરૂર જણાય ત્યારે ત્યારે દેખાડતા જ રહેવાની જરૂર છે.

પાઠ દેતી વખતે જ નહીં તો બીજી વખતે જ્યારે બાળકોને બતાવેલ પાઠ પ્રમાણે કરીને જોવાનું મન થાય ત્યારે હાથપગ ધોવા અથવા તો મોઢું ધોવું, નાક સાફ કરવું વગેરે શક્ય તે વાત કરીને જોવાની સગવડ હોવી જોઇએ. કારણ એક વખત હાથ આમ એક બીજા સાથે ચોળવા એમ દેખાડ્યું કે તેટલી ક્રિયા તરત બધાને સાધ્ય નથી થતી. બાળકોને તે કરીને જોવાનું મન થાય છે. તેવે વખતે હાથ ધોવાની અથવા મોઢું ધોવાની વ્યવસ્થા હોય તો જ બાળકોને તે ક્રિયા શીખી લેવી સુલભ બને છે.

[અપૂર્ણ] તા.

મુદ્રક : કૃ. ના. સાપલે : રામકૃષ્ણ પ્રિં. પ્રેસ : ત્રિભુવન રોડ, મુંબઇ ૪.
પ્રકાશક : તારાબેન મોડક : 'શિક્ષણપત્રિકા' કાર્યાલય : હિંદુ કૉલની, દાદર.

શિક્ષણ પત્રિકા

(નૂતન બાલશિક્ષણસંઘ)

આદ્યતંત્રી : સ્વ. ગિજુભાઈ બધેકા

: તંત્રી :

તારાબેન મોડક

પ્રતિશબ્દ

દ્વેષમાંથી દ્વેષ જન્મે છે.
સહાનુભૂતિમાંથી સહાનુભૂતિ ઉત્પન્ન થાય છે.
ક્રોધનો આવેગ, ક્રોધની લહરીઓ ઉપજાવે છે.
પ્રેમનો ઉભળકો, પ્રેમની લહરીઓ ઉત્પન્ન કરે છે.
આપણી ભાવનાઓનો પ્રત્યાઘાત આપણાં
બાળકોનાં મનમાં ઉભટે છે.
તેમની ભાષામાં ઉભટે છે.
તેમના વર્તનમાં ઉભટે છે.
આપણને કેવા પ્રતિશબ્દો સાંભળવા ગમશે ?

તા.

વર્ષ ૧૬ .. કાર્યાલય : : અંક ૩
૧૯૬૭ દાદર, મુંબઈ ૧૪ વૈશાખ

અભ્યાસ પત્રો.

— વિશ્વાસ–વચન આપો તો તોડો નહિં —

કોઈપણ માણસ કોઈને વચન આપીને તે તોડે તો તોડનારને વિશે સારૂં ન કહેવાય. ફરીવાર વચનભંગીનો સામો માણસ વિશ્વાસ ન કરે. નોકર વચન તોડે કે શેઠ વચન તોડે જો વચન તોડાયું તો પરસ્પર વચ્ચેની વિશ્વાસની અને માનની ગાંઠ તૂટી જાય છે. વચન તોડવાનાં વ્યાજબી અને સ્પષ્ટ રીતે સમજાય તેવાં કારણો મૂકવામાં આવે અને તે સાચાં જ હોય તોપણ વચનનો ભંગ માણસમાંથી આદર અને વિશ્વાસને કંઈ નહી તો પાતળાં અને ઓછાં તો કરે જ છે. બીજીવાર માણસ કામ પડે તો વિચાર કરે.

વ્યવહારની જ્યાં ચિંતા હોય છે ત્યાં તો માણસો વચન પાળે છે પણ જ્યાં વ્યવહારની ચિંતા નથી, વચન ભંગનું પરિણામ સોસવું પડે તેવું, નિંદા ઉપજાવે તેવું આવે તેમ નથી ત્યાં માણસ વચન તોડતાં શરમાતો કે અકળાતો નથી. માણસ વિચાર કરે છે કે આપેલું વચન તોડશું તો આપણને એ શું કરનાર છે? અને આપણે વચન આપ્યું છે તે તે એકલો જ જાણે છે ના? એનો સાક્ષી કોણ છે?

આમ વિચારવાની અને વર્તવાની આપણી ટેવ આપણે બાળકો ઉપર નિરાંતે વિના ભયે કે ચિંતાએ ચલાવીએ છીએ; કેમકે બાળકની સાથે આપણે વ્યવહાર કયાં સાચવવા છે? બાળક તરફની નિંદા કે અપજશની એમાં કયાં ફિકર છે? વચનભંગ માટે બાળક શું કરી શકે તેમ છે? આમ આપણી આંતર વિચારસરણી છે અને આપણાં વર્તનમાં તો આપણે આપેલું વચન તોડીએ છીએ એટલુંજ નહી પણ વચન પળાવવાના આગ્રહને આપણે ઘડીવાર હઠ અને કજીયો કરીએ છીએ. પણ વાત એમ છે આપણે ગમે તેમ માનીએ પણ બાળક તો વચન ભંગને કારણે આપણી પાસેથી અવળું મોં કરી નાખે છે. તે આપણા પર વિશ્વાસ અને માનથી જોતું બંધ થાય છે. તે આપણા પર ફરી ભરોસો રાખવા લલચાતું નથી.

આપણે તેને એક ચીજ લાવી આપવાનું કહ્યું. આપણે તે લાવી ન આપી. બાળકે તે માગી. આપણે તેને ન લાવવા માટે પૂરો પાધરો ખુલાસો પણ ન કર્યો તો તે રડશે. કજીયો કરશે. તે વાટે તે પોતાના પ્રત્યે વચનભંગ થયો છે તે રોષ પ્રગટ કરશે. તેને જે માઠું લાગ્યું છે તે જાહેર કરશે અને આપણે તેને સામેથી કહીશું એમાં શું થઈ ગયું. ભૂલી પણ જવાય. અમે કાંઈ નવરાં ન હતાં– લાવશે. કયાં ભાગી ગયું છે.

બાળક સરળ હોવાથી તે આપણા વચનમાં માને છે. ભરોસો રાખીને જે કંઈ કહેવામાં આવ્યું છે તે બનશે જ એમ માને છે. તેથી તે મનમાં સુખ પામે છે. વચન ભંગ થતાંની સાથે તેનું સુખ ઉડી જાય છે અને તે તેનું મોટું દુઃખ બને છે. તેને આઘાત લાગે છે અને તેથી તે રડે છે. આપણે તો રીઢાં થઈ ગએલાં, વચન તોડવામાં અને વચન તોડનારની સાથે પાછા એમને એમ વર્તવામાં કુશળ એટલે આપણને આઘાત ન લાગે પણ જીવનના પહેલાં પગથીઆં માંડતાં સીધા અને વિશ્વાસુ બાળકને તો મોટો આઘાત લાગે છે અને તે એવો કે બાળક સદાયને માટે મોટાંથી વિમુખ બને છે. આપણને જ્યાં રમત જેવું લાગે છે ત્યાં બાળકને બહુ ગંભીર લાગે છે. આપણે જે સામાન્ય નકામું ક્ષુદ્ર માનીએ છીએ

તે બાળકની નજરે અનેક વાર અસામાન્ય, કામનું અને મહત્ત્વનું લાગે છે.

આપણે વચન આપવું નહી અને આપવું તો અનતાં લગી પાળવું. બાળક એમ તો બહુ સમજદાર છે. તેને સમજાવીને ના પાડી તો તે કજીયો ટંટો ન કરે. વળી આપ્યા પછી તે ના પળાયું તો કેવળ સાચા કારણો આપીને તેને સમજાવવામાં આવે તો આપણને એક બે પાંચ વધારે તકો આપશે અને આપણા એકાદ બે વર્તન માટે માફી પણ આપશે. બાળકમાં ભૂલી જવું અને માફી આપવી એ ગુણ વધારેમાં વધારે છે. સંત મહન્તનો આ ગુણ બાળકમાં છે તેથી તો સમજુ લોકો બાળકના જીવન ઉપાસક બનેલાં છે.

પણ જો વચન આપીને તોડાય પછી બેપરવા રહીશું તો તે આપણને ઘણા ઓછા ધારશે. કેવળ આપણને જોહુકી કરનાર ગણશે અને આપણા પ્રત્યે તેનું જે બધું સારૂં વલણ હશે તે તેના હૃદય પરથી ચાલ્યું જશે. એટલા માટે વચન આપવું નહિ એ ઉત્તમ છે. વચન આપતી વખતે કહીએ કે થશે તો કરીશું તો બાળક થાય તેની આશામાં બેસશે. ન જ થાય ત્યારે નિરાશ થવા તૈયાર થશે. વચન મળતાં તે સમાધાન કરી લેવા તૈયાર રહેશે અને વચન આપનાર સાથે સંબન્ધ બગડવા દેશે નહી. પણ વચન આપ્યા પછી જ્યાં છડે ચોક ભંગ થશે ત્યાં છડેચોક બાળકો બાપ પ્રત્યે ખરાબ રીતે જોતાં શીખશે.

એ તો એમ છે કે સેતાની અને આંધળું સરખું. આપણે બાપાપો કે શિક્ષકો તરીકે અજાણપણે ઘણી ભૂલો કરીએ છીએ પણ એટલું તો કબૂલ હોવું જોઈએ કે જ્યારે આપણને આપણી ભૂલની ખબર પડે ત્યારે તુરતજ આપણે તે દૂર કરવી જોઈએ. ઘણી ભૂલોમાં એક આ પણ છે.

બાળકોને આપણે ફોસલાવીને તેમની પાસેથી કામ લઈએ છીએ. આપણે એમ કહીએ છીએ કે 'જો બેટા પેલું કામ કરજે. જો તું કેવો ડાહ્યો છું. જો જે ભાઈ તને મારો દીકરો કહીશ જા ઝટ કામ કરી નાખ' 'ના બેટા એમ ના થાય, તું તો મારો ડાહ્યો ને ડમરો' આમ મીઠાં પોચાં વેણ કહીને આપણે તેની પાસેથી ધાર્યું કામ કરાવીએ છીએ. આપણું તે કામ પાર પડતું હોવાથી આપણને વહેમ જતો નથી કે આપણી રીતમાં ભૂલ હશે. પણ ખરી રીતે આપણે આમ કરીને આપણાં બાળકને એક બાજુથી છેતરીએ છીએ. તેનામાં ગુણ હોય કે ન હોય આપણે તો કામ કઢાવવા અને કરાવવા ખાતર તેને આવાં મીઠાં વેણ કહીએ છીએ. મતલબે તેની ખોટી ખુશામત કરીએ છીએ. તેને મીઠાં વેણના પ્રલોભનથી વશ કરીએ છીએ, માર કે ડરને બદલે મળી આવેલાં એક નવા સાધનનો ઉપયોગ કરીએ છીએ. પણ આ સાધન ગોળે વીંટીને મારયા બરોબર છે. સ્યુગર કોટેડ પીલ જેવું છે. દવા તો એની એજ છે. આપણે કોઈ પણ રીતે બાળકને આપણી ઈચ્છાનુસાર વર્તે તેમ ચાહીએ છીએ. એક રીત કઢંગી લાગી તો બીજી શોધીએ છીએ. આ મીઠાં વેણ બાળકને અસાવધ કરે છે. નિંદાથી કે સખતાઈથી કે ધમકીથી તે સામું થાય તેને બદલે આવી કોમળ મધુર સ્તુતિથી તે નમે છે, એટલે કે વશ વર્તે છે. જે જે રીતો ઉપરથી સારી હોય પણ અંદરથી તેનો હેતુ તો સરખો જ હોય તે બધી ખુલ્લી રીતો કરતાં વધારે ભયંકર છે કેમ કે તેમાં છેતરપીંડી છે. સખ્તાઈની રીતમાં બાળકને છેતરવાનું અને પાછળથી છેતરનારને ધિક્કારવાનું નથી બનતું જ્યારે આવી રીતમાં પ્રથમ છેતરાવાનું અને પાછળથી છેતરનારને છેતર્યા બદલ ધિક્કારવાનું બને છે.

ઉપર કહી રીત તે એક પ્રકારની લાલચ છે. ઇનામ અને લાલચથી બાળકોને વશ કરીને કામ લેવું એ તો માછલાંને કે પક્ષીને પ્રલોભન મૂકી જેમ શિકારીઓ પકડે છે તેમ બાળકોને પકડવાની રીત થઈ. બાળકો આપણાં કેવળ ભક્ષ હોય તેમ તેની સાથે આપણાથી વરતાય નહિ. બાળકોના ભલા માટે પણ પ્રલોભન વાપરવું નહિ. અલબત્ત, ટુંકાણથી કામ કઢાવવામાં આવી આવી યુક્તિઓ સફળ દેખાય છે, પણ આવી યુક્તિઓ અધીણથી ઉત્તેજન આપવા જેવી કે ટેકો આપવા જેવી હોવાથી આવાં વેણોની મીઠાશમાં વધારો કર્યા કરવો પડે છે. બાળક જેમ જેમ આવાં વેણોથી રીઢું થતું જાય છે તેમ તેમ તે વધારે મીઠાશ માગે છે. લાલચ અને લાંચનો મારગ આવી મીઠાશમાંથી ઉઘડે છે. લાલચ અને લાંચને વશ થવું બાળકને આગળ જતાં સાવ સ્વાભાવિક લાગે છે. તેનામાં જોઇતી અક્કડાઇ કે સખ્તાઈ આવી રીતે તૂટી જવાથી તેની માનસિક કરોડ ભાંગી જાય છે અને તે ગુલામીના માર્ગે જવા લાગે છે. બાળકોને જે કંઈ ગમે તે કરે જ છે. અમસ્તુ બાળકની સાથે સાદી દલીલ કરવાથી કે સાદી લાગણી સમજવાથી જે કંઈ યોગ્ય હોય તે કરે છે એટલે આવી મીઠી વાણીની ટીકડી વાપરવાની જરૂર નથી.

અનુભવ મનન

આટલા વર્ષોના અનુભવમાં અશ્લીલ ભાષાનો પ્રશ્ન આ રીતે કદી ઉપસ્થિત થયો નથી.

કને બીભત્સ બોલવું કેમ ગમે છે? એમાં કાંઈપણ ચોકસ વિકૃતિ છે એ તો ખરૂંજ; પણ કારણ કાંઇ મળતું નથી.

(૧) પોતાના પ્રત્યે બીજાનું લક્ષ ખેંચવા માટે, પોતાનું વર્ચસ્વ સ્થાપિત કરનાર મંદ બાળકો, અશક્ત બાળકો, અથવા એવી બીજી રીતે પાછળ પડી જતાં બાળકો અશ્લીલતાનું અવલંબન કરે છે. બીભત્સ, ગંદી, નિષિદ્ધ સમજાયલી એવી કોઇ પણ ભાષા બોલાતી સાંભળીને બાળકને હસવું આવે છે. અશ્લીલ ભાષાની ગમ્મતને નિમિત્તે બીજાની આગળ તે આગળ પડતો દેખાય છે. પણ અહિં એવો પ્રશ્ન નથી. ક હોશિયાર છે. તે પોતાની હોશિયારીથી પોતાનું સ્થાન તો શું પણ આગેવાની પણ મેળવશે જ. ઉંમરમાં તે મોટો હોઇ તેણે બહુ મોટો પ્રવાસ કર્યો છે. એટલે તેના જ્ઞાનની, માહિતિની તથા ઉંમર વગેરેની બધી જાતનો લાભ તેને છે જ. તો પછી એ આવા માર્ગનું અવલંબન શા માટે લેતો હશે?

(૨) ઘરમાં સંપૂર્ણ સ્વચ્છતા, સરળતા, અશ્લીલ વાતાવરણથી દૂર રહેવાની વિશેષ કાળજી ટાપટીપના સંસ્કાર અને સભ્ય જીવનનું અતિ ઉચ્ચ વાતાવરણ વગેરે ઘણા પ્રકાર એવા હોય છે કે જે ઘણીવાર ભારરૂપ બનતાં મન ઉપરનો બોજો હલકો કરવા માટે બાળક ઘણું કરીને ચોરીછુપીથી અશ્લીલ બોલી જાય છે. કમાં આવો પ્રકાર છે એમ નથી. તેના ઉપર એવો કોઇ ખાસ પ્રકારનો બોજો છે એમ દેખાતું નથી.

(૩) બાળકના જીવનમાં અમુક સમય એવો આવે છે કે તે સમયે મળમૂત્ર વિસર્જનની વખતે ક્રિયા ઇંદ્રિઓ તરફ ઘણું લક્ષ જાય છે. ઘણીય વખત એ કેવળ શાસ્ત્રીય જિજ્ઞાસા હોય છે, કેટલીક વખત એ લૈંગિક જિજ્ઞાસા પણ હોય છે. એ ઇંદ્રિઓ કોને ખબર મોટા માણસો શા માટે ગુપ્ત રાખે છે; પણ એ જાણવા માટેની તે સંબંધીની ભારે જિજ્ઞાસા બાળકને ઉત્પન્ન થાય છે.

પણ મને લાગે છે કે કની વય લગભગ દશ વર્ષની છે. તે વખતે તેનો આ સમય વહી ગયો હોય છે. મારા સમજવા પ્રમાણે આ સમય ઘણા નાનપણનો એટલે સાધારણ સમજણ આવવા લાગે એટલે એકથી દોઢ તે ચારથી પાંચ વર્ષ પર્યંતની ઉમરનો છે. આ બાબત માટે પુસ્તકોની મદદ લઈશું તોય કોઈ સંતોષકારક જવાબ મળી આવતો નથી.

(૪) કદાચિત ક-કોઈના તરફનું અપમાન અથવા અસંતોષ અથવા એવા પ્રકારના તેના તરફના નિર્દય અને સહાનુભૂતિ વગરના વર્તનનો તે પ્રતિકાર આ દ્વારા કરતો હશે ? તેના જીવનમાં તેને કયાંય કાંઈ પણ ખટકતું હશે, કયાંય વિષમ પરિસ્થિતિ તેને અસંતુષ્ટ કરતી હશે તેથી તેની વિરૂદ્ધ તેને પરિણામે બંડ કરવાનો આવો વિકૃત રસ્તો મળ્યો હશે.

(૫) ક-ની માતાને એ બાબતમાં મળીને પૂછતાં કાંઇ જ ખુલાસો મળ્યો નહિ. આડોશી-પાડોશીના છોકરાંઓની સોબતે એવું અશ્લીલ શીખ્યો હશે એવું મને જાણવા મળેલું.

એટલાથી જ મારા મનનું સમાધાન થયું નહિ. આડોશી પાડોશી તો દરેકને હોય છે. તો દરેકને કાને એવા બીભત્સ અગર અશ્લીલ શબ્દો પડે છે. પણ એમાંના કોઈક જ તે શબ્દો ગ્રહણ કરી બોલતા મળી આવે છે.

ક–ની અશ્લીલતાપૂર્વક ભાષા બોલવાની રીત એવા આડોશીપાડોશી તરફના સંસર્ગથી આવી છે એમ લાગતું નથી. એ પોતે જ એમાં પૂરો રંગાયલો માલમ પડે છે. બાળકો ગમે ત્યાંથી સાંભળેલી વાતો એકલાં હોય તે વખતે પુષ્કળ કરતાં હોય છે. સોબતના પરિણામનો પ્રકાર તરતજ કળી શકાય છે. અમારી શાળામાં ક–ના વર્ગમાં જ અને બીજા અનેક બાળકો ક–ના આવા સંસર્ગમાં આવેલા દેખાય છે પણ એ સંસર્ગનું પરિણામ તરત જ માલમ પડી આવે છે. મેં ક–ને શાળામાં આવવા માટેની મનાઈ કરી અને એકજ દિવસમાં તે ભાષા અને તે વિષય બંધ થયો. બાળકોને તે વાતો યાદ જ આવી નહીં. આથી મારી ખાત્રી થઈ કે ક–ના મનમાં આવી વાતો બહારથી પાંચ મિનિટ માટે આવી પસાર થનારી ન હતી પણ તે કોઈ પણ કારણે તેના મનમાં વારંવાર ઉપજતી હોવી જોઇએ. તે કારણો કયાં તે હાથમાં આવતાં નથી.

(૬) લૈંગિક વિચારો અંદરથી જાગ્રત થઈ તેને દાબી દેવાને કારણે આવી વિકૃતિ ઉત્પન્ન થવાનો સંભવ છે એમ શાસ્ત્રજ્ઞ કહે છે. પણ તે દૃષ્ટિએ મને તેની ઉંમર નાની જણાઇ. હજુ તેની જુવાની (Adolescence) ની શરૂઆત પણ થઇ ન હતી. નવ વર્ષની ઉંમરમાં જ લૈંગિક ભાવના અપ્રત્યક્ષપણે જાગૃત થવા લાગે છે કે શું તે નથી સમજાતું. બાલ્યાવસ્થામાં આ વિષે એક જાતની જીજ્ઞાસા અને વિચાર હોય છે ખરા-પણ યુવાવસ્થામાં જે જોરદાર, ખરી અને પકવ સ્થિતિ પ્રાપ્ત કરે છે તેવી તે વખતે તે નથી હોતી. ક–ની વિકૃતિનું કારણ લૈંગિક ભાવનામાં હોવાનો સંભવ મને ઘણીવાર જણાય છે. તેનું એક કારણ એ છે કે આવી વાતો વર્ગમાંની છોકરીઓનાં દેખતાં બૂમ કરે છે. છોકરીઓ કાન ઉપર હાથ મૂકી દે છે. ચીડાય છે. તારાબેનને કહીશ એમ કહી ધમકી પણ દે છે. આમ થતાં પેલાને વધુ જોર આવે છે. છોકરીઓએ છેવટે નક્કી કર્યું કે તેનું બધું બોલવું મને જણાવવું. એટલે પેલો બોલ્યો કે તરત તેઓ શબ્દશઃ બધું જ ચોપડીમાં લખી લેવા લાગ્યાં અને એકવાર તે ચોપડી તેઓએ એક શિક્ષિકા બાઇને બતાવી. તે લઈને તે મારી પાસે આવ્યાં.

વિશેષ નાજુક લાગણીઓવાળા લોકોને કદાચ

તે ચોપડીમાંના ઉતારા હું અહિં આપું તો તે પસંદ નહીં પડે. પરંતુ શાસ્ત્રીય દૃષ્ટિએ વિચાર કરનારને સ્વાભાવિક રીતે જ થશે કે ક–કયા પ્રકારની ભાષા વાપરતો હશે. મને પોતાને તો તે જે જે બોલે તે બધું જ મારા પાસે આવે તો સારૂં એમ લાગે છે. એમ થવાથી બરૂં કારણ શોધવામાં મદદ થશે.

ક–ની છોકરીઓ વિષે પહેલેથી જ જરા વિચિત્ર વર્તણુક છે એ પણ સાચું જ છે.

અમુક એક વાત છોકરીઓ કરે છે માટે આપણે ન કરવી. છોકરીઓની રમતમાં ન જવું. છોકરીઓ ગાયન ગાય તે ન ગાવાં. આવી જાતના વિચારો તેણે જ પ્રથમ શાળામાં દાખલ કર્યા. ત્યાં સુધી છોકરા છોકરીઓ તદ્દન સ્વાભાવિક રીતે એકઠાં બેસતાં, ઉઠતાં, ગાતાં, નાચતાં ઘણીવાર છોકરા છોકરીઓ પાસે બેસી કામ કરતાં ઘણીવાર છોકરીઓ છોકરીઓનાં, અને છોકરા છોકરાઓના વિભાગો પડી જતા પરંતુ છોકરાઓએ જુદા જ બેસવું, ગાયન, વાર્તા, નાટક કે વર્ગમાં અભ્યાસ વખતે કે બીજે બધે વખતે છોકરા છોકરીઓએ એકઠાં મળીને બેસવું જ નહિ એની શરૂઆત કોણે જ કરી.

આ સિવાય છોકરીઓને ત્રાસ આપવો, ખીજવવી, ચીડવવી, કામ બગાડવું વગેરે અનેક પ્રકારો પણ તેણે જ શરૂ કર્યા અને બીજા છોકરાઓ પણ તે પ્રમાણે કરવા લાગ્યા.

છોકરો અને છોકરી સાથે દેખાય કે તે વર–વહુ એમ કહેવાનો રિવાજ પણ છોકરાઓમાં દેખાઈ આવવા લાગ્યો. તેની શરૂઆત પણ કોણે જ કરી એવી મારી સમજ છે–બરોબર ખાત્રી નથી. પરંતુ છોકરીઓની "પાછળ લાગવું" એ તેની વિશેષતા મને પહેલેથી જ દેખાઇ છે. છોકરીઓ રમતી હોય તો તેમાં અડચણ લાવવી, છોકરીઓ ચિત્રો બનાવતી હોય તો બગાડવાં, છોકરીઓ ગાતી હોય તો છોકરા છોકરાઓએ ભેગા મળી તેમની મસ્કરી કરવી વગેરે પ્રકારોને હું 'પાછળ લાગવું' કહું છું.

છોકરા છોકરીઓ જુદાં, તેમણે ભેગાં બેસવું નહિ, કામ કરવું નહિ, રમવું નહિ, ગાવું નહિ, વાંચવું નહિ એ જાતની ભાવના તેમનામાં તીવ્રપણે દેખાતી હતી અને તેણે તે માટે એક ટોળી ઉભી કરી હતી. તદ્દન નાના ચાર ચાર વર્ષનાં બાળકોમાં પણ આ સંસર્ગ પ્રસરેલો મને દેખાયો હતો.

છોકરીઓની વિરૂદ્ધ બંડ કરવાનું તેને શું કારણ?

તદ્દન પચાસ વર્ષ પહેલાના જૂના વાતાવરણુમાંથી તે આવ્યો ન હતો. એથી ઉલટું પોતાના માતાપિતા સાથે તે બે ત્રણ વર્ષ ઇંગ્લાંડમાં રહી આવ્યો હતો. ત્યાંથી સીધો અમારી શાળામા આવ્યો હતો.

મેં તેની સાથે ખૂબ વાતો કરી છે. ઇંગ્લાંડની વાતો પણ તે સરસ રીતે કહે છે.

છોકરીઓની વિરૂદ્ધ આ વાતની શરૂઆત થઈ ત્યારે મને લાગેલું કે ઘણા છોકરાઓને આ ઉંમરે જે છોકરીઓની ઇર્ષ્યા સહજ થઈ આવે છે તે જાતની ક ની આ વૃત્તિ હશે. નાની ઉંમરમાં સરખી ઉંમરનાં છોકરા છોકરીઓમાં છોકરીઓ વધુ હોશિયાર દેખાય છે. તેમને વધુ સમજાય છે. તેમની આગળ છોકરાઓ ઘણા ચાવળા, તોફાની અને ઘણીવાર મંદબુદ્ધિ દેખાય છે. સિવાય છોકરીઓને રંગબેરંગી સીવેલા કપડા દેવામાં આવે છે. છોકરાઓને ચડ્ડી ને પહેરણથી ચાલે છે. છોકરીઓ ગાય છે, નાચે છે. આ અને આવાં અનેક કારણોને લીધે છોકરાઓ આ ઉંમરે છોકરીઓનો દ્વેષ કરવા લાગે છે એવા ઘણા ઉદાહરણો છે. ક નો એમાંનો જ એક પ્રકાર હશે એવું મને લાગ્યું.

છોકરી વિરૂદ્ધનું વાતાવરણ કની સાથે બોલીને અને બીજી રીતે તોડવા મેં મહેનત કરી ત્યારે આ અશ્લીલતાએ જોર પકડયું. ત્યાં સુધી કે ક એ પોતાનું ટોળું તૈયાર કર્યું, દરેકને ગંદુ બોલતાં શીખવ્યું. દરેકે બોલવું જ જોઈએ. ન બોલે તો તેમની સાથે ક કટ્ટી કરશે અને પોતાની ટોળીમાં લેશે નહિ એવી તેઓને બીક હતી.

પરિણામ એવું આવ્યું કે નાનાં ૪–૪ ૫–૫ વર્ષનાં બાળકો ઘેર પોતાનાં માણસો વચ્ચે અને ગમે ત્યાં કએ શીખવેલ વાતો બોલવા લાગ્યાં અને લખવા લાગ્યાં.

કેટલાક પાલકો તરફથી મારૂં ધ્યાન આ બાબત પર ખેંચવામાં આવ્યું.

ક–નો સવાલ સરળ અને સીધો નથી એ વાત તે વખતે મારા ધ્યાનમાં આવી.

ક–ને શાળામાં આવવા ન દેવો તે સહેલું હતું. બીજાં બાળકોની દૃષ્ટિએ તે જરૂરી પણ હતું.

તત્કાળ મેં તેને સવારે આવી આગળના વર્ગની સાથે અભ્યાસ કરવાનું કહ્યું.

પરંતુ ક–ના પ્રશ્નનો નિકાલ કયાં થયો?

ક હોશિયાર છે. સમજવાળો છે. છોકરાઓનો આગેવાન બની કામ કરવાની તેનામાં શકિત છે. તેના પર જવાબદારી નાખીએ તો તે બરોબર સમજીને કામ કરે છે.

તેનામાં લેખકની ચમક છે. બીજાં બાળકો દસ લીટી લખે તો આ બે બે પાના ભરી દે છે.

તેને વાંચનનો રસ ખૂબ છે. આપણા સાથે બોલે છે ત્યારે તેના ચહેરા પર એક પ્રકારના સંસ્કારીપણાની નરમાશ છે. સમજણ છે.

બરેબરના વખતે જ ક–ની વિકૃતિનો ઉપાય ન થયો તો એક ઉત્તમ છોકરો આડે રસ્તે જશે એમ સમજી બરાબ લાગે છે.

પણ શું કરવું? મારા બીજા કામોમાં તેનો જ સવાલ લઈ શકાતો નથી અને મારામાં પણ માનસિકવૈદ્યના જેવી હુશિયારી કયાં છે?

અને તેને માનસિક ઉપચારની જરૂર છે વગેરે વાતો તેના માતાપિતાને ગમશે કે?

ઘણીવાર એકાદ વિકૃતિ આવે છે ને કાલાન્તરે તે નીકળી જાય છે. તેવું જ ક–નું બને તો સારૂં. પણ ન બને તો? બરેબર આપણા જ્ઞાનની, અનુભવની અને પરિસ્થિતિની મર્યાદા આપણને ઘણીવાર નૂંચે છે

શિક્ષકનું ક્ષેત્ર કેટલું સંકુચિત! તેણે માત્ર ગણિત, ભૂગોળ વગેરે શીખવવાનું અને પરીક્ષાઓ પસાર કરાવી દેવાની! તે બાળકોની બાબતમાં વધુ ઉંડો ઉતરે તો માતાપિતાઓ તેને સહન કરશે કે?

તા.

એક પ્રશ્નોત્તરી

કેળવણીના કામમા હુ રસ લનારો છું એમ સમજીને બાળકેળવણી વિષે તથા તેની પદ્ધતિઓ વિષે વાતચીતમાં ભાવનગરના નામદાર મહારાજ-સાહેબે મોન્ટીસોરી સીસ્ટમ વિષે મારો મત પૂછયો.

મેં જણાવ્યું "મોન્ટીસોરી પદ્ધતિ નાનાં બાળકો માટે તો સૌથી શ્રેષ્ઠ છે; કેમકે તે પદ્ધતિથી બાળકોને કાંઇપણ ધાક, બીક કે લાલચ વગર અને મન ઉપર કશા આઘાત વગર કેળવવામાં આવે છે. અને સ્નેહના વાતાવરણમાં રાખીને અમુક રીતે નિયમન (ડીસીપ્લીન) પણ સાચવી શકાય છે. વળી આ રીતની કેળવણીથી બાળકોમાં જીજ્ઞાસા વધતી જાય છે અને તે પોષાતી પણ જાય છે, અને તેઓ સ્વાશ્રયી બને છે એવું મેં અનુ-ભવ્યું છે. પરંતુ આ પદ્ધતિ બહુ તો સાત આઠ

વરસની વય સુધીનાં બાળકો ઉપર જ કામ કરી શકે છે.”

તેઓ નામદાર શ્રીએ કહ્યું: “ મને પણ એમ જ લાગે છે કે સાત આઠ વરસથી ઉપરનાં બાળકો માટે તે સીસ્ટમ નકામી છે. પણ એના અનુસંધાનમાં આગળ ચલાવવા જેવી પદ્ધતિ કોઇ જાણો છો?”

“ આપણા દેશમાં હજી એવા કોઈ અખ્તરા નથી થતા. પણ યુરોપ અમેરિકાના કેટલાક દેશોમાં ઘરધંધાની, કુટુંબધંધાની અને સામાજિક ઉત્પાદક ધંધાદારીની વહેવારૂ તાલીમ આપવાની અને બીજી શિક્ષણ–પદ્ધતિઓ ચાલે છે. દાખલા તરીકે પ્રેકટીકલ પદ્ધત્તિ; મેન્યુઅલ વર્ક પદ્ધતિ, ડિરેકટ મેથડ પદ્ધતિ, ઇન્ટરેસ્ટ પદ્ધતિ, ડૉલ્ટન પદ્ધતિ એવી જુદી જુદી સીસ્ટમોથી ત્યાં અખ્તરા થાય છે. પણ તેનું (Universal application) સૌ લોક સ્વીકારે એવું સ્વરૂપ એકેય સીસ્ટમે હજી પકડયું નથી.

“ રિપોર્ટો ઉપરથી લાગે છે કે એ સીસ્ટમોથી વિદ્યાર્થીઓને શિક્ષણ લેવામાં રસ પડે છે અને કંઈક ઉપયોગી પેદાશી કામ પોતે કર્યાનો તેમને સંતોષ થાય છે એમ તેઓનું માનવું છે. સામાન્ય નિશાળોના લેખન વાચન અને ગણિતના ભણતરથી માત્ર નોકરો જ પેદા થાય છે એવું આપણા દેશમાં હવે લાગવા માંડયું છે, તેમ ત્યાંના દેશોમાં આજથી પચાસ પોણોસો વરસ પહેલાં લાગેલું. તેથી અત્યારે ત્યાં હાથે કામ, જાત મહેનત, અને ધંધાદારી તથા કારીગરીના શિક્ષણ તરફ ઘણું વલણ છે. અને તેઓ માને છે કે તેમાં છોકરાઓનો ઉત્સાહ અને રસ જામેલો રહે છે. સાથે સાથે વાંચતાં લખતાં અને ગણિત તથા વિજ્ઞાન વિષયો પણ સહેલાઈથી શીખવી શકાય છે. પણ એ બધી રીતો બહુ ખર્ચાળ હોવાથી આપણા દેશમાં પોસાય એવી નથી.

“ એવી અખ્તરાની સ્કૂલોને મોટી મુસીબત લાયક શિક્ષકો મેળવવાની હોય છે, તેથી એવા ખંતીલા ઉત્સાહી માસ્તરો તૈયાર કરવા પડે છે.”

“ તમે હવે શિક્ષણનું કામ કરી શકો કે કેમ?”

“હવે આ ઉમ્મરે અને આ શરીરે મારાથી તે કામ બની શકે નહિ. બાળકોમાં અને તરૂણ વિદ્યાર્થીઓમાં જે ઉત્સાહ સ્ફૂર્તિ અને જીવનનો તરવરાટ હોય છે, એટલો ઉત્સાહ સ્ફૂર્તિ અને ચપળતા શીખવનારમાં પણ જોઈએ. હું ગમે એટલું મનોબળ વાપરૂં તોય હવે આ શરીરમાં એવું બળ હું લાવી શકું નહિ. બાળકોને અને મોટા થયેલા વિદ્યાર્થીઓને ભણાવવામાં વૃધ્ધોને હું નકામા માનું છું. એટલે હું હવે એ કામ માટે નાલાયક થઈ ગયો છું.”

“ તમારો સ્વભાવ મને બહુ પસંદ પડ્યો છે અને તે સ્વભાવનું શિક્ષણ તમારા છોકરાઓને પણ આપજો. ”

“ શિક્ષણનું કામ લાંબો વખત કરતાં મને ખાત્રી થઇ છે કે—બાળકોને અને જુવાનોને પણ સ્વભાવનું કે ચારિત્ર્યનું શિક્ષણ બોધથી કે ઉપદેશથી આપીએ તેની થોડી અસર થાય છે. પણ જો તેમને આપણા વર્તનથી અને આચરણથી ઉપદેશ આપીએ તો તેની જોઇતી અસર ઝટ થાય છે. હું હંમેશાં નિતિ ન્યાયથી વર્તું છું અને સદાચરણે ચાલું છું તે જોઇને મારા છોકરા પણ એવા જ સ્વભાવના થયા છે. તેઓ પણ મારા જેવા શાંત અને અબોલ છે. કોઇની સાથે બોલી બગાડે કે લડી પડે એવા નથી, અને નીતિથી કામ કરે એવા છે અને કરે છે.”

“ તમારી ગુજરાતી ભાષા અને તેની લખાવટ સરસ છે. અત્યારના કેળવણી પામેલા ગ્રેજ્યુએટો

પણ એવી સરસ ભાષા લખી શકતા નથી તેનું શું કારણ?"

"અગાઉ ભાષા શિક્ષણ ઉપર જેટલું ધ્યાન અપાતું તેટલું અત્યારે સ્કુલોમાં અપાતું નથી. શિક્ષકો પોતે પણ પોતાની ભાષા સારી રીતે શીખેલા હોતા નથી. કેમકે અત્યારે નિશાળોમાં બીજા ત્રીજા ઘણા વિષયો દાખલ થયા છે તેથી, અને અંગ્રેજીના વધતા જતા વલણથી ગુજરાતી ભાષા છેક તળીયે પડી છે. એટલે તેના તરફ ઓછું લક્ષ અપાય છે, તેથી ગુજરાતી ભાષાનું જ્ઞાન કાચું રહે છે."

"તમને આટલી ઉમ્મરે પણ ઉત્સાહથી થાક્યા વગર કામ કરતા હું જોઉં છું. મને પોતાને પણ કામ કરતાં થાક જેવું કોઈ વખત લાગ્યું નથી. પણ અત્યારનાં છોકરાં એકાદ કામ કરીને થોડી વારે થાકી જાય છે. તેનું શું કારણ હશે?"

"અત્યારનાં બાળકો અને જુવાનોના મન ઉપર જમાનાની એવી અસર થઈ છે. અગાઉના જમાનામાં અથવા મારા નાનપણમાં અત્યાર જેટલી ધમાલ અને ઉશ્કેરાટ ન હતાં. તે વખતે સમાજનું વાતાવરણ શાન્ત હતું. અત્યારનાં જેટલી ખોટી જરૂરિયાતો પણ ન હતી. અત્યારે તો મોટરોની દોડધામ, કારખાનાંના કોલાહલ, લોકોની ધમાલ દોડવાટ અને ધોંધાટ તથા એકંદર વિક્ષેપનું વાતાવરણ છે. એ બધાની અસર અને આઘાત જુવાનો તથા બાળકોના મન ઉપર અને શરીર ઉપર થાય છે. અને ખોટી વધારી લીધેલી જરૂરિયાતોથી પણ મન વિહ્વળ બને છે. આમ શરીરબળ અને મનોબળ નબળું થવાથી મનની સ્થિરતા લાંબો વખત ટકતી નથી તેથી વહેલું થાકી જવાય એ બનવા જોગ છે.

"કાંઇ કામ કરવામાં જ્યાં સુધી રસ લાગ્યા કરે ત્યાં સુધી બાળકોને કે મોટાંને પણ થાકની ખબર જ પડતી નથી. પણ કામમાં રસ લાગતો બંધ થાય છે ત્યારે જ તેમને થાક્યાનું ભાન થાય છે. માટે તેમના સ્વભાવને અને મનના વલણને જાણીને કામનો બધો પ્રોગ્રામ માફકસર રચાવો જોઈએ, કે તેથી દરેક કામમાં તેમને રસ લાગ્યા કરે, અને નવું નવું જોવા જાણવાનું પણ મળ્યા કરે.

"એવા પ્રોગ્રામ પ્રમાણે કામ બરાબર ચાલતું રખાવા માટે નિયમન કે ડીસીપ્લીનની પણ છોકરાંઓ માટે ઘણી જરૂર છે. જ્યાં સુધી તેમને 'સેલ્ફ-ડીસીપ્લીન'નું ભાન ન હોય ત્યાં સુધી બહારના કાંઇક અંકુશની જરૂર હોવાનું હું માનું છું. એવો અંકુશ છેક નાનાં બાળકોને સ્નેહ-ભાવથી હોવો જોઈએ, અને મોટાં છોકરાંને યોગ્ય સમજાવટથી, યુક્તિથી અને નિયમ પળાવાના આગ્રહથી રખાવો જોઈએ. તેમાં શરીર સજા, બીજવાટ કે વઢવા ભડવાંનો પ્રયોગ થવો જોઈએ નહિ એમ પણ હું માનું છું. પણ છોકરાંઓને આપમેળે નિયમનથી વર્તતાં શીખવવા ખાતર નિયમો આગ્રહપૂર્વક પળાવવા જોઈએ. કેમ કે તેમણે સમાજના સભ્ય શહેરીઓ બનવાનું છે. અત્યારે નિશાળોનાં છોકરાં સમજણ વગર એકલા ઉશ્કેરાટથી વખતો વખત "સ્ટ્રાઇક" પાડે છે અને એવાં બીજાં અસભ્ય આચરણ કરે છે તે એમની મૂર્ખાઈ બતાવે છે. એવી મૂર્ખાઇ કે અણસમજણ સુધરવી જ જોઈએ એમ મને લાગે છે."

—સ્વ. વિ. ય. આવસથી.

જોઇએ છીએ.

એક ૭ વર્ષની ઉંમરના બાળકને માટે ગૃહ-શિક્ષકની જરૂર છે. પગાર માસિક રૂા. ૫૦) પચાસ: લખો:—

શ્રી. ગણુભાઈ પુનશી
Truthful Mfg. Co.
West Masi Street,
Madura.

ગામડાંની બાલવાડી

[ગતાંકથી ચાલૂ]

આ સિવાય હમેશ ગંદાં અંગ ધોવાનો, હાથ ધોતાં ચોળાય તેટલો ભાગ ચોળી લેવો અથવા ધોવાનો વગેરે કાર્યક્રમ હોવો જ જોઇએ. દાખલા તરીકે સવારમાં બાળકો આપણે ત્યાં આવે ત્યારે શૌચ, મુખમાર્જન, સ્નાન વગેરે સર્વ વિધિ આપણી પાસે જ તે વખતે કરે એ ઇષ્ટ છે. બપોરે જમતાં પહેલાં અને જમ્યા પછી હાથ ધોવાનું તથા મોઢું ધોવાનું બનવાનું જ. એ સિવાય માટીમાં, બગીચામાં કાંઇ કામ કર્યું કે બધાંઓનો હાથ ધોવાનો કાર્યક્રમ થવાનો જ.

સારાંશ, એક આદત પાડવાની દૃષ્ટિએ ફરી ફરીને કરી જોવાની આ ક્રિયાને કરવાની વ્યવસ્થા હોવી જોઇએ. બીજું જે જે વખતે સ્વાભાવિકપણે તે ક્રિયા કરવાનો સમય આવે ત્યારે ત્યારે તે ક્રિયા શાળાના કામનું એક અંગ હોય એ દૃષ્ટિએ તેનો સ્વીકાર કરવો જોઇએ.

આ પૈકી કોઇ કોઈ ક્રિયાઓ એવી હોય છે કે જે ૨ા – ૨ાા વર્ષનાં બાળકને શીખવી શકાય અને કોઇ કોઇ ક્રિયાઓ બાળકો મોટાં થાય ત્યારે જ સારી રીતે કરી શકે છે. એટલે એ વાત પણ તેઓના ધ્યાન પર લાવી આપવાની જરૂર છે.

દાખલા તરીકે હાથ ધોવા, દાંત ઘસવા, કોગળા કરવા, કાન, નાક, આંખ ધોવી, પગ ધોવા વગેરે ક્રિયા લગભગ બધા ૨ાા વર્ષનાં બાળકોને સાધ્ય બને છે. બતાવવા લાગીએ એટલે ત્રણ ચાર મહિનામાં તેમને તે આવડવા લાગે છે. નખ કાપવા, વાળ ઓળવા, શરીર ધોવું અને શૌચ જઇને સાફ થવું તે ઘણાંઓને આટલી નાની ઉંમરે સાધ્ય થતું નથી, એટલે માત્ર નખ તપાસવા, વાળ ઉપર દાંતીઓ ફેરવવો અથવા માત્ર હાથથી વાળ સરખા કરવા, શરીર લૂછી લેવો એટલું કરવું તેમને માટે શક્ય બને છે.

કપડાંની સ્વચ્છતામાં પણ પહેલાં કપડાં તરફ જોવું, અસ્વચ્છ કે સ્વચ્છ છે તે સમજવું જરૂરી છે. પછી કપડાં બદલતાં આવડવું, ધોતાં આવડવાં, નીચોવતાં આવડવાં; સૂકવતાં આવડવાં, સંકેલતાં આવડવાં વગેરે અંતર્ગત એવી અનેક નાની નાની ક્રિયાઓ આવે છે. એક ધોવાનું કામ દાખલ કરીએ તો તેને ભીંજવવાં, ચોળવાં, ધોકાવવાં, પાણીમાં નીતારવાં, નીચોવવાં વગેરે અનેક ક્રિયાઓ દેખાડવા જેવી હોય છે. પછી સૂકવવાની અને સૂકવીને ઘડી કરવાની વાત લઈ શકાય.

મારા અભિપ્રાયમાં બધી જ શાળાઓમાં ધોવાનું કામ આપવું જોઇએ. પરંતુ જ્યાં મા વગેરે પાલકોને આ કામ સોંપવાનું શક્ય હોય ત્યાં તે સોંપી દેવાય તો એકાદ વખત ચલાવી પણ લેવાય. કારણ શહેરમાં જગ્યાનો પ્રશ્ન મોટો હોય છે. આવા કામમાં મોટી ફરશીવાળી ચોકડી અને વધારે નળવાળો હોજ કે સારી એવી નદી અને રેતીના પટ વગેરેવાળી અનુકૂળ જગ્યાની જરૂર રહે છે. શહેરોમાં આવી અનુકૂળતા કરી લેવી ઘણીવાર અશક્ય હોય છે.

પરંતુ ગામડાંઓ અને શહેરોના પછાતવર્ગો અને મજુરવર્ગોમાં જ્યાં તેમનાં બાળકોને સ્વચ્છ રહેવાનું શીખવવાની વધુ પડી નથી કે વખત નથી ત્યાં તેવાં બાળકોની શાળામાં બીજું સાહિત્ય ઓછું કરીને પણ ચાલકોએ આ કામ દાખલ કરાવી દેવું જોઇએ.

પછી કપડાં કાઢવાં, પહેરવાં; બટન, હુકસ બંધ કરવા ઉઘાડવા; નાડી બાંધવી વગેરે અનેક

ક્રિયાઓ આ કામમાં આવી શકે અને આ બધું બાળકોને રમતની જેટલું જ પ્રિય લાગે છે.

આ પછી આજુબાજુની સ્વચ્છતામાં ઝાડઝુડ, જમીન લૂછવી, સામન લૂછવો, વસ્તુઓ ધોવી, ભીંતો સાફ કરવી, આંગણું સાફ કરવું, પાણી છાંટવું, કચરો ભરવો, કચરાની ટોપલી બહાર યોગ્ય જગ્યાએ ખાલી કરી આવવી અથવા તો પોતે જ ખાડો કરીને તે દાટી દેવો અને બાળી નાખવો વગેરે અનેક કામો આવે. રાજાના કુંવરથી માંડી ભિખારીના બાળક પર્યંત તમામને આમાંના ઘણા બધા કામો ગમે છે. તેઓ તેમાં તલ્લીન બને છે અને તે કરવાની હઠ પણ લઇ બેસે છે.

આ દરેક ક્રિયાઓનો પાઠ આપવાનો હોય છે, અને તે ફરી ફરીને સાધ્ય કરવાનો સમય આપવો પડે છે. કોઈ યોગ્ય વખતે તે કામો કહીને પણ કરાવવાની જરૂર પડે છે.

સ્વચ્છતા પ્રકરણ બે વાતોને ધ્યાનમાં લીધા સિવાય પૂરૂં થવાનું નહીં.

પહેલી વાત એમ કે કંટાળો લાવીને સ્વચ્છતા સાધ્ય કરાવવી નહિ. તેની હોંશ આવવી જોઇએ, સ્વચ્છ સ્નાન કર્યા પછી, સ્વચ્છ કપડાં પહેર્યા પછી મનને જે એક જાતનો આનંદ પડે છે તે બાળકોને અનુભવવા દેવો જોઇએ. તેઓના અનુભવમાં એ વાત આવે તેવું કરવું જોઇએ.

બીજી વાત એ કે એક જ પ્રકરણમાં ઉપર બતાવેલી ૨૫–૩૦ ક્રિયાઓ છે. એટલે પહેલાં બાળકો આગળ તે મૂકતી વેળાએ ક્રિયાઓને શિક્ષણ આપવાની રીતે દેખાડવી જોઇએ. ઉપરાંત કોઇ પણ ક્રિયા સાધ્ય કરી લેવામાં મનુષ્યપ્રાણીને સ્વાભાવિક આનંદ આવે તે આમાં પણ તેઓને મળવો જોઇએ. પૂરા સ્વચ્છ ન થવાય તો પણ પોતે જાતે ધોવાનો, સૂકવવાનો આનંદ એ કોઇ ઓર ચીજ છે. તમો કેટલીય સફાઇથી તે કરી આપો એ આનંદ નથી એ ધ્યાનમાં લઇને બાળકો આગળ આ ક્રિયાઓ મૂકવી.

તા.

વિચારમણકા

એ. એસ. નીલ નામના વિશ્વવિખ્યાત અધ્યાપક 'સમર હીલ' નામની એક શાળા ઇંગ્લંડમાં ચલાવે છે. મી. નીલે 'That Dreadful School' નામની ચોપડીમાં પોતાના અનુભવ અને અખતરાનો નીચોડ આપ્યો છે. મી. નીલે દક્ષિણ આફ્રિકામાં પોતાની ઉક્ત શાળા સંબંધે જે ભાષણો આપ્યાં તે સાંભળવા માનવમેદની ગાંડી બનતી અને ભાષણ સાંભળવાની ટિકીટો નહિ મળવાથી જનતા નિરાશ થતી.

અહીં ઉપરોક્ત પુસ્તકમાંથી કેટલાક વિચારમણકા મૂક્યા છે. મી. નીલને સભાઓમાં જે પ્રશ્નો પૂછાયેલા તેના તેણે આપેલા કેટલાક ઉત્તરો પણ ટાંક્યા છે.

(૧) શાળાને અનુકૂળ બાળક થાય તે કરતાં, બાળકને અનુકૂળ શાળા થાય એ મુખ્ય ધ્યેય 'સમર હીલ' ની શાળામાં સચવાય છે.

(૨) તે જ શાળામાં શિક્ષકો ઉલ્લાસ અને આનંદથી કામ કરે છે કે જ્યાં, તેમનો ઉપરી એ કેવળ મિત્ર જ છે.

(૩) સ્વાતંત્ર્ય અને સ્વચ્છંદનો ભેદ ઘણાં માતપિતા કળી શકતાં નથી. શિસ્તઘેલાં ઘરોમાં બાળકોના હક્ક સચવાતા નથી; જ્યારે કેટલાંક ઘરોના ઢીલાપોચા વાતાવરણમાં બાળકો વધુ પડતાં હક્ક ભોગવે છે. તે જ ઘર આદર્શ ઘર છે કે જ્યાં બાળક અને મોટેરાં સમાન હક્ક ભોગવે છે; તે જ શાળા આદર્શ શાળા છે કે જ્યાં શિક્ષકો અને શિષ્યો વચ્ચે સમાનતા છે.

(૪) અસત્ય બોલવું એ તો નાની શી ભૂલ છે; પણ અસત્યમય જીવન જીવવું એ તો ભારે આપત્તિ છે. અસત્યની જ જાણે ગળથૂથી પીધી હોય તેવા વડીલોના વ્યવહારમાંથી, તેમ જ ભય-ભર્યા વાતાવરણમાંથી, બાળક જુઠું બોલતાં શીખે છે.

(૫) બાલ્યાવસ્થા એટલે રમતિયાળપણું. બાળકનો રમતિયાળ સ્વભાવ આપણે માનીએ છીએ તેથી વિશેષ લાંબો વખત નભે છે. બાળકને આ દુનિયાના જોતરે વહેલું જુતાડવાના ક્રૂર પ્રલોભનમાંથી આપણે બચી શકીએ, તો તેના રમતિયાળપણામાં તેને રાચવા દઈએ. સમય પૂરો થતાં એ સ્વભાવ આપોઆપ જતો રહેશે. કેટલાંક બાળકોની બાબતમાં કદાચ વધુ પડતી રાહ પણ જોવી પડશે.

(૬) બાળકનું ઘરવલાપણું એ ખરાબ ઘરની નિશાની છે.

(૭) પ્રત્યેક બાળકમાં અદ્‌ભુત વ્યવસ્થાશક્તિ હોય છે. નવાઈ પમાડે તેવી તેમની ન્યાયબુદ્ધિ, અને વિવેકશક્તિ હોય છે. આ શક્તિઓનું દર્શન સ્વાતંત્ર્ય અને સ્વયંસ્ફૂર્તિના વાતાવરણમાં થાય છે.

(૮) તોતળાપણાનું મૂળ 'બીક' છે. આત્મ-વિશ્વાસના અભાવથી પણ બાળક બમચાતું બમચાતું બોલે છે.

(૯) ધર્મઘેલાં ઘરોનાં બાળકો દબાયેલાં અને બેવકૂફ હોય છે.

(૧૦) શારીરિક શિક્ષા એટલે 'ઘાતકીપણું' અને 'ધિક્કાર.' શિક્ષા કરનાર અને શિક્ષા સહન કરનાર બન્ને પરસ્પરને ધિક્કારતા થાય છે.

(૧૧) શાળા કરતાં ઘરના વાતાવરણની અસર બાળક પર અનેકગણી થાય છે. આથી સારા ઘરની શુભ અસર, ખરાબ ઘરનાં અનિષ્ટ તત્ત્વો ઓસરાવી શકે છે.

(૧૨) નિષ્ક્રિય લાગણીથી બાળક લાડવેલું બને છે. જે લાગણીના વરસાદથી બાળક ક્રિયાત્મક ન બને તેને લાગણી કેમ કહેવાય ?

(૧૩) બાળકના અભ્યાસમાં ચોપડીઓને તદ્દન મામૂલી સ્થાન છે. આપણને–મોટેરાંને જીવનમાં બિનઉપયોગી જ્ઞાનની જેમ નથી પડી, તેમ બાળકને પણ તેના દૈનિક વ્યવહાર સિવાય કોઈ જ્ઞાનની નથી પડી. તેને જે આવડત કે જ્ઞાનની જરૂરિયાત ઊભી થાય છે, તે એ ગમે તે પ્રયત્ને મેળવી જ લે છે.

(૧૪) ખરાબમાં ખરાબ બાળકનો એકાદ સદ્‌-ગુણ શોધી કાઢો. એ એક જ ગુણની સાચી પરીક્ષા અને કદરમાંથી અનેક સદ્‌ગુણો પ્રગટશે.

(૧૫) જે બાળકોને ત્યાં રોલ્સરોય મોટરો દોડે છે તે મોટે ભાગે અસભ્ય જણાય છે.

(૧૬) પૈસાદારનાં બાળકો ખૂબ જ અક્કડ અને અતડાં દેખાય છે; કારણકે તેવા વાતાવરણમાં તેઓ ઊછર્યાં હોય છે.

(૧૭) બાળકો ઘણા ગુન્હા જાણીબૂજીને સમજ-પૂર્વક નથી કરતાં; અજાણે તેમનાથી તે થઈ જાય છે. એમને ભાન પણ નથી હોતું કે એમણે 'ગુનો' કર્યો છે.

(૧૮) બાલ્યાવસ્થા એટલે મનુષ્યજીવનની પ્રાથ-મિક અવસ્થા. બાળક આધુનિક સુધારાના સંસ્કાર ઝીલતું ન થાય ત્યાં સુધી તે સંસ્કાર તેના પર લાદવા નહિ.

(૧૯) બાળકનો પક્ષ લેતાં શીખો. એમ કરતાં તેનું દિલ જીતશો. તેનું દિલ જિતાશે એટલે કઠીન પ્રશ્નો તમને જરાય નહિ મૂંઝવે.

નોંધ

આ લેખકના The Problem Child, અને The Problem Parent એ બે પુસ્તકો પ્રત્યેક માતપિતાએ વાંચવા જેવાં છે. ગમે તે ધંધાના ગૃહસ્થને તે વાંચવાં ગમશે.

શિશુવિહાર
અમદાવાદ.

સંગ્રાહક
વજુભાઈ દ્વે

મહેમાનના સંકલ્પો

૧ જેને ત્યાં હું જઈશ તેને ત્યાંના બાળકો તરફ આદરથી વરતીશ એટલે કે હું તેની સાથે તોછડાઈથી વરતીશ નહિ.

૨ મારા યજમાનનાં બાળકોના રહેવા-સુવાના ઓરડામાં કે સ્થળોમાં તેમની રજા વિના જઈશ નહિ.

૩ યજમાનનાં બાળકોની ચીજોને હું રજા વિના અડકીશ નહિ તથા લઈશ નહિ.

૪ મારા યજમાનના બાળકોને હું પૂછીશ નહિ કે તમે શું ભણો છો અને કેટલું આવડે છે. તેમને પાડા બોલી જાઓ, કવિતા ગાઓ, એવું કહીશ નહિ.

૫ મારા યજમાનને કે બાળકોને કે મારી જાતને કે સારો મહેમાન કહેવરાવવા ખાતર હું બાળકો સાથે ઝટઝટ ભળવા માંડીશ નહિ.

૬ ઉપલા કારણથી હું તેમને વગર માગ્યે વાર્તા કહીને કે તેની આગળ વાતો કરીને કે તેમને ગમ્મત કરાવીને ખુશી કરીશ નહિ.

૭ હું તેમને માટે ખાવાનું લઈ જઈશ નહિ અગર લઇ જઈશ તો ઘરમાં આપીશ અને તેમને ત્યાં આવ્યા પછી તેમને જે તે કંઈ બન્નરેથી કે ફેરીઆ પાસેથી અપાવી દઈશ નહિ.

૮ બાળકો પાસે હું મારાં નાનાં નાનાં કામો તેમને ચડાવીને કે તેમની વાહવાહ કરીને કરાવીશ નહિ.

૯ બાળકોને હું યજમાન આગળ વખાણીશ નહિ.

૧૦ બાળકોમાં જે કંઈ સુંદર હશે તેનો આનંદ દૂરથી લઈશ.

૧૧ યજમાનનાં બાળકોને ઉછાળીને રમાડીશ નહિ. તેમને ચૂમીશ નહી. તેમને બથમાં લઈશ નહિ કે તેમને દાબીશ નહિ.

૧૨ યજમાનમાં બાળકોને નવરાશ હશે તો ફરવા કે રમવા લઈ જઈને યજમાનની થોડીક સેવા કરીશ.

૧૩ યજમાનના ઘરમાં બાળકોની કંઈ પ્રવૃત્તિ હશે તો તેમાં પ્રેમપૂર્વક ભાગ લઈશ.

૧૪ યજમાનનાં બાળકો વચ્ચે ભેદભાવ પેદા કરી અમુક બાળકોને પોતાનાં કરીશ નહિ.

૧૫ મને આવડતી હશે તો હું બાળકોને વાર્તાઓ કહીશ. તેમની આગળ ગાઇશ. તેમની સાથે ગમ્મત કરીશ.

૧૬ યજમાનનાં બાળકો સાથે હું મારા બાળકો પ્રત્યે વર્તું છું તેમ નહિ પણ તેનાથી વધારે સારી રીતે વર્તીશ.

૧૭ યજમાનના બાળકો સાથે તેનાં ઘર સંબન્ધે કે તેનાં માતપિતા સંબન્ધે કંઈ પણ વાત કરીશ નહિ અગર તેવી વાતો સાંભળીશ નહિ.

૧૮ બાળકોની માતા અગર પિતા બાળકોની સ્તુતિ કે નિંદા કરે તો તેમાં બોટી હાજી હા કરીશ નહિ પણ કહીશ કે બાળકોની સ્તુતિ-નિંદા કરવી તે ઠીક નથી.

૧૯ બાળકોને કહીશ નહી કે તમે ડાહ્યા થાવ, માબાપને માનો, અને તે કહે છે તે બરાબર છે.

૨૦ યજમાનના બાળકોની નબળાઈઓ જોવી નહિ પણ તેની શક્તિઓ જોવી આપણે યજમાનનું અન્ન ખાઇએ છીએ એમ સમજીને.

૨૧ બીજાના ઘરમાં બાલપ્રિય થઇ જવાનો આગ્રહ નહિ રાખું.

૨૨ બીજાના ઘરમાં બાલપ્રિય છીએ તેવો ડોળ નહિ રાખું.

૨૩ ગામમાંથી બાવાનું લાવી આપી કે તાળી દેવડાવવી બાલપ્રિય થઇ જવાની વૃત્તિ નહી રાખું.

૨૪ બીજાનાં બાળકોને યજમાનનાં બાળકો આગળ નિંદીશ નહિ.

૨૫ મારાં બાળકો આગળ ઘેર જઈને યજમાનનાં બાળકોને વખાણીશ પણ નહિ અને નિંદીશ પણ નહિ.

૨૬ યજમાનનાં બાળકોને બીજાને ત્યાં રહીશ તેટલો વખત બનશે તેટલી વધારે મદદ કરીશ.

૨૭ યજમાનનાં બાળકો પાસેથી કંઇ ભેટ માગીશ નહિ પણ તેઓ કંઈ ભેટ આપશે તો તેનાં માબાપને જાણ કર્યા પછી લઈશ.

૨૮ યજમાનને કહીશ નહિ કે તમારાં બાળકોને માટે આમ કરવું જોઇએ અને તેમ કરવું જોઇએ તેમ કહીને તેની ખુશામત કરીશ નહિ.

૨૯ યજમાન માગે સાચી સલાહ અને રસ્તો બતાવીશ અને તે પણ જાણતો હોઈશ તોજ.

૩૦ યજમાનનાં બાળકોની સુંદરતા કદી ભૂલીશ નહી. તેની દુર્બળતા તુરત ભૂલી જઇશ.

૩૧ ઘેર જઇ યજમાનનાં બાળકોને સંભારીશ અને તેનો પણ ઉપકાર માનીશ. તેમને મનથી આશીર્વાદ દઇશ.

સ્વ. ગિજુભાઈ

શિશુવિહાર

બાલઅધ્યાપનમંદિર

(સરકાર તરફથી માન્ય થયેલું)

મુખ્ય અધ્યાપિકા : શ્રી. તારાબેન મોડક.

ઘણાં ભાઇ બહેનો તરફથી વારંવાર પુછાણ આવે છે કે નવીન બાલશિક્ષણપદ્ધતિની તાલીમ લેવી હોય તો ક્યાં જવું? સંભવ છે કે દાદર (મુંબઈ ૧૪) હિંદુ કોલનીમાં 'શિશુવિહાર' ની સાથે જ આવું અધ્યાપનમંદિર (Training class) ચાલે છે એની માહિતી ઘણાંઓને ન હોય.

આ અધ્યાપનમંદિરને મુંબઈ સરકારે માન્ય (recognize) કરેલું છે. તેમાં ગુજરાતી અને મરાઠી બંને ભાષા જાણવાવાળાં ભાઇબહેનો દાખલ થઇ શકે છે.

અભ્યાસક્રમ **બાલક્રીડાંગણના** પ્રમાણપત્ર માટે છ મહિના અથવા એક સત્રનો છે; અને **નૂતન બાલશિક્ષણના** પ્રમાણપત્ર માટે એક વર્ષનો છે. વર્ષની શરૂઆત દરેક જૂન મહિનાથી થાય છે.

આ વર્ગ તા. ૨૨-૬-૪૧ ના રોજ શરૂ થશે. દાખલ થનાર મરાઠી અને ગુજરાતી વિદ્યાર્થિઓએ તા. ૧૫-૬-૪૧ પહેલાં નીચેના શીરનામે અરજી કરવી.

શ્રી. તારાબહેન મોડક : બાલઅધ્યાપનમંદિર દાદર.

વિદ્યાર્થિઓને રહેવા બાવા વગેરે માટે સૌ. શાંતાબાઇ કશાળકર ૮૩, કેડલ રોડ, ગોવિંદ ભૂવન દાદર એ શીરનામે લખવું. રહેવા બાવાનો ખર્ચ રૂા. ૨૭.

શિશુવિહાર બાલઅધ્યાપનમંદિર

ઉદ્દેશ

સમગ્ર બાલજીવનના શાસ્ત્રીય અભ્યાસનું તથા બાળકેળવણીની પદ્ધતિઓના અધ્યયનનું કેન્દ્ર નિર્માણ કરવું

અપેક્ષિત વિદ્યાર્થિવર્ગ.

(૧) અત્યારની પ્રાથમિકશાળાઓમાં અથવા બાલમંદિરોમાં જેઓ નવી બાલશિક્ષણ પદ્ધતિ રજુ કરવા માગે છે તથા માનસશાસ્ત્રનો અભ્યાસ કરવા માગે છે એવા શિક્ષક ને શિક્ષિકાઓ.

(૨) જેઓ ઉચ્ચ શિક્ષણ પામ્યા હોય અને વિશેષતઃ બાલમાનસનો ઉંડો અભ્યાસ કરી નવી સ્વતંત્ર સંસ્થાઓ ખોલવા માગતા હોય એવો સ્નાતકોનો (ગ્રેજ્યુએટસ) વર્ગ.

(૩) ઘરમાં ને ઘરમાં જેઓ પોતાના બાળકની કેળવણીમાં યોગ્ય માર્ગદર્શક થવા માગે છે એવા માતાપિતાઓનો વર્ગ.

(૪) ગામડાઓમાં ક્રીડાંગણો ચલાવનાર, બાલક સંઘોના સંચાલકો તથા બાલપ્રેમી સમાજ સેવકોનો વર્ગ.

એ બધાને બાલઅધ્યાપનમંદિરનો અભ્યાસક્રમ નવીન બાલકેળવણીની દૃષ્ટિ મેળવવા માટે ઘણોજ ઉપયુક્ત લાગશે.

અભ્યાસક્રમ

બાલઅધ્યાપનમંદિરનો બધો અભ્યાસક્રમ બે સત્રોમાં (terms) પૂરો કરવામાં આવશે.

અભ્યાસ ત્રણ વિભાગમાં વહેંચાએલ છેઃ— એક "બાલક્રીડાંગણ". બીજો પૂર્વપ્રાથમિક (Nursery) અને ત્રીજો પ્રાથમિક (Primary). બાલક્રીડાંગણનો અભ્યાસક્રમ સ્વતંત્ર છે એટલે કે એ અભ્યાસક્રમ પૂરો કરી કોઇ પણ વિદ્યાર્થિ અથવા વિદ્યાર્થિની સ્વતંત્ર પ્રમાણપત્ર મેળવી શકશે. પણ જેઓ પૂર્વપ્રાથમિક અને પ્રાથમિક અભ્યાસક્રમ પૂરો કરવા માગે છે તેઓને બાલક્રીડાંગણનો અભ્યાસ એક આવશ્યક (compulsory) વિષય તરીકે રહેશે.

"બાલક્રીડાંગણ" અભ્યાસક્રમમાં આવતા વિષયો.

(૧) વ્યાવહારિક માનસશાસ્ત્ર, (૨) બાલકોનું આરોગ્ય અને સ્વચ્છતા. (૩) બાલવાર્તાશાસ્ત્ર. (૪) બાલગીતો, કાવ્યો ને નાટકો. (૫) દેશી અને પરદેશી રમતો. (૬) બાળઉદ્યોગો અને હસ્તવ્યવસાય. (૭) વાચનાલય અને વસ્તુ સંગ્રહાલયો (૮) બાલપ્રવાસ અને નિસર્ગ પરિચય. (૯) સામાન્ય સમાજજીવન પરિચય.

પૂર્વ પ્રાથમિક અને પ્રાથમિક વિભાગમાં આવતા વિષયો.

(૧) શૈક્ષણિક માનસશાસ્ત્ર. (૨) ઇંદ્રિયકેળવણી તથા તેનાં સાધનો. (૩) મોંટીસોરી પદ્ધતિ અને બીજી પદ્ધતિઓ. (૪) બાલમંદિર સંચાલન. (૫) પ્રાથમિક શાળામાં મૉન્ટીસોરી, ડૉલ્ટનપ્લૅન તથા પ્રોજેકટ પદ્ધતિઓનો ઉપયોગ.

પ્રવેશ

બાલઅધ્યાપન મંદિરમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થિ અથવા વિદ્યાર્થિનીની ઉંમર ૧૮ વર્ષની ઉપર જોઇએ. તેઓ વર્નાકયુલર ફાઇનલ, મૅટ્રિક અથવા તત્સમ પરીક્ષા પાસ કરેલાં હોવાં જોઇએ. માનસશાસ્ત્રનો અભ્યાસ કરી ગ્રેજ્યુએટ થએલાઓને પહેલી પસંદગી રહેશે.

મોન્ટીસોરી શિક્ષણ પ્રચારમાળા

લેખકોઃ સ્વ. ગિજુભાઈ અને શ્રી. તારાબેન.

કિંમત ૦–૧૦–૦ ટપાલખર્ચ ૦–૨–૩

મગાવો: "શિક્ષણ પત્રિકા" કાર્યાલય

૧૧૮, હિંદુ કૉલની, દાદર.

શિશુવિહાર

બાલ અધ્યાપન મંદિર, દાદર

બાલ અધ્યાપન મંદિરના મુખ્ય અધ્યાપિકા જણાવે છે કે અહિં જણાવેલા દશ વિદ્યાર્થિ, વિદ્યાર્થિનીઓ ઉપલી પરીક્ષામાં બેઠેલાં તે બધાં એ પરીક્ષામાં ઉત્તીર્ણ થયાં છે. તે દરેકને અમારા અભિનંદન સાથે નૂતન બાલ શિક્ષણના કાર્યમાં તેઓ પોતાની અમૂલ્ય સેવા આપે એમ ઇચ્છીશું. સં.

વાર્ષિક પરીક્ષા પરિણામ

૧ શ્રી. કુ. સુકન્યા વિનાયક મોડક
૨ ,, ,, કમલિની રામકૃષ્ણ જયવંત
૩ અ. સૌ. વિમલાબાઈ દત્તાત્રેય ખરે
૪ શ્રી. શાંતિલાલ છગનલાલ ભટ્ટ
૫ શ્રી. કુ. દુર્ગા નારાયણ ભિડે
૬ ,, ,, દમયંતિ ત્રિકમદાસ આસર
૭ ,, ,, ચંદ્રકલા મહાદેવ કુલકર્ણી
૮ શ્રી. રમણીકલાલ ક. પંડ્યા
૯ શ્રી. કુ. અનસૂયા મોરેશ્વર ચંપાનેરકર
૧૦ ,, ,, મીરા ગોડામ્બે

"સ્વ. ગિજુભાઇનો સ્મૃતિગ્રન્થ"

પત્રિકાનાં વાચક ભાઈ બહેનો તથા બીજાં પણ ઘણાં ભાઈ બહેનોને લાંબા સમય સુધી રાહ જોવરાવીને આખરે, આ જુન માસમાં આવતી સ્વ. ગિજુભાઈની બીજી પુણ્યતિથિને દિવસે આ ગ્રન્થ બહાર પાડવાનું નિશ્ચિત થયું છે.

ગ્રન્થ લગભગ ૨૫૦ પાનાનો થશે. એમાં પૂજ્ય મહાત્માજીનો આશીર્વાદ અને ગુજરાતના વિદ્વાનો શ્રી. રામનારાયણ વિશ્વનાથ પાઠક, શ્રી. કિશોરલાલભાઈ મશરૂવાળા, શ્રી. કાકાસાહેબ કાલેલકર આદિના સંસ્મરણો વાંચવાના મળશે.

સ્વ. ગિજુભાઇનો વર્ષો સુધી જેમણે અન્તેવાસ સેવ્યો હતો એવા એમના વિદ્યાર્થિઓની વાતો પણ આવશે.

ગ્રન્થમાં સ્વ. ગિજુભાઇના જીવનના નવા જૂના ફોટાઓ પણ આવશે. ગ્રન્થ લાંબો વખત સુધી સંગ્રહી શકાય તે માટે તેનું પૂંઠું વગેરે પણ મજબૂત અને આકર્ષક બનાવવામાં આવશે.

અગાઉ જણાવ્યા મુજબ પત્રિકાના જે ભાઈ બહેનોએ અગાઉથી નાણાં મોકલ્યાં છે અને એ સિવાયનાં જે ભાઇબહેનોએ નામો નોંધાવ્યા છે તેઓને ઘટાડેલી કિંમતે ગ્રન્થ મળશે.

તા. ૨૩ મી જૂન સુધીમાં રૂપિયા મોકલી નામ નોંધાવનારને રૂા. ૧–૮–૦ માં પુસ્તક મળશે. તા. ૨૩ મી જૂન પછી લેનારને રૂા. ૨) આપવાના રહેશે. બન્ને માટે પોસ્ટેજ જુદું પડશે.

: લખો :

આર. આર. શેઠની કું.
પ્રિન્સેસ સ્ટ્રીટ,
મુંબઈ.

મંત્રીઓ 'સ્મરણાંજલિ'
c/o શિક્ષણ પત્રિકા કાર્યાલય,
હિન્દુ કોલોની, દાદર,
મુંબઈ ૧૪.

મુદ્રક : કૃ. ના. સાપલે : રામકૃષ્ણ પ્રિં. પ્રેસ : ત્રિભુવન રોડ, મુંબઇ ૪.
પ્રકાશક : તારાબેન મોડક : 'શિક્ષણપત્રિકા' કાર્યાલય : હિંદુ કૉલની, દાદર.

શિક્ષણપત્રિકા

(નૂતન બાલશિક્ષણસંઘ)

○

આદ્યતંત્રી : સ્વ. ગિજુભાઈ બધેકા

: તંત્રી :

તારાબેન મોડક

○

મનની શાંતિ

મનની શાંતિ તપથી મળે
મનની શાંતિ જપથી મળે
મનની શાંતિ ભજનથી મળે
મનની શાંતિ પૂજનથી મળે
મનની શાંતિ લોકસેવાથી મળે
મનની શાંતિ ઈશ્વરસેવાથી મળે
શાંતિ છે તો બધું જ છે
શાંતિ નથી તો બધું જ વ્યર્થ છે
મનની શાંતિ એક અમૂલ્ય વસ્તુ છે.

તા.

વર્ષ ૧૬ : :: કાર્યાલય :: અંક ૪
૧૯૬૭ દાદર, મુંબઈ ૧૪ જેઠ

શિક્ષણનું ક્ષેત્ર

કોઈ કહે છે, "આ સંસ્થા સારી છે તેથી જ મારા બાળકને અહિં ખાસ મૂકવા માટે આવ્યો. તે ઘણો બગડી ગયો છે. એનું ચારિત્ર્ય ઉત્તમ પ્રકારનું ઘડાય એ માટે તમારી શાળામાં મૂકવો છે."

કોઈ કહે છે, "તમારી શાળા બહુ ખ્યાતિવાળી છે. એટલે અમારાં બાળક થોડા સમયમાં સારૂં શીખી જશે. તમારી શાળામાં એક વર્ષમાં એ ઘોરણ તૈયાર થાય છે ને?"

કોઇ કહે છે, અમારા બાળકને અદ્વિતીય બનાવવો છે માટે જ તમારી શાળામાં મૂકવો છે."

આ પ્રમાણે કોઈની કલ્પના કાંઈ અને કોઈની કાંઈ હોય છે. કોઇને એમ લાગે છે કે શાળામાં બાળકને મૂક્યું કે માસ્તર તેને જેવો જોઈએ તેવો બનાવી શકશે. તેનું ચારિત્ર્ય શું, તેનો બુદ્ધિવિકાસ શું વગેરે બાબતોનો વિકાસ માસ્તર કરી શકશે એવી સામાન્ય સમજણ હોય છે. અને આવી સમજણ શિક્ષકો કરાવી પણ આપે છે. "અમારી સંસ્થા આદર્શ સંસ્થા છે અને અમારે ત્યાં સારૂં ચારિત્ર્ય ઘડાય છે" એમ કોઈ કહે છે; કોઈ કહે છે, "એને અદ્વિતીય બનાવી શકાશે, એનો અલૌકિક બુદ્ધિવિકાસ સાધી શકાશે." કોઈ કહે છે, "અહિં ચાર જ વર્ષમાં મેટ્રીક પાસ થશે." આ પ્રકારે દરેક શિક્ષક પોતપોતાની શાળાસંબંધી વિલક્ષણ માહિતી આપે છે. અને ઘણીયે સંસ્થા તે તે દિશામાં પોતાનો પ્રયત્ન કરી રહી છે.

ગુરૂકુલ જેવી સંસ્થાઓમાં ચારિત્ર્ય ઘડવા સાથે બાળકને ખડતલ–મજબૂત બનાવવા તરફ વધારે લક્ષ અપાય છે. જુદી જુદી આશ્રમ જેવી સંસ્થાઓમાં એજ ધ્યેય મુખ્ય હોય છે. જ્યારે બીજી સંસ્થાઓમાં અસાધારણ બુદ્ધિવિકાસ સાધવાનો પ્રયત્ન થતો હોય છે. કોઈ કલાવિકાસ અથવા ભાવનાવિકાસને પ્રાધાન્ય આપી તેવું જ મુખ્ય વાતાવરણ ઉત્પન્ન કરે છે. જ્યારે કોઇક તો દેશભક્ત અને સમાજ સેવકો જ માત્ર નિર્માણ કરવાનો પ્રયત્ન કરનારી સંસ્થા હોય છે.

એટલે કે જુદી જુદી સંસ્થાઓ જુદાં જુદાં ધ્યેયને આગળ રાખી પોતે બાળકને કેવું બનાવી શકશે તે જનતાના મન પર બરાબર ઠસાવી દે છે અને જેને જે વિશેષ આકર્ષક લાગે છે ત્યાં પાલકો પોતાનાં બાળકોને મૂકે છે; અને સંતોષ અનુભવે છે કે "મારા બાળકને ચારિત્ર્યવાન થવા માટે મૂક્યો છે; હું મારા બાળકને કવિ બનાવનાર છું. વગેરે."

પ્રશ્ન એ ઉભો થાય છે કે બાળકને શિક્ષક અથવા પાલક પોતાના મનમાં જે ધારી લે તે બનાવી શકે ખરો? શિક્ષણનું ક્ષેત્ર કેવડું? શિક્ષણથી ચારિત્ર્ય દીક્ષા આપી શકાય ખરી? શિક્ષણથી અસાધારણ બુદ્ધિમત્તા આપી શકાય ખરી? શિક્ષણથી બાળકને સેવાવૃત્તિમાં પરોવી શકાય? એમ માની લઈએ કે ઉત્તમ શિક્ષક, ઉત્તમ સાહિત્ય, ઉત્તમ સમય, બધુંજ ઉત્તમ પ્રકારનું છે તો શું શિક્ષક ઇચ્છે તેવું બાળકને બનાવી શકે ખરો? આ એક પ્રશ્ન છે: બીજો પ્રશ્ન એ છે કે માની લો કે શિક્ષક પોતે ઇચ્છે તેવું બાળકને બનાવી શકે છતાં શિક્ષકની કે પાલકની ઇચ્છા પ્રમાણે બાળકને બનાવવું એ બાળકની દૃષ્ટિએ ન્યાયી અને યોગ્ય છે ખરૂં? તેનાથી તેનો સાચો વિકાસ સાધી શકાય ખરો? તેનો ખરો આત્મા પ્રકટ થાય ખરો? કે તેને એક પ્રકારના બાહ્ય બંધનમાં જકડીને બહારથી લાદેલા નિયમવશ થવાથી તેનો અંતઃપ્રાણ દબાઇ જાય? મારી તોડીને ચોક્કસ

વલણોના ચોકઠામાં પોતાને બેસાડી દીધેલ છે તેવું તેમને લાગતાં 'પોતાને જેવું થવું છે' તેવું બનાતું નથી પણ આપણને જેવાં બનાવે છે તેવાં રહેવું પડે છે એમ સમજીને તેમના અંતર્મનને અસંતોષ નહિ લાગતો હોય? જેનું શિક્ષણનું ક્ષેત્ર ઘણું મોટું છે તે શિક્ષણ પ્રભાવને કિમિયો સમજીને પહેલા પ્રશ્નનો ઉત્તર સચોટપણે "હા" માં આપશે. તેના મત પ્રમાણે ઉત્તમ શિક્ષક જે ધારે છે તેવો વિદ્યાર્થીને બનાવી શકે. જ્યાં ધારેલું પરિણામ આવતું નથી ત્યાં તે શિક્ષક જ ઉત્તમ નહિ હોય, અથવા શિક્ષણ સાહિત્ય ઉત્તમ નહિ હોય અથવા શિક્ષણ પદ્ધતિ ઉત્તમ નહિ હોય વગેરે બાબતોમાં દોષ જુવે છે. પરંતુ મૂળ સિદ્ધાંતની શક્યા શકયતા માટે તો બીલકુલ શંકા લાવતા નથી.

ખરૂં કહીએ તો શિક્ષણનું ક્ષેત્ર ઘણું જ સંકુચિત છે એ પ્રયોગો પરથી સિદ્ધ થયું છે. એમ પણ નથી કે હવે નવા પ્રયોગ કે નવા સિદ્ધાંત નહિ થઈ શકે. પરંતુ ખાસ કારણ એજ છે કે શાળા જેવી સંસ્થાઓનું ક્ષેત્ર બહુ જ નાનું છે. ગુરૂકુલ જેવી સંસ્થાઓનું ક્ષેત્ર કાંઈક અંશે મોટું છે. છતાં તે પણ મર્યાદિત જ છે. એક જ સમયે જન્મ-લેતાં બાળકોમાં ફરક હોય છે. કારણો જોતાં, પ્રત્યેક બાળકના જન્મકાળ ઉપર માતાપિતાની અવસ્થા પ્રમાણે કે પ્રકૃતિ પ્રમાણે અસર થતી હોવાથી બધાં બાળકો શારીરિક કે માનસિક શક્તિ એક સરખી લઇને જન્મતાં નથી. એના મૂળમાં વિશિષ્ટ માનસિક વલણ હોય છે. તે આગળના ગમે તેવા સંસ્કારોથી કે વિરૂદ્ધ પરિસ્થિતિમાં પણ બદલાતા નથી. એ માટે બંને બાજુના ઉદાહરણો છે. ઘણાં જ ખરાબ વાતાવરણમાં જન્મ લઈ ઉત્તમ ચારિત્ર્યવાન નિવડેલાં બાળકો પણ આપણી દૃષ્ટિએ પડે છે. અને ઘણાંજ ઉત્તમ વાતાવરણમાં રહેવા છતાં મૂળ વલણને વળગી રહીને ખરાબ થઈ ગયેલાં બાળકો પણ મળી આવે છે. સારાંશ કે પહેલાંના સંસ્કારો અને શિક્ષણની અપેક્ષા કરતાં મૂળ વલણ ઘણું જ બળવત્તર દેખાય છે. તે વલણ શાળા, ગુરૂકુળ કે આશ્રમમાં પણ બદલી શકાતું નથી. હવે શાળાને બદલે માનસશાસ્ત્રની પ્રયોગશાળાઓ શરૂ થઇને ત્યાં ક્રિયાપ્રતિક્રિયા વગેરેના માપસરના પ્રયોગોથી બાળકને આપણે ધારીએ તેવુંજ વલણ દઈ શકવાનું શકય બને તો કોણ જાણે!

પરંતુ હમણાં તો હોય તે મૂળ મુદ્દલ સ્વભાવમાં જ વધારો થવાની સંભાવના છે. હમેશા બધીય શાળા પાંચ દશ વિશેષ બુદ્ધિવાન બાળકને બહાર પાડવાથી પ્રતિષ્ઠા મેળવે છે. બાકી જે નાપાસ થનાર છે તે દરેક વર્ગમાં બબ્બે વર્ષ તો પડી જ રહે છે. તેજ પ્રમાણે સામાન્ય મધ્યમ બાળકો ચારિત્ર્ય વગેરે બાબતમાં સરળ માર્ગે આગળ વધે છે. તેવાના ઉપર જ ચારિત્ર્ય ઘડવાનો પ્રયોગ થઈ શકે છે. બાકી કેટલાંક તો એવા બાળક હોય છે કે તેને કોઈ પણ આશ્રમમાં કે ગુરૂકુલમાં ગમે તેટલા કડક શિસ્તપાલનમાં કે ઉપદેશામૃતના કુંડાંમાં રાખીએ તોય તે પોતાને જ માર્ગે વળશે. અને વિરૂદ્ધ વલણના એવાં બાળકોના તો હાલ જ થાય છે. તેનો આત્મા રૂંધાઈ જાય છે, અને તે બંડ કરીને પણ પોતાના જ ધોરણે ચાલે છે. ત્યારે એક રીતે તે ઠીક જ છે એમ માન્યા વગર રહેવાતું નથી. બૌદ્ધિક, નૈતિક, કલાત્મક, ધાર્મિક વગેરે બધીય બાબતમાં મૂળ વલણથી વિરૂદ્ધના વાતાવરણમાં જબરદસ્તીથી બાળકને ધકેલવામાં આવે છે ત્યારે તે બાળકની વેદના અને દયાણ ઘણું હૃદય વિદારક હોય છે. તેવે વખતે એમ લાગે છે કે ભાંગમાં તુળસી ઉગેલી છે તો તેને તુળસી સમજી ઉગવા દેવી કે ગુલાબનાં ક્યારામાં કાંદો ઉગેલો છે તો તેને બરાબર કાંદો જ થવા દેવો આમાં જ શિક્ષક–ગુરૂ

[illegible] [illegible]

અને વડીલોની પ્રતિકૃતિ છે. એટલે કોઈ પણ શાળા, આશ્રમ વગેરે સંસ્થાઓ, અમે બાળકોને આમ બનાવનાર છીએ અને તેમ બનાવનાર છીએ અને આમ ચારિત્ર્ય ઘડાય છે વગેરે બડાશ હાંકે ત્યારે તે મિથ્યા બકવાદ છે. માત્ર એટલું જ નહિ પણ મૂળ વલણથી વિરુદ્ધ જઈ, બાળકો જેવાં બનવા ઇચ્છે છે તેના કરતાં જુદાં બનાવવા માટે જે કોઇ પ્રયત્નો કરે છે તે બાળકો પર જુલમ કરે છે અને તે તેમને પૂરેપુરું નુકસાન કરે છે. જે માતપિતા પોતાના બાળકને પોતાની કલ્પના પ્રમાણે કાંઇક બનાવવાની ઇચ્છા રાખે છે તેઓ પોતાના બાળકોને ભયંકર અન્યાય કરે છે અને તેને ગંભીર નુકસાન પહોંચાડે છે. જે બાળકો મોજીલાં હોય તેવાંઓને ગુરૂકુલ અથવા આશ્રમમાં મોકલવાં એ તેમના આત્માની કચુંબર કરવા જેવું પાપ છે એવું માતાપિતાએ સમજવું જોઇએ. આ પ્રમાણે જ દરેક બાબતો સમજવી.

આ પ્રમાણે ઉપર ઉપસ્થીત કરેલા બેય પ્રશ્નોનો ઉત્તર નકારમાં આવે છે. એક તો અમે બાળકોને આમ હુશિયાર કરીએ છીએ, તેમ કળાવાન કરીએ છીએ, આમ ચારિત્ર્ય ઘંડાએ છીએ વગેરે કહેવું જ મિથ્યા છે. એવા પ્રયત્નો બાળક માટે હિતાવહ ન હોઇ તેમના મૂળ વલણ પ્રમાણે અનુસરવા દઇ તેનો વિકાસ થવા દેવો એ જ દૃષ્ટિ અને હિતાવહ છે.

આગળનો પ્રશ્ન ઉકેલીએ તો શાળા ઉત્તમ છે એટલે શું? તેની ઉત્તમતા કઇ બાબતમાં છે? તેની ઉત્તમતા, મૂળ વલણને યોગ્ય દર્શક બની, તે દિશાએ બાળકને વાળી દે અને તે દિશામાં પૂર્ણ વિકસિત થવા સલાહ દે એમાં જ છે. બાળકનો પ્રાણ ઓળખવો અને વધારવો એમાં જ શિક્ષકની ઉત્તમતા છે.

કેટલાંક બાળકો સમાજ સેવકના બીજ લઈને જન્મે છે. નાનાં ૩ થી ચાર વર્ષના કુમળા બાળકમાં કયાંક સમાજ સેવાનો અંકુર ફુટેલો અને તે બરાબર પલ્લવિત થયેલો જોવામાં આવે છે. પોતાના અભ્યાસ કરવા ઉપરાંત કોઈ બાળક રડતું હોય તો તેને સમજાવવું, કોઇએ કાંઇ ફગાવી દીધું હોય તો તેને શોધવું, કોઈને કાંઈ ઉંચકતાં ન આવડે તો તેને મદદ કરવી એમાં જ તેનો આત્મા પરોવાયલો હોય છે. બીજાની આપત્તિ જોઈને તે કકળી ઉઠે છે. તેવાને તેવું પુણ્ય કામ કરવાનો અવકાશ ન આપતાં લખવા બેસાડવો, આંક લખવા કહેવું એમાં તો શિક્ષક પોતાના કર્તવ્યમાંથી ચૂકે છે એમ કહેવું જોઇએ. કેટલાંક બાળકો કલાકારના અંકુરો લઇને જન્મે છે. તો તેની વૃત્તિ ન સમજતાં હમેશા વાચનાલયના પુસ્તકોમાં તેને ડુબાડી દેવામાં આવે છે, એ પ્રમાણે કોઇ લેખક–લેખિકા હોય છે તો પોતાની શાળામાં કોણ કલાવાન છે, પંડિત કોણ છે, વ્યવહારકુશળ અને કામ પાર પાડનાર કોણ છે, અને ગણિત વગેરેમાં કોણ ઉંડો રસ લે છે તે ઓળખીને તેને તે પ્રમાણે પોતાના વિષયમાં પ્રવીણ થવાનો અવકાશ આપવો એ જ શાળાની ઉત્તમતા છે.

બીજું જે રીતે શારીરિક, માનસિક, નૈતિક વિકાસને યોગ્ય હોય તેવું વાતાવરણ ઉત્પન્ન કરી તેનાં બીજ ઉત્તમ પ્રકારે પોષવામાં આવે એમ કરવામાં શિક્ષકની કુશળતા છે. તેજ રીતે બાલવિકાસને આડે આવનાર બાબતોને સમજી તેને દૂર કરવી અને બાળકનો માર્ગ સરળ કરી આપવામાં પણ શિક્ષકનું કૌશલ્ય છે. પ્રસંગોપાત કોઈ પ્રકારની વિકૃતિ ઉત્પન્ન થતાં તેનું તરતજ નિદાન કરી, તેનો ઉપાય કરવો એ શાળાનું એક મોટું અને મહત્વનું ક્ષેત્ર છે. કેટલાંક બાળકો હઠીલાં હોય છે, કેટલાંક બાળકમાં અસામાન્યિક ગુણ નજરે પડે છે, કેટલાંકમાં અનૈતિક વલણ દેખાય છે તે વખતે જ સમજીને તેનો યોગ્ય ઉપાય કે ઉપચાર કરવાથી બહારની વિકૃત્તિ હશે તો

બાત્રીથી દૂર થશે. પ્રથમથી આનુવંશિક અથવા જન્મની ખોડ હશે તો તે માત્ર શાળાના થોડા સમયના સંસર્ગથી કે ઉપાયથી તે નષ્ટ થવાની નથી, કયારેક તો તે બિલ્કુલ નષ્ટ થતી જ નથી. તેવા કિસ્સાઓ છોડી દઇએ તો સામાન્ય બાળકોના માર્ગમાં શારીરિક શરદી સળેખમ જેવી કોટિની માનસિક વિકૃતિઓનો શાળામાં ઉપચાર થઈ શકે ખરો. આ અત્યંત મહત્ત્વનું ક્ષેત્ર છે. આ બાબતો પૂરતો હજી શાળાઓમાં પૂરે પુરો અભ્યાસ થયો નથી અને એ તરફ લક્ષ પણ અપાયું નથી.

ત્રીજું મહત્ત્વનું ક્ષેત્ર એટલે કે કાયમની વિકૃતિ હોવાના પ્રસંગો બાહ્ય વાતાવરણમાંથી કુમળી વયમાં ઘણીય વાર બાળકોમાં આવે છે. ખાસ કરીને inferiority complex વગેરે ઉત્પન્ન થવું વગેરે પ્રકાર શિક્ષકે જો જાગૃત હશે તો ટાળી શકશે. અર્થાત આ બાબતમાં ઘણાય તત્ત્વો કામ કરતાં હોય છે. તેમાંની શાળા પૂરતી જવાબદારી શિક્ષક લઇ શકે છે. સિવાય ઘરના વાતાવરણ સંબંધી પાલકોની તૈયારી હોય તો સૂચના આપી શકાય છે. કંઇક અંશે તો આ વિકૃતિથી બાળકને બચાવી શકાય છે. પરંતુ આ ક્ષેત્રમાં કામ કરનાર શિક્ષકે જુદી રીતે અભ્યાસ કરવાની જરૂર છે. તેની પરીક્ષા અને પરિણામ પર કેન્દ્રિત થયેલી દૃષ્ટિ, બાળકના વિકાસ પર કેન્દ્રિત થવી જોઇએ અને બાળકના પાલકોએ પણ એનું મહત્ત્વ સમજવું જોઈએ.

એકંદરે જોતાં શાળાનું એટલે શિક્ષણનું ક્ષેત્ર ઘણું મર્યાદિત છે એ ખરૂં છે છતાં તેનું ઘણું મહત્ત્વ છે. યોગ્ય રીતે થતા બાલવિકાસમાં એ મદદરૂપ અને ઉપકારક થઇ શકે જ એમાં કાંઇ સંદેહ નથી.

તા.

સુમનનું ગર્વહરણ

સુમનને આજે શાળામાં જતાં મોડું થયું; વર્ગ ભરેલો હતો. અભ્યાસ શરૂ થઈ ગયો હતો.

સુમન અચકાતાં અચકાતાં પોતાના બાંકડા પાસે જઇ બેઠી. પરંતુ પોતાનો હાથમાંનું મોટું પડીકું બાજુમાંની સખીને બતાવ્યા સિવાય તેનાથી રહેવાયું નહિ. થોડીક ક્ષણોમાં આખા વર્ગમાં એકમેકની સામે પડીકાં બાબત તારામૈત્રક શરૂ થયું. વર્ગ ચાલુ હોવા છતાં બધાંએ માની લીધું કે આજે સુમન પાસે પેરૂ અને બોર છે. અને આજે બપોરની છુટ્ટીમાં તેની સખીઓ ઝાડ નીચે જયાફત કરનાર છે. નલિનીએ સુમનને તરતજ પોતાને ઘેર રમવા આવવા માટે આમંત્રણ આપી દીધું. રસીકાએ પોતાના હાથ-માંનું ઘડીઆળ તેને સાંજ સુધી હાથમાં પહેરવા આપ્યું, સુહાસિનીએ તેને દાખલાના જવાબો કહેવાની લાલચ આપી. પણ સુમનનું નાકનું ટીચકું તરતજ ચઢી ગયું અને સુહાસિનીને કહ્યું: "તુંજ મને બોલવતી કેમ? કે હું બીજાંના પેરૂ બાઉં છું. પોતે તો કયારેય લાવતી નથી. હવે હું તને આપું છું! રાહ જો જે!"

સુહાસિનીને ભારે અપમાન લાગ્યું. "ઠીક, ઠીક. ના બોલજે. હું કાંઇ ભિખારી નથી કે લોકો પાસે માગું. મારે કાંઈ તારા પેરૂ જોઇતાં નથી" આમ સામસામી બોલચાલ થોડો વખત ચાલી પછી બધું શાંત થઈ ગયું.

તેજ દિવસે કોઈ મોટા ગૃહસ્થ શાળાની મુલાકાતે આવેલા. તેણે સુમનના ઘણાં વખાણ કરેલાં. સુમનનાં ચિત્રો તથા નકશાની રેખાઓ ઘણાં જ સુંદર-સ્વચ્છ હતાં. પરંતુ આજની બોલાચાલી પછી સુમનનાં વખાણ સુહાસિનીને અસહ્ય થઇ પડ્યાં. આ વાત સુમને જાણતાં તે રોજ કરતાં કાંઈક વધુ તોરથી અને અભિમાનથી

આમતેમ ફરવા લાગી અને પોતાનું કાંઇક સ્વમાન છે એમ માનતી. સુહાસિની તે જોઇને ખરેખર બળીઝળી થઇ જતી. તેણે દાખલો બતાવવાનું બહાનું કાઢી માસ્તરના કાનમાં કાંઇક ધીમેથી કહ્યું. શાસ્ત્રીજીને બોર પેરૂ વગેરે વસ્તુઓ પર ઘણી ચીઢ હતી, શાસ્ત્રીજીએ આવી વસ્તુઓ કોઇએ પણ વર્ગમાં લાવવી નહિ એવો નિયમ કરેલો અને આ નિયમ બહુ કાળજીપૂર્વક અને સખ્તાઇથી તે પળાવતા. ત્યારથી આજ સુધીમાં શાસ્ત્રીજીને કોઈ નિયમ ભંગ કરનાર મળેલું કે નહિ તે તો કોણ જાણે. સુહાસિનીને લાગ્યું કે આજે શાસ્ત્રીજીને કાંઈ ઠીક નથી એટલે તે હવે ખૂબ ગુસ્સામાં ચીઢાઇ જશે એવી તેને ખાત્રી થઇ ગઈ.

સુહાસિની તરતજ પોતાની જગાએ આવીને બેસી ગઇ. શાસ્ત્રીજીએ એકાએક સોટી ટેબલ પર પછાડી. અવાજ સાંભળતાં પચાસેક ગભરાયલી આંખો શાસ્ત્રીજીના ચહેરા તરફ વળી.

"સુમન આમ આવ!" સુમનની છાતી ધડકવા લાગી કારણ કે પોતે પેરૂ અને બોર લાવી છે તે તેને યાદ આવ્યું.

"તારા ટેબલમાંના પેરૂ અને બોર અહિં લાવ." સુમન પેરૂ લેવા પોતાના ટેબલ પાસે આવી. બાજુમાંની સખીએ સાત આઠ પેરૂ સંતાડવાના ઇશારા રૂપ સુમનને જરાક ધક્કો મારી જોયો. સુમને જાણે તે ન સમજતાં આખી થેલી લઇ જઈ શાસ્ત્રીજીના ટેબલ પર મૂકી. સુમનને એમ ખાત્રી હતી કે આવાં તાજાં પેરૂ જોઇને શાસ્ત્રીજીનું મન બદલાઈ જશે અને છુટ્ટી વખતે થેલી પાછી આપશે.

પેરૂની ખાટી વાસથી શાસ્ત્રીજીનું માથું એકદમ ફરી ગયું અને એ બાબતને મૂળમાંથી નષ્ટ કરવાનો તેમણે નિશ્ચય કર્યો.

"બસ, આટલાં જ છે કે?"

"હા, લગભગ એટલાં જ છે."

"લગભગ કેમ? તારા ટેબલમાંના બધાંય લઈ આવ. બધાં લાવી કે બીજાં છે?"

"નથી જી."

"સાચું બોલે છે?"

"હું કયારેય ખોટું બોલતી નથી."

"એમ!!"

"હવે આમાંથી બબ્બે લઈ બારણાં બહાર ફેંકી દે."

આ સાંભળી વર્ગમાંથી દબાતો પણ એક ખુલ્લો સીસ્કારો સંભળાયો. સુમનને બાર વખત ટેબલ અને બારણા સુધીના ફેરા થયા. શાળાના બારણાં બહાર રસ્તા પરના છોકરા આનંદથી નાચવા લાગ્યા. સુમનને પેરૂ બહાર ફેંકતી જોઈને કેટલીક છોકરીને આંખમાં આંસુ આવી ગયાં. સુમન જ્યારે બધાંય પેરૂ ફેંકી રહી ત્યારે શાસ્ત્રીજીએ તેને ટેબલ પાસે ઉભી કરી અને કહ્યું "મારો નિયમ તોડે તે મને બીલકુલ પરવડે એમ નથી. ચાલ હાથ આગળ ધર."

સુમન ડધાઇ ગઈ. બંને હાથ પાછળ લેતાં તેણે શાસ્ત્રીજી તરફ દયાર્દ્ર અને ધીક્કારપૂર્ણ એક નજર ફેંકી. શાસ્ત્રીજીએ સોટી જરા પાછળ લીધી. હોત ત્યાં વર્ગમાંથી બીજો ધીક્કારપૂર્ણ સીસ્કારો સંભળાયો. જો કે એ સીસ્કાર નરમ છતાં શાસ્ત્રીજીનું મગજ ગરમ કરવા પૂરતો હતો.

"ચાલ, હાથ આગળ ધર!"

સુમને દાંત કચકચાવી હોઠ દબાવી મજબુત મનથી સટોસટ પડનારી સોટી સહન કરવા તૈયારી કરી લીધું. સુમનના નહાનકડા આયુષ્યમાં માર ખાવાનો આ પહેલો જ પ્રસંગ હતો. માર ખાતાં થયેલું અપમાન તેની આંખોમાં નજરે પડતું હતું.

શાસ્ત્રીજીનો ક્રોધ આટલેથી શાંત ન થયો. તેણે હુકમ કર્યો "છુટ્ટી પુરી થાય ત્યાંસુધી બાંકડા પર તારે ઉભા રહેવું. શાસ્ત્રીજીએ શાસ્ત્રાજ્ઞા બરાબર પળાવવા માટે એક જ વખતે એવી શિક્ષા કરી કે તેવો અપરાધ ફરી બનવા ન પામે.

સુમન તો સોટીનો માર ખાતાં જ એકદમ અસ્વસ્થ થઈ ગયેલી ત્યાં એક કલાક ઉભા રહેવાની વધારે શિક્ષા થતાં તો બસ હદ જ થઈ ગઈ. તે ડ્રુસકે ડ્રુસકે ખૂબ રડી; પરંતુ પોતાના પર અત્યાચાર થાય છે ત્યારે સુહાસિની જેવી પોતાની શત્રુ મગ્ન થાય છે એ વિચારે તે પુનઃ સ્થિર થઈ અને સામેની દિવાલ પ્રત્યે જોતી બાંકડા પર ઉભી રહી. તે એવી સ્તબ્ધ રીતે કઠોરતાથી ઉભી રહી કે બાજુની છોકરીઓનું લક્ષ અભ્યાસમાં લાગતું ન હતું. તે વખતે સુમનને જન્મભર યાદ રહે એવો અનુભવ મળ્યો. બીજાં ઓને મન આ તો રોજનો અને સામાન્ય અનુભવ હતો. પરંતુ સુમનને માટે એ અત્યંત કઠોર હતો. કારણ કે તેની દશ વર્ષની ઉંમરમાં આવું અપમાન કદીય સહન કરવાનો પ્રસંગ બન્યો ન હતો. તેના માતપિતા વગેરે વડિલોએ તેને પ્રેમપૂર્વક ઉછેરેલી. પોતાના ઘરે જઈ બીજાં બધાંઓ મારી માને અને બહેનને આ બધું કહેશે એ વિચારે તેના હાથનું અને મેનનું દુઃખ ઘણું વધી જતું.

તે સ્થિતિમાં પંદર મિનિટ પસાર થતાં તેને એક કલાક જેટલી લાગી. છુટ્ટી પુરી થતાં ઘંટ વાગ્યો.

શાસ્ત્રીજીએ કહ્યું "સુમન નીચે ઉતર" સુમને તિક્ષ્ણ અને ધિક્કારપૂર્ણ દૃષ્ટિએ શાસ્ત્રીજી તરફ જોયું. આ દૃષ્ટિ તે કેટલાય દિવસ સુધી ભૂલી શકે એમ ન હતું.

સુમન એકદમ પોતાના ટેબલ પાસે ગઈ. પોતાની જે વસ્તુઓ હાથ લાગી તેનો ગોટો વાળી લઈ ઘેર આવી.

સુમનને આવી સ્થિતિમાં ઘેર આવેલી જોઈને બધાંને અજાયબી થઈ. તેની બહેને તેના હાથે બધે તેલ લગાડ્યું. માએ માથું અને આખું શરીર દબાવી જોયું. તેની વચલી બહેનને શાળામાં જઈને માનો પત્ર શાસ્ત્રીજીને આપવા અને જે કાંઇ વસ્તુ શાળામાં રહી ગઈ હોય તે લાવવા માટે મોકલી. થોડા સમય બાદ સુમન ફડફડતી બોલવા લાગી "મને લાગે છે કે બધીય છોકરીઓએ તે શાળા છોડી દેવી. મારાં આવાં મઝાનાં પેરૂ ફેંકી દીધાં એટલે શું? એવો તો ગુસ્સો આવે છે તે શાસ્ત્રી પર."

તેની માનો કડક સ્વરમાં જવાબ આવ્યો કે "તારાં પેરૂ ફેંકાવી દીધાં તેથી મને જરાય ખરાબ લાગતું નથી. જાણી બુજીને નિયમ ન પાળવા માટે તને બરાબર શિક્ષા થવી જરૂરી હતી." ઘરમાં તો બધાંની મારા પ્રત્યે સહાનુભૂતિ છે જ એમ માનતી સુમન માતાનો આ જવાબ સાંભળી સમસમી ગઈ.

"એટલે શું? મારૂં આવું ભયંકર અપમાન આખા વર્ગ સામે થયું તે બરાબર છે એમ લાગે છે?"

"અપરાધીને શિક્ષા કરવાની આ રીત મને પસંદ નથી. પણ કદાચિત તારા જેવી ગર્વિષ્ટ છોકરીને એકાદ મઝાનો ધડો મળવો જોઈએ. નહિં તો તને તારા ગુણોનું મિથ્યાભિમાન વધી જાત. ઉત્તમોત્તમ ગુણનું પણ અભિમાન નકામું હોય છે."

સુમન મનમાં વિચારવા લાગી. તેણે પોતાના પ્રત્યે માતાની સંપૂર્ણ સહાનુભૂતિ અને શાસ્ત્રીજી પ્રત્યે સંપૂર્ણ નિંદાની અપેક્ષા રાખી હતી. પરંતુ માતાનું આવું બોલવું સાંભળીને તે વિચારમાં પડી. તેને જે એમ લાગતું હતું કે શાસ્ત્રીજીનો જ બધો દોષ છે અને પોતાનો કાંઈ જ નથી તે હવે એમ ન લાગતાં પોતાની જ ભૂલ હતી એમ તેને ધીમે ધીમે સમજાયું. માતાનું બોલવું હવે તેને સાચું લાગવા માંડ્યું. આવા વિચારની પરંપરામાં તે નિદ્રાવશ થઈ.

[અંગ્રેજી ઉપરથી] તા.

બાળકોની મારામારી

નાનાં બાળકોની અમારી શાળા.

હમેશ એકાદ મારામારી તો સાંભળવામાં આવતી અથવા નજરે પડી જતી.

હમેશ અમે તેમને છોડાવતા. રોજ તેમને કહેતા "આવી મારામારી ન કરો, પણ બધા જાુએ એમ કુસ્તી કરો."

તદ્દન નાની મારામારી હશે તો "મારામારી નહિ કરો" કોઇને "મારવું નહિ" એટલુંજ કહેતા.

પણ રોજ એકાદ મારામારી અથવા ધેકાધેકી કે ચિમટાચિમટી તો હોય જ.

ઘરમાં સુદ્ધાં જ્યાં ઘણાં બાળકો હોય ત્યાં પણ આવો જ પ્રકાર ચાલતો હોય છે.

આપણા સુધરેલા સમાજમાં મારામારી એ જંગલી અવસ્થાનું ચિન્હ મનાય છે. આપણે બાળકોને "મારવું નહિ" એમ શિખવીએ છીએ. તે શિખામણ કેટલાંક બાળકોને ગળે ઉતરે છે. કેટલાંકને ધીમેધીમે ગળે ઉતરે છે. પણ કેટલાંક બાળકો તો તે કદીય માનતાં નથી. કેવળ સશક્ત બાળક જ બીજાને મારે છે એમ નથી. સશક્ત કે બીજાના કરતાં મોટું હોવાથી તેનામાં મારવાની શક્તિ હોય એવાં જ બાળકોને એ વાત ગળે ઉતરતી નથી એમ પણ નથી. કેટલીકવાર મોટું બાળક માર ખાય છે અને નાનું બાળક તેને મારતું હોય છે. એવું તો અમારી શાળામાં ઘણીય વાર જોવામાં આવે છે કે મોટું અને સશક્ત બાળક હોવા છતાં માર ખાઇને તકરાર લઇને આવી કહે છે કે "અમુક બાળકે મને માર્યો." ત્યાં એકાદ જબ્બર પહેલવાન બાળકે મોટા બાળકને મારવા તૈયાર થાય છે.

સુધરેલા સમાજમાં મારામારીને જંગલી વર્ણવી આજ કેટલાય શતકોથી આપણા સુબોધમાંથી કાઢી નાખી છે. છતાં અત્યારના ઘણા જ સુધરેલા, સુવિધ, સુસંસ્કૃત રાષ્ટ્રોમાં અહિંસા વૃત્તિ દેખાતી નથી. ઘડીના છઠ્ઠા ભાગમાં કયારે યુદ્ધ જાગશે એનો કોઈ નિયમ નથી એમ પ્રત્યેકને લાગે છે, અને તે પ્રમાણે પ્રત્યેક રાષ્ટ્ર હિંસા માટેની મોટી તૈયારી કરતું ગયું છે. શાસ્ત્રજ્ઞોના જ્ઞાન અને પ્રયોગનો; બાનગી રીતે બીજાનો જીવ કઈ રીતે લઈ શકાય, સેંકડો અને હજારોની સંખ્યામાં માણસોનો સંહાર કઈ રીતે થઈ શકે એવી શોધ કરવામાં ઉપયોગ અને બ્યર્થ પુષ્કળ થાય છે. યુદ્ધ જાગતાં ઉત્પન્ન થયેલા હિંસાના ગરમ વાતાવરણમાં પણ પોતાની પ્રયોગ-શાળામાં નવી શોધો કરવી, પોતાના કારખાનામાં ક્રૂર હિંસાની તૈયારી કરાવવી તૈયાર થયેલા ગૅસનું અથવા ટૅંકનું અથવા લડાયક જહાજનું ગૌરવભર્યું વર્ણન વર્તમાનપત્રોમાં આપતાં વાચકો તે ઉત્સુકતાથી વાંચે છે અને તે આપણા પોતાના દેશનું છે એમ માની સંતોષ અનુભવે છે. આનો અર્થ એજ કે આપણો સુધરેલો સમાજ હજી પણ જંગલી અવસ્થામાં છે. સારાંશ કે ઘણી જ સુધરેલી માનવજાત હજીય ઘણી જંગલી અવસ્થામાં છે.

પરંતુ માનવ મન ઘણું ચમત્કારિક છે. રાષ્ટ્ર રાષ્ટ્રની અંદરનો ભયંકર સંહાર તેમને કબુલ છે, પરંતુ માણસ માણસમાં એક બીજાનો જીવ લેવો તે અથવા તો એક બીજાને શારીરિક ઇજા કરવી એ સુદ્ધાં આપણા મનને આઘાત કરે છે. કાયદાથી અથવા સત્તાધારીઓએ કરેલી હિંસા જ ફક્ત આપણને માન્ય હોય છે. બીજાઓને જેનો હક્ક નથી એ અમાન્ય છે. ઘરમાં માતાપિતા અથવા બીજા વડિલોને બાળકને શિક્ષા કરવાનો હક્ક છે, એટલે તેમની શિક્ષા–માર–માન્ય કરીએ; પણ

બાળકોને તેવો હક્ક નથી તેથી તેમની મારામારી અમાન્ય. તેથી જ આપણે બાળકોને મારામારી કરવી નહિ એમ હમેશા કહીએ છીએ. મારામારી કરનાર બાળકને ખરાબ અથવા મસ્તીખોર સમજીએ છીએ. અને બાલસમાજમાં તેને મસ્તીખોર કહી તેની નાલેશી થતી રહે છે.

આપણે પોતાના કાયદાથી અથવા વિચારોથી નક્કી કર્યું હોય છે તે પ્રમાણે બાળક સમજી શકતું નથી. તેની કલ્પનાશક્તિ, ભાવનાનો આવેશ વગેરે વગેરે જીવન પ્રવાહ સાથે આગળ વધતાં જાય છે. સમૂહમાં જીવતા રહેવામાં આપણા પોતાનું શરીરરક્ષણ કરવું, પોતાનું કાંઇક માન હોવું જોઈએ અર્થાત અપમાનનો પ્રતિકાર કરવો એ તેમાંના મહત્ત્વનાં તત્વો હોય છે. આ પ્રકારે કેવળ Defensive એટલે કે રક્ષણાત્મક બાજુથી જ જીવન પ્રવાહ વહે છે એમ નથી. આ સિવાય તેની ઉપર પોતાનું વ્યક્તિત્વ પ્રસ્થાપિત કરવાનું પણ હોય છે. અંતરની વધતી ભાવનાઓ, બુદ્ધિશક્તિ અને ક્રિયાશક્તિના નવા સ્ફુરતા વિચારો બહાર ફેલાવવાના હોય છે. આપણા કુટુંબમાં કે આપણાં સમુહમાં કહો કે સમાજમાં આપણું પોતાનું ચોક્કસ સ્થાન મેળવવાનું હોય છે. બાળકના જીવનની આ અત્યંત મહત્ત્વની બાબત છે. આપણે કહીએ છીએ કે બાળકને આંક આવડ્યા, સવાયા પૂરા કર્યા, હવે ગુણાકાર ભાગાકાર કરે છે, હવે અંગ્રેજીની એ, બી, સી, ડી, સુદ્ધાં આવડી વગેરે પ્રકારની પ્રગતિ–અપ્રગતિ જોઈને આપણે ખુશ–નાખુશ થઈએ છીએ. પરંતુ બાળકોનો પોતાનો જીવનપ્રશ્ન તો નિરાળો જ હોય છે. અર્થાત આપણે પોતે અને શાળાઓના શિક્ષકો તેના પર લાદેલી બાબતોથી તેઓના એક મૂખ્ય પ્રશ્ન રૂપ બની ગયા હોઈએ છીએ. તેના વ્યક્તિત્વ સ્થાપનમાં આડે આવનાર આપણે મોટેરાંઓ તેના જીવનમાં કદીય ન ઉકલનારો એક ગૂઢ પ્રશ્ન થઈ પડીએ છીએ.

બાળક ઘણી વાર વિચારમાં પડે છે કે, આજ ક્રીડાંગણ પર અમુકે મારા હાથમાંથી બેટ ખેંચી લેતાં કહેલું કે "અરે બસ કર તારી રમત. તું શું એમ સમજે છે કે તું નાયકુ છે? એવું બધું સારૂં રમે છે કે બેટ નીચે મૂકતો નથી?" અને હું આઉટ ન થયો હોવા છતાં મને રમતમાંથી કાઢી મૂક્યો. બીજાં બાળકો આ જોઈને ખડખડ હસી પડેલાં. પછી રમત શરૂ થઈ. હવે એ અમુકને શું કરવું? કાલે એને જોતાં જ એની આંખો ફોડી નાખવી જોઈએ. પણ તે કેમ બને? તે મારાથી બે વર્ષે મોટો છે તો હું તેને મારીશ કે તે સામો મારશે. પણ ઉપરથી માસ્તરને કહીને માસ્તર પાસે તેને માર મરાવીશ. શું કરવું? બાળકને આમ ચેન પડતું નથી. ઘરમાં મા નહિ તો કોઈ વડીલ "તેં શું વાંર્યું? બતાવ! વાંચવા બેસ" વગેરે વિચારતાં એને ત્રાસ છૂટે છે. બાળકનો પ્રશ્ન ઘણો તીવ્ર થતો જાય છે. તે વધારે ને વધારે મારામારી કરવા પ્રેરાય છે. અને ઘણી વખત એક કહેવત પ્રમાણે અમુક ના બદલામાં તમુક સાથે અથડાઈ પડે છે અથવા શાળાના બીજા કોઈ નાના બાળક સાથે પણ લડી પડે છે.

બીજી એકાદ છોકરીની વાત લઈએ. ઉંમરમાં પોતે નાની છે. હજી પૂરાં પાંચ વર્ષ પણ નથી થયાં. ઘરમાં પોતાના સિવાય બીજાં નાનાં બે બાળકો પણ છે. પેલાં બાળકોને માતપિતા બહુ લાડ લડાવે છે. તે જોઈને છોકરીને પોતે ત્યજાયલી અથવા પદચ્યુત થયેલી લાગે છે. કોઈ મારૂં કાંઈ નથી, કોઈ મને બોલાવતું નથી. પેલાં બાળકો વડીલોનો લાભ લઈને મારા પર શિરજોરી કરે છે તે મારે નીચે મ્હોંએ સહેવી પડે છે. આમ વિચારતાં તે મનમાં અસ્વસ્થ થાય છે. નાના ભાઈને મારે છે. બહેનને બટકું ભરે છે, શાળામાં જરા કોઈ પોતાના કામમાં આડે આવે તેના પર હાથ ઉઠાવે છે. એમ કરતાં તેણે બંડખોર વૃત્તિ

ધારણ કરેલી હોય છે. અને પોતાનું દબાયેલું વ્યક્તિત્વ સ્થાપિત કરવા માટે મારામારીના માર્ગે પળે છે.

બીજો એક નાનો છોકરો છે. ઘરમાં નાની બેન બધાંની લાડકી અને પોતાને બધાં ધુતકારે છે. છોકરીને જરા કાંઈ થતાં બધા બીજાવા લાગે છે. એને પાડી નાખીશ, આમ કરીશ તેમ કરીશ એવા ઉદ્‌ગાર ચાલુ જ હોય છે. જાણે તે કાંઈ ચોર અગર બદમાસ ન હોય તેમ તેના તરફનું વર્તન હોય છે. તેથી તેનો જીવન પ્રવાહ અસ્ખલિત વહેતો નથી. શરીરમાં બળ છે, બુદ્ધિ છે, પણ જગત એને કડવું લાગે છે. ખૂબ તોફાન કરું, બધાંને મારું, નુકસાન કરું, કાંઈ પણ સારું રાખું નહિ એમ તેને થાય છે. એવા વિચાર સિવાય બીજાં બધાં દ્વાર તેને માટે બંધ હોય છે. શાળામાં ઘણાં નાનાં બાળકોનો ભેટો થઈ જાય છે. રસ્તામાં કયાંય સામા મળે અને જરા વાંધો પડતાં મારામારીની શરૂઆત કરે છે. આમ તે મારામારીની શરૂઆત શીખે છે. શાળામાં 'લડાકુ' તરીકે ઓળખાતો થઈ જાય છે. નરમ સ્વભાવનું કોઇ બાળક તેની સામે ઉભું રહેતું નથી. જ્યારે કોઇ સશકત હોય તેની સાથે એને સતત લડાઈ થયા કરે છે.

એક બે નહિ પણ એવા અનેક કારણો મારામારી માટે ઉપસ્થિત થાય છે. એમાંના કેટલાંક સ્વરક્ષણ માટે હોય છે જ્યારે કેટલાંક વિકૃત માર્ગે તાકાતનો પરચો બતાવવા માટેના પણ હોય છે. એકના પ્રત્યેનું વેર બીજાના તરફ વ્યકત થતું જોવામાં આવે છે. કેટલાક દાખલામાં એમ પણ બને છે કે પોતાની તાકાતની ખાત્રી થતાં ક્રમ-તાકાત પર પોતાનું આધિપત્ય સ્થાપિત કરવા માટે પણ આમ બનતું હોય છે.

ઉપર કહ્યા પ્રમાણે આપણો માનવસમાજ માન્ય કરેલી મારામારી સિવાય બીજા માર્ગે થતી મારામારીને જંગલી સમજે છે. મારામારી બીલકુલ કરવી નહિ એવો માસ્તરનો અને ઘરનાં વડીલ મંડળોનો કાયદો હોય છે. અહિં બાળકો ખૂબ ગુંચવણ અનુભવે છે. અંદરનો આવેગ તેને સીધી મારામારી તરફ દોરે છે. સામાજીક પ્રબંધ આ આવેગનું દમન કરે છે. એનો આ આવેગ બહારથી દાબી દેવાય છે પણ અંદરથી મનનો આવેગ વધતો રહે છે.

અહિંસાના સિદ્ધાન્તમાં માની તે પ્રમાણે વર્તનારાં કુટુંબોમાં બાળકોની મારામારીનો આવેશ ઘણો ઓછો હોય છે. કારણ કે તેઓના વડીલ મંડળ તરફના અત્યાચારનો પ્રતિકાર કરવાનો પ્રશ્ન તેમને હોતો નથી. જ્યારે પ્રતિકાર કરવાની રીત એટલે સામે મારવું એ રીત તેમને કદી જોવામાં આવતી ન હોવાથી તેમનું માનસિક વલણ તે તરફ દોરાતું નથી. અત્યાચારની વૃત્તિ મૂળથી જ હોતી નથી. ઘરમાં કે બહાર કયાંયે ગમે તેટલો માર પડે છતાં પોતે સામાને મારીને તેનો પ્રતિકાર કરવો એમ તેને લાગતું નથી. કેટલાકમાં શારીરિક શકિતનો અભાવ હોતાં તેમની એવી વૃત્તિ થઇ જાય છે, જ્યારે ઘણાંને શકિત હોવા છતાં સ્વભાવથી જ તેમને અત્યાચાર અપ્રિય હોય છે. તેની ભાવનાની સંસ્કારિતા જ તેવા પ્રકારની હોય છે.

પણ સામાન્યતઃ બાળક એ માનવજાતીની પ્રાથમિક અવસ્થામાં હોય છે એમ કહેવાય છે. એટલે તેનો આવેગ પ્રાથમિક અવસ્થાના મનુષ્ય જેવો હોય છે. માતા જ્યારે પોતાને અણગમતું કરે અથવા હર વખત પોતાની ઇચ્છાની આડે આવે ત્યારે બાળકને માતા મરી જાય તો કાંઇ વાંધો નહિ એવી ઇચ્છા થાય ખરી. અથવા કોઈ મારી નાંખે એમ પણ ઇચ્છે. મુખ્ય ઉદ્દેશ પોતાનો જીવન-પ્રવાહ અસ્ખલિત ચાલવો જોઈએ એવી બાળકની ખૂબ જ ઇચ્છા હોય છે. અને તેની આડે આવનાર વ્યક્તિને દૂર કરવા માટે જે પ્રવૃત્ત થાય છે. તે જ

પ્રમાણે અત્યાચારનો પ્રતિકાર અત્યાચારથી કરવો એવી મનની સહજ પ્રવૃત્તિ થઈ પડે છે. આ પ્રવૃત્તિ અથવા મનનું વલણ જ્યારે જબરદસ્તીથી દાબી દેવાય ત્યારે તેના જીવનમાં એથી ખરાબ પરિણામ આવ્યા વિના રહે નહિ.

ત્યારે પ્રશ્ન એ ઉભો થાય છે કે, શું બાળકને મારામારી કરવા દેવી, કે મારામારી ન કરવી જોઈએ એમ કહી દરેક વખતની મારામારીને થોભાવી દેવી કે બીજો કોઈ રસ્તો કાઢવો ?

બાળક એકદમ નાનું હોય છે ત્યારે મોટા માણસ તેને "હત્તા" કરતાં શિખવે છે. બાળક ચાલતાં અથડાય કે પડે તો તેને વાગે છે. તે રડવા લાગે છે. મોટા માણસ તેને સમજાવે છે. "અહિં તને આ ખુરસી વાગી કેમ ? ચાલ આપણે તે ખુરસીને મારીએ. હાત રે ખુરસી, મારી બેનને મારીશ હવે ?" અને બાળક પણ આ જોઈ ખુરસીને એકાદ બે વખત "હાત્" કરીને મારે છે, ખુશ થાય છે. એટલે કે જડ વસ્તુ પરત્વેનો અત્યાચારનો પ્રતિકાર કરવાનું આપણે તેને શિખવવાનું શરૂ કરીએ છીએ. તે બાળક બીજા બાળકે જરા કાંઈ પછી કર્યું કે "હાત્" કરે છે. એકાદ વડીલ આવે તો તેના સામે પણ મુઠી ઉગામવા શીખે છે એટલે તે હાથ ઉગામીને "હાત્" કરતાં પ્રતિકાર કરવાનું શિખી જાય છે. ત્યારે આપણે તરતજ એ નિયમ બદલીએ છીએ. બાળકને ધમકાવીએ છીએ કે વડીલો સામે "હાત્" નહિ કરાય. તેમને મરાય નહિ વગેરે. ત્યાર પછી તેજ બાળક ચાર પાંચ વર્ષનું થતાં મારામારી કરવા તરફ દોરાય છે. ત્યારે આપણે મારામારી ન કરવા માટે શિખવીએ છીએ. તો મારામારી કરવી એ અયોગ્ય છે તે આપણને ખરૂં લાગે તો પ્રથમથી જ કયારેય તેને મારતાં શિખવવું નહિ અને કયારેય કોઇને તે મારે તો "મારવું નહિ." એમ જ કહેતાં રહેવું જોઇએ. એટલે કે ન મારવાનું એક જ ધોરણ માત્ર તે બાળકને છેક બાલ્યાવસ્થાથી જ શિખવીએ તો બાળક તે પૂરૂં સમજી શકશે.

કેટલાંક માતપિતાનું ધોરણ બાળપણ અને મોટપણમાં નિરાળું હોય છે. માત્ર બરોબરીઆ પ્રત્યે જ નિરાળું હોય છે એમ નથી. કેટલાક પોતાની આવડત પ્રમાણે અને સમયને માન આપીને ધોરણ બદલતા જાય છે. ત્રણચાર વર્ષના છોકરા અથવા છોકરી પોતાનાથી નાના ભાંઈ બહેનને મારે ત્યારે માતપિતા ગુસ્સે થાય છે અને મારીશ નહિ એમ કહે છે. એટલું જ નહિ પણ ઉપરથી કાંઇક શિક્ષા પણ કરે છે. તે જ વડિલ પાડોશીના બાળકને "મારેલું કે નહિ ? માર ખાઈને કેમ આવ્યો ?" એમ કહીને તેના પર ગુસ્સે થાય છે. ત્યારે બીજાનાં બાળકને મારે તો હરકત નહિ એવું ધોરણ બાંધે છે અને પાડોશી વગેરે કોઇવાર વાતમાં તેના બાળકને માર માર્યાની ફરિયાદ કરે તો પોતાના બાળકને તે વખતે "અરે, મારે છે કે ? હવે મારીશ નહિ, હં." એવી શિખામણ આપે છે. એટલે મારામારીની બાબતમાં આપણા વડીલોનું ધોરણ ચોકકસ નથી હોતું, અગર મારવું કે ન મારવું તે જ આપણાં વડીલો પૂરૂં સમજતાં નથી હોતાં. આપણે બાળક પ્રત્યે કયારેક મારવા માટે ગુસ્સે થઇએ અને કયારેક ન મારવા માટે પણ.

તો સર્વ પ્રથમ મહત્વની બાબત એ છે કે વડીલોએ પોતાનું ધોરણ ચોકકસ કરવું જોઈએ અને તેજ પ્રમાણે બાળકને એક સરખી શિખામણ આપવી જોઇએ.

મારા મતે મારામારીને અત્યાચાર અથવા જંગલીપણું સમજવું અને તેને કદી ઉત્તેજન ન મળવું જોઇએ. હરવખતને માટે નહિ મારવાનું જ ધોરણ ચોકકસ કરવું એજ સારૂં છે. આપણે વડીલ છીએ એટલે બાળકને મારવાનો આપણો હકક છે એમ પોતે પણ સમજવું નહિ.

[અપૂર્ણ] તા.

અભ્યાસ પત્રો

— મેણાં ટોણાં —

એક ટુકડો સરખોયે નાજુક વાસણને તોડી નાખે છે પણ રીઢાં વાસણને સો ટાકેરા મારીએ તો પણ કંઈ થતું નથી. આપણે મોટાંઓ અથડાઈ કુટાઈને રીઢાં થઈ ગએલાં છીએ. નાનાં બાળકો હજી કેવળ નવાં છે, અથડાયાં કુટાયાં નથી અને તેથી તે ઘણાં નાજુક છે.

આપણે જે બધું જોઈએ છીએ કે કરીએ છીએ કે કહીએ છીએ તે આપણી દૃષ્ટિએ કરીએ છીએ. તે વખતે આપણે બીજાની દૃષ્ટિ જાણતા હોતા નથી અગર ભૂલી જઈએ છીએ. આવી ભૂલ બાળકો પ્રત્યે જ્યારે કરીએ છીએ ત્યારે તેમને ભયંકર નુકસાન કરીએ છીએ.

આપણે તો મેણાં ટોણાં ખાઈને મોટાં થઇ ગયાં. એ મેણાંટોણાં જ્યારે આપણા ઉપર વરસતાં હતાં ત્યારે આપણને તે ગમતાં ન હતાં. તે વખતે આપણે મેણાંટોણાં દેનાર ઉપર નારાજ થતા, ગુસ્સે થતા, વખતે વખતે તો મનમાં તેનું બુરું પણ બોલતાં. પણ એમ કરતાં કરતાં આપણે રીઢાં થયાં. રીઢાં થયાં એટલે આપણે ટેવાઈ ગયાં એટલુંજ નહિ પણ મેણાં આપનાર જેવાંજ ઠઠેર, અને અવિચારી બન્યાં. એને પરિણામે મોટી ઉંમરે આપણે બાળકોને મેણાંટોણાં મારીએ છીએ અને તેમના મનને ક્લેશ આપીએ છીએ. જે દુઃખ અને ક્લેશ આપણને થતો હતો તેજ તેને થતો હશે એ વાત આપણે ભૂલી જઇએ છીએ. મોટાં થયાં એટલે આપણી દૃષ્ટિ જ બદલાઇ જાય છે. મોટાં થતાં બાલકની ઉંમરે આપણને શું થતું હતું તે વાત જ આપણા ખ્યાલમાંથી ચાલી જાય છે. આપણે સંભારી રાખવું જોઈએ અને સંભાર્યા કરવું જોઈએ કે આ નાનપણમાં આપણને મેણાં કેવાં ખરાબ અને દુઃખદ લાગતાં હતાં.

વળી આપણને આજે પણ કોઈ મેણાં ટોણાં મારે તો આપણને કેવું લાગે? જેવું આપણને માટે તેવું જ બીજાને માટે આપણે સમજવું ન જોઈએ? આપણે જેવો જીવ છે તેવો જ જીવ બાળકમાં પણ છે એ વાત કદિ ભૂલવી ન જોઈએ.

બાળક હજી તો મેણાંટોણાંમાં બિચારું સમજતું નથી ત્યાં તો આપણી જીભ ચાલવા માંડે છે અને બાળકના મનની સ્થિતિ સમજ્યા વિના તેની મુશ્કેલીઓ સમજ્યા વિના તેને મેણાંટોણાંથી વધાવીએ છીએ. બાળક કંઇ કરવા જાય અને ન થાય, બાળક ચડવા જાય અને પડી જાય, બાળક લેવા જાય અને ઢોળાઈ ફોડાઈ જાય તો આપણે કહીશું 'લે જાને કરવા જતો હતો તે. અમે કહેતાં ન હતાં કે રહેવા દે'. બાળકને કંઇ કહેવામાં આવ્યું અને બાળકે તે જ પ્રમાણે ન કર્યું અને તેથી બાળકને કંઈ નુકસાન થયું અગર ઘરમાં કંઈ નુકસાન કર્યું તો આપણે કહીશું 'એ તો એમ થવાનું જ હતું. અમે તો જોઈ વિચારીને કહેતાં હતાં. અમારું માને કોણ?' આમ કહીને મેણાં મારવાનું આપણે શરૂ કરીશું. વારવાર આપણે બાળકને સંભળાવીએ છીએ. 'યાદ છે ને તે દિવસ મેં ના પાડી'તી. ઘસી ઘસીને ના પાડી'તી છતાં એકનો બે ન થયો ને લ્યો હવે ખાતા જાઓ. આમ થયું એ તેથી થયું?' બાળકના અંગમાં ખામી છે અને તેથી તેનાથી કંઇ નથી બની શકતું તોય આપણે તેને મેણાં મારીશું. બાળકમાં મનની કે શરીરની અશક્તિ છે તો તેનો વિચાર કર્યા વિના આપણે તેને મેણા આપીશું. બાળકે જરાક આપણી વિરૂદ્ધ જવું જોઇએ આપણે એકવાર નહિ અનેકવાર તેની ત્રુટી બતાવીશું. બતાવ્યા જ કરીશું. તે બતાવી બતા-

વીને આપણે તેનું માથું કાણું કરી નાખીશું. ભૂલ થાય જ કેમ એમ કહીને તેને હેરાન હેરાન કરી નાખશું પણ આપણે જ બાળકની નાની ઉંમર અને તેની અનુભવ વિનાની બુદ્ધિ સામે જોતાં નથી. આપણે તો આપણી જ દૃષ્ટિ સામે જોઈએ છીએ.

મેણાંટોણાં બાળકને ગળ્યાં લાગતાં નથી. આપણે બાળકને કંઈ સારૂં આપીને રાજી થઈએ. જેનાથી બાળકો દિનરાત નારાજ થાય, કંટાળે જેને લીધે બાળકો આપણને ચાહતાં મટે તેવું આપણે શા માટે કરવું જોઈએ? બાળકોને મેણાં ન દેવાં એ આપણા હાથમાં છે. આપણે આપણા હાથ રોકી શકીએ છીએ. બાળકોની ત્રૂટીઓ આપણે કેમ દૂર થાય તે જોઈ તેનો ઉપાય કરવો જોઈએ. ન ખાવાનું ખાઈને માંદો પડનારને આપણે છાશ ખાધી તેથી તું માંદો પડ્યો કહે તે સાજો થોડો થશે? છાશ ખવાઈ ગઈ તે ખવાઈ ગઈ. હવે તો ઉપાય કરવો રહ્યો. મેણાં ઉપાય નથી પણ દાઝયા ઉપર ડામ છે. એથી તો દેખીતું નુકસાન છે. બાળકોને સુખી કરવાનો અને આપણે પણ સુખી થવાનો આપણો ઇરાદો હોય તો બાળકોને કદિ પણ મેણાંટોણાં મારવાં નહિ. આપણામાં જે વસ્તુ ખરાબ છે તે આપણે કાઢી નાખવી જોઈએ. નહિ કે આપણે તે વસ્તુ બીજામાં ઘોંચવી જોઈએ.

સ્વ. ગિજુભાઈ

ગામડાંની બાલવાડી

ગયા વખતે બાલવાડીમાં પહેલો વિષય જે સ્વચ્છતા હતો તે કેમ શીખવવો તે કહ્યું. તે એક વિષયમાં ત્રણ ભાગ પડે છે. અને ત્રણે ભાગમાં મળી ૨૫-૩૦ જુદી જુદી ક્રિયાઓ આવે છે. એટલે કે એમાં ઓછામાં ઓછા ૩૦ પાઠો આવ્યા. તે વારંવાર બતાવવામાં અને તે ક્રિયાઓ પર કાબૂ મેળવવા માટે ઠીક ઠીક સમય જવાનો. લગભગ બે વર્ષમાં આ બધી વાત સાધ્ય બનશે. ઉપરાંત તેમાં પ્રવીણતા મેળવવા માટે અને તેની આદત પડવામાં તો સતત કેટલાંક વર્ષો સુધી તે પ્રમાણે કરતા રહેવાની જરૂર ગણાય.

પાઠ કેમ આપવો તે માટે એક દાખલો અહિં આપીએ.

ધારો કે ઝાડુ કાઢવાનો પાઠ આપવાનો છે.

પૂર્વ તૈયારી :

પ્રથમ તેની પૂર્વ તૈયારી બરોબર કરવી જોઇએ. 'લે સાવરણી ને કાઢી નાંખ કચરો' એટલાથી એ પતતું નથી. પહેલાં પાઠની બરોબર તૈયારી કરવી જોઇએ.

તેમાં નીચેની ચીજો જરૂરી ગણાય

(૧) નાની સાવરણીઓ. બાળકોની ઉંમર પ્રમાણે વધુ ઓછી નાની મોટી; વીશેક બાળકો હોય તો આઠેક સાવરણી જોઇએ.

તે બધી સાવરણીઓ બાંધીને પટ્ટી મારીને અથવા સ્ટેન્ડ ઉપર બાંધીથી ટીંગાડી રાખવી. અથવા તો એક પાટિયા ઉપર હારબંધ રાખવી.

(૨) જેટલી સાવરણીઓ તેટલીજ ટીનની સુપડીઓ હોવી જોઇએ. ટીનની સુપડી મોંઘી પડે તો પુંઠાના ટૂકડાઓ રાખવા તેને પણ કાણા પાડી ટાંગી રાખવા. અથવા તો પાટીઆ પર સાવરણી સાથે રાખવા.

સાવરણી સાથે સુપડી હોવી આવશ્યક છે. કારણ સાવરણીથી વાળીને કચરો અહીંતહીં, બારણાં પાછળ અથવા તો પગથિયાં નીચે નાખી દેવાનો નથી હોતો પણ લઇ લેવાનો હોય છે. આ ક્રિયા વાળવાની સાથે જ જોડાયલી હોવી જોઇએ.

(૩) બીજી વસ્તુ કચરાની ટોપલી. ઝાડુ કાઢયું અને સુપડીમાં ભર્યું પણ પછી શું? રસ્તા પર

નાખવાનું ? બારીમાંથી બહાર નીચે નાખવાનું ? બાજુના ફળીમાં નાખવાનું ? નહીં. એ તો કચરાની ટોપલીમાં જ નાખવાનું, એટલે ટોપલી પણ ઓરડાના ખુણામાં અવશ્ય હોવી જોઈએ.

(૪) હાથ ધોવાની તૈયારી. કચરો કાઢી, ભરી, ટોપલીમાં નાખીને તરત હાથ ધોવા જ જોઇએ અને તે રૂમાલથી લૂછી નાખવા જોઈએ.

(૫) બે અઢી વર્ષનાં બાળકોને પાઠ આપવો. હોય તો ઓરડીમાં દેખાય અને લઈ શકાય એવો કચરો રાખી મૂકવો. તદન નાનાં બાળકોને ઝાડુ કાઢીને થોડી ધૂળ નીકળે તો તે કાઢતાં પણ નથી આવડતી અને ભરતાં પણ નથી આવડતી; એટલે થોડી રેતી, કાગળના ટુકડા; શાકભાજીના ડીંટિયા વગેરે દેખાય અને લઇ શકાય અથવા તો વાળી નાખી શકાય એવો કચરો નાખી રાખવો. માત્ર એટલું જ કે આ કચરો ખૂબ જ ન હોવો જોઇએ. કચરો કાઢીને જગ્યા તદ્દન સાફ કરવાની હોય છે. તે સાફ કરતાં કરતાં જ નાકે દમ આવે એટલો કચરો ન નાખવા.

(૬) બાળકોને બેસવાની જગ્યા તૈયાર રાખવી. તેઓને વ્યવસ્થિત બેસીને બધી ક્રિયા જોવા મળે તેવી વ્યવસ્થા રાખવી.

પાઠ :

બાળકોને લાવીને જગ્યાએ બેસાડવાં. તેઓને કહેવાનું કે આ ઓરડાનું ઝાડુ કાઢવાનું છે. ઓરડામાં ખૂબ કચરો છે. આમ કહીને આ કચરો કચરો, આ કચરો એમ કાગળના ટૂકડા, રેતી વગેરે દેખાડવાં. બાળકોને પૂછવું જેને જેને કચરો દેખાય તેઓ હાથ ઉંચા કરે. પછી એકાદને પાસે બોલાવી કચરો દેખાડવા કહેવું. આ બધું પહેલી બે મિનિટોમાં. આ પ્રસ્તાવનામાં પંદર મિનિટો કાઢવાની નથી.

હું સાવરણી લાવું છું.
હું સુપડી લાવું છું.
હું કચરો કાઢું છું.

આ બહિનો કચરો સાફ કરું છું. એમ કહી એક ભાગમાંથી કચરો કાઢવો.

આ જુઓ કેટલો કચરો કાઢયો ?
હવે કચરો ભરું છું.
જુઓ સુપડીમાં કેટલો કચરો છે.
હવે કચરો ટોપલીમાં નાંખું છું.

જેને વાળવું હોય તેઓએ હાથ ઉંચો કરવાનો. હું જેનું નામ બોલું તેણે આવીને ઝાડુ કાઢવાનું.

(સમજો કે વીસમાંથી દસે હાથ ઊંચા કર્યા તેમાંથી એકનું નામ લેવું. હમેશાં એકજ આગળ આગળ આવ્યા કરતા બાળકને પસંદ ન કરવો. તેજ પ્રમાણે પહેલી જ વાર આગળ આવતાં શરમાય તેવા બાળકને ન લેવો. તેજ રીતે બહુ નાનો બાળક હોઇને આગળ આવે જ નહિ એની પસંદગી પણ ન કરવી)

ચાલ વિનુ;
વિનુ સાવરણીથી વાળે છે.
વિનુ કચરો ભરે છે.
વિનુ કચરો નાખે છે.
ચાલ નીમુ,
નીમુ કચરો કાઢે છે.
નીમુ કચરો ભરે છે.
નીમુ કચરો નાખી દે છે.

આમ કરતાં કરતાં આખી ઓરડી વળાઇ રહે એટલે ઓરડીમાં હજી કચરો રહ્યો છે કે નહીં તે જોવા માટે બે બે જણાને બોલાવવા. હોય તો આપણે કાઢી નાખવો.

હવે ઓરડી સાફ થઇ ગઈ.
સાવરણી જગ્યા ઉપર.
ટોપલી જગ્યા ઉપર.
હવે હાથ ધોવાના.
પછી હાથ ધોવાનો કાર્યક્રમ થશે.

હાથ લૂછવાના—
અને પાઠ પૂરો થશે.

વસ્તુ જગ્યા પર મૂકી દેવાનો પાઠ તો આગળ થઇ જ ગયો હશે. તેજ પ્રમાણે હાથ ધોવાનો

પાઠ પણ થઇ જ ગયો હશે એમ માનીને ચાલીએ છીએ.

આ રીતે પૂર્વ તૈયારી, પાઠ અને પછીની ક્રિયા એમ ત્રણ ભાગ પ્રત્યેક વખતે પાઠ આપવામાં લેવાની હોય છે.

આ પછી દેખાડેલી ક્રિયાની પ્રેક્ટિસ કરવા માટે હમેશ સાવરણીઓ, સુપડીઓ અને ટોપલીઓ, અને એકાદ ભાગમાં કચરો રાખવાનો અને તે ક્રિયા થઇ ગયા બાદ હાથ ધોવાની પણ તૈયારી રાખવાની. નળની અથવા તો નળવાળા પીપની વ્યવસ્થા હોય તો ઘોવું ઠીક પડે છે. નહીં તો એક બીજાના હાથ પર પાણી રેડવાની વ્યવસ્થા કરવાની રહે છે, અને તે શિક્ષકોની દેખરેખ નીચે. નહીંતર કોઇવાર પાણીની નકામી એક રમત થઈ જાય છે.

પાઠનો ક્રમ સારી રીતે ગોઠવ્યો એટલે સારું રહે છે.

સૌથી પ્રથમ બેસવું, ઉઠવું, પછી હાથ ધોવા, હાથ લૂછવા, પછી બધી વસ્તુઓ પોત પોતાની જગ્યાએ મૂકવી વગેરે પ્રાથમિક ક્રિયાઓ લેવાય એટલે પછી પાછળથી કોઇપણ ક્રિયાઓ લઇને આગળ ચલાય. તા.

નોંધ

સરસ્વતી સદન : સદનવાડી (કચ્છ)

છેલ્લાં ૭ વર્ષથી ઉપરની સંસ્થા કચ્છમાં સ્થપાઇ છે. આટલા વર્ષોને અન્તે એણે પોતાનું ચોક્કસ સ્થાન ત્યાં પ્રાપ્ત કર્યું છે. જુદા જુદા પ્રાન્તોમાં આવી શિક્ષણ સંસ્થાઓ પોતે એક સંસ્કાર કેન્દ્ર બની પોતાની સુવાસ અને અસર ભાવિ પેઢી પર પ્રસારે છે. કચ્છ પ્રાન્તમાં શ્રી. પ્રભુલાલ ઘોળકીઆ જેવા ઉત્સાહી કાર્યકર અને બીજા અગ્રણીઓના સહકારથી આ સંસ્થા નવીન શિક્ષણ પદ્ધતિઓને અનુસરી નીચેના વિભાગો ચલાવે છે. વિદ્યાર્થીગૃહ, વિનયમંદિર, કુમારમંદિર, અને બાલમંદિર. આ સાથેની જાહેરાતથી હવે જાણી શકાશે કે તેઓ "સરસ્વતી સદન બાલગૃહ" ૫ થી ૮ વર્ષની ઉંમર સુધીનાં બાળકો માટે શરૂ કરે છે.

આ સંસ્થા નિતનિત ખૂબ ફૂલેફાલે અને એનાં મીઠાં ફળ સૌને ચાખવા મળે એવું ઇચ્છીએ છીએ.

સરસ્વતી સદન બાલગૃહ.

સરસ્વતી સદન સંસ્થા એક શિક્ષણ વિષયક અંગનો પ્રયોગ હાથ ધરે છે એ જણાવતાં આનંદ થાય છે. કચ્છની અને બૃહદ્ કચ્છની પ્રજા જાણે છે, કે આ સંસ્થામાં રાષ્ટ્રીય દૃષ્ટિએ અને કેળવણીની દૃષ્ટિએ નાના મોટા પ્રયોગો સફળતાપૂર્વક ચાલી રહ્યા છે. એની પાસે શ્રી. જસાણી ટ્રસ્ટ ફંડ છે, એની પાસે કેળવાયલા તાલીમબદ્ધ શિક્ષકો છે અને શહેરથી દૂર સ્વચ્છ અને આરોગ્યપ્રદ વાતાવરણ છે. એની પાસે સાદાં છતાં સગવડભર્યાં મકાનો છે. અને એક નાની પણ ફળપ્રદ વાડી છે. આ સંસ્થામાં ૭ વર્ષથી માંડીને ૧૬ વર્ષની ઉમ્મર સુધીના બાળકોની કેળવણીનો પ્રશ્ન છેલ્લાં સાત વર્ષથી હલ કરવામાં આવે છે. એથીય નાની ઉમ્મરના બાળકોને લેવાની વધતી જતી માગણીને પૂરી પાડવા માટે જુન–૧૯૪૧ થી શરૂ થતા સત્રથી બાલગૃહ વિભાગ શરૂ કરવામાં આવ્યો છે. આ બાલગૃહ વિભાગ ૫ થી ૮ વર્ષની ઉંમર સુધીનાં બાળકોને પ્રાથમિક કેળવણી શાસ્ત્રીય રીતે આપશે. અમે આશા રાખીએ છીએ કે કચ્છ, કાઠિયાવાડ અને ગુજરાતની પ્રજા પોતાને આંગણે કામ કરી રહેલા આ બાલગૃહનો અવશ્ય લાભ લેશે.

વિગતો જાણવા નિયામકને લખવા વિનંતિ છે.

નિયામક : સરસ્વતી સદન, સદન વાડી, કચ્છ.

સ્વ. ગિજુભાઈ

આ માસની તા. ૨૩ મી એ સ્વ. ગિજુભાઈની બીજી પુણ્યતિથિ છે. જેઓએ બાળ કેળવણીના કાર્યને પોતાનું જીવનકાર્ય બનાવ્યું છે તે તમામ આ પુણ્યતિથિએ એમને સંભારશે. જે-ગુજરાતમાં અને બહાર એમણે બાળકો માટે જબરી ઝુંબેશ ઉઠાવી અને બાલમંદિરોની સ્થાપના કરાવી આપી. મહાન વ્યક્તિઓની વ્યક્તિ તરીકેની માત્ર પૂજાનો કશો અર્થ નથી. એના વહેતા કરેલા કાર્યપ્રવાહોને આપણે જે વધુ ગતિમાન કરી શકીએ તોજ એની સાચી કદર આપણે કરી કહેવાય. સ્વર્ગસ્થ ગિજુભાઇના વિદ્યાર્થીઓ અને ગુજરાતનાં માતાપિતાઓ જેમને એમની પાસેથી પ્રેરણા મળી છે તે તમામ લોકોએ આ દિવસે વધુ બળવત્તર રીતે પોતાના કાર્યમાં લાગવાનો ફરી ફરીને નિર્ણય કરવો જોઈએ.

આ પુણ્યતિથિ ગુજરાત–મહારાષ્ટ્ર કે મધ્ય-પ્રાન્તની તમામ બાળસંસ્થાઓએ–બાલમંદિરોએ જેઓ નૂતન શિક્ષણ સંઘ સાથે જોડાઈ છે તેઓએ ખાસ કરીને પાળવી. તે દિવસે તેમનું બાલ સાહિત્ય બાળકોને વાંચી બતાવવું. તે દિવસે તેમણે રચેલાં ગીતો તેમની આગળ ગાવાં તે દિવસે તેમનું વૃક્ષારોપણ પણ કરી શકાય. કારણ તેમને તે ગમતું-શાળામાં અર્ધા દિવસની રજા આપવી.

ત્યારબાદ બાળકોનાં વાલીઓની સભા કરવી. સભામાં તેમના ઉપયોગી લેખોમાંથી અવતરણો વાંચી સંભળાવવા. જરૂર હોય ત્યાં એમનું જીવન-ચરિત્ર કહેવું અને જીવનકાર્ય પણ જણાવવું.

બાલશિક્ષકોએ પોતે તેના કાર્યની સેવા તરીકે નૂતન બાલશિક્ષણ સંઘનો પ્રચાર કરવો. ઓછામાં ઓછા ૧૦ સભાસદ કરવાનો નિયમ કરી તે દિવસે ઘેરઘેર ફરવું.

આ પ્રમાણે

૧ બાળકોનો કાર્યક્રમ

૨ વાલીઓનો કાર્યક્રમ

૩ શિક્ષકોનો પોતાનો સંઘના સ્વયંસેવક તરીકેનો કાર્યક્રમ યોજવો.

તા.૦

સ્વ. ગિજુભાઈની પુણ્યતિથિ

નૂતન શિક્ષણ સંઘના મુંબઈના સભ્યોને તથા વાચકોને આથી જણાવવાની રજા લઈએ છીએ કે સ્વ. ગિજુભાઈની બીજી પુણ્યતિથિ પાળવા માટે તા. ૨૩ મી જૂનની સાંજે પાંચ વાગે શિશુવિહાર, હિન્દુકોલોની ગલી નં. ૪, દાદરમાં એક જાહેર સભા થશે. એ સમયે સંઘના તમામ પ્રકારના સભ્યો તથા વાચકો પોતાના મિત્રવર્ગ સાથે તેમાં હાજર રહે એવી વિનંતિ છે. મુંબઈની હાલની પરિસ્થિતિને ધ્યાનમાં લઈને દાદર–શિશુવિહારની સ્થળ તરીકે પસંદગી કરેલી છે.

સ્વ. ગિજુભાઈ સ્મારક ગ્રન્થ

ગયા વરસમાં જણાવ્યા મુજબ આ જુનની ૨૩ મી તારીખે સ્વ. ગિજુભાઈની પુણ્યતિથિ છે અને તે દિવસે એમને જુદા જુદા સ્નેહી મિત્રો તરફથી અર્પેલી અંજલિઓ પુસ્તકરૂપે પ્રગટ થશે.

અગાઉ જણાવ્યા મુજબ તા. ૨૩ મી સુધીમાં નામ નોંધાવનારાઓને એ ગ્રન્થ રૂા. ૧।।) માં તથા પછીથી રૂા. ૨) માં નીચેની જગ્યાએથી મળી શકશે. બન્ને માટે પોસ્ટેજ જુદું રહેશે.

ગ્રન્થ ૩૦૦ પાના જેટલું વાચન અને બારેક ચિત્રો હશે. બાળશિક્ષણના આ યુગપ્રવર્તકનાં સ્મરણોથી આ ગ્રન્થ ગુજરાતી સાહિત્યમાં પોતાનું ચોકસ સ્થાન પ્રાપ્ત કરશે જ એમાં અમને શક નથી—

લખો :—

મંત્રીઓ : **સ્મરણાંજલિ**

'શિક્ષણ પત્રિકા' કાર્યાલય,

હિન્દુ કોલોની, દાદર, મુંબઈ ૧૪.

મુદ્રક : કૃ. ના. સાપલે : રામકૃષ્ણ પ્રિં. પ્રેસ : ત્રિભુવન રોડ, મુંબઈ ૪.
પ્રકાશક : તારાબેન મોડક : 'શિક્ષણપત્રિકા' કાર્યાલય : હિંદુ કૉલની, દાદર.

શિક્ષણપત્રિકા

(નૂતન બાલશિક્ષણસંઘ)

આદ્યતંત્રી : સ્વ. ગિજુભાઈ બધેકા

: તંત્રી :

તારાબેન મોડક

જગતનો આધાર

જગત શાની ઉપર ચાલી રહ્યું છે ?
પ્રેમ ઉપર કે દ્વેષ ઉપર ?
અહિંસા ઉપર કે હિંસા ઉપર ?
ન્યાય ઉપર કે અન્યાય ઉપર ?

ઉપલક દૃષ્ટિએ
દ્વેષ પર, હિંસા પર, અન્યાય પર.

સાચી દૃષ્ટિએ
પ્રેમ પર, અહિંસા પર, ન્યાય પર.

તા.

વર્ષ ૧૬ | :: કાર્યાલય :: | અંક ૫
૧૯૬૭ | દાદર, મુંબઈ ૧૪ | આષાઢ

નવાં બાળકો

બા. મં. માં જે બાળકો નવાં દાખલ થાય છે તે અવનવા અનુભવ કરાવે છે. દરેક વર્ષની શરૂઆતમાં થોડાં ઘણાં બાળકો તો એવાં મળી જ આવે છે કે જેમનો ભેંકડો, કોઈ નવા શિક્ષકને, કે કોઈ અજાણ મુલાકાતકારને, કે કોઈ બીનઅનુભવી વાલીને અને આસપાસના કામ કરનારને ભારે અચંબા સાથે દયા ઉપજાવે છે.

જે માતાનો ખોળો બાળકે અઢી કે ત્રણ વર્ષ સુધી ખૂંદ્યો હોય છે, જેના વ્હાલના અમીરસનું તેણે પાન કર્યું હોય છે તે માતાની મીઠી આંગળી છોડી, અજાણ ધરતીમાં, અજાણ્યા શિક્ષકની આંગળીએ વળગવું તેને બહુ જ વસમું થઈ પડે છે.

માતા બાળકને ક્રીડાંગણના સાધનો દેખાડે છે, પાટીયાં પર લપસતાં, કે આનંદથી હોડી ઉપર ઝોલતાં તેની જ ઉમરનાં બાળકો તરફ આંગળી ચીંધી તેમની માફક એકલા રમવાનો તેને પાનો ચડાવે છે, સંગીતના ઓરડામાં ચાલી રહેલું સુમધુર સંગીત સાંભળવા તેને સમજાવે છે, મૉન્ટેસોરી સાધનોથી રમવાની સારી મજા પડશે એમ તેને જણાવે છે પણ બાળકનું મન સહજ પણ ડગતું નથી.

સમજ્યું બાળક નથી જ સમજવાનું એમ જ્યારે માતાને ખાત્રી થાય છે, ત્યારે ક્રમને, અત્યંત દુઃખથી બાળકની આંગળી વછોડાવી તે દૂર ખસે છે અને બાળકનું અતિ કરૂણ રૂદન શરૂ થાય છે. કોઈ બાળક પહેલી ક્ષણે તતડાટી મારી ગમે તે દિશામાં ભાગી છૂટવાના પ્રયત્ન કરે છે, તો કોઈ બા. મં. માં હરતાં ફરતાં "ઘેર જવું છે"-ની બૂમો ચાલુ જ રાખે છે, તો કોઈ સમસમીને એકાદ સ્થળે બેસી જ રહે છે.

નવાં બાળકોની આ સ્થિતિ જોઈ નવા શિક્ષકના દિલના પણ કટકા થવા માંડે છે. કોઈ અજાણ મુલાકાતકાર, કે બીનઅનુભવી વાલીને પણ ઘડીભર એમ થઈ આવે છે કે "આ બાળકને આમ રોવા દીધા કરતાં તેને અહિં ન જ મૂક્યું હોય તો શું"?

આ પ્રશ્ને મને પણ ખૂબ જ મુંઝવ્યો છે. મયૂર ભાઈ બે માસ સુધી બા. મં. આવતી વખતે એક ક્ષણ આનાકાની દર્શાવતા અને તેમના પિતા કે માતાની પીઠ ફરે કે તુર્ત જ આંસુ સુકાઈ જતા અને મિત્રો સાથે ગમ્મત કરવા લાગી જતા. નીલમણી રાવત તો કદી બા. મં. માં હળવાનાં નથી એમ સૌ કોઇને થઈ આવતું; પરંતુ આજે આ બન્ને બાળકો બા. મં. નાં પંખેરૂંમાંના બની ગયાં છે અને સૌની સાથે આનંદથી વિહાર કરવા લાગ્યાં છે.

કેટલાંક બાળકો અઠવાડિયામાં રડતાં બંધ થાય છે, તો કેટલાંક એકાદ માસ લે છે. વર્ષમાં એક બે બાળકો તો એવાં મળી આવે છે કે જેમનો ભેંકડો ત્રણ કે ચાર માસે અટકે છે. સોએ દસ એવાં પણ મળી આવે છે કે જે પ્રથમ ક્ષણે જ જાણે બા. મં. ના વાતાવરણથી અને શિક્ષકોથી સુપરિચિત હોય તેવાં ભાસે છે.

બાળક નવું આવે ત્યારે તેને તેના નોકર પાસે કે માતા પાસે રાખવામાં નથી આવતું. એની સંગાતે જો કોઈ આવ્યું હોય તો તેને, બાળક ન જોઈ શકે તેવા સ્થળે આરામ લેવાનું સૂચન કરવામાં આવે છે. આપી તેમનાથી વિખૂટા પડતી વખતે બાળકનું રૂદન શરૂઆતના દિવસોમાં સંભળાય છે.

આપણા બાલમંદિરની આ પ્રથાને ઝીણવટથી છણવી ઘટે છે.

મને વિચાર કરતાં એવું જણાયું છે કે જે બાળકો શરૂઆતમાં રડે છે તેનાં કારણો નીચે મુજબ છે:—

૧. અઢી વર્ષની ઉંમર સુધી બાળકે માતાનો વ્હાલ સોયો ખોળો ખૂંદ્યો હોય છે, અને માતા પિતા કે ઘરનાં આપ્તજનો સિવાય કોઇનો પરિચય એને મળ્યો હોતો નથી એટલે બા. મં. ના અપરિચિત વાતાવરણમાં તેને વિશ્વાસ બેસતો નથી.

૨. આપણા સમાજનાં બાળકો, અન્ય દેશનાં બાળકો કરતાં પ્રમાણમાં ઓછાં સામાજિક છે, એટલે પણ એમને હળતાં વખત લાગે છે.

૩. બા. મં. માં જે પ્રેમનું વાતાવરણ છે તેનું જ્ઞાન તેના વાલીને ભલે છે, પરંતુ તેને જરાય નથી એટલે જ્યાં સુધી તેને એ અનુભવ ન થાય ત્યાં સુધી તેનાથી દૂરજ ખસવા તે પ્રયત્ન કરે જ.

૪. શાળા એટલે "ભયનું તથા માર ખાવાનું સ્થળ" એવું મન્તવ્ય સામાન્ય રીતે આપણા સમાજમાં પ્રચલિત છે. એટલે એ હાઉની કલ્પનાથી પણ બાળક ડરે છે.

૫. બા. મં. નું વાતાવરણ, શિક્ષકો, ત્યાંના નોકરો વગેરેથી એ તદ્દન અપરિચિત હોય છે, અને તેમનામાં એને વિશ્વાસ જાગ્યો હોતો નથી એટલે પણ, માતાની આંગળી છોડતાં એ રડે છે.

આથી બાળકને અહીંના પ્રેમભર્યા વાતાવરણનો પરિચય જેમ બને તેમ તુર્ત જ થવા દેવો એ ખાસ આવશ્યક છે. બાળક જો માતા કે નોકરથી વિખૂટું હોય તો જ આવી તક જલદી પ્રાપ્ત કરી શકાય છે. પ્રથમ ક્ષણે બાળક આપણને અસહાય જેવું લાગે છે પરંતુ તે સમયે દિલ જો જરા કઠણ રાખીએ, અને માતાને પણ તેમ કરવા સમજાવી શકીએ, તો ઘણાં બાળકોનો પ્રશ્ન સહેલાઈથી ઉકલી જાય છે.

એક ઘડી પહેલાં રૂદન કરતું બાળક જ્યારે બા. મં. ના શિક્ષકના ખોળામાં આવી પડે છે, તેની મીઠી વાણી સાંભળે છે, તેના તરફથી મળતા માનભર્યા વર્તાવનો તેને અનુભવ થાય છે ત્યારે તેને વિશ્વાસ પડે છે કે "આ શાળામાં માસ્તર મારતા નથી."

આવા જ પ્રેમ અને માનથી ભરપૂર વર્તાવ અન્ય બાળકોને પણ મળે છે, તે, અને બાળકોને ઇચ્છા મુજબ પ્રવૃત્તિ લેવાની પણ અહીં છૂટ છે એ બાળક મૂંગું મૂંગું અનુભવી લ્યે છે એટલે માર્ગ સરળ થાય છે. સામાન્ય રીતે ઘણાં બાળકો બે ત્રણ દિવસમાં જ રડતાં બંધ થઈ જાય છે. કેટલાંકને ઉપર જણાવ્યો તેવો વિશ્વાસ પેદા થતાં વાર લાગે છે કારણ કે તે ઓછાં સામાજિક હોય છે, અગર તો વધુ પડતાં લાલનપાલનમાં ઘેર ઉછર્યાં હોય છે.

જે બાળકોને વધુ પડતું લાલનપાલન મળ્યું છે, અને જે ઓછાં સામાજિક હોય છે તેમને તેમના વિકાસની દૃષ્ટિએ સામાજિક કરવાં તે આવશ્યક છે. એકદમ માતાની આંગળી વછોડાવી દેતાં જે તેના માનસ પર પ્રત્યાઘાત થાય એમ ન જણાય તો તેમ કરવામાં હું હરકત જોતો નથી; પરંતુ તેની માઠી અસર તેના માનસ પર થવાનો સંભવ હોય તો માતાને કે નોકરને શરૂઆતમાં બા. મં. માં બાળક સાથે આવવાં દેવાં એ સલાહ ભરેલું લાગે છે. આવી રીતે જેમને બા. મં. માં આવવાની રજા મળે, તેમને બાળક જોઈ શકે તેવા સ્થળે બેસી રહેવાનું સૂચન આપવું. બાળક જોશે કે તેનું કોઈ સ્વજન અહિં છે એટલે તેની અધીરાઈ દિન પ્રતિદિન ઓછી થશે અને ધીરે ધીરે તે

હળી જશે. આવી છૂટછાટ જેમ બને તેમ ઓછા કિસ્સામાં અપાય તો સારૂં. વ્યક્તિગત કિસ્સો જોઈ, તેના પર વિચાર કરીને છૂટછાટ આપવી તે સલાહ ભરેલું છે.

પૈસાદારનાં બાળકો બંગલાઓમાં રહે છે એટલે, અને નોકરીયાતના ઘરો સામાન્ય રીતે આ જમાનામાં, સંયુકત કુટુંબની પ્રથા વિહોણાં હોય છે, એટલે તેમનાં બાળકોને અન્ય બાળકો સાથે હળવા મળવાની તકો બહુ ઓછી મળે છે. આથી જૂનાં બાળકોમાંથી મિત્રો કરી લેતાં તેમને વખત લાગે છે, એટલે આવી અતડાઈ તેમના વિકાસનું રૂંધન કરે છે. ઘરમાં બાળકને અન્ય સાથે હળવા મળવાની બહુ ઓછી તક સાંપડી હોય તો પણ આપણને તે અતડું દેખાય, અને તે અતડાઈના કારણે એને કોઇ મિત્ર ન મળે એટલે બા. મ. નેને શરૂઆતમાં અઘરૂં લાગે.

જે બાળકનું ધાવણ તકસર છોડાવવામાં ન આવ્યું હોય તે બાળકને પણ બા. મં. માં હળી જતાં વાર લાગે છે. આવાં Motherfixation વાળાં બાળકોને પણ ધીરે ધીરે તે ગ્રંથિથી મુકત કરવાં એજ હિતાવહ છે, અને તેથી તે પ્રયોગ ચાલતો હોય ત્યારે, જો એ બાળક શરૂઆતમાં રડતું હોય તો પોમલા થવાની જરૂર હું નથી જોતો.

ઉપર જણાવ્યાં તેવાં બાળકોને જો કોઈ મિત્ર મળી જાય તો તેમનો પ્રશ્ન તુર્ત જ ઉકલી જાય છે. આખા બાલમંદિરમાં એવાં ઘણાં બાળકો મળી આવે છે કે જેમને નવાં બાળકોની મૈત્રી કરવી ખૂબ જ ગમે છે. આવાં બાળકો, નવાં બાળકો ઉપર આધિપત્ય ન જમાવી બેસે તેવી રીતે તેમની મૈત્રીને અવકાશ કેવી રીતે આપવો તે શિક્ષકે જોઈ લેવું, અને એ મૈત્રી પરસ્પરને હિતાવહ થાય તેવી તકો યોજવી. આ પ્રયોગ અનેક કિસ્સાઓમાં અમને ખૂબજ મદદગાર થયો છે.

કેટલાંક બાળકોને આપણી વાતચીત સ્પર્શ નથી કરતી, તેમને અન્યની મૈત્રી પણ નથી ગમતી, તે બાળકો જાણે છે કે અહીં માર નથી, ભય નથી, રમવાની છૂટ છે, મનપસંદ પ્રવૃત્તિ હાથ ધરી શકાય છે, છતાં તેમનું રૂદન બંધ નથી જ થતું.

આપણા વિવિધ પ્રયત્નોની અસર બાળક પર નથી જ થતી એમ દેખાય તો તુર્ત જ બધાય પ્રયત્નો છોડી દેવા અને બાળકને રડતું રાખવું તે સલાહ ભરેલું છે. આવાં બાળકો આપણા પ્રયત્નોને પામી જાય એટલાં કુશાગ્ર હોય છે એટલે એમને તો સ્વાનુભવે જ અહીંના વાતાવરણમાં વિશ્વાસ પેદા થવા દેવો એ જ જરૂરનું હોય છે. અન્યના અનુભવોથી આ બાળકો રડતાં રડતાં પણ ઘણું પામી જાય છે એટલે કોઈ અનેરી પળે એ આપોઆપ એકાદ બાળક સાથે ગમ્મત કરતાં દેખાય છે.

કેટલાંકને સાધનોની રમતદ્વારા અહીંના વાતાવરણમાં વિશ્વાસ પેદા થાય છે, તો કેટલાંકને વાર્તા ગમી જાય છે. કોઇને દોડવાની, દડા ફેંકવાની રમતો આકર્ષે છે, તો કોઈને લપસવાનાં પાટીયાં ગમે છે. કોઈ વાર્તાદ્વારા મિત્ર બને છે, તો કોઈને નાસ્તો આકર્ષે છે. આમ જુદી જુદી પ્રવૃત્તિઓમાંથી, કયું બાળક કઈ પ્રવૃત્તિ તરફ ઢળે છે, તે જરા ચકાસી જોઈ, તે દ્વારા તેને હળતું મળતું કરી શકાય છે અને રડતું છાનું રાખી શકાય છે.

કેટલાંક નવાં બાળકો ઘેરથી બા. મં. આવવા કોઈ વખત આનાકાની કરે છે, ત્યારે નોકર કે માતા "નહિ જા તો તો માસ્તર મારશે." કે એવાં વિવિધ વાકયોથી બાળકને ડરાવે છે. આવી ડરામણીથી બાળક સદાય મુકત છે કે નહિ તે શિક્ષકે જોતા રહેવું જોઈએ.

મારૂતીનાં વૃદ્ધ માતુશ્રીને સદાય ચિંતા થયા કરતી કે "મારો મારૂતી બા. મં. માં કદી નહિ

હશે.” આવી ચિંતા ઘણી માતાઓને થાય છે; પરંતુ તેથી મુક્ત રહેવાનો અચળ વિશ્વાસ માતાઓમાં પણ પેદા કરવો તે જરૂરનું છે. એ વિશ્વાસના સાથથી જ આપણે ઉપરની દૃષ્ટિએ પ્રયોગો કરી બાળકને હેળવી શકીશું.

બાળક માટે બા. મં. હિતાવહ છે જ એમાં પ્રશ્ન નથી. આપણા સમાજના મોટા ભાગનાં બાળકો અતડાં, અસામાજિક, અને ભીરૂ જેવાં છે એ વાત પણ અનુભવની છે. આવાં બાળકો શરૂઆતમાં રડે છે એટલે પોચા બની, તેમને બા. મં. થી સદાય વિમુખ રાખવાં કે રહેવા દેવાં, તેના કરતાં ‘તેમને આઘાત પહોંચાડયા વિના ધીરે ધીરે કેવી રીતે હેળવી શકાય તેના પ્રયત્ન; આપણી તરફથી અને માતા તરફથી શરૂ કરવા એ જ હિતાવહ છે. ઘરના વાતાવરણમાં, બાળક ઉપર શરમના, અતડાઈના અને અસામાજિકપણાના, જે થર બંધાયા હોય છે તે દૂર થતાં વાર લાગે છે; પરંતુ એથી શિક્ષકે કે માતાએ ધીરજ ન જ ખોવી જોઈએ. અઠવાડિયાની કે બહુ બહુ તો એકાદ માસની ધીરજ પછી, એ જ બાળકને આપણે પંખીની માફક બા. મં. માં વિચરતું જોઈએ છીએ, એટલે નિરાશ થવાનું કશુંય કારણ નથી.

વજુભાઈ દવે

ચર્ચાપત્ર

ગર્વહરણ કે સ્વમાન નિકંદન?

શ્રી. તંત્રીજી, ‘શિક્ષણ પત્રિકા’ મુંબઈ.

સાહેબ,

આજ ઘણે વખતે ‘શિક્ષણપત્રિકા’ વાંચવાનો મોકો મળ્યો.

બાલગૃહના અર્થતંત્રે મને શિક્ષણ લ્હાવમાંથી આજ ત્રણ વર્ષથી બાતલ કરી દીધો છે. આજ પણ...ભાઈને મળવા આવ્યો છું...ભાઈ ઘરે નથી અને અર્ધાક કલાકમાં આવશે એમ જાણતાં રાહ જોઈ બેઠો છું. સહજ જ ટેબલ પર ‘શિક્ષણ પત્રિકા’ જોતાં, વાંચવા લીધી. અને ‘સુમનનું ગર્વહરણ’ લેખ વાંચ્યો. પૂરો થતાં ફરીથી વાંચ્યો. એ લેખ કોઈ રૂઢિચૂસ્ત શિક્ષણપત્રમાં હોત, બીજા કોઇએ લખ્યો હોત તો મને આશ્ચર્ય ન થાત. પંણ એ નૂતનશિક્ષણના પત્રમાં, અને તે ય આપ જેવા અનુભવીને હાથે લખાયેલો જોઈ આશ્ચર્ય થયું.

લેખ ખરે જ શિસ્તપ્રધાન શાળાનો હુબહુ ખ્યાલ રજૂ કરે છે.

પણ મારે તો તેના મથાળા અને છેલ્લી કંડિકાઓ વિશે કહેવાનું છે.

જે શાળામાં બપોરના નાસ્તાની કોઈ સગવડ નથી, એ શાળામાં દશ વર્ષની સુમન, સુહાસિનીના ઘણા વખતના જોહણાંનો આજે જવાબ આપી શકે છે. એ નાસ્તો લાવે છે, અને ઉમ્મર યોગ્ય ગર્વથી સુહાસિનીને ભાગ ન આપી તેનો ગુસ્સો વ્હોરે છે. એ બિચારી બીજાને આપવાની જ છે. ઉપરાંત ચાલુ શાળાએ એ ખાતી નથી. પોતાના ટેબલના ખાનામાં રાખે છે. શાળા પશ્ચિમ પ્રદેશની છે એટલે વળી નસીબદાર કે વિદ્યાર્થીને પોતાનું કહેવાય એવું ખાનું છે, એટલે એમાં રાખી શકે છે; નહિ તો એને એ ચૂંદડીને છેડે બાંધવો પડત.

હવે, એ બાનામાં ન રાખે તો કયાં રાખે?

બાળકોનાં મનથી મૂલ્યવાન વસ્તુઓની આપણે, મોટેરાંઓને મન કોડીની કીંમત નથી હોતી. ઉલટું આપણે, મોટેરાં અવિચારે તેમને એ માટે વઢીએ, ને આ શાસ્ત્રીજીની માફક મુરબ્બીવટથી શિક્ષા પણ કરીએ.

આ બાલગૃહનાં બાળકોનાં કબાટો મુલાકાતીઓને બતાવતાં હું પણ જરા ગભરાઈ જાઉં છું. એની અંદર ઘાસનો પૂળો હોય અને એમાં નદીએથી આવતાં પોતે પાડેલી કાચી કેરીઓ પકવવા મૂકી હોય. તો કયાંક વળી પથરાઓ કે એવી જ કંઈકંઈ ચીજો સંધરી હોય. મુલાકાતીઓને મન એ બધો ગંદવાડ હોય, પણ એ બાળકોને મન એ જ પથરાઓ મોટેરાંના હીરા મોતીનાં ઘરેણાં જેટલા જ કીંમતી હોય.

એવાં જ કીંમતી પેરુ અને બોર એ ક્રૂર શાસ્ત્રીજી ઠંડી ક્રૂરતાથી, એક સાથે નહિ પણ પળે પળે સુમનના વાજબી સ્વમાન ઉપર છરી ચલાવતા એની પાસે ફેંકાવે છે.

સુમનને ત્યારે ચઢતો ગુસ્સો, એ શું અયોગ્ય ગર્વ છે? એ માને છે કે બધી છોકરીઓએ શાળા છોડી દેવી જોઈએ–તે અસહકાર, શું મિથ્યા ગર્વ છે?

બાળકોને બપોરે બાવા જોઈએ, એ જેણે વિચારવું નથી. બાળકો સ્વયં વ્યવસ્થા કરે અને જે વ્યવસ્થા શાળાક્રમ આડે આવતી નથી તેની સામે શિક્ષકો મગજની ફરમાન પ્રમાણે કાયદા ઘડે અને તેનો કોયડો ચલાવે. તેની સામે સ્વમાનપ્રિય બાળકને ગુસ્સો ચડે, તે શું મિથ્યાભિમાન છે?

બાળકોના સ્વમાનનો નાશ કરવાના આજ વર્ષો થયા શાળાનામે જે કારખાનાં ચાલે છે, તેનો જ આ પ્રકાર છે.

દરેક મોટેરાં બાળકનાં સ્વમાન અને ઇચ્છાનો નાશ કરવાનો જાણે ધંધો લઈ બેઠાં છે અને એનો નાશ કરી, પછી ગુલામી મનોદશાથી આજ્ઞાંકિત થયેલ બાળક માટે વિવેકીનો ઈલ્કાબ તૈયાર રાખે છે.

પણ સ્વમાનનો નાશ પછી કઈ કેળવણી બાકી રહેતી હશે?

શાસ્ત્રીજીને પોતાની વૈયક્તિક ચીડનો સોટો બાળક ઉપર ચલાવવાનો શો હક છે? જ્યારે એ બાળકોની બપોરની ભૂખનો કોઈ ઉપાય કરવાની ફરજ નથી બજાવતો ત્યારે.

શાળા બાળકો માટે ગણાય ન કે શિક્ષક માટે. તેમાં બાળકો માટે કાયદા ઘડવાની મનસ્વી રીત શાસ્ત્રીજી અંગિકાર કરે અને તેને શિસ્તનું રૂપાળું નામ અપાય. અને તેને કેળવણીકારો ને માબાપો મહત્વ આપી બિચારી દશ વરસની સુમનના વાજબી સ્વમાન ઉપર હથોડા મારે. પરિણામે ઉગતી સુમન પણ માને કે શાસ્ત્રીજીનો દોષ નથી પણ પોતાનું મિથ્યાભિમાન છે!

આ કેળવણીની કરુણતા છે.

મિથ્યાભિમાન અને સ્વમાનની સીમા લીંટી એટલી અસ્પષ્ટ રહે છે કે કેળવણીકારોની દેખતી નજર વગર ત્યાં ભૂલ બાઈ જવાવાનો ઘણો સંભવ છે.

મારી વિચારસરણીમાં ભૂલ હોવાનો સંભવ છે. પણ આ હું જિજ્ઞાસુભાવે લખું છું.

લી. જિજ્ઞાસુ,
જયન્તીલાલ ઓઝા.

ખુલાસો

ભાઈ જયંતીલાલનો કાગળ છાપતાં મને ઘણો આનંદ થાય છે.

આનંદનું મુખ્ય કારણ તો એ કે આજે ગુરુ તરીકે હું ધન્ય થઈ છું. 'શિષ્યાત્ ઇચ્છેત પરાજ્યં

આ ઉક્તિ પ્રમાણે આજે અમે ગુરૂશિષ્ય બન્ને ધન્ય થયાં છીએ. મારે મારી ભૂલ કબૂલ કરવી જોઇએ. અને ભાઈ જયંતીલાલે મારૂં ધ્યાન તે તરફ ખેંચ્યું તે માટે તેમનો ઉપકાર જ માનવો ઘટે છે. નૂતનબાળશિક્ષણની હિમાયત કરનાર માસિકમાં આવો લેખ મારી સહી નીચે છપાય એ અક્ષમ્ય વાત છે. તે માટે મને ખૂબ જ દિલગિરી થાય છે.

ભૂલનું સ્પષ્ટીકરણ આપવાથી ભૂલ મટી જતી નથી. છતાં ભાઈ જયંતીલાલ જાણીને ખુશી થશે કે મારા મતોમાં ખાસ ફેરફાર થયો નથી. પણ ભૂલથી જ તે વાર્તાને તેવું વલણ મળ્યું છે. માસ્તરે કરેલી શિક્ષાની હિમાયત થતી હોય એવો ધ્વનિ નીકળતો હોય તો તેવો મારો હેતુ હતો જ નહિ.

ભૂલનું એક મુખ્ય કારણ તો એ કે મરાઠી વાર્તાનું ભાષાંતર કરતી વખતે છેલ્લા પેરિગ્રાફોમાં નાની નાની ભૂલો થઈ છે તેથી આખું રૂપ બદલાઈ ગયું છે.

છેલ્લી ભૂલ તો માત્ર એક અક્ષરની છે, પણ તે વધારે ગંભીર છે. "પોતાની જ ભૂલ હતી" ને બદલે "પોતાની પણ ભૂલ હતી." 'જ' ને બદલે 'પણ' શબ્દથી ઘણો ફેર પડે છે. અત્યાર સુધી સુમનને બધો દોષ શાસ્ત્રીજીનો લાગતો હતો તેને બદલે આપણે જાણીજોઈને કાયદો તોડયો એટલી પોતાની પણ ભૂલ ગણાય એટલું તેને સમજાયું એવો ધ્વનિ છે.

સુમન ઘેર આવ્યા પછી ઘરમાં શાસ્ત્રીજીની વિરૂદ્ધ કેટલું વાતાવરણ ઉછળી આવ્યું હતું તેનું મૂળમાં જેટલું વર્ણન છે તેને સ્થળાભાવે મરાઠીમાં થોડું એક ટુંકાવ્યું હતું. શાળામાં બન્યું તે માટે યોગ્ય ગણ્યું ન હતું. મરાઠીનું ગુજરાતીમાં બરાબર ઉતર્યું નથી એ મારે કબુલ કરવું જોઈએ. મરાઠીમાં જ્યાં "ઘરનાં માણસોનાં હૃદયો કકળી ઉઠયાં"-એમ છે ત્યાં ગુજરાતીમાં માત્ર "બધાંને અન્યાયની થઈ" એમ છે.

મારૂં આ તરફ ધ્યાન ખેંચાયું તે સારૂં થયું. ઘણીવાર વખતને અભાવે ગુજરાતી અને હિંદી ભાષાંતરો છપાતાં પહેલાં હું જોઈ શકતી નથી. ને આ વખતે બન્યું તેમ છપાયા પછી પણ કોઇકોઇ વાર જોઈ શકતી નથી. તે ભૂલ હવેથી ન બનવા પામે તે જોવાની હું ચિવટ રાખીશ.

હવે મૂળ મુદ્દાનો વિચાર કરીએ:

બાળકનું આવું અપમાન તો ન જ સહન કરાય તે તો સુમનની માએ પણ તેને શાળામાંથી ઉઠાડી લઈને બતાવ્યું છે. એની બેન પત્ર લઈને ગઈ તે સુમનનું નામ કાઢી નાખજો એ અર્થનો હતો, તે વાર્તામાં જરા સ્પષ્ટ થવાની જરૂર હતી. આ વાત "બધી છોકરીઓએ શાળા છોડી દેવી જોઈએ" આ સુમનના શબ્દોથી સમજાય છે.

એની માએ જે કડક શબ્દો કહ્યા તે સુમનના શબ્દો પરથી. સુમન એમ જ માનતી હતી કે પોતે પૈસા લઈ ગઈ તે બરાબર જ હતું ને શાસ્ત્રીએ તે ફેંકાવી દીધાં તે જ તેની મોટી ભૂલ હતી. તેની માએ બરાબર યોગ્ય વખતે તેને કડક વેણ કહી તેની ભૂલ બતાવી. પોતે જાણી જોઈને કાયદાનો ભંગ કરીએ તો તેના પરિણામો માટે પણ તૈયાર રહેવું જ જોઈએ. આપણા સત્યાગ્રહીઓ પણ હસતે મોઢે લાઠીનો માર અને જેલની કપરી શિક્ષાઓ સહી લેતા જ હતા.

પણ ખરી વાત તો સુમન સત્યાગ્રહી ન હતી. આ કાયદો ગેરવ્યાજબી છે માટે તે ભંગ કરવાની ખાતર તે તોડતી ન હતી. બેકાયદાસર રીતે ચાલવાની જે વૃત્તિ તેનામાં આવતી હતી તેની સામે તેની માનો ફટકો છે અને તે મને પૂર્ણાંશે માન્ય છે.

આપણે કાયદાભંગમાં માનવાવાળાં છીએ. પણ બેકાયદામાં (lawlessness) માનતાં

નથી. એહૂદ્દો અથવા અન્યાયી કાયદો જાણી જોઈને તોડવાનો વ્યક્તિનો હક્ક તે સારા કાયદાઓ ઘડાવવા ખાતર તેણે વાપરવાનો છે. નિયમપાલન પ્રત્યે સામાન્ય અણગમો અને અસન્માન પ્રવર્તે એ રીતે તેણે વર્તવાનું નથી જ.

આ થઈ ટૂંકમાં કાયદાભંગની ફિલસુફી. પણ એ મોટી ઉંમરની જવાબદાર વ્યક્તિઓને લાગુ પડે.

બાળકો સંબંધેના જે ખરાબ કાયદાઓ અથવા વર્તન હોય તેની સામે આપણાં જેવાં મોટાંઓ ઝુંબેશ ઉઠાવી શકે. ગમે તેટલા કડક શબ્દમાં આપણે તેને વખોડીએ પણ આપણે બાળકોને એમ ન કહીએ કે તમે તમારાં માબાપોનું માનશો નહિ. તમારા ગુરુનું માનશો નહિ. તેઓ તો તમારી કતલ કરે છે. વગેરે.

સુમનની માના કડક શબ્દો બરાબર હતા એ હું એટલા માટે માનું છું.

મને લાગે છે કે મારી દિકરીને હું બરાબર એ જ વાક્ય કહેત.

"**જાણી બુઝીને** નિયમ ન પાળવા માટે તને બરાબર શિક્ષા થવી જરૂરી હતી." આમાં 'બરાબર' એટલે 'યોગ્ય' એ શબ્દ ઉપર ભાર છે.

કોઈ કહેશે કે આપણે શિક્ષા શબ્દમાં માનતાં નથી. ને એ શબ્દ તમે કેમ વાપરો? શિક્ષા શબ્દ ન વાપરવો હોય તો Consequences જેવો બીજો કોઈ વાપરો. પણ અર્થ એક જ છે, કે જો તમે જાણતાં હો કે અમુક કાયદો તોડ્યો હોય તો ૫૦ ફટકા મળવાના છે; કે એવું જ કાંઇ થવાનું છે ને તમે કાયદો તોડો તો પછી જે જે બને તે સહન કરવાની તમારી તૈયારી હોવી જોઈએ.

વાર્તા બરાબર લખાએલી નથી એ તો પહેલાં જ કબૂલ કર્યું છે. એટલે તે જે રૂપમાં છપાણી છે તેથી જો વાચકોને એવી છાપ પડતી હોય કે આ વાર્તામાં શાસ્ત્રીજીના વર્તનનું સમર્થન કરવાનો હેતુ છે તો તે અહીં દૂર કરવાની તક લઉં છું.

માતાનાં વેણ પોતાની દિકરીના વિચારમાં જે ભૂલ થતી હતી તેટલી સુધારવા પૂરતાં છે એમ સમજવું.

મારા બધા વિદ્યાર્થીઓ શ્રી. જયંતીભાઈની જેમ જાગે અને પત્રિકા ઝીણવટથી તપાસતા રહે તો કેવું સારૂં! પત્રિકામાં ભૂલો પડશે નહિ અને વિદ્યાર્થીઓ જાગૃત થઈ લખતા થશે.

તા.

બાળકોની મારામારી

[ગતાંકથી ચાલુ]

બાળક પર કયારેય કોઇ અત્યાચાર થયો કે તેને તેનો પ્રતિકાર અત્યાચારથી જ કરવાની ઇચ્છા થાય છે.

પરંતુ આ પ્રશ્ન એટલેથી જ અટકતો નથી. હમેશ ન મારવાનું ધોરણ રાખ્યું હશે તો પણ કેટલાંક બાળકો બીજાં બાળકોને જોઈને અથવા તો મૂળ સ્વભાવમાં જે જન્મથી મળેલું વલણ છે તેનાથી અથવા એવાં જ કોઇ કારણથી મારવાની પ્રવૃત્તિ આદરે એવો સંભવ છે. આવા બાળકને માત્ર 'મારીશ નહિં' એટલું કહી પતાવી દેવું ન જોઈએ. પરંતુ તેમની મારવાની પ્રવૃત્તિને બીજે રસ્તે વાળવાની જરૂર છે. દરેક

સમાજમાં નહિ મારવાનું ધોરણ સ્વીકારાયું નથી. એટલે સેંકડે ૯૯ ટકા બાળકોમાં મારવાની ઈચ્છા હોય છે. ઘણાં બાળકોમાં તે અમલમાં મૂકવાની શક્તિ નથી હોતી. જ્યારે કેટલાંક શક્તિ હોય કે નહિ પણ મારી દે છે. ત્યારે નહિ મારવાના નિયમ માટે હજી બે ત્રણ બાબતોની ચર્ચા કરવી જોઇએ.

એક ન્યાય કરનાર સભ્ય સમાજની રીત અમલમાં લાવવી જોઇએ. તે રીત ન્યાય કરનાર પાસે ઝગડો લઈ જવો. મોટેરાંઓ પાસે ફરીયાદ લઇ જતાં જેટલું મનનું સમાધાન થતું નથી તેટલું સમાધાન પોતાની જ મંડળીમાં ન્યાય કરાવવામાં થાય છે અને એટલે જ ન્યાયની કોર્ટોમાં કેસ લઈ જવાને બદલે પોતાની જાતિના પંચ આગળ ન્યાય કરાવવો લોકોને પસંદ પડે છે.

બીજી બાબત એ કે મારવાની પ્રવૃત્તિને બીજા માર્ગે વાળી લેવી. જાહેરમાં મારામારી અથવા કુસ્તી કરવી એ એક માર્ગ છે. મોટા મોટા મલ્લો કુસ્તી કે બોક્સીંગ અને લાઠી વગેરેના દાવ ખેલે છે તે જોઇને મઝા પડે છે. નાનાં બાળકોને એ જોઇને તો ખૂબ જ મઝા પડે છે. ક્રિકેટ, ફુટબોલ જેવી રમત મારવાની વૃત્તિને અધિક સંસ્કારી બનાવી તે વૃત્તિને બદલી શકે છે.

તે જ પ્રમાણે મારવાની વૃત્તિને લાકડા ફોડવા, કોઇ ચીજનો કુટીને ભૂકો કરવો, વાટીને ચટણી બનાવવી વગેરે નાશાત્મક ક્રિયાથી પુષ્કળ સમાધાન મળી શકે છે.

આ સિવાય બાળકની બાબતમાં તો પહેલાંના જેવાં દ્વંદ્વ ખેલીને સમાધાન મેળવવા માટે મારામારી કરી લેવા દેવી એ રીત પસંદ કરવા જેવી છે. કયારેક કયારેક એકાદ બાળકે બીજાનો એટલો ગંભીર ગુન્હો કર્યો હોય છે કે બીજાને એમ લાગે છે કે તેને માર્યા સિવાય સમાધાન મળતું નથી. બીજી રીતે કહીએ તો તે ડંખ વિસરી શકતો નથી. આવા પ્રસંગોએ "મારવું નહિ" એ કાયદાનો સખ્તાઇથી અમલ કરવો એ બાળકની દ્વેષવૃત્તિ વધારે ઉત્તેજિત કરે છે. અને ક્રોધથી તેનું થઇ શકે તે રીતે સમાધાન ન થતાં તે બાબત તેના મનને સતત ડંખતી રહે છે. તેથી કરીને એવા સ્વભાવ માટે શાળાએ માન્ય કરેલ રીતની મારામારીથી સમાધાન મેળવી લેવા દેવું એ તેના માનસિક આરોગ્યની દૃષ્ટિએ અધિક હિતાવહ છે.

"બાળકોનું નંગર" Boys town ફીલ્મમાં એક દૃષ્ય છે. તેમાં એક અભિમાની બાળક ચૂંટણીમાં હારી જતાં ચૂંટાઇ આવેલાં બાળકને મારતો હતો. તે વખતે તેનો એક વડિલ મિત્ર તેને કહે છે, 'આપણે અહીં બાનગી મારામારી કરવી નહિ. મારામારી કરવી જ છે તો બોક્સીંગના અખાડામાં ચાલ અને ત્યાં બીજાં બાળકોની હાજરીમાં અને આપણા નિયમો મુજબ મારામારી કરી લે."

આમ કરવામાં મારામારીનું બાલજીવનમાં સ્થાન સ્વીકારાયું છે અને તે જાહેર રીતે કરવાથી તેમાં ગુન્હાહિતપણું રહેતું નથી. બીજી વાત એ છે કે ક્રોધના આવેશમાં મારી દેવાને એમાં સ્થાન આપવામાં આવ્યું નથી. તેમ જો સ્થાન અપાય તો ક્રોધમાં અન્ધ બનીને બાળક ગમે તે કરી બેસે એવો ભય રહેલો છે. પણ બીજી તરફ ખરેખર ભારે ગુસ્સો આવે ત્યારે ઢીલા પડીને બેસવાનો વારો જો બધા પર આવે તો કોઇ કોઇના મન પર તેનું વિકૃત પરિણામ આવે છે. આમ ગુસ્સો ઓછો તો નથી થતો પણ ગુસ્સામાં દાંતે હોઠ ચાવીને ગુસ્સો દબાવવો પડે છે. પરિણામે ખુન્નસ આવે છે. અથવા તે દુનિયા પ્રત્યે કડવી ભાવના સેવતું થાય છે. તેના કરતાં

મારામારી કરી લીધા પછી મન એકદમ હલકું થઈ જાય છે, મોકળું થઈ જાય છે. સામા પક્ષ તરફનો ક્રોધ ચાલ્યો જાય છે અને બાળક પહેલાંના જેવું રમતીઆળ બની રહે છે.

આ પ્રમાણે બાળકની મારવાની વૃત્તિને ત્રણ પ્રકારે વાળી દઇ શકાય. એક તો કુસ્તી, લડાઇ વગેરે જેવી રમતોને ઉત્તેજન આપીને, બીજું ભાંગવું, તોડવું, ફોડવું, કાપવું વગેરે જેવી કૃતિ કરવા આપીને રચનાત્મક કાર્યમાં તેનો ઉપયોગ કરવા દેવો. અને ત્રીજું ક્રોધ—ગુસ્સાનું સમાધાન કાયદાસરની મારામારી કરીને મેળવી લેવા દેવું.

સ્વરક્ષણ માટે જે મારામારી હશે તો તે ચાલવા દેવા જેવી છે. ખાસ કરીને જે મોટેરાંઓનો આશ્રય લેનાર બાળકો છે તેને સ્વરક્ષણ માટે સામા મારવા માટેના વિચારો શિખવવામાં હરકત નથી. નહિં તો તેને હર વખત કોઇને કોઈ અંગરક્ષક જેવું જોઇએ જ છે. ગુંડપ્રવૃત્તિના બાળકો હોય છે તે આવાં બાળકોને ઘણો ત્રાસ આપે છે. મારામારી કરવી કે ન કરવી એવું શિખ્યા પહેલાં જ નવું બાળક આવ્યું કે તેની બધા પરીક્ષા કરી લે છે. ચોંટીયો ભરનારને સામે ચોંટીયો, મુઠ્ઠી મારનારને સામે મુઠ્ઠી મારે એવું બાળક હોય છે તો તેનો ધાક જલદી બેસે છે. પોતાનું રક્ષણ કરતાં આવડતું ન હોય, કોઇ મારે કે રડતાં બેસી રહે એવું બાળક આવે તે નમાલું તરીકે ઓળખાય છે. આ છેલ્લા વર્ગના બાળકને સામનો કરતાં શિખવવું એવું ધોરણ મેં તો રાખ્યું છે.

તેવાં બાળકો રડતાં બેસી રહે છે કાં તો મારી પાસે અગર શિક્ષક પાસે ફરિયાદ લઇ આવે છે. તેવે વખતે તેવાઓમાં જે એકદમ નવું અને નાનું હોય તેનું રક્ષણ કરવાનું પ્રથમ કાર્ય કરવું પડે છે. પણ એથી ઉલટું જ્યારે હમેશ તે ફરિયાદ લઇ આવવા લાગે છે ત્યારે હું તેને જ મારનાર બાળકનો હાથ પકડવા અને મારી પાસે લાવવા માટે કહું છું. કેટલાંક તો માત્ર તેટલું કરવાય અસમર્થ હોય છે. કદાચ મારા કહેવા પ્રમાણે હાથ પકડવા કે સામે થવા જાય તો તો વધારે માર ખાઇ બેસે છે. ગુંડા અથવા મારકણાં બાળકો પાસેથી તેનું રક્ષણ કરવું પડે છે. અશક્તની અહિંસા શા કામની? નકામા નકામા કોઇ મારે ને માર ખાઈ બેસે તેમાં અહિંસાનું બળ હોતું જ નથી. તેથી આ ઉંમરે સ્વરક્ષણ અને સ્વમાનરક્ષણ ખાતર બાળકે સામા થવું એ મને પસંદ કરવા જેવું લાગે છે. મારતાં આવડે છે છતાં ન મારવામાં માનસિક બળ છે. તે કાયદાસરની મારામારીમાં કેળવાય છે. ને શારીરિક ને માનસિક શક્તિ આવ્યા પછી અહિંસા શીખે તે યોગ્ય થાય એમ મારું માનવું છે.

તા.

નાનાં બાળકોની ખરાબ આદત

ઘણાં માતાપિતાઓને, તદ્દન નાની ઉંમરમાં બાળકોને ખરાબ આદતો કેમ પડે છે તે લક્ષમાં નથી આવતું. ઘણાનું લક્ષ જ નથી હોતું અને ઘણાને કલ્પના જ નથી હોતી.

મારા અનુભવમાં આવેલ એક લક્ષ વેધક ઉદાહરણ માતાપિતાઓની માહિતી માટે આપું છું. વાંચેલા ઉદાહરણો કરતાં પ્રત્યક્ષ જોયેલું ઉદાહરણ મન પર વિશેષ અસર કરે છે. પુસ્તકોમાં પહેલાં વાંચ્યું હતું પણ જોયું આ પહેલું જ.

એક સવા બે અઢી વર્ષનો છોકરો હતો. લાગ મળે કે સાદડી ઉપર કે ગમે ત્યાં ઊંધો પડી જમીન પર જનનેંદ્રિય ઘસવા લાગતો.

મને એ જોઈને ખૂબ જ આશ્ચર્ય થયું. મેં તેની માને પૂછ્યું. ત્યારે તેનું ધ્યાન પણ આ વાત તરફ ઘણા દિવસથી ગયું હતું તેમ જણાયું.

તેમાંથી એક વાત ધ્યાનમાં લેવા જેવી જણાઈ.

તે છોકરાને આ આદત કેમ પડી તે પૂછતાં એમ જણાયું કે આ છોકરો વર્ષ સવા વર્ષનો હતો ત્યારે એનાં સગાંને ત્યાં પોતાની મા સાથે ગએલો. ત્યાં રોજ સવારે બાળકો દેવને નમસ્કાર કરતા. તેઓની સાથે આ પણ નમસ્કાર કરવા લાગ્યો. પહેલાં કોઇનું જ ધ્યાન ખેંચાયું નહીં. આ છોકરો ખૂબ જ સમય સુધી પડી રહેતો પણ તેને ગમ્મત સમજી તેની પર ધ્યાન ન અપાયું.

બધાં પાછાં ઘેર આવ્યાં ત્યારે પહેલું ધ્યાન તેની માનું આ તરફ ખેંચાયું. ઘરના લોકોએ તેને ખૂબ ધાક ધમકી આપી, માર્યો પણ ખરો પણ આ ટેવ વધુને વધુ દૃઢ થતી ચાલી.

આવી આદતો ધાકથી ને મારથી વધુ દૃઢ થવાની જ. પહેલાં તો બાળકોને આવી કોઇ આદત છે કે કેમ અથવા તો તેની શરૂઆત થઈ છે કે કેમ તે જોવાનું રહે છે. અને તેવું કંઇ હોય તો તે છોડાવવાનો કોઇ શાસ્ત્રીય ઉપાય કરવો જોઇએ.

મારવું, વારંવાર ના પાડવી, ધાક દેવી, તુચ્છતા દેખાડવી, એમાં કાંઇ ગુનો કે ન કરવા જેવું છે વગેરેનું ભાન કરાવીએ તો તે આદત વધુ ઉંડી જાય છે અથવા બીજે સ્વરૂપે પ્રગટ થાય છે.

પોતાના ગામમાં માનસશાસ્ત્રની દૃષ્ટિએ અભ્યાસ કરીને ડૉક્ટર થએલા એવા ડૉક્ટર હોય તો તેની સલાહ અને મદદ લેવી. તેવી મદદ મળવી અશક્ય હોય તો પુસ્તકો જોઇ આ પ્રશ્નો સંબંધી માહિતી મેળવી લેવી.

સામાન્ય રીતે વિશેષ ઉંડા ઉતર્યા સિવાય નીચેના નિયમો ધ્યાનમાં લેવાથી સામાન્ય પ્રકારની ખરાબ ટેવો વધુ દિવસ ટકતી નથી અને રોગી અવસ્થાએ પહોંચતી નથી.

૧. બાળકને નિરૂદ્યમી અથવા તો જેમાં તેનું મન ખૂબ રચ્યુંપચ્યું ને પ્રસન્ન રહે નહિ તેવા કાર્યમાં રાખવું નહિ.

૨. બાળકોને પોતાના વિચાર, આશ્ચર્ય, કુતૂહલ, જીજ્ઞાસા બધું સ્પષ્ટપણે, ખુલ્લી રીતે માતાપિતાઓ પાસે બોલવાની છૂટ હોવી જોઇએ અને તેમ કરવામાં કંઈ ખાસ વિશેષ છે એવી બોલવાની રીત ન રહેવી જોઇએ.

૩. જે આદત છોડાવવી હોય તે તરફ આપણું એકસરખું ધ્યાન છે એવું દેખાવા દેવું કામનું નથી. તેજ રીતે તેના પરિણામે આપણને બહુ ખરાબ લાગે છે, શરમ લાગે છે, મનને ધક્કો (Shock) લાગે છે એવું કશું દેખાડવું નહિ. એકંદરે આ બાબતમાં કાંઇ વિશેષ ગુન્હાહિત અથવા તો પાપ-મૂલક કાંઈ છે એવું પણ લાગવા ન દેવું. "મોઢામાં આંગળી ન નાખો" એ જેટલું સહજ-પણે આપણે કહીએ તેટલા જ સહજપણાથી બીજી બાબતોમાં પણ કહેવું.

૪. બાળકોને બીજી બાબતોમાં કાંઈ વિટ-બણાઓ આવે છે કેમ; તેઓને અપમાન લાગે અથવા તો ચીડ ચડે તેવું હમેશ બને છે કે કેમ? બાળકોને પોતાને ઓછાપણું આવે તેવું બુદ્ધિનું, શરીરનું કે બીજું કાંઇ બને છે કે કેમ વગેરે જોવું જોઇએ. તેનો જીવનપ્રવાહ અસ્ખલિત-પણે વહ્યો જાય તેમાં વચ્ચે જે કાંઈ આડ આવે તે જ દૂર કરવાનો પ્રયાસ કરવો જોઈએ.

૫. આવી આદતવાળું બાળક આવેશવાળું, ભયગ્રસ્ત, કે ભાવનાપ્રધાન છે અથવા તો તે અધિક શરમાળ અને બાળકોમાં ન ભળનારૂં અને એકલપેટું છે કે કેમ તે પણ જોવું. કોઇપણ એક બાજુ એ વિશેષ નમેલું બાળક સમતોલ

થાય તેવા ઉપાય લેતાં ખરાબ આદતમાંથી મુકત થવાનો સંભવ છે.

૬. બાળકોની બાલ્યાવસ્થામાં જ, સ્વાભાવિક-પણે એવી એકાદી અવસ્થા આવે છે કે જ્યારે તેટલા વખત પૂરતી એવા પ્રકારની એકાદ આદત તેમને લાગી જાય છે અને ન ખબર પડે તેમ તેમાંથી મુકત પણ તે થઈ જાય છે. એટલે તે બાબતમાં પ્રમાણ બહાર નકામી કાળજી કરવી નહિ અને નકામું તેને મહત્ત્વ આપી, તેમાં જ આપણું અને બાળકનું લક્ષ કેન્દ્રિત થવા દેવું નહિ.

૬. સામાન્યરીતે બાળકોને, મનથી ગમતી સત્પ્રવૃત્તિઓમાં પોતાનું શરીર અને મન પૂર્ણપણે ગૂંથાઈ જવાનું મળે છે તો વિકૃત પ્રવૃત્તિ સહજ રીતે નાબૂદ થઇ જાય છે. તા૦

બાળકોના કૂટ પ્રશ્નો

બાળજીવનમાં અનેક કૂટ પ્રશ્નો હોય છે. ઘણાં-ઓને એમ લાગે છે કે બાળકો ઘણાં કામો પોતાના હાથથી કરી શકતાં નથી તેમ જ પોતાના પગ પર સરળતાથી ચાલી શકતાં નથી તેથી તેઓને ઘણી મુશ્કેલીઓ પડતી હશે. તેમાં જો આપણે મદદ કરીએ તો બાળજીવન સુખાવહ કર્યું ગણાય.

પરંતુ વસ્તુસ્થિતિ તદ્દન જુદી જ છે. બાળકોને ઘણાં કામો કરતાં નથી આવડતાં તે વાત ખરી છે. એમનાથી એ તરત સરળતાથી પૂરાં થતાં નથી, સફાઇદાર થતાં નથી એટલે આપણે મોટાંઓ કરાવીએ છીએ. પણ બાળકોને આ વસ્તુનો જરાય ત્રાસ થતો નથી. ઉલટું ગમે તેવું તોય પોતે જ તે કર્યા કરવામાં તેમને આનંદ આવે છે.

ચડ્ડીના એક પગમાં મહાપ્રયત્ને અર્ધા કલાકને અન્તે બે પગ ઘુસાડીને પછી ઉભા રહેવાનો યત્ન કરવો અને પછી તેમાં ન ફાવતાં નીચે પડવું એ ઉભા ઉભા જોયા કરવામાં કદાચિત કંટાળા ભરેલું લાગે પરંતુ તેમાં બાળકોને તો આનંદ જ આવે છે.

ખટપટ કરીને ઉપડે નહીં એવી ખુરશીને ગમે તેમ કરી કબાટ પાસે લઈ જવી અને પછી કબાટ પરનો દડો હસ્તગત કરવામાં શિવાજીને કોઇ કિલ્લો લેવામાં જેવો આનંદ આવ્યો હશે તેવો જ કંઈક આનંદ બાળક આમાં અનુભવે છે.

થાળીમાંથી પૂરો કોળિયો લઈ મોં સુધી પહોંચતાં વચ્ચે અનેક અડચણો આવે છતાં તેમાં જે આનંદ આવે છે તે તેને ઝટપટ કોઈ ખવરાવી તેમાં નથી આવતો. માને લાગે છે કે અર્ધું ખાવાનું નીચે ઢોળાય છે; શરીર બધું ગંદું થાય છે અને આખા મોંઢાનું ચીતરામણ થાય છે. બાળકનો મત આ વખતે જુદો હોય છે. તેને પોતે પ્રયત્ન કરીને ક્રિયા ઉપર પ્રભુત્વ મેળવવાનો આનંદ આવે છે. તે તેમાં રહેલો આનંદ આપણે મોટેરાંઓ આપણા અજ્ઞાનથી અથવા તો બધુંજ બહુ ચોકસાઇથી અને જલદીથી થઈ જવું જોઇએ એ ખ્યાલથી કે પછી બાળકને મદદ કરવાની દૃષ્ટિએ પણ વચ્ચે માથું મારીને લૂંટી લઇએ છીએ. સ્વાભિમાન, સ્વપ્રયત્ન અને પુરૂષાર્થને એથી અવકાશ રહેતો નથી.

બાળકને આપણી મદદની જરૂર હોય છે તે આવા કામમાં નહીં—આવા બીજા અનેક પ્રસંગ અને વાતો હોય છે કે જેમાં તેઓને આપણી મદદની ખરી જરૂર હોય છે. એવા મુશ્કેલ પ્રશ્નો

અથવા તો અડચણોની કઈ કઈ જગ્યાઓ હોય છે તે આપણે કાળજીપૂર્વક જોઇને, તેમાં વખત પર યોગ્ય એવી મદદ કરવા તત્પર રહેવું જોઇએ.

બાળજીવનમાં એક કૂટ પ્રશ્ન એટલે એનું શરમાળપણું. બા અથવા તો કોઈ મુરબ્બી અનેક વાત કરવાનું કહે છે પણ તેને બૂબજ શરમ લાગે છે. થોડાંક બાળકો રમતાં હોય છે. તેમનાં ભેળાં રમવાનું મન થાય છે પણ શરમ અતિશય લાગે છે. ઘેર મામા આવે છે, માશી આવે છે, બાનાં ઓળખીતાં આવે છે. પોતાના બાપૂના મિત્ર આવે છે. દરેકજણ બાળકને પોતાની પાસે બોલાવે છે અને દરેક જણ તેને પૂછે છે, "તારૂં નામ શું?" "તું શું ભણ્યો?" એમ ન થાય તો પોતાના બાપુ કહે છે "ગાયન ગાઈ બતાવો!" બા કહે છે, "જરા નાચી દેખાડો!"

બાળકને આ પ્રસંગ અતિશય મુશ્કેલ બને છે, અસહ્ય બને છે. તે પ્રમાણે કરવાની ઇચ્છા થાય છે પણ કરાતું નથી. ન કરે તો માબાપ આગ્રહ કર્યા કરે છે અને છેવટે એ પ્રમાણે ન જ થાય તો માબાપ ગુસ્સો કરે છે.

ઘણીવાર બાળકોને પોતાનું મોઢું સંતાડી દેવાનું મન થાય છે. ઘણીવાર તેમના હાથપગ થરથર ધ્રૂજવા લાગે છે. છાતી ધડકધડક થવા લાગે છે અને કોઈ કોઈવાર તે રડવા લાગે છે.

માબાપ વગેરે મુરબ્બી લોકોએ બાળકોના આ શરમાળપણાનો બૂબ વિચાર કરવો જોઇએ. ઘણીવાર ઘરમાં સારા, ડાહ્યા, અને તોફાની દેખતાં છોકરાંઓ બહાર અતિશય શરમાળ જણાય છે. આ શરમાળપણાના કારણો તપાસી તેનો ઉપચાર કરવો જોઇએ.

પોતેજ બાળકોને બીજાં બાળકો સાથે ન ભળવા દેવાના પરિણામે આ શરમાળપણું આવ્યું છે કે શું? કે પોતાના સ્વભાવમાંનું શરમાળપણું વારસામાં બાળકને મળેલું છે? અથવા તો એ પણ જોવું જોઇએ કે ઘરમાં ગુંડાપણું કરી મુરબ્બી વર્ગના નરમપણાનો ફાયદો લેતાં શીખેલાં બાળકોનું બહારનાં બાળકોમાં કાંઈ ચાલતું નથી એવો અનુભવ થતાં તેઓમાં ભળવું તેઓને ગમતું નથી.

આ ઉમરનું આવું વધારે પડતું શરમાળપણું જવું જોઇએ. થોડા પ્રમાણમાં તેનું રહેવું સ્વાભાવિક છે. બાળકોની દૃષ્ટિએ અમુક પ્રમાણમાં શરમાળપણું એ સ્વરક્ષણનું સાધન છે. પારકા પર એકાએક વિશ્વાસ ન મૂકવો, તેઓમાં એકાએક મળી ન જવું એ સ્વરક્ષણનું ઉપજત બુદ્ધિથી આવતું સાધન બાળકોમાંથી તદ્દન નીકળી જવું એ અનિષ્ટ જ છે. માત્ર અતિશય શરમાળપણાને લીધે બાળકો દુઃખી થઇ જાય છે એનો આપણે વિચાર કરીએ છીએ. બાળકોને પણ લાગે છે કે આ શરમાળપણું જાય તો આપણે બીજાં ભેગાં જઇને રમી શકીએ. શરમાળપણાનાં અનેક કારણો હોઇ શકે છે. તે શોધીને તેનો યોગ્ય ઉપાય યોજવો જોઇએ.

"શરમા નહીં" એમ કહેવા માત્રથી શરમ જતીનથી. સભ્યતાથી અજાણ્યા માણસોમાં તેઓને લઇ જવાથી કોઈકવાર શરમ વધુ જ લાગે છે. એટલે પોતાના બાળકને બરાબર યોગ્ય એવા ઉપાયથી જ તેનો નિકાલ લાવવો જોઈએ.

તા.

મોન્ટીસોરી શિક્ષણ પ્રચારમાળા

લેખકોઃ સ્વ. ગિજુભાઈ અને શ્રી. તારાબેન.

કિંમત ૦–૧૦–૦ ટપાલખર્ચ ૦–૨–૩

મગાવો: "શિક્ષણ પત્રિકા" કાર્યાલય

૧૧૮, હિંદુ કૉલની, દાદર.

'બાળકોનો કાંઈ વાંક જ નહિ ?"

માતાઃ—શી વાત કરું આ અમારી બેબીની ? પરમ દહાડે અમે પેલાં નાટકો—નૃત્યો જોવા ગયાં ત્યારે મને એટલો તો ત્રાસ આપ્યો છે કે બસ ! તેને નાટકો અને નૃત્યો જોવાં ગમે છે તેથી તો હું સાથે લઈ ગઇ હતી.

હું:—કોનાં નાટકો હતાં ?

માતાઃ—પેલી ગિરગામમાં શાળા છે તેણે ગોઠવ્યાં હતાં.

હું:—એમ ? ત્યારે તો નાટકો મઝાનાં થયાં હશે. બેબીને મરાઠી બધું સમજાય છે ?

માતાઃ—ના બેન; તેને મરાઠી તો નથી આવડતું. પણ તેથી શું કાંઈ નાટકો ન જોઇ શકાય ? નવા નૃત્યોનો કાર્યક્રમ પણ હતો; આપણા જેવા રાસ પણ ગોઠવ્યા હતા. એ બધું તો તેને સમજાય અને ગમે તેવું જ હતું ના ?

હું:—કાર્યક્રમ કેટલા કલાક ચાલ્યો હતો ?

માતાઃ—લગભગ ત્રણેક કલાક.

હું:—બરાબર બધું દેખાતું હતું ના ?

માતાઃ—ના, બરાબર તો ન હોતું જોવાતું. તેમાંય સંભળાતું તો મુદ્દલ નહતું. એક તો અમારે જતાં મોડું થયું એટલે છેલ્લે બેસવાનો વારો આવ્યો.

હું:—કયો વખત હતો ?

માતાઃ—સાંજના સાડા પાંચથી સાડા આઠ.

હું:—કેટલા વાગે ઘેર પહોંચ્યાં ?

માતાઃ—નવ સાડાનવ વાગે ઘેર પહોંચ્યાં હોઇશું.

હું:—એમ ? ત્યારે તો બેબી બહુ ડાહી ગણાય. બીજી હોય તો ભેંકડો જ તાણે !

માતાઃ—અને બધો વખત કચકચાટ કરતી હતી તેનું તો કાંઈ નહિ, કાં ? ઘડીક કહે ભૂખ લાગી છે, ઘડીક કહે ઊંઘ આવે છે, કંટાળો આવે છે. મને તો એવી પંજવી દીધી કે બસ !

હું:—જુઓ બેન, બાળકોની સગવડ અગવડનો આપણે વિચાર કરવો જ જોઇએ. ભૂખ લાગી હોય તેવે વખતે તમે તેને નાટકો બતાવો ત્યારે શું તેણે ભૂખ લાગી છે એમ ન કહેવું ?

માતાઃ—એટલે તમારું કહેવું એમ છે કે બાળકોનો કાંઇ ગુનો જ ન હોય, એમ ? બધી ભૂલો થાય તેમાં અમારો જ વાંક એમ ના ?

હું:—ના, હું એમ કહેતી જ નથી. બાળકો ગુનો કરતાં જ નથી એમ હું ક્યાં કહું છું ? બાળકો ભૂલ કરી પણ બેસે એમને અનુભવ પણ શો હોય ? બધું એમને આપણી જેમ જ કરવાનું શી રીતે આવડે ? અને ફાવે પણ શી રીતે ? એ થોડું જ આપણા જેટલું બધું સમજે છે ? બાળકો તો વારંવાર ભૂલો કરવાના જ. મારા કહેવાની મતલબ એવી છે કે આપણે મોટેરાંઓએ બંને બાજુથી વિચારી લેવું જોઇએ. બંનેમાં વિચાર કરવાની શક્તિ આપણામાં જ વધારે છે; ખરું કે નહિ ?

માતાઃ—પણ એમાં મારી શી ભૂલ છે કહો જોઇએ ? તેને નાટકો અને નૃત્યો ગમે છે તેથી તો ખાસ ખર્ચ કરીને હું લઈ ગઈ હતી; છતાં તેની પજવણી તો રહી જ.

હું:—જુઓ બેન ! તે તમને હેરાન કરતી હતી તેનાં અનેક કારણો ત્યાં મોજૂદ હતાં. તમે પોતે જ એ બધાં ગણાવી ગયાં છો.

માતાઃ—હું પોતે ? મેં શું કહ્યું છે એવું ?

હું:—તમે ન કહ્યું કે અમે દૂર છેલ્લે બેઠાં હતાં. તેથી કશું સાંભળી શકાતું નહોતું. બરાબર દેખી

પણ શકાતું નહોતું. નાટક અને નૃત્યો જો બરાબર જોઈ જ ન શકાય તો એમાં શી મજા આવે? મોટાં પણ કંટાળી જાય તો બાળક કંટાળે એમાં શી નવાઈ? બીજું આખો કાર્યક્રમ મરાઠી ભાષામાં હતો. એટલે બેબીને ભાષા સમજાતી ન હોતી અને ઓછામાં પૂરું સાવ થોડું સંભળાતું હતું એટલે પછી એ નાટક એને શી રીતે ગમે? કાર્યક્રમ પણ બાળકોની દૃષ્ટિએ લાંબો ગણાય. આજના જમાનામાં તો મોટેરાં પણ ત્રણ કલાકના લાંબા કાર્યક્રમથી કંટાળે છે એ સિનેમાએ બતાવ્યું છે. પછી બાળકો ત્રણ કલાકમાં થાકી જાય એમાં નવું શું છે? કોઈ વસ્તુ જોવામાં મન પૂરું ઓતપ્રોત થઈ જાય ત્યારે ભૂખ તરસ જરૂર ભૂલી જવાય છે; પણ તમારી બેબી ૮–૮॥ વાગે હમેશ ઊંઘે છે. ભૂખ લાગી છે એમ પજવ્યા કરે એમાં બેબીને શો વાંક?

"દરેક સ્થળે બાળકો ભૂલો નથી જ કરતાં કે તેમનો વાંક નથી જ હોતો એમ હું નથી કહેતી. મોટેરાંઓએ બાળકોના વાંક કાઢવા અગાઉ પોતે કાંઈ અણજુગતું કર્યું છે કે કેમ તે તપાસી લેવું, અને પછી જ બાળકનો વાંક જોવો."

બાળકોની મારી આવી વકીલાત માબાપોને ગમશે કે કેમ તે વિષે મને મનમાં શંકા છે. છતાં મેં તો પેલી માતાને મારે કહેવાનું હતું તે બરાબર સમજાવવાનો પ્રયત્ન કર્યો જ હતો. **તા.**

નોંધ

ઘર-શાળા (Home school)

ગુજરાતના કેળવણીના ઇતિહાસમાં ગર્વ લઈ શકે એવી દક્ષિણામૂર્તિ સંસ્થામાંના મુખ્ય કાર્યકરોમાંના એક શ્રી. હરભાઈના નિયામકપણા નીચે ઉપરની સંસ્થા બે વર્ષથી શરૂ થયેલ છે. એ સંસ્થામાં 'છાત્રાલય', વિનયમંદિર, બાલ-મંદિર-કુમારમંદિર, અને પ્રકાશન વિભાગ હયાતી ધરાવે છે. હજુ આ વર્ષે જ શિક્ષકોને માટેનો અધ્યાપનવર્ગ પણ શરૂ થયેલ છે. કેળવણીના અદ્યતન સિદ્ધાન્તોને લક્ષ્યમાં રાખીને સંસ્થા પોતાના તમામ વિભાગોને નિષ્ણાત કાર્યકરોની રાહબરી નીચે ચલાવે છે. એ વિષે અમો વધુ વિવરણ કરીએ તે કરતાં જે રીતે અને ગતિએ પ્રજા એને સહકાર આપી રહી છે એ જ એમની પ્રગતિનું માપ ગણીએ.

સ્વ. ગિજુભાઈની બીજી પુણ્યતિથિ

ગત જૂન તા. ૨૩ ના રોજ 'શિશુવિહાર' દાદરમાં સ્વ. ગિજુભાઈની બીજી પુણ્યતિથિ મનાવવા માટે એક સભા મળી હતી. 'શિશુવિહાર' તરફથી ચાલતા અધ્યાપનમંદિરના નવા વર્ષની શરૂઆત તે જ દિવસે થતી હોઇ નવાં અભ્યાસ કરવા આવી પહોંચેલ ભાઈ બહેનો ખાસ ધ્યાન ખેંચતા હતાં. સ્વર્ગસ્થના વિદ્યાર્થીઓએ સ્વર્ગ-સ્થની કાર્યપરાયણતા, દૃઢતા અને બાળકોને માટે બધું કરી છૂટવાની ધગશની યાદ આપી હતી. શ્રી. બાબીબેન મૂળજીએ સ્વર્ગસ્થની બધા કાર્યોને તત્કાળ વધુ વેગવન્ત બનાવવાની સૂચના કરી હતી. શ્રી. તારાબેને આ પુણ્યતિથિના દિવસને આત્મ-પરીક્ષણનો દિવસ જણાવી વધુ અંતર્મુખ બની કાર્યપરાયણ બનવા જણાવ્યું હતું. છેવટમાં સ્વર્ગ-

સ્થને અર્પાએલ 'સ્મારકગ્રન્થ'ને રીતસરનો બહાર પાડવાની જાહેરાત, ગ્રન્થના કાર્યવાહકોની સમિતિવતી શ્રી. ચંદુલાલ ભટે કરી હતી.

× × ×

કરાંચીના શ્રી બાલવિહાર તરફથી પણ સ્વ. ગિજુભાઈની પુણ્યતિથિ શ્રી શારદા મંદિરમાં ઉજવાઈ હતી.

શ્રી. ગિજુભાઈના જીવન તેમજ કવન વીષે શ્રી. દુર્ગેશ ઠાકર, સુખલાલ શેઠ વીગેરેના પ્રાસંગિક પ્રવચન પછી સઉએ એક મીનીટ શાંતી જાળવી સ્વર્ગસ્થના આત્માની શાંતી માટે પ્રાર્થના કરી હતી.

બાળકોની મુછાળી મા સ્વ. ગિજુભાઇના ફોટાવાળા કાર્ડો બાળકોને વહેંચાયા પછી નાસ્તો લઈને સઉ વીખેરાયા હતા.

× × ×

એ જ સંવત્સરી શ્રી. જામ સિલ્વર જ્યુબિલી બાલમંદિરે પણ નાના ઉત્સવથી ઉજવી હતી.

સંગીતમાં સ્વ. ગિજુભાઈને વહાલાં એવાં ભજનો અને બાળગીતો, બાળકો અને શિક્ષકોએ ગાયાં.

દોઢ વાગ્યાને સુમારે સંગીત સમાપ્તિ પછી ઉત્સવની જાહેરાત થઈ. 'શણગાર કરવો છે.'

અને સ્વ. ગિજુભાઈની હસતી છબિની આજુ-બાજુ તેમને જ ગમતાં ફૂલો, બાળકો અને પાંદડાં ગોઠવાયાં; ધૂપદીપથી સ્વ. ની છબિ વધારે હસી રહી હોય તેમ લાગ્યું.

શિક્ષકોએ આ ઉત્સવ અને તેનો શણગાર અને તેની વચ્ચે હસતો વિરાજેલો પેલો ચહેરો તેની યાદ અને ઓળખાણ આપ્યાં. બાળકોએ ગંભીર ભાવે સાંભળ્યું, જોયું અને પ્રસંગની મીઠાશ સાથે જ સ્વસ્થતા અનુભવી.

નાસ્તો થયો. એક ભજન ગવાયું. "તારાં સ્વજન તને જાય ભૂલી તો..." એ દિવસે તે કાર્યક્રમ પૂરો થયો. ધૂપની પવિત્ર સુગંધમાં, દીપમાળના ઉજળા પ્રકાશમાં, ફુલોના રૂપ અને પમરાટમાં અને એથીએ વધારે તેમને વધુ વહાલાં બાળકોના પ્રસન્ન અને મરકતાં મુખમંડળમાં સ્વર્ગસ્થના આત્માને શાંતિ મળે તેવું વાતાવરણ પ્રસરી રહ્યું.

× × ×

અમદાવાદમાં પણ એ સંવત્સરીને અંગે, બાલજગત કાર્યાલયમાં શ્રી૦ ઈન્દુપ્રસાદ ભટ્ટને પ્રમુખપદે, અમદાવાદના બાલમંદિરોના શિક્ષકોની એક સભા મળી હતી. તે વખતે સ્વર્ગસ્થને શ્રી. ઈન્દુપ્રસાદ ભટ્ટ તથા શારદામંદિર વાળા શ્રી૦ ભોગીલાલ ઠાકર વગેરે એ અંજલિ અર્પી હતી.

× × ×

"સ્મરણાંજલિ" માટે લખો

શિક્ષણપત્રિકા દાદર,
મુંબઈ

મુદ્રક : કૃ. ના. સાપલે : રામકૃષ્ણ પ્રિં. પ્રેસ : ત્રિભુવન રોડ, મુંબઇ ૪.
પ્રકાશક : તારાબેન બોડક : 'શિક્ષણપત્રિકા' કાર્યાલય : હિંદુ કૉલની, દાદર.

શિક્ષણ પત્રિકા

(નૂતન બાલશિક્ષણસંઘ)

આદ્યતંત્રી : સ્વ. ગિજુભાઈ બધેકા

: તંત્રી :

તારાબેન મોડક

દસની લાકડી એકનો બોજ

દસની લાકડી એકનો બોજો એવું જ હમેશ ચાલતું આવ્યું છે. દસ જણાઓ હાથ હલાવતા જાય છે. એક જણ ભાર ઉંચકવાનો છે. દસ જણા આળસુ–લહેરી પેરાવલંબી. એક જણ ભાર ઉપાડે. ઘસાઇ ગએલો–થાકેલો. દસેની લાકડીઓ દસેય જણા ઉપાડે તો ? કોઇના પર ભાર નહીં. બોજો નહીં. હસતાં રમતાં ઉઠાવી જવાય. વીસ હાથોથી એ ઉઠાવી શકાય. હળી મળીને વહી જવાય, આનું નામ ટોળીનું કામ–સંઘનું કામ.

વર્ષ ૧૬ | ૧૯૬૭ | :: કાર્યાલય :: દાદર, મુંબઈ ૧૪ | અંક ૬ | શ્રાવણ

બાળપોથીમાં ચિત્રોનું સ્થાન

બાલજીવનમાં ચિત્રોનું સ્થાન અત્યંત મહત્વનું છે એ વાત નિર્વિવાદ છે. કારણ ચિત્રની ભાષા સાર્વત્રિક Universal છે. પોપટ જોયો કે જગતના કોઇપણ દેશના બાળકને પોપટ એક સરખો જ દેખાવાનો. તેની લાલ ચાંચ બધાંને લાલ જ દેખાવાની. તેનો લીલો રંગ બધાંને લીલો જ દેખાવાનો.

જેમ કોઇપણ દેશની કોઇપણ વસ્તુ જોવા માટે તે દેશની ભાષા શીખવાની જરૂર હોતી નથી તેમજ ચિત્રોનું પણ છે. કૂતરો સીધો કૂતરો જ દેખાય છે; જીરાફના શરીર પર પટ્ટા દેખાય છે, જીરાફના ચિત્રમાં જીરાફનું વિચિત્ર શરીર દેખાય છે—એની ઊંચી ઊંચી ડોક દેખાય છે. જે હોય તે સામે પ્રત્યક્ષ; દેખાય છે.

ચિત્રદ્વારા જોયું હોય તે ઓળખી શકાય છે, ન જોયું હોય તેની ઓળખાણ કરાવી શકાય છે, દૂર દૂરની વસ્તુઓ પાસે લાવી જોવાની મળે છે. તેમાં ગમે તેટલી ગમ્મત પણ જોવાની મળે છે. ટૂંકમાં ચિત્રોમાં બધું જ જોઇ શકાય છે.

એટલે બાળકોના પહેલા સોબતી તેમનાં પુસ્તકો નહીં પણ તેમનાં ચિત્રો હોય છે. તેમના પહેલા શિક્ષક પણ ચિત્રો જ હોય છે. તેમની પહેલી કળા પણ ઘણીખરી વાર ચિત્રકળા જ હોય છે.

બાળકોનાં જીવનમાં પુસ્તકો એ ઘણાં પાછળથી આવે છે અને આવ્યાં પછી પણ ઘણું ગૌણ સ્થાન ભોગવે છે.

આપણે ત્યાં બાળકો માટે ચિત્રોનાં પુસ્તકો જ નથી. મૂળ પુસ્તકો જ અને તેમાં ખાસ કરીને બાળપોથીઓએ જ બાળકોના સોબતી અને પ્રિય મિત્રો થવું જોઈએ એવી આપણા સૌની ઇચ્છા. એટલે એક યુક્તિ સૂઝી. બાળકોને કવીનાઇન આપવું તો સાકર લગાડીને આપવું એટલે તેઓ લઈ લેશે. આ ન્યાયે બાળપોથી બાળકોનાં હાથમાં આપવી અને તેઓને ગમે તેવી તે બનાવીને આપવી. તે જ તેઓનું એકનું એક બાઇબલ, ભારત, ભાગવત થવાનું. એટલે તેને આકર્ષક બનાવવી જોઈએ. તે કેમ કરવું? એટલે તેમાં જ ચિત્રો મૂકવાં. બાળકો ચિત્રોથી આકર્ષાઈ તેનો સ્વીકાર કરશે. તે વારેવારે ઉઘાડશે. તેના તરફ વારંવાર જોશે. તેના તરફ પ્રેમ કરશે. આનો ફાયદો લઈને કુશળ શિક્ષકોએ તેમને અક્ષરબોધ કરાવવો. હળવે હળવે વાંચતાં શીખવી દેવું.

આ થયો જૂનો ક્રમ. હજુ સુધી લગભગ તે જ ચાલુ છે. એક પ્રાગતિક શિક્ષણખાતાની બાળપોથી કેમ લખવી તે સંબંધની સૂચનાઓ વાંચી. તેમાં એક નિયમ એવો હતો કે બાળપોથીના દરેક પાઠમાં અર્ધું પાનું ચિત્રનું જોઈએ.

આજે સારી સારી ગણાતી કોઈ પણ બાળપોથી ઉઘાડીને જોઈ શું તો તેમાં આ નિયમ બરાબર રીતે પાળેલો દેખાય છે.

આમાં થોડો વિચારદોષ છે. બાળકોને ચિત્રો ગમે છે એ ખરું. બાળકોને શરૂઆતમાં લેખનવાચન શીખવું જરા કઠીન અને કંટાળા ભરેલું લાગે છે એ પણ ખરું – હમણાંની પદ્ધતિઓને લીધે એ વળી વધારે સાચું છે – અને એટલે જ ન ગમતું કામ આ રીતે ચિત્રો મુકવાથી સુલભ થશે એવી આમાં કલ્પના રહેલી છે. પરંતુ એને પરિણામે બાળકોનું દ્વિવિધ નુકસાન થયું. તેને લીધે ચિત્રનું જે મહત્ત્વનું સ્થાન શિક્ષણ અને

આલજીવનમાં હોવું જોઈએ તે તેને મળ્યું નહિ. અને વાચનમાં જે આનંદ હોય છે તે બાળકો લઈ શક્યાં નહિ.

ચિત્ર તરફ જોઈને બાળકોએ કડકડાટ વાંચવાનું.

આ છોકરો છે.
છોકરો બેઠો છે.
છોકરો લાડુ ખાય છે.
છોકરો રડે છે.

બાળપોથીમાંના ચિત્રોથી વાચનશક્તિનો વિકાસ બરોબર થતો નથી. અને ચિત્રો જોઈને ચિત્રોના અર્થ સમજવાની શક્તિ અને સારાં ચિત્રોનો અનુપમ આનંદ પણ લેવાની શક્તિ બાળકોમાં વિકસિત થતી દેખાઈ નથી.

ખરું જોતાં વાચનકલા એ એક સ્વતંત્ર જ વિષય છે. અને તે તેઓ સ્વતંત્રપણેજ શીખે તો તેમાંથી કેટલોય આનંદ તેઓ મેળવી શકે છે.

આપણી મૂળાક્ષરો શીખવવાની પદ્ધતિ જ સદોષ છે એટલે આપણાં બાળકો વાચનકલા સારી રીતે શીખતાં નથી.

બાળક પ્રથમ અક્ષરો શીખે છે. ઇંદ્રિય શિક્ષણનાં સાધનો લઈ જો તેઓ સરસ રીતે તેનાં પર કામ કરે તો જાતજાતનાં આકારોનો તેમને પરિચય થઈ જાય. તે આકારો તેમણે પ્રત્યક્ષ જોયા હોય અને પોતાના હાથ તળે પણ તે નીકળી ગયા હોય, તેની કિનારીઓ પર તેમણે આંગળાં પણ ફેરવ્યાં હોય, લોઢાની આકૃતિથી તેનાં ચિત્રો કાગળ પર છાપેલાં જોયા હોય, તેનાં જ બારીક રેખાચિત્રો પણ જોયાં હોય અને એટલે આ ગોળ છે, ત્રિકોણ છે આ પંચકોણ છે વગેરે સમજણ-ઓળખાણ તેને આકારો પરત્વેની આવી જ ગઈ હોય છે.

આ પ્રમાણે ત્રણ વર્ષની ઉંમરે આ ૩૨ આકારો સાથેની રમત પૂરી થયા પછી ૩॥–૪ વર્ષની ઉંમરે તેઓને વધારે બીજા જુદીજુદી જાતના આકારો લેવાની ઇચ્છા થાય છે. તે વખતે લંબગોળ, ચોરસ વગેરે જેવા સાદા નહિ પણ જરા વાંકાચૂંકા નવા આકારો આગળ આવે તો તેનાં પર હાથ ફેરવવાની અને તે ધ્યાનમાં રાખવાની ઓર મજા આવે છે. તેના નામો શીખવાની તો વળી એથીય વધારે મજા. કારણ પહેલાં તો ત્રિકોણ, પંચકોણ, ષટ્કોણ જેવાં કઠણ નામો હતાં. હવે તો ચ, પ, ફ એવાં સરળ નામો આવે છે!

આ પ્રમાણે "હજી શીખવોને, હજી શીખવોને" કહેતાં સાડા ત્રણ વર્ષનાં બાળકો અક્ષરો લેતાં જાય છે અને જુદા જુદા આકારો જોવામાં, તેના જુદી જુદી જાતના ઉચ્ચારો કરવામાં તેઓને આનંદ આવે છે. આ જુદા જુદા આકારો એ પોતે જ એક પ્રકારનાં ચિત્રો હોય છે. તે જોઈને ધ્યાનમાં રહી જ જાય છે. અને તેમને ધ્યાનમાં રાખવામાં મજા પણ આવે છે.

અમારો ૩॥ વર્ષનો શશી અક્ષરો શીખ્યો. તે સવારે ઉઠે કે તરત 'અકચલ ચિકવો' એમ કહેતો ગમે તેની પાછળ લાગતો. શરૂઆતમાં નામ યાદ ન રહે તો પણ આકાર તો ધ્યાનમાં રહેતો જ. 'આ માશીએ દેખાડેલ', 'આ લીનાબેને દેખાડેલ', 'આ કાકાએ શીખેલ' એમ ઘણાં દિવસ તેનું ચાલ્યું. ઘરમાંનું કોઈ પણ વર્તમાનપત્ર કે માસિક લઈ તે બેસતો અને આકારો જોયા કરતો. એક વાર બાજુના ઘરનાં પોતાના મિત્રને ત્યાંથી પાછાં આવતાં રસ્તા ઉપર એક કાગળ પડ્યો હતો તે ઉઠાવીને જોવામાં એ એટલો મશગૂલ બની ગયો હતો કે બસ!

આમ કરતાં કરતાં ત્રણેક અઠવાડિયામાં તે ઘણાં અક્ષરો શીખીને વાંચવા લાગ્યો. શાળામાં કે ઘેર જ્યાં અક્ષરો દેખાય તે જોવાનો તેને છંદ લાગી ગયો.

એક દિવસ તે બાલવર્ગમાં જઈને બેઠો. (ઉંમરના પ્રમાણમાં તે હજુ નાનાં બાળકોનાં વર્ગમાં હતો. પરંતુ અમારે ત્યાં એકબીજાનાં વર્ગમાં જઈને બેસવાની બાળકોને છૂટ હોય છે.) ત્યાં શશીનો મિત્ર ચંદુ ચિઠ્ઠીઓ વાંચતો હતો. 'લખ' તેણે મનમાં વાંચ્યું. ચિઠ્ઠી ટેબલ પર મૂકી અને પેન્સીલથી કાગળ પર લખવા લાગ્યો. શશીને તે જોઈને મજા આવી. ચંદુએ ફરી બે ચિઠ્ઠી મોટેથી વાંચી દેખાડી. 'લખ' એ બે અક્ષરો શશીને પણ આવડતા હતા. તેણે તે ચિઠ્ઠી હાથમાં લીધી ને વાંચી 'લખ'.

એટલામાં ચંદુએ બીજી ચિઠ્ઠી મનમાં વાંચી. 'ફર'. અને તે ફરવા લાગ્યો. ખૂબ હસતો હતો. અને ગોળ ગોળ ફરતો હતો. શશીને પણ ખૂબ ગમ્મત આવી. ચંદુએ પાછા આવી ચિઠ્ઠી મોટેથી વાંચી. 'ફર' શશીને 'ર' આવડતો ન હતો પણ 'ફ' જાણીતો હતો.

રહેતાં રહેતાં શશીને ચિઠ્ઠીવાચનમાં રસ લાગ્યો. હસ, રડ, ઉઠ, ચઢ, પડ બાંડ્યો વાંચવા અને તેનો અર્થ સમજીને તે પ્રમાણે કરવા. આઠ દસ દિવસ પછી એકવાર મેં જોયું તો મહેરબાન ઘણા શબ્દો વાંચતા થઇ ગયા હતા. માત્ર વાંચતા થઈ ગયા હતા તેમાં કાંઈ નવાઈ ન હતી પણ એ દરેકની પાછળ કાંઈક અર્થ હોય છે એ વસ્તુ એના ધ્યાનમાં આવી ગઈ હતી. એ વસ્તુ જ સમજવા જેવી હતી. મારી પાસે બેસી એક માસિકમાંથી અક્ષરો વાંચતો હતો. 'કલજમથ દલદલ' વાંચ્યું ને મને પૂછ્યું, 'એટલે શું?' ઉપરનો શબ્દ હતો 'કોલેજમાંથી દૂર દૂર' બોબડી જીભ બોલેલી 'દલદલ' અને મને અર્થ પૂછવા લાગેલી.

મને ખૂબ જ હસવું આવ્યું. પણ તેની સાથે જ શિક્ષણ પદ્ધતિનો વિજય દેખાયો. આ સાડા ત્રણ વર્ષના મહેરબાન વાંચે છે અને તરત જ તેનો અર્થ શું છે તે જોવા લાગે છે અને ન સમજાય તો મને પૂછે છે. પહેલાંની જેમ માત્ર અક્ષરો જોતાં બેસવામાં તેને મજા નથી આવતી. તે પૂરી થઈ. હવે અર્થ શું? 'ખડ'. હં તે, ખડ ઉગે તે. 'નળ.' હં. પેલો તે સામે છે તે. બોલી આવું? 'ઘર.' પેલું સામે દેખાય તે. 'કપ.' મારો દૂધ પિવાનો છે તે. આ રીતે તેનું વાચન ચાલવા લાગ્યું. જ્યાં જ્યાં અર્થ ન સમજાય ત્યાં 'એટલે શું' એ પ્રશ્ન આવતો જ.

અમારા બાલવર્ગમાં માત્ર કાર્ડબોર્ડના ટુકડાઓ પર લખેલા શબ્દો વાંચતાં કેટલાંય બાળકો જણાશે. શબ્દોના અર્થો તેઓ જ બેસાડે છે. ન સમજાય તો અમારી પાસે આવે છે. એક વાર એક ચાર વર્ષનો છોકરો 'પોળી' શબ્દ વાંચીને મારી પાસે આવ્યો, "'પોળી' એટલે શું તે કહું?" "કહે જોઈએ". "ચાંદાચોળી ધીમાં બોળી, મારા મોઢામાં હબૂક પોળી." આ જોડકણું બોલી દેખાડ્યું અને બોલ્યો 'એટલે પોળી'.

આ રીતે શબ્દ વાંચવા અને તેના અર્થ મનમાં સમજવા એ એક સ્વતંત્ર ક્રિયા જ છે. તે મનમાં જ થવાની જરૂર છે. તેમાં ચિત્રોની જરૂર ક્યાં છે?

ઘર, ખડ બધાંઓએ જોયેલ હોય છે. તો પછી એક ઘરનું ચિત્ર અને તેની સામે 'ઘર' શબ્દ છાપવાની શી જરૂર છે? વાંચીને તેનો અર્થ સમજવા માટે કલ્પનાશક્તિની જરૂર હોય છે. 'ઘર' વાંચતાની સાથે જ પોતાના અથવા તો સામેના ઘરની કલ્પના મનમાં આવવી, 'તારા' વાંચ્યું કે કોઈ એકાદ છોકરીની કલ્પના મનમાં આવે વગેરે ક્રિયાઓ મનની મનમાં જ વારંવાર થવાની જરૂર હોય છે. વસ્તુ અને ક્રિયા, શબ્દ વાંચતાની સાથે જ સમજવી એનું નામ જ વાચનકળા. તે જો પ્રાપ્ત થાય તો વાચનમાં આનંદ આવવાનો જ. મોઢેથી અક્ષરો વાંચતાં વાંચતાં મગજમાં, કલ્પનાના પડદા પર વંચાતી વાતનું આખું ચિત્રપટ ચાલુ થવું જોઈએ.

એક હતો છોકરો.

વાંચનારાના મગજમાં છોકરાની કલ્પના આવે છે. કદાચિત્ તે છોકરો પોતે જ છે એવી પણ કલ્પના થાય.

તે ચઢ્યો મેજ ઉપર.

તરતજ કલ્પનાના પડદા પર ચાલતું ચિત્ર પડવાની શરૂઆત થશે.

નીચે મોતીઓ ઉભો હતો.

પોતાના વહાલા કુતરાંનું ચિત્ર ખડું થાય છે. પછી તે જુદાજુદાની કલ્પના પ્રમાણે કાળો, લાલ અથવા તો સફેદ હશે.

મોતીઓ પૂછડી હલાવતો હતો.

કલ્પનાનું ચિત્રપટ હમેશ ચાલતું, સર્વરંગી અને બોલતું હોય છે. એટલે પાઠમાં જે જે આવે તે ત્યાં ઝટ દઈને દેખાવ દે છે.

મોતીઓ હૂ હૂ કરવા લાગ્યો.

તરતજ કલ્પનાના ચિત્રમાં હૂ હૂ અવાજ થાય છે.

આ પ્રમાણે વાચન એ ક્રિયા જ એવી છે કે અક્ષરોથી બનેલ શબ્દો વાંચીને તેની કલ્પના પડદા પર પ્રત્યક્ષ કરે છે.

આ ક્રિયા સારી થાય એ માટે કલ્પનાશક્તિ ઉપર જ મુખ્ય ભાર હોવો જોઇએ. તે વખતે બીજી કોઇપણ જાતની વ્યગ્રતા ન હોવી જોઇએ. આ નવી કળા શીખવાની હોય તે વખતે. માત્ર લખેલા શબ્દો જ વાંચવા એ સૌથી ઉત્તમ છે. તેમાં બાળકોને શું મઝા આવશે એમ કહેવું એટલે નાનાં બાળકને શું દૂધ ભાવશે? એના જેવો એ સવાલ ગણાય. બાળકોને શું ભાવે છે એ અનુભવ કરીને જોવું જોઇએ. 'લપસ' વાંચીને તેનો અર્થ સમજાવાથી, જઈને લપસીને પાછા ફરવામાં બાળકને કેવો આનંદ આવે છે, આનંદનો સાગર ઉછળે છે એ પ્રત્યક્ષ જોયા સિવાય સમજવું શક્ય નથી.

કલ્પના ઘણી વાર અસ્પષ્ટ હોય છતાં રમ્ય, ભવ્ય, અદ્‌ભૂત હોઇ શકે છે. તેજ પ્રત્યક્ષરૂપે ઘણીવાર ફિકી, સામાન્ય હોય છે.

એક મોટો રાક્ષસ હતો.

એવું વાંચતાં બાળકોને મન આકાશ જેવડા મોટાપણાની વિશાળ કલ્પના આવવાનો સંભવ છે. ચિત્રમાં તેનું એક જરાક મોટું, વાંકુચૂંકું માણસ જેવું ચિત્ર ચીતરાયલું જોઇને બાળકને નિરાશા જ થશે.

ઈલા બોલી, "બા, મને પેપરમીટ દે."

"કેટલી ગોળીઓ જોઇએ છે? ત્રણ કે ચાર?"

વાંચીને બાળકોનાં મનમાં ગલગલીઆં થતાં હશે. પોતાની માનો પ્રેમળ ચહેરો જીવંત બની સતેજ આંખોની સામે આવે છે. બાવાનું રાખવાનો કબાટ નજર સામે આવે છે. ગોળીઓની બાટલી દેખાય છે.

તેજ ગમે તેવું બાળક અને માનું ચિત્ર મુક્યું હોય તો કેટલીકવાર બાળકોને નિરાશા જ જણાશે.

સારાંશ કે ચિત્રોથી કલ્પનાને મદદ મળવાને બદલે કલ્પનાને દરિદ્રીપણું મળે છે.

એટલે મારા અભિપ્રાય પ્રમાણે બાળપોથીમાં આજે ચિત્રોનું જે સ્થાન છે તેવું ન જોઈએ.

ચિત્રોનું સ્વતંત્ર સ્થાન છે. સરકારી બાતાંએ એવાં ચિત્ર પુસ્તકો જરૂર તૈયાર કરાવવાં જોઈએ અને વપરાવવાં જોઈએ. એ સિવાય આપણાં બાળકો માટે ચિત્રોનાં પુસ્તકો મળવાની આશા દેખાતી નથી.

પરંતુ ચિત્રોને બાળપોથીમાં સ્થાન આપવાથી બન્ને વાતો બગડે છે.

બાળકોને ખરેખર જોઈએ તેવી ચિત્રપોથીઓ મળતી નથી. અને બાળપોથીઓમાંથી જે વાચનશક્તિ મળવી જોઈએ તે પણ મળતી નથી.

બાળપોથીઓમાં ચિત્રોનું એક વિશિષ્ટ સ્થાન હું કબૂલ કરીશ.

મા, ઘર, બાળક, ભાઈ, ચકલી, કાગડો એનાં ચિત્રો બાળકોનાં મગજમાં હોય જ છે. ઘર આવે કે ચકલી આવે તો તેનાં ચિત્રો આપવાની બીલકુલ જરૂર નથી. પણ જે વાતો–વસ્તુઓની બાળકોને બરોબર કલ્પના ન આવે તેવી ચીજોનાં સુંદર ચિત્રો અપાય તો તેઓની કલ્પનાને મદદ થશે. કલ્પના નહિ હોય તો કલ્પના આવશે. જૂઠી હશે તો સુધરશે.

તાડ ઉંચો છે, કેળ નીચી છે.
ઊંટ ઉંચો છે, ઘોડો નીચો છે.

આવાં વાક્યો હોય તો તેની કલ્પના બરોબર આવે તે માટે તાડ અને કેળ, ઊંટ અને ઘોડાનાં બાજુબાજુમાં સુંદર ચિત્રો હોય તે યોગ્ય ગણાય. કારણ બધાં જ બાળકોએ તાડનું ઝાડ ન પણ જોયું હોય. પણ 'તાડ જેવો ઉંચો' એવો ભાષા પ્રયોગ તો પ્રચલિત છે જ એટલે તાડ કેવો હોય અને કેવો ઉંચો હોય તેની કલ્પના લાવી આપવી જરૂરી છે.

રંગની કલ્પના પણ બાળકોને અધૂરી હોય છે. એટલે રંગ દેખાડનાર પાઠમાં રંગીત ચિત્રોની આવશ્યકતા હોય છે.

કયારેક કયારેક હમેશ દેખાનાર વાતો પણ બૂબ સરસ હોય અને તેનું તેટલું જ સુંદર ચિત્ર હોય તો તે પણ સુંદરતાને માટે પુસ્તકમાં આવે તો તે અભિનંદનીય થશે.

કુતરાનો એકાદ સુંદર પોઝ, અથવા એકાદ સુંદર ગુલાબ અથવા તો નદીતટ વગેરેનાં ચિત્રો પણ લઈ શકાય. પણ તે બાળપોથીઓ માટે સસ્તામાં કાઢેલાં ચિત્રો જેવાં ન જોઈએ. તે કોઈ ઉત્તમ ચિત્રકારની ઉત્તમ કલાકૃતિઓ હોવી જોઈએ. એની પાછળ કલ્પનાને દરિદ્રી નહિ પણ સમૃદ્ધ કરવાની દૃષ્ટિ રહેવી જોઈએ.

ચિત્રોનું સ્થાન શણગાર તરીકેનું પણ સ્વીકારવા જેવું છે. માત્ર સાદું પાનું હોવાને બદલે, વેલ–બુટ્ટાઓથી વિભુષિત સુંદર પાનું બનાવ્યું હોય તો તે પુસ્તક હાથમાં લેવું ગમે છે. તે ચિત્રને અને પાઠને સંબંધ હોવાની જરાય જરૂર નથી.

તાત્પર્ય કે ચિત્રોને લીધે વાચનનું પ્રાધાન્ય જવું ન જોઈએ. ચિત્રો જોવા એ એક જુદો જ વિષય છે. અને વાંચીને અર્થ સમજવો એ પણ એક જુદો જ વિષય છે. એટલે ચિત્રોમાં બાળપોથીને સ્થાન આપી વાચનશક્તિને દુબળી બનાવવી એ કામનું નથી.

બીજું : સસ્તાં ચિત્રોથી કલ્પના દરિદ્રી અને વિકૃત થવાનો સંભવ છે. અથવા તો તે નિરર્થક જવાનો સંભવ છે એટલે તેવાં ચિત્રો તો ફાડીને ફેંકી જ દેવાં જોઈએ.

ત્રીજું : ચિત્રોથી એકાગ્રતાનો ભંગ થાય એવી જગાએ ચિત્રો ન જોઈએ. તેમ પ્રમાણે કલ્પના કરવા દેવાનો સમય હોય તેવે વખતે ઉખાણા નાખીને તત્કાળ તેનો ઉત્તર આપી દેવાની જેમ ચિત્રો આપી ન દેવાં. "દોડ" શબ્દ વાંચીને શું કરવું તેનો વિચાર કરીને તેનો અર્થ બાળકોએ શોધી કાઢવાનો હોય તે વખતે "બાળક દોડે છે" એવું ચિત્ર આપીને બધું નિરસ ન કરી નાખવું.

ચોથું : કલ્પના આવવી શક્ય ન હોય તેવી વાતોની અને અસ્પષ્ટ હોય તેનાં અર્થ પૂર્તિ કરવા માટે જરૂર આપવાં.

પાંચમું : બરાં સુંદર ચિત્રો, પાઠની હકીકતોને પ્રત્યક્ષ કરનાર હોય તો આપવામાં હરકત નથી.

છઠું : સુશોભનને બાલપોથીમાં સ્થાન છે. પણ તે સિવાય બાળપોથી હોઈ જ ન શકે એમ સમજવાનું કારણ નથી.

તા.

બાળકોના કૂટ પ્રશ્નો

(૨)

બીજો કૂટ પ્રશ્ન એટલે બાળકનો ભય. સ્વભાવથી જ બાળકમાં ઓછો કે વધુ ભય હોય છે જ. અજાણ્યાથી અથવા જેની ઓળખાણ નથી એવાનો ભય મોટેરાંઓને પણ લાગે છે. જ્યારે બાળકને તો આખું જગત અજાણ્યું છે.

એટલે કાંઇક પ્રમાણમાં તેને ભય હોય છે જ. ઉપર જણાવ્યા પ્રમાણે કાંઈક પ્રમાણમાં સ્વરક્ષણ માટે પણ ભય અવશ્ય હોય છે. એક બાળકની મા કહેતી હતી કે મારા બાળકને ભય જ નથી લાગતો. ગમે ત્યાંથી તે કુદી પડે છે. તે જ બાળક અમારી સાથે પ્રવાસમાં આવેલ ત્યારે મેં કહ્યું: "તું આ બર્થ પર ચઢી શકશે કે?" તે બાળકે કહ્યું: "હા." અને તે ખરેખર જ ચઢ્યો પણ ખરો. પછી મેં કહ્યું: "ત્યાંથી કૂદકો મારી શકશે?" તે બાળકે કહ્યું: "હા." બાદ મેં કહ્યું: "આ ચાલતી ગાડીએ નીચે કૂદી શકશે?" ત્યારે તેણે એકદમ કહ્યું: "નહિ." નીચે ન કૂદવા બાબત તેને પૂછતાં તેણે કહ્યું: "હું મરી જાઉં". એટલે કે યોગ્ય પ્રમાણમાં તેને ભય હતો જ. યોગ્ય પ્રમાણમાં જે સાહસિક સ્વભાવ હતો તેને જ તેની મા બાળકમાં બીલકુલ ભય નથી એમ માનતી હતી. યોગ્ય પ્રમાણમાં જેને ભય નથી હોતો તે બાળકને અસાધારણ જ કહી શકાય.

આ સ્વાભાંવિક ભયને બીજા માણસો વારંવાર ભય બતાવી વધારે છે. ઉપરના બાળક જેવું એકાદ બાળક ભય દેખાડવામાં આવે છતાં તેને દાદ ન દે તેવુંય મળી આવે છે. તેથી એ બાળકની માને પોતાના બાળકને કોઈ પણ જાતનો ભય નથી લાગતો તેની બીક લાગે છે! સાધારણ રીતે ઘણાં બાળકો ભય બતાવતાં ભયભીત બની જાય છે. અને તેથી બીકણ બાળકોની સંખ્યા ઘણી છે. પોલીસનો ભય, વાઘનો ભય, બાવાનો ભય, બિલાડીનો ભય, કુતરાંનો ભય, અંધારાનો ભય, એવા અનેક પ્રકારના ભય મોટાં માણસ બાળકને રડતું બંધ કરવા બતાવે છે. તે ભય બાળકનાં મનમાં જડ ઘાલી બેસે છે. મને એક મોટા ગૃહસ્થે કહેલું કે હજી પણ તેને પોલીસને જોતાં ભયનો આંચકો લાગે છે. કારણ કે નાનપણમાં તે ઘણો જ તોફાની હતો તેથી તેને વારંવાર પોલીસનો ડર—ભય બતાવવામાં આવેલો.

શરમાળપણાની જેમ ભયથી પણ બાળકના ખરાબ હાલ થાય છે.તેમની આ ઉંમર નવા માણસોને કૂતુહલથી જોવાની, નવી શોધ કરવાની, ગુણધર્મ અને સૃષ્ટિનિયમ તપાસવાની, નવી વાતો, નવી ક્રિયા, અને હલન ચલન એ બધાં પર નિર્ભયપણે પ્રભુત્વ મેળવવાની ગણાય. તેજ સમયે ડગલે ડગલે ભય દેખાય તો તેનો અસ્ખલિત વિકાસ કેવી રીતે થઈ શકે?

ભય એટલે બાળકનાં ગળામાં પડેલો એક મોટો ભાર, પગમાંની બેડી, મન પરનો બોજો છે. તેને સ્વતંત્રપણે વિહરવા દેવું અત્યંત આવશ્યક છે. પહેલેથી ભય બતાવવો જ નહિ. એકાદ વખત ભય બતાવી બાળક તેનાથી ડરતું થઈ જાય છે પછી 'તું ડરીશ નહિ' એમ કહેવાથી ભય જતો નથી. સતત અને યોગ્ય પ્રકારે મદદ કરીને જ તે દૂર કરવો શક્ય બને છે.

ઘણાંય માણસો, વાઘનો, પોલીસનો કે બાવા વગેરેનો ભય બાળકને બતાવતાં નથી. પણ પ્રત્યેક ક્રિયા વખતે અરે પડીશ, અરે ઢોળીશ, અરે ફોડીશ, પગે વાગશે એમ કહી કહીને બાળકનાં

જ્ઞાનતંતુને નબળાં બનાવે છે. ક્રિયા શરૂ કર્યા પહેલાં જ શાંતપણે લઈ જા, બરાબર સખત પકડીને લઈ જા, બરાબર ધ્યાન દઈને ચઢ, વગેરે કહેવું યોગ્ય છે. પણ ક્રિયા શરૂ કર્યા પછી અરે ઢોળીશ, અરે પડશે, એમ કહેવું એટલે પડતું ન હોય તોય પડે. બાળક બારણાં પર ચઢયું હોય તો પગ ભાંગીશ, કઠેરા પર ચઢયું તો પડીને માથું ફૂટી જશે, દિવાલ પર ગયું તો મરી જઇશ એવા પ્રકારે કહેવાથી પણ બિનજરૂરી ભય બાળકમાં પેસી જાય છે. સાહસની પણ મર્યાદા છે. બાળકને તે મર્યાદાની માહિતી નથી, એ ખરૂં. પણ મારો વીશ વર્ષનો અનુભવ છે કે સમધારણ એટલે માનસિક વ્યંગ ન હોય તેવા બાળકને પોતાના જીવનું રક્ષણ કરવાની બુદ્ધિ સંપૂર્ણ હોય છે. તેને પડશે કે મરશે વગેરે કાંઇ જ કહેવાની જરૂર નથી. જોઇએ તે જાતની પ્રવૃત્તિ કરવાની છૂટવાળાં બાળક જીવને સંભાળીને જ હલનચલન કરે છે. કારણ વગર શક્તિ બહારનું કામ તેઓ લેતાં જ નથી.

સારાંશ કે બાળકોના ભલા માટે ભય બતાવવાની જે પ્રથા ચાલુ છે તે બીલકુલ જ બંધ કરવા જેવી છે. આ પ્રકારે ઉત્પન્ન થયેલો અથવા તો સ્વભાવતઃ ઉત્પન્ન થયેલો ભય એ બાળકના પ્રગતિ માર્ગમાં એક મોટી આડખીલી રૂપ છે. બાળકોના બાલજીવનમાં અતિશય કરૂણાજનક જો કોઈ ક્ષણ હોય તો તે તેઓની બીકથી દબાયેલી પરિસ્થિતિને ગણવી જોઈએ.

એટલે કે કૃત્રિમ રીતે તો બાળકને ભય બતાવવો જ નહિ. અને જો કોઈ બાળકને સ્વભાવતઃ વધુ ભય હોય તો તે જાણી લઇને તેનો યોગ્ય ઉપાય કરવો. માત્ર ડરીશ નહિ એમ કહેવાથી તેનો ભય જશે નહિ. પણ ધીમે ધીમે ભય દૂર થાય એમ કરવું જોઈએ. યોગ્ય પ્રમાણમાં મદદ કરી તે ભય દૂર કરવો જોઈએ. નહિ તો ભયભીત બાળક વધુ ડરશે અને પરિણામ ઘણું ખરાબ આવશે.

(૩)

બાળકના જીવનમાં ત્રીજો કૂટ પ્રશ્ન એટલે બાળકનું મોટેરાંઓનાં રમકડાં બનવું. થોડા ઘણા પ્રમાણમાં તો બાળક મોટેરાંઓનું રમકડું હોય છે જ. બાળકના વર્તનથી મોટાંઓને આનંદ થાય એ સાહજિક છે પરંતુ આપણને આનંદ થાય એટલે બાળકને નચાવવું, હસાવવું વગેરેથી આપણે તેને રમકડું બનાવીએ છીએ.

કોઇ આવ્યું કે "ભાઈ પેલી કવિતા બોલ", "રમેશ તે ગાયન બોલી બતાવ", "રણજીત પેલી વાત કર તો." એ પણ ચાલ્યા જ કરે છે. કાંઇક મર્યાદા સુધી તો તે ઠીક છે. બાળકને ગાયન બોલતાં, પોતાની વાત કહેતાં કે નાચતાં આનંદ થાય અને તેનું તોતડું ગાયન કે વાર્તા સાંભળીને આપણા હૃદયને પણ આનંદ થાય છે. પરંતુ બાળકની ઇચ્છા ન હોય ત્યારે પણ કરાવવું એ નુકસાન કરે છે. એક તો બાળકને પોતાનાં ગુણોનું પ્રદર્શન કરવું ગમે છે, બીજાંઓની આગળ કાંઇક કહી બતાવી તેમણે કરેલી સ્તુતિ સાંભળવી, પોતાના તરફ જ બધાંનું લક્ષ કેન્દ્રિત કરવું, પાંચ માણસોની મંડળી જામી કે પોતે તેમની વચમાં જઈ પડવું એની તેને આદત પડી જાય છે અને આગળ જતાં તે વિકૃત અવસ્થા સુધી પહોંચવાનો સંભવ છે. સાધારણ રીતે બીજાઓએ પોતાના તરફ લક્ષ ન આપ્યું હોય ત્યારે તેમનું લક્ષ ખેંચવાની વૃત્તિ તેનામાં ઉત્પન્ન થાય છે અને હમેશ શ્રોતાજનો માટે અને તેમના તરફની સ્તુતિ સાંભળવા માટે ગાવું, નાચવું વગેરે કરવાથી કળાનો ખરો વિકાસ થતો નથી. કળા કરતાં કળાથી મળનારા સ્તુતિવચનો તરફ જ તેનું ધ્યાન રહે છે.

આથી વિરૂદ્ધ કોઇ કોઇ બાળકને હમેશ પાછળ જ રહેવું, કાંઈ શિખવું જ નહિ, એવી પણ વૃત્તિ હોય છે. ગાવાનું શીખીશું

તો ગાવું પડશે એટલે તે શિખવું જ નહિ એવું કરનારાંય ઘણાં બાળકો હોય છે.

ટૂંકમાં બાળકને મોટેરાંઓનું રમકડું બનવું એ બાળકનાં જીવનમાં એક ગંભીર અને દયાજનક પ્રસંગ બની જાય છે. મોટાંઓમાંથી તો એકાદને જ રાજાના દરબારમાંના વિદુષક બનવું ગમે પણ આપણાં બાળકો પૈકી ઘણાંયને મા-બાપના દરબારના વિદુષકની ભૂમિકા લેવી પડે છે. તેમાંના સેંકડે નેવું ટકાને પોતાની અનિચ્છાએ એમ કરવું પડે છે.

બાળક પોતાની હોંશથી કરે એ તો ઠીક. તેમ જ સભાક્ષોભ ન લાગતાં પોતાને આવડે છે તે કરી બતાવવાનું શિક્ષણ શાળામાંથી મળવું જરૂરી છે. પરંતુ બાળકને મોટેરાંનું ગમ્મત કરવાનું સાધન બનાવી તેના વિકાસને વિકૃત દિશા આપવી એ તદ્દન જુદી જ વાત છે. આમાં વડિલોએ બાળકની દૃષ્ટિએ વિચાર કરીને વર્તવું જોઈએ.

ઘણીય વાર બાળક કંટાળેલું હોય છે, ઘણીવાર તે થાકેલું પણ હોય છે, ઘણી વખત તેનું લક્ષ બીજાની રમતો પ્રત્યે દોરાયલું હોય છે, અને એવું પણ બને છે કે ઘણીવાર ઘેર આવેલ મહેમાન પ્રત્યે તેને પ્રેમભાવ હોતો નથી. એવા અનેક કારણોથી બાળક તે પ્રમાણે વર્તવાનો ઈન્કાર કરે છે. તો તે પ્રમાણે ઈન્કાર કરવાનો તેને સંપૂર્ણ હક છે તે આપણે સ્વીકારવો જ જોઇએ.

તા.૦

દૃષ્ટિદોષ

એક વખત એક તુરંગ જોવા માટે અમે ગયાં હતાં. તુરંગ બતાવનારે ત્યાંના અધિકારીએ કહ્યું "અમારી જેલમાં ગુન્હેગાર બાળકોનો એક વિભાગ અમે હવે કાઢનાર છીએ"

તે વખતે તો મેં કાંઇ જ જવાબ આપ્યો નહિ. તુરંગમાં એક વિભાગનો વધારો થાય એ અધિકારીની કાર્યપરાયણતાનો પુરાવો ગણાય છે. એ રીતે પોતાની તુરંગમાં એક વિભાગનો વધારો થાય છે એવું અધિકારીનું કહેવું સ્વાભાવિક હતું. ગમે તેમ પણ અધિકારીના તે શબ્દોથી મારા મનમાં વિચાર પરંપરા શરૂ થઈ.

ગુન્હેગાર કેમ નક્કી થાય, બાળકને ગુન્હો કરવા કોણ પ્રેરણા આપે છે, તે ગુન્હો નાબૂદ કરવા કયા ઉપાય લેવા, એવા બાળક માટે માનસશાસ્ત્રીઓએ કેવી કાળજી લેવી જરૂરી છે વગેરે બાબતો માટેના વિચારો મેં અનેક પુસ્તકોમાં વાંચ્યા છે તે સર્વે મારા મનમાં ઘોળાવા લાગ્યા.

સામાન્ય મનુષ્યની પ્રવૃત્તિઓ, ભાવનાઓ, આશાઓ, આકાંક્ષાઓ વગેરે એક જ રીતની હોય છે. તફાવત હોય છે તે માત્ર તીવ્રતા, કમીપણા કે અધિકપણાનો. તેવી પ્રવૃત્તિ કરતું એકાદ બાળક લોકોની દૃષ્ટિએ ખરાબ ઠરે છે, અને બીજું બાળક તેવી જ જાતની પ્રવૃત્તિ કરવા છતાં ચર્ચા કે આશ્ચર્યનો વિષય બને છે.

દાખલા તરીકે સંગ્રહપ્રવૃત્તિ લો. કોઈ પણ મનુષ્ય હોય, નાનું હોય, મોટું હોય, શ્રીમંત હોય કે ગરીબ હોય તે દરેકમાં ઓછાવત્તા પ્રમાણમાં આ સંગ્રહપ્રવૃત્તિ-લાલસા, ગમે તે વસ્તુ માટેની

દેખાઈ આવે છે. આ પ્રવૃત્તિ તરફ જોવાની મૂળ દૃષ્ટિમાં કેવો ફરક હોય છે તે જાણવા જેવું હોય છે:

આપણા નાનાં બાળકનું ખીસું પત્થરના નાના ટુકડા, ભાંગેલી પેન્સીલો, રબર, ચાક, ચાકુનું પાનું, પીછાં, ખીલા વગેરે વસ્તુઓથી ભરેલું જોઈ તેની મા આશ્ચર્યથી બોલશે "અરે બેન જોયું કે આ? અમારા ફીકાને આવી વસ્તુઓ ભેગી કરવાનો કેવો નાદ છે? કેટલું કહેવું! જાણે આખું જગત ખીસામાં જ ભરવાનો હોય તેમ!"

તેજ બાઈ પાસે જેનું કોઈ નથી એવા અનાથ બાળક માટે "મુવો કેવો છે આ? ક્યાંથીય લાવ્યો હશે આ વસ્તુઓ! ચોરટો! મળ્યું તે ઉંચકી લેવું! ભીખારી જેવાને મળે છે બીજું કાંઈ?" એવા ઉદ્‌ગારો સાંભળવા મળશે.

બાળકની મૂળભૂત જિજ્ઞાસા અંગેની પ્રવૃત્તિનો દાખલો લો. આપણને ગમતું બાળક ગમે તે વસ્તુને હાથ લગાડશે તો "અમારો બાબો તો બહુ જ ચોક્કસ છે! જોશે એ વસ્તુ લેશે, હાથમાં લઈ બરાબર જોઈ ખાત્રી કરશે, તેને ભાંગશે ફોડશે સુદ્ધાં! તે સિવાય તેને ચેન પડે જ નહિ" આ શબ્દો પણ સાંભળવા મળશે.

તેજ બાધ એકાદ અનાથ બાળક– જેની પ્રત્યે કોઈ ફરીથી જોનારૂં નથી એવાને એકાદ નવીન વસ્તુ તરફ જોતો જોશે ત્યારે "અરે એ ત્યાં શું છે? ચાલ આઘો જા! ચાલ્યા જ્યાં ત્યાં ડોકિયાં કરવાં! દરેક વસ્તુમાં તે શું જોવું છે?" એવા શબ્દો તેને માટે ઉચ્ચારશે.

આવી રીતના શબ્દો સાંભળું છું ત્યારે ઘણી-વાર મને એમ લાગે છે કે પોતાપણું જ લોખંડનો પારસમણિ બનાવી શકે છે અને તે ન હોય તો એકાદ હીરો પણ લખોટાની પંક્તિમાં મૂકાઈ જાય છે. પ્રવૃત્તિ તો એક જ પણ તેના પ્રત્યે જોવાની દૃષ્ટિ બદલાય કે તેનું આખુંય સ્વરૂપ બદલાઈ જાય છે. સ્વાભાવિક સંગ્રહપ્રવૃત્તિને ચોરીનું સ્વરૂપ અપાય છે અને જિજ્ઞાસાને ધોલમેલીઆપણાનું નામ મળે છે.

પોતાપણાના અભાવથી જે હાલત થાય છે તેજ પૈસાના અભાવથી પણ થાય છે. પૈસાથી દુર્ગુણ ઢાંકી શકાય છે. એકાદ શ્રીમંત બાળકે ચોરી કરી હોય તો તે જાહેરમાં નથી આવતું. તેના પર તેનું કાંઈ જ પરિણામ આવતું નથી. તેજ પ્રમાણે એકાદ ગરીબ બાળકે કોઇની એકાદ વસ્તુ લીધી હોય કે તે તરત જ ચોરી કહેવાય છે. તેના પર "ચોર" એ છાપ લાગી જાય છે. અને બધાંય તેને "ચોર" ની દૃષ્ટિએ જુવે છે.

કોઈપણ વ્યક્તિને ખરાબ ઠરાવવા માટે બે બાબત અત્યંત પ્રભાવશાળી હોય છે. અને તે પોતાપણાનો અભાવ અને પૈસાનો અભાવ એજ હોય છે એમ કહેવું જોઇએ.

પૈસાથી દરેક બાબતની અનુકૂળતા હોય તો સામાન્યતઃ જેને ગુન્હો કહી શકાય એવું કૃત્ય થવાનો સંભવ ઓછો. આપણાં બાળકે આપણે ન જાણીએ તેમ કબાટ ખોલી એકાદ બાવાની વસ્તુ બાંધી હોય તો આપણે તેને ચોરી કહેતા નથી. પણ એકાદ ગરીબ બાળકની સામે પડેલા ગોળના ડબ્બામાંનો નાનો ટુકડો તેણે મોઢામાં નાખવા ઉંચક્યો તો થઇ રહ્યું! "નાખ એ ટુકડો નીચે! પૂછવું નહિ કે ધાબ્બવું નહિ! માંડ્યો ઉંચકવા! કયાંય ગોળ જોયો કે નહિ?" આવા ઉદ્‌ગારો તેના હૃદયને વીંધવા માટે પૂરતા છે.

હા. તેણે ગોળ જોએલો નહિ એ ખરૂં છે. જોએલો નહિ, ચાખેલો નહિ, તેથી જ તેને તો ચાખી જોવાનું મન થયું. ચાખ્યો અને તે ગળ્યો લાગ્યો એટલે વધારે ખાવાનું મન થયું. તેણે તો ગોળનો ટુકડો લીધો તે દોષ તેનો ન હતો પણ તેની પરિસ્થિતિનો, દરિદ્રીપણાનો હતો.

બાળકને હરેક પ્રકારની સાધારણ અનુકુળતા આપો તો તેઓ એકાએક બરાબ રીતે વર્તશે નહિ. દરેકે પોતાની પરિસ્થિતિ પ્રમાણે વર્તવું જોઈએ, એમ કહેવું બરાબર છે પણ જ્યારે જરૂરી વસ્તુ જ ન મળે તો તે બાળકે શું કરવું? ચોરી, આ શબ્દનો અર્થ જ તેને સમજાતો નથી છતાં તે "ચોર" ઠરી ચૂકે છે.

તેવા બાળકે વસ્તુ જોઈ, પોતાને તે જોઈ એ છતાં તે લેવી નહિ અને તે રીતે હમેશ પોતાની ઇચ્છાઓ મારી નાખતા રહેવાની, આત્મસંયમન કરતાં રહેવાનું અને જે હોય તેનાથી જ સંતોષ મેળવી લેવાનો હોય છે. પણ આત્મસંયમન કરવું, સંતોષ મેળવી લેવો આ બાબતો બોલવાની જેટલી સરળ છે તેટલી જ આચરણમાં મૂકવી સરળ છે કે? આપણા જ બાળકની બાબતમાં આપણે આવી અપેક્ષા રાખીશું? નહિ. તેને હરેક વસ્તુ મળે અને તે પૂરતા પ્રમાણમાં મળે એ આપણી મુખ્ય ઇચ્છા હોય તો પારકાંઓની બાબતમાં એમ શા માટે? એનું કારણ એ માત્ર આપણી જોવાની દૃષ્ટિ!

આપણાં પોતાના માણસ પ્રત્યે અને પારકાંઓ પ્રત્યે જોવાની આપણી દૃષ્ટિ ભિન્ન ભિન્ન છે. તેવી જ રીતે શ્રીમંતો તરફ અને ગરીબો પ્રત્યે જોવાની આપણી રીતમાં મોટો ફરક છે. એટલે જ જે બાબત માટે આપણે એકને માટે વખાણ માનીએ છીએ તે જ બાબત બીજાને માટે ગુન્હો ઠરે છે.

કાવેરી કર્વે

પ્રગતિ – માપન

વર્ષની આખરે પરીક્ષા લેવી અને પરીક્ષાના નિકાલ બાદ એને આધારે પ્રગતિનું માપ કાઢવું એ એક જૂનું માપ છે, એટલે નવી શાળાઓમાં પરીક્ષા સમૂળથી કાઢી નાખવી જોઇએ એવો ઘણાનો મત છે. અને તે ખરું પણ છે.

જ્યાં વ્યક્તિગત શિક્ષણ અપાય છે, ત્યાં વ્યક્તિગત વિકાસની નોંધ શિક્ષક હમેશ રાખે છે, અને જ્યાં રોજેરોજ વર્ગમાં પ્રત્યેક વ્યક્તિના કાર્યની જેને માહિતી હોય છે એ શિક્ષક પોતાના વર્ગના પ્રત્યેક બાળકની વર્ષ આખરની પ્રગતિ કેટલી છે તે ઉત્તમ પ્રકારે સમજી શકે છે. ત્યાં એક દિવસ પરીક્ષા લેવાથી શો ફાયદો?

વાત ખરી છે. એક પરીક્ષાના પ્રશ્નપત્રોના જવાબથી આખા વર્ષનું કામ અને પ્રગતિ નક્કી કરી શકાય નહિ. તેજ પ્રમાણે માર્કનું માપ પણ તદ્દન બરાબર હોઈ શકતું નથી. ગણિત જેવા વિષયમાં પણ સાચા દાખલા માટેનાં ૧૦ માર્ક અને ખોટા માટે શૂન્ય માર્ક આપવા બરાબર નથી. બાળકનો પ્રયત્ન અને કેટલે સુધી તે વિચાર કરી શકયું છે તે જોવું જોઇએ. તેનો પ્રયત્ન, દાખલો અને તે કયાં સુધી બરાબર કર્યો છે તે જોવું જોઇએ. હાથ ચૂક, નજર ચૂક વગેરે બાબતો પણ લક્ષમાં લેવી જરૂરી છે. એટલે કે માર્ક આપવા એ કઠિન છે. અને બીજા વિષયો માટે પણ જેમ થર્મોમિટરમાં જોવું ગરમી માપન હોય છે તેમ માર્કથી પ્રગતિ માપન કરવું ઘણું જ કઠિન હોય છે. એટલે કે માર્કની પ્રથા જ દોષિત હોઈ તે બંધ કરવા તરફ વલણ દેખાય છે.

માર્કથી યોગ્ય માપન થઈ શકતું નથી. ઉલટું માત્ર જુઠી તુલના થવાનો સંભવ છે. સરખી શક્તિવાળા ચાર બાળકોનું કામ બરાબર સરખું ચાલે છે. તેમાં પરીક્ષા અને માર્ક જો કયાંય આવી જાય તો એકને ૪૦, બીજાને ૪૧, ત્રીજાને ૪૨, અને ચોથાને ૩૯ એમ મળે તો ૪૨ માર્ક જેને મળ્યા હોય તેને પોતાનો નંબર પહેલો આવ્યો એમ લાગશે. અને ૩૯ માર્ક જેને મળ્યા તેને પોતે એકદમ નીચે ઉતરી ગયેલો-છેલ્લો લાગશે. અને આ પ્રકારે વિનાકારણ ઉપલો અને છેલ્લો, હુશિયાર અને ઠોઠ વગેરે કલ્પના બાળકના મનમાં ઉત્પન્ન થાય છે.

તેમાં પરીક્ષા લઈને કોઈ પાસ અને કોઈ નાપાસ થાય એટલે પ્રગતિ પર સારા નરસાની છાપ પડી જાય છે. તેને બદલે જેને ગુણાકાર સારા આવડતા હોય તેણે ભાગાકાર શિખવા અને જેઓને બાદબાકીમાં ભૂલો થતી હોય તેણે તેનું પુનરાવર્તન કરવું. એવી પ્રથા હોય તો પાસ, નાપાસ, ઉપલો વર્ગ અને નીચેના વર્ગમાં રહેવું વગેરે પ્રકાર કયાંય રહે નહિ. જેને આવડે છે તેણે આગળ શિખવાનું બાકી રહે છે. અને તેમ થતાં બધાં બાળક સરખાં રહે છે.

આજ મારો વિચાર પરીક્ષાની વિરુદ્ધ જે જે દલીલો મૂકવામાં આવે છે તે મૂકવાને બદલે પરીક્ષાની બાજુનો વિચાર કરવાનો છે.

અમારી શાળા નવા સિદ્ધાંતો પર ચાલે છે છતાં તેમાં પરીક્ષા લેવાય છે અને પરીક્ષામાં રહેલા ફાયદા લક્ષમાં લઈને પરીક્ષા ચાલુ રાખેલ છે. અર્થાત પરીક્ષાથી બાળકને થતી ખોટ શક્ય તેટલી કમી કરીને તે ચાલુ રાખેલ છે.

અમારે ત્યાં પરીક્ષા છે તે બાળકોને બહુ ગમે છે. હમેશ બાળકો અમારી પાછળ લાગે છે અને પૂછે છે: "અમારી પરીક્ષા કયારે થશે?" અને કયાર કયારે રોજ પરીક્ષા લઇએ તો તે પણ બાળકોને ગમે છે.

કારણ કે પરીક્ષા પછી પાસ નાપાસ, નંબર ઉપર આવ્યો કે નીચે ગયો એમાં જે દુઃખ અથવા ફજેતી અથવા કમીપણા અને શ્રેષ્ઠપણાનો અનુભવ થાય છે તે મેં અહીં કાઢી નાખ્યો, એટલે કે એ બાબતોને બીલકુલ મહત્ત્વ આપ્યું નથી. પરીક્ષામાં કોણ પહેલું આવ્યું અને તેને બક્ષીસ વગેરે આપવાની વાતો બીલકુલ કરી જ નથી. તેથી બાળકોને પરીક્ષાની બીક જાગેલી દેખાઇ છે.

પરીક્ષા છે એમ કહ્યું કે બાળકો હમેશ કરતાં અધિક એકાગ્રતાથી અને વધારે પ્રયત્નોથી કામ કરવા લાગે છે. બીજી વખતે જે થોડું ઢીલાપણું હોય છે તે જતાં મનનું જાગૃતપણું આવે છે. તેથી કરીને સાહજિકપણે કામ વધારે સારી રીતે થાય છે. અને તેઓને પોતાના કામનો સંતોષ થાય છે. આ કારણથી પણ બાળકોને પરીક્ષા ગમવા લાગી છે.

કેટલીક વખત બાળકોમાં અને મારી વચ્ચે સંવાદ થાય છે. "પરીક્ષા કયારે લેશો?" "લેશું હવે." "ના. કહો ને". "ઠીક, કાલે પરમ દિવસે લઇશું", "નહીં આજે જ લોને" "ઠીક તો. ચાલો! આજે. પરીક્ષા" એમ કહ્યું કે બાળકો એકદમ આનંદિત થઈ પરીક્ષાની માનસિક તૈયારી પર લાગી જતાં દેખાય છે.

મને પ્રથમ તો ઘણી નવાઈ જ લાગતી કે મોટા મોટા પરીક્ષાથી બીએ છે એટલું જ નહિ પણ નાનાં નાનાં બાળકો પણ 'પરીક્ષા! અરે બાપરે!' એમ કહેતાં ગભરાયેલાં દેખાય છે. આમ હોવા

છતાં અમારાં આ બાળકો પરીક્ષા માટે આટલાં આતુર કેમ ! તો મને એ જ દેખાયું કે પરીક્ષા વખતે પોતાના કાર્યના પરિણામો ઘણાં વધારે સારાં દેખાય છે. તેમને ઉત્તમ કાર્ય કર્યાનો આનંદ થાય છે.

બાળકને બીજી વાત ગમે છે તે પોતાને કેટલું બરૂં આવડે છે તે જોવાની. જ્યારે ક્રોઇની પરીક્ષામાં ચાર દાખલાની ભૂલ પડે તો બાળક "ફરી પરીક્ષા લો; હવે એક પણ ભૂલ નહીં પડે." એમ કહે છે.

પ્રત્યેક બાળકને પોતે ભૂલ કરી છે કે બરાબર આવડે છે એ જોવાની ઘણી મજા પડે છે.

વર્ગમાં ને વર્ગમાં રોજ તપાસવા કરતાં પરીક્ષા એટલે કે પાટીમાં ને લખતાં પેપર પર લખી દેવું અને શિક્ષક ઘેર લઈ જઈને તપાસી લાવે અને પાછાં આપે એ બધી બાબતો બાળકોને ઘણી ગમે છે.

શિક્ષક વર્ગમાં ને વર્ગમાં ભૂલ બતાવે તેના કરતાં પેપર પર લખીને બતાવે એ જરા જુદું લાગે છે અને તેમાં પણ એક પ્રકારની ગમ્મત છે બરી.

ત્રીજો ફાયદો શિક્ષકની દૃષ્ટિએ એ દેખાય છે કે પ્રત્યેક બાળકની પ્રગતિની માહિતી હોય છતાં પરીક્ષા વખતે સાધારણપણે બાળકો ચોકસ ભૂલો કરી જાય છે. તેથી કરીને પ્રત્યેક બાળકને વધારેમાં વધારે કેટલી માહિતી છે એનું ચોકસ પ્રમાણ શિક્ષક કળી શકે છે.

આમ કરવા છતાં પરીક્ષાની સાથે પુનઃ પ્રત્યક્ષ ચોકસાઈ કરી ખાત્રી કરી લેવી ઘણી વધારે સારી છે. કારણ કે પરીક્ષા વખતે ભયનું તત્ત્વ નાબૂદ થયું હોય છતાં કેટલાંક બાળકોને એક પ્રકારનું (excitment) માનસિક ખેંચાણ થાય છે, અને તેથી કરીને પણ તેમનાથી ભૂલો થઈ જવાનો સંભવ છે.

પરીક્ષા રાખવાનો ચોથો ફાયદો એ દેખાય છે કે પરીક્ષાથી અધિક ચોકસાઈ આવે છે. બાળકોનાં જવાબ, અધકચરાં તુટેલાં વાક્યો વગેરે હોય છે. તે જ વસ્તુઓ પરીક્ષાના જવાબો લખતી વખતે પૂર્ણપણે અને નક્કીપણે આપવા છે, અને તે રીતે તે જાતની તેમને ટેવ પડે તે સારી છે.

પ્રશ્ન મનમાં ને મનમાં વાંચવો, તે મનમાં વિચારવો અને બાદ મનમાં તેનો જવાબ નક્કી કરવો અને પછી તેનો જવાબ લખવો તે ટેવ લાભકારક જ છે.

આ સિવાય પરીક્ષા દેવાથી ન ડગમગે એવો આત્મવિશ્વાસ ઉત્પન્ન થાય છે. પરીક્ષાની ભીતિ મનમાં બેસી ગઇ હોય એવાં કેટલાંય બાળકોએ સારો અભ્યાસ કર્યો હોય છતાં પરીક્ષામાં આવડશે કે નહિ એવી ભીતિ તેમને લાગ્યા કરે છે. પરંતુ હોંશથી પરીક્ષા દેનાર આવાં બાળકને પોતાની શક્તિ માટે ભારે આત્મવિશ્વાસ દેખાય છે. તે તો બધાથી મોટો ફાયદો છે.

સારાંશ એ છે કે પરીક્ષાથી અનેક ગેરફાયદા છે અને તે દ્વારા પ્રગતિમાપન ચોક્કસપણે થતું નથી. એટલે પ્રથમ પરીક્ષાને કાઢી નાંખવી જોઇએ એવું શિક્ષણસુધારકોનું કહેવું બરૂં છે છતાં પરીક્ષાની બીજી બાજુ પણ છે. અને તેના ફાયદાની બાજુનો આપણને ઉપયોગ કરતાં આવડે તો લાભ લઈ શકાય. પ્રયોગ તરીકે મેં શાળામાં પરીક્ષા શરૂ કરેલી અને એટલો અનુભવ મેળવ્યો કે પરીક્ષાથી ગેરફાયદો ન થવા દેવો એ ઘણી વાર શિક્ષકોના હાથમાં છે.

મુખ્યતઃ પરીક્ષાની સાથે થતી ચઢ ઉતર અને હરિફાઇનો પ્રવાહ તોડી નાંખીએ એટલે માત્ર તુલના કરવાથી કોઈ જ ગેર પરિણામ આવતું નથી. ક્ષના દસમાંથી સાત દાખલા ખરા પડે અને પોતાના કુલ ત્રણ જ ખરા છે એની ખબર પડ્યા પછી ક્ષને સીત્તેર માર્ક અને પોતાને ત્રીસ માર્ક મળે છે તેમ કહેવું તેનો અર્થ તેજ થાય છે. બાળકો એક બીજાની બુદ્ધિ, શક્તિ, શારીરિક શક્તિ, કલાત્મક શક્તિ વગેરેનું માપ લેતાં જ હોય છે. એટલુંજ નહિ પણ જેનો જે વિષય સારો હોય છે અથવા જ્યાં પણ શક્તિ દેખી શકાય છે ત્યાં તેનાં વખાણ પણ કરે છે. પરંતુ જ્યારે કયાંય એકની હોશિયારી બીજાને કમીપણું લાગે છે ત્યારે તેની હોશિયારી તેને ખટકવા લાગે છે. હોશિયારી એજ સાધ્ય ન બનતાં હોશિયારીથી ત્રીજી જ કોઇ વસ્તુ કે જેનો આ હોશિયારી સાથે કાંઇ જ સંબંધ નથી એવી વસ્તુ સાધ્ય બને છે. જેમ કે ઇનામ કે સ્કૉલરશીપ. ત્યારે તે બીજાને મળી અને પોતાને મળી નહિ એ બાબતની વિષમતા લાગવાની શરૂઆત થાય છે.

અમારી પરીક્ષામાં બક્ષીસ અથવા આવું જ કાંઇ મેળવવાનો પ્રયાસ નથી હોતો. માત્ર તે વિષયમાં ઉત્તમ પ્રાવિણ્ય મેળવવું એ જ એક ધ્યેય રહે છે. તેથી કોલે જેનાં ચાર દાખલા ખરા હતા તેના જ આજે જ્યારે છ દાખલા ખરા પડે છે તો તેને તેનો આનંદ થાય છે. અને જેના બધાય ખરા છે તેના આનંદમાં પણ સૌ ભાગ લઈ શકે છે અને જરા પણ વિષમતા ન લાગતાં તેને વિષે આશ્ચર્યભર્યો આનંદ જ અનુભવાય છે.

આ પ્રમાણે યોગ્ય પ્રકારની પરીક્ષા પદ્ધતિ બાળકને અનુપકારક બનવાને બદલે લાભદાયક થાય છે એવું જણાયું છે.

તા.

ઉષાબેનને આવડતું નથી.

ઉષાબેન રેતીના ઢગલા પર રમતાં હતાં. હું તેમની પાસે જઇ આસ્તેથી બેસી ગયો. ઉષાબેન સ્વભાવે બહુ જ પ્રેમાળ, હસમુખાં, શાન્ત અને કંઈક શરમાળ છે.

ઉષાબેન રમતાં રમતાં મારા તરફ ફર્યાં અને મને કહ્યું "ભગુભાઇ આજે હું રૂમાલ નથી લાવી."

"કેમ?" મેં પૂછ્યું.

તારાબેન કહે છે "ઉષા રૂમાલ ખોઈ નાખે."

તમે ખોઈ નાખો છો?

'ના.'

"ત્યારે તમારે કહેવું' તું ને કે હું નહિ ખોઉં."

"પણ એતો રેશમી છે ને તે લગનમાં નવાં લુગડાં પહેરૂં તેની જ સાથે કાઢવાનો છે." ઉષા બેને કારણ આપ્યું.

"તો તમારે સુતરાઉ લાવવો' તો?"

"અમારે ઘેર ચોકડીવાળા રૂમાલ તો બહુ છે પણ..." એટલું બોલી વળી ઉષાબેન બંધ રહી ગયાં.

મેં રૂમાલની વાત ટૂંકાવી ને કહ્યું. "ત્યારે જેવો આપે તેવો રૂમાલ લાવજો. એક રૂમાલ આપી મેં તેમને કહ્યું. "લ્યો સાંજે ઘરે જતી વખતે આ રૂમાલ પાછો આપજો."

૨

હું ઉઠતો હતો ત્યાં રૂમાલ ખીસામાં મૂકતાં મૂકતાં ઉષા બ્હેને કહ્યું. "હું ઘરે ગાઉં છું".

"શું ગાવ છો ?"

"શિવાજી શૂરવીરનું ગીત."

"આજ સંગીત વખતે ગાશો ?"

પણ તારાબેન કહે છે, "ઉષાને ગાતાં નથી આવડતું" મેં કહ્યું "તારાબેન ભલે કહે તમને આવડે છે કે નહિ?"

"હા, મને તો બીજાંએ ગીતો આવડે છે."

"એનો રંગ ગયો ગુજરાત મેંદી રંગ લાગ્યો,' એનો તો અમે રાસડો પણ લીધો'તો."

મેં કહ્યું: "ત્યારે બધાં બાળકોને ગાઇ સંભળાવશો ?" પણ તારાબેન કહે છેઃ "ઉષાને ગાતાં નથી આવડતું".

૩

ઉષાબેન કહે "ભગુભાઈ અમે બાબલું લીધું"

"ક્યાં છે ?"

"ઘરે છે, અમે ઘેર જઇને રમશું એનાથી."

"શું રમશો ?"

"એને ઘોડીઆમાં હીંચકાવશું ને પછી રમાડશું."

"બીજું."

"એના હાલરડાં ગાશું."

"ઉષાબેન તમે તમારા ભાઇને રમાડો બરાં કે?"

"રમાડીએ તો બરાં પણ તારાબેન કહે છે ઉષા ભાઇને પાડી નાખે"

ઘરમાંથી બાળકને કેટલીક અસરો એવી પડી જાય છે કે જેનો ઉપાય કરવો ઘણો જ કઠણ થઈ પડે છે. હતાશ થઈ ગયેલાં ઉપાબેનમાં આત્મ-વિશ્વાસનો કણગો ફૂટે એવી નજર ને બાલ-મંદિરમાં તેમજ ઘરમાં, માતા, મોટી બેન, કે વડીલની ન હોય તો એનું આખુંય જીવન નિરાશાપૂર્ણ બની જવાનો સંભવ છે.

માબાપો મોટે ભાગે બાલમંદિરમાં આવીને પોતાનાં બાળકને શું આવડયું ને શું નથી આવડયું એ ઉપરાંત, તે શું ભણે છે તેટલું જ જાણવા ઇચ્છે છે. પણ પોતાનાં બાળકનાં સંબંધમાં, ઘરમાં તેઓએ શું શું બાબતમાં સંભાળ રાખવાની છે એ પણ જાણવાની ઇચ્છા બતાવે તો? બાળ-શિક્ષણના કેટલા કોયડાનો ઉકેલ આવતો જાય અને બાળકનો સર્વાંગ વિકાસ કેટલો બધો સમૃદ્ધ બને ?

પોરબંદર ભગુભાઈ.

મેડમ મોન્ટીસોરી પોતાનો ત્રીજો ટ્રેઇનીંગ કોર્સ ચાલુ સાલે સપ્ટેંબર ૧૫ થી ડીસેમ્બર ૧૫ સુધી મદ્રાસમાં ચલાવશે. જેમને લાભ લેવો હોય તેમણે સેક્રેટરી, મોન્ટીસોરી ટ્રેઇનીંગ કોર્સ, અઘાર, મદ્રાસ લખવું.

મોન્ટીસોરી શિક્ષણ પ્રચારમાળા

લેખકોઃ સ્વ. ગિજુભાઈ અને શ્રી. તારાબેન.

કિંમત ૦–૧૦–૦ ટપાલખર્ચ ૦–૨–૩

મગાવો : "શિક્ષણ પત્રિકા" કાર્યાલય

૧૧૮, હિંદુકોલની, દાદર.

સ્વ. ગિજુભાઇની બીજી પુણ્યતિથિ

સ્વ. ગિજુભાઈની બીજી પુણ્યતિથિ ગત ૨૩મી જુનના રોજ હતી. હજુ આજ કોઈ કોઈ શાળા તરફથી તેને અંગેના સમાચાર અમને મળે છે.

બોરીવલી એજ્યુકેશન સોસાયટી સંચાલિત, બાલમંદિરમાં એ તિથિ ઉજવાઈ હતી.

સ્વર્ગસ્થના જીવન તેમ જ કવન વિષે બાલમંદિરના આચાર્ય શ્રી. નરહરિપ્રસાદ ચંદ્રશંકર ભટ્ટે પ્રવચન કરી સ્વર્ગસ્થને અંજલિ અર્પી હતી અને બાળકોએ સ્વર્ગસ્થનાં રચેલાં બે ગીતો 'પારેવા' અને 'વાનરસેના' ગાયાં હતાં.

એક મિનિટના ધ્યાન બાદ સ્વર્ગસ્થના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી હતી. બાલમંદિરમાં અર્ધા દિવસની રજા પાળવામાં આવી હતી.

× × ×

વીસનગર બાલમંદિરમાં પણ શ્રી. ઈશ્વરલાલ આચાર્યના ઉત્સાહને પરિણામે ખાસ બાલકાર્યક્રમ યોજવામાં આવ્યો હતો જે વખતે સ્થાનિક ભાઈબહેનોને ખાસ આમંત્રણો આપી બોલાવવામાં આવ્યાં હતાં અને તેમની સમક્ષ બાળકોએ વિવિધ કાર્યક્રમ રજુ કરી સ્વર્ગસ્થના આત્માને શાંતિ મળે એવી પ્રાર્થના કરી હતી.

સ્મરણાંજલિ

સ્વર્ગસ્થ ગિજુભાઈના "સ્મરણાંજલિ" ગ્રન્થની કાઢેલી નકલો ચપોચપ ઉપડવા લાગી છે. સ્વર્ગસ્થ પ્રત્યેની લોકોની લાગણીનું માપ આથી મળી રહે છે. આપને હવે ટૂંક સમયમાં નિરાશ થવું ન પડે એમ ઇચ્છતા હો તો વહેલામાં વહેલી તકે આપના પુસ્તક માટે લખી નકલ મેળવી લેશો.

મંત્રી

સ્મરણાંજલિ

c/o 'શિક્ષણ-પત્રિકા' કાર્યાલય,

દાદર, મુંબઈ ૧૪.

મુદ્રક : કૃ. ના. સાપલે : રામકૃષ્ણ પ્રિં. પ્રેસ : ત્રિભુવન રોડ, મુંબઈ ૪.

પ્રકાશક : તારાબેન મોડક : 'શિક્ષણપત્રિકા' કાર્યાલય : હિંદુ કૉલની, દાદર.

શિક્ષણ પત્રિકા

(નૂતન બાલશિક્ષણસંઘ)

આદ્યતંત્રી : સ્વ. ગિજુભાઈ બધેકા

: તંત્રી :

તારાબેન મોડક

શુદ્ધ હેતુ

આપણો હેતુ બધીવાર બરોબર શુદ્ધ હોય છે ?

આપણે ઘણીવાર અનાસક્તિ દેખાડીએ છીએ પણ હોય છે આસક્તિજ. આપણે ઘણીવાર નિર્લોભ દેખાડીએ છીએ છતાં લોભ જ હોય છે. આપણે ઘણીયે વાર અનાગ્રહની વાત કરીએ છીએ પણ આગ્રહ જ હોય છે.આપણે ઘણીવાર દેખાડીએ છીએ સ્વ-લોપ, પણ હોય છે પોતાની સ્થાપના જ. ટૂંકમાં સૌથી વધુ મુશ્કેલ, પોતાના હેતુની અને હેતુની શુદ્ધિની તપાસણી છે.

તા.

શિક્ષણ વિષે ગુરુદેવની વાણી

શિક્ષણની પહેલી જરૂરિયાત – વિશ્વપ્રકૃતિ

બાળકોનો આંતરિક સુમેળ–બાળકોનાં શરીર અને મનના પૂરા વિકાસ માટે ખુલ્લા આકાશ, ખુલ્લી હવા અને ઝાડપાનની જરૂર છે, એની કોઈ પણ ના કહી શકે એમ નથી. જ્યારે બાળકનું મન તાજું હોય છે ત્યારે ઘણી ઘણી બાબતો જાણવાની એની ઇચ્છા સચેત રહે છે, એની દરેક ઇન્દ્રિ સજીવ રહે છે. એવે વખતે એને ખુલ્લા આકાશ નીચે પ્રકૃતિની ગોદમાં ખેલવા દેવું જોઈએ.

જ્યારે બાળકના મનનો વિકાસ થતો હોય છે, ત્યારે દરેક બાજુએ મોટા અવકાશની જરૂર છે. એ અવકાશ આપણને વિશ્વપ્રકૃતિના ઉદાર રૂપમાં વિવિધ રૂપમાં અને સુન્દર રૂપમાં મળે છે. વિધાતાનો એ અભિપ્રાય છે કે વિશ્વપ્રકૃતિના એ ઉદાર અને સુન્દર અવકાશથી જ બાળકના શિક્ષણનો ઉદ્ભવ થાય. બાળકોને શાળારૂપી જેલ-ખાનામાં બંધ કરી જે હદ સુધી આપણે એ અભિપ્રાયને વ્યર્થ કર્યો એ હદ સુધી આપણે પોતે પણ નિષ્ફળ નિવડ્યા છીએ.

એ માટે, જો આદર્શ વિદ્યાલયની સ્થાપના કરવી જ હોય તો વસ્તીથી દૂર એકાન્તમાં ખુલ્લા આકાશ નીચે, ખુલ્લા મેદાનમાં, ઝાડપાનની વચમાં એની વ્યવસ્થા હોવી જરૂરી છે.

જો બની શકે તો એ વિદ્યાલયની સાથે ખેતી માટે થોડી જમીન હોવી પણ જરૂરી છે. એ જમીનમાંથી વિદ્યાલય માટે જરૂરી આહાર ઉત્પન્ન કરી શકાય. વિદ્યાર્થીઓ એ ખેતીના કામમાં મદદ કરી શકે. દૂધ, ઘી માટે ગાયો રાખવી અને એનું પાલન પોષણ વિદ્યાર્થીઓએ કરવું. એ સિવાય પોતાની રાજીખુશીથી બગીચાનું પણ કામ કરવું.

વિશ્વપ્રકૃતિ સાથે બાળકના યોગસ્થાપન માટે નિરંતર સાધનાની જરૂર છે. એ સાધનાના બે રૂપ છે. એક જ્ઞાનનું રૂપ અને બીજું કર્મનું રૂપ.

બાળકની ચારે બાજુ જેટલાં ઝાડપાન અને પશુપક્ષી હોય એની બાળકને પૂરેપૂરી પિછાન હોવી બહુ જરૂરી છે. આપણામાં પણ બહારના જગત માટે એક જાતની ઉદાસિનતા છે, એથી આપણું મન અમુક અંશે બાલી રહે છે. બાળકોનાં શિક્ષણમાં આપણે પૂરેપૂરું ધ્યાન રાખીએ છીએ. પરંતુ તે પુસ્તકોમાં જે જ્ઞાન બંધ કરી ભરેલું છે એ તરફ. આપણી આંખો સામે, કાનની નજીક, હાથની પાસે કેટલુંયે જ્ઞાન ધ્યાન બહાર વેડફાઈ જતું હોય છે, જેનો કાંઈ હિસાબ નથી. એનાથી આખા રાષ્ટ્રના ચિત્તમાં જે દારિદ્રય પેદા થાય છે, એની અસર આપણા આખાય રાષ્ટ્રીય જીવન પર પડે છે.

આપણી ચારે બાજુ જે ઝાડપાન છે, એમાંના કેટલાં કઈ જાતનાં છે, એમાંના કેટલાંને પહેલા ફૂલ આવે છે, કેટલાંને ક્યારે ફળ આવે છે, કેટલાંના પાન ક્યારે ખરી પડે છે અને નવાં પાન ક્યારે આવે છે એ બધાનું જ્ઞાન બાળકે એ રીતે એકઠું કરવું જોઈએ કે એ એના જીવનનું એક અંગ બની રહે. એ માટે એને ઉત્સાહિત કરવા અને શિક્ષણના કાર્યક્રમમાં પણ એની વ્યવસ્થા હોવી જરૂરી છે.

શિક્ષણની અવધમાં બહારના વિશ્વ માટે જે કાંઈ જાણવું જરૂરી છે એને સારી રીતે જાણી લેવું કાંઈ મુશ્કેલ નથી જ. મુશ્કેલ તો છે એક ઉત્સાહી શિક્ષક મળવો, કે જેની આંખો અને કાન એ જ્ઞાન આપવા માટે ખુલ્લાં હોય.

જેમ શિક્ષણની એક બાજુ જ્ઞાનની છે એ પ્રમાણે એની બીજી બાજુ છે કામની.

એ માટે આપણી ચારે બાજુ જેટલાં ઝાડપાન અને પશુ પક્ષી હોય એની સેવા પણ શિક્ષણનું એક અંગ છે. દરેક બાળક એક એક ઝાડની જવાબદારી પોતાની માથે લે, એને ઉછેરે અને એનું રક્ષણ કરે, અને એની ઉપર એ બાળકની મમતા રહે એ પણ એક જરૂરી શિક્ષણ છે. એ પ્રમાણે ચોકસ દિવસોએ બાળકો ઝાડ રોપે અને એના ઉછેર સાથે દેખરેખની પૂર્ણ જવાબદારી ઉઠાવે.

પશુ–પક્ષીઓની બાબતમાં પણ એજ એક વાત છે. બાળકો પક્ષીઓ માટે તેમજ બીસકોલી જેવાં પ્રાણી માટે પીવા માટે પાણી અને થોડું બાવાનું અમુક અમુક જગાએ રાખે એનું પણ શિક્ષણ હોવું જરૂરી છે.

બીજી જરૂરીઆતો છે સાધનોનું ઓછાપણું : આપણા હિંદનો પ્રાચીન આદર્શ તો એ છે કે જીવનયાત્રા માટે અથવા જ્ઞાનચર્યા માટે ઉપકરણ ઓછામાં ઓછું હોય, સુગમ હોય, સરળ અને સહજ હોય. આપણા રાષ્ટ્રીય વિદ્યાલયોમાં બાળકોને એ આદર્શ પ્રમાણે તૈયાર કરવાં જરૂરી છે. ઓછામાં ઓછાં સાધનોથી વધારેમાં વધારે કામ કરવાની જે શક્તિ હોય છે એ શક્તિ નાનીસૂની નથી. એને માટે તો સતત સાધનાની જરૂર છે.

બ્રહ્મચર્યનું પાલન : પ્રાચીન હિંદના શિક્ષણનો આદર્શ તો એ હતો કે શિક્ષણ લેતી વખતે વિદ્યાર્થી બ્રહ્મચર્યનું પાલન કરે.

બ્રહ્મચર્યના પાલનની મતલબ સ્થૂળ બ્રહ્મચર્ય માત્ર નહિ. એનો અર્થ છે સ્વભાવના નિયમોનું પાલન. એમાં બાળકનું યથાર્થ સુખ છે, એનાથી એનો સમ્પૂર્ણ વિકાસ સંભવે છે, એમાં જ બાળક સાચી સ્વાધીનતાનો આનંદ અનુભવે છે, એનાથી એનું નવું અંકુરિત, નિર્મળ સતેજ મન એનાં શરીરમાં તેજનો સંચાર કરે છે.

બ્રહ્મચર્યના પાલનથી ધર્મ માટે સ્વાભાવિક રુચિ તૈયાર કરી શકાય છે. બહારથી નીતિનો ઉપદેશ દેવાથી એ ઉદ્દેશ સિદ્ધ નથી થતો. જીવનના પ્રારંભમાં જ્યારે મનના વિકાસનો, ચારિત્રની તૈયારીનો પ્રશ્ન હોય એવે સમયે ઉપદેશની નહિ પણ અનુકૂળ અવસ્થા અને અનુકૂળ નિયમોની જરૂર છે.

શિક્ષણનું સાચું ક્ષેત્ર : જ્યાં એકાન્તમાં તપસ્યા ચાલી રહી છે, એ જ શિક્ષણનું અસલ સ્થાન છે. જ્યાં ત્યાગ છે ત્યાં શક્તિ મળી શકે છે; જ્યાં શિક્ષક બધું જ સમર્પણ કરે છે ત્યાં વિદ્યાર્થી પણ એને સંપૂર્ણ પામી શકે છે; જ્યાં શિક્ષક પણ જ્ઞાનની સાધનામાં સ્વયં લાગી જાય છે ત્યાં વિદ્યાર્થી વિદ્યાને પ્રત્યક્ષ જોઈ લ્યે છે; જ્યાં વિશ્વ-પ્રકૃતિમાં બહારનો કોઈ શોપ નથી ત્યાં બાળકના મનના આંતરિક વિકાસમાં કોઈ જ બાધ નથી; જ્યાં બ્રહ્મચર્યની સાધનાથી ચારિત્ર્ય સ્વસ્થ અને આત્મવશ છે, ત્યાં ધર્મનું શિક્ષણ પણ સરળ અને સ્વાભાવિક છે.

જ્યાં સાધના ચાલી રહી છે, જ્યાં જીવનયાત્રા સરળ અને નિર્મળ છે; જ્યાં સામાજીક સંસ્કારોમાં સંકીર્ણતા નથી, જ્યાં વ્યક્તિગત અને જાતિગત વિરોધ બુદ્ધિનું દમન કરવા પ્રયાસ ચાલી રહ્યા છે– હિન્દુસ્તાન જેને વિદ્યા માને છે એ મેળવવાનું સ્થાન તે જ છે.

શિક્ષણમાં પુસ્તકોનું સ્થાન : પુસ્તકો શિક્ષણનું એક સહાયક અંગ છે, એ આપણે ભૂલી ગયા છીએ. આપણે એમ માની લીધું છે કે પુસ્તકોનું અધ્યયન એ જ શિક્ષણનો એક ઉપાય છે. ઓછામાં ઓછું બાળકના મનમાં આપણે એ સંસ્કાર તો પેદા ન થવા દેવા કે પુસ્તકોનું પઠન એજ માત્ર શિક્ષણ છે. મનની એ

સ્વાભાવિક શક્તિ છે કે તે પોતાના સ્વતંત્ર ઉદ્યમથી જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે. આપણે બહારથી પુસ્તકોના બોજથી એ શક્તિને દબાવી નહિ દઇએ તો બાળક જે કાંઈ શીખશે એ પ્રયોગ કરીને શીખશે.

કદાચ જો પુસ્તકોની સહાય લેવી જરૂરી છે તો બની શકે ત્યાંસુધી બીજાઓનાં પુસ્તકો વાપરવાં યોગ્ય નથી. શિક્ષકના મોંથી અથવા પોતાના ઉદ્યમથી જે શીખશે એને એ પોતે લખશે. એ પોતાનું રચેલ પુસ્તક જ એમનું પાઠ્યપુસ્તક રહેશે.

શિક્ષણમાં હાથ-કામ : બાળકોના શિક્ષણની બાબતમાં સવાલો એટલા બધા છે કે એના વિષે પૂરેપૂરો વિચાર કરવાનો અહીં સંભવ નથી. એમાંની જે વાત બધાથી અધિક મહત્ત્વની દેખાય છે તેનું જ માત્ર વર્ણન હું અહીં કરવા ઇચ્છું છું.

મનુષ્યની શારીરિક અને માનસિક બધા પ્રકારની શક્તિમાં એક અખંડ સંબંધ છે. તે એક બીજાના સહયોગથી સફળ થાય છે.

દુર્ભાગ્યથી આજકાલની શિક્ષણ પદ્ધતિમાં સાધારણ પુસ્તકોમાં લખાયલા કેટલાક ચોકસ વિષયોનો સ્વીકાર કરી જગતનાં બીજા જ્ઞાનનો અસ્વીકાર કરીએ છીએ. પાશ્ચિમાત્ય દેશોમાંના વિદ્યાલયોમાં જે ખામીઓ રહે છે તે બહારના જીવનથી પૂરી થાય છે. પણ આપણા દેશમાં તો શાળા અને કોલેજોની બહાર શિક્ષણને માટે કોઈ જગા કે સાધન છે જ નહિ એમ કહેવું જોઈએ. એથી જે વિદ્યા માત્ર નોંધી લઈ અને ગોખણપટ્ટીથી મળે છે એ બાળકના મગજ પર જોટલો બોજો નાખે છે તેટલો તેનો વિકાસ કરતી નથી.

શારીરિક શિક્ષણ પણ જો સાથે સાથે ન ચાલે તો બુદ્ધિના શિક્ષણની પ્રગતિમાં તેજી આવતી નથી. આપણે હમેશ વિદ્યાલયોમાં મોટા ભાગના વિદ્યાર્થીઓને જડ બુદ્ધિ અને ઉદાસિન જોઈએ છીએ. એનું એક માત્ર કારણ એજ છે કે શિક્ષણમાં એના શારીરિક વિકાસની આવશ્યકતા માટે કોઈ સ્થાન નથી રહેતું. એના અનાદરથી એની બુદ્ધિમાં એવી જાતની દીનતા આવી જાય છે.

શરીરની ચર્ચા એટલે મારી મતલબ રમત કે કવાયતની ચર્ચા નથી. મારો તો આશય છે બધા કામોની ચર્ચા સાથે જોનો શરીર સાથે સંબંધ રહે છે. એવી ચર્ચાથી શરીર સુશિક્ષિત બને છે અને એની જડતા દૂર થાય છે. એવાં કામોને વ્યવસ્થિત રૂપે કરવાથી દેહની સાથે મનનો સંયોગ સ્થાપિત થાય છે અને એ સંયોગથી બંનેના વિકાસમાં મદદ મળે છે.

મારો વિચાર તો એ છે કે આપણી શિક્ષણ પદ્ધતિમાં દરેક વિદ્યાર્થીને કોઇને કોઇ હસ્ત-ઉદ્યોગમાં બની શકે ત્યાંસુધી કુશળ બનાવવો જોઇએ. એનો મુખ્ય ઉદ્દેશ ઔદ્યોગિક શિક્ષણ નથી. મૂળ વાત તો એ છે કે કોઈ શારીરિક કળાની છણાવટથી મનુષ્યનું મન પણ સતેજ અને સજીવ થઈ જાય છે. જે વિદ્યાર્થીઓને આપણે બુદ્ધિહીન અથવા બુદ્ધિશાળી માનીએ છીએ એની સૂતેલી બુદ્ધિ-શક્તિ બહુધા આ દૈહિક અથવા ઔદ્યોગિક શિક્ષણથી જાગી ઉઠે છે. દૈહિક અશિક્ષા મનના શિક્ષણ બળને ચોરી લે છે. એ પ્રમાણે જેને શારીરિક શિક્ષણ મળ્યું નથી એ ભલે મોટો પંડિત કેમ ન હોય છતાં દુનિયાની બીજી ઘણીય બાબતોમાં એને બીજાના ઉપર નિર્ભર રહી જીવવું પડે છે. એ અપૂર્ણ મનુષ્ય છે.

આપણે એ અપૂર્ણતાથી આપણાં બાળકોને બચાવવાં જ જોઇએ. એમાં આપણને કેટલાય વિરોધીઓની આડ તો જરૂર આવશે પણ એવી રૂકાવટને માની લેવી એ આપણે માટે ઉચિત નથી.

મારો તો એવો દૃઢ વિશ્વાસ છે કે શરીર શિક્ષણની સાથે મનના શિક્ષણનો અને શારીરિક ચપળતા સાથે મનની ચપળતાનો ગાઢ સંબંધ છે. બંનેની વચમાં સારી રીતે મેળ ન હોવાને લીધે આપણા જીવનનો સુમેળ તૂટી જાય છે.

રવીન્દ્રનાથ ટાગોર

"નઈ તાલીમ" હિન્દીમાંથી
સપ્ટેમ્બર.

બાળકોના કૂટ પ્રશ્નો

૪

બાળકનાં જીવનમાંની બીજી એક મોટી અડચણ એટલે કે આપણી ભાષા સમજવી.

આપણે ઉતાવળમાં હોઈએ ત્યારે ઝટ દઈને એકાદ લાંબુ વાક્ય બોલી નાખીએ છીએ. પરંતુ લાંબા લાંબા વાક્યો, નવા નવા શબ્દો અને તે ઉતાવળે બોલવાથી બાળક તે સમજી શકતું નથી. તેથી બાળકની દૃષ્ટિએ વિચાર કરીને બોલવાથી તેની અડચણો દૂર થાય છે. પહેલી વાત એ છે કે ધીરે ધીરે બોલવું અને શુદ્ધ ઉચ્ચાર કરીને બોલવું. સાદાં, નાનાં વાક્યો બોલવાં અને બાળક સમજી શકે એવી જ વાતો તેને કહેવી. "અરે રમણ તું મારૂં શેર લોહી પીએ છે ભાઈ. આ આવું તોફાન કરે છે તે સારૂં છે? જરા શાંત બેસ." આવા વીસ શબ્દોનો ભાર બે ત્રણ વર્ષના બાળકનાં મગજ પર જ્યારે આવે ત્યારે તે આમાં શું સમજશે? તેને લોહીની માહિતી નથી. તે પીવાય કેમ તેની ખબર નથી. તોફાન એટલે શું તે સમજતું નથી, અને જરા શાંત કેમ બેસવું તે પણ સમજી શકતું નથી. પછી મારો એકાદ ધપ્પો ખાવાનો શિલકમાં રહે છે. આવું થોડુંક અને સરળ રીતે કહેવાય તો બાળક કળી શકે. પણ શબ્દોની લાંબી લાંબી જાળ એ ઉકેલી શકતું નથી— સમજી શકતું નથી.

નાનાં બાળકોમાં ઘણીવાર આજ્ઞાભંગનું મૂળ આ કારણોમાં હોય છે. આપણે શું કહીએ છીએ તેજ તે સમજી શકતું નથી. તેમાં "કરીશ નહિ" એમ કહ્યું એટલે બાળક થોડીવાર તો ટગરટગર જોયા કરશે.

ખરૂં કહીએ તો બાળકનાં ભાષાશિક્ષક તેના ઘરના માણસો હોય છે. અને ભાષાશિક્ષણ એટલે કે માત્ર શબ્દ શિક્ષણ નહિ. ભાષાદ્વારા તે અનેકવિધ માહિતી મેળવે છે. અધકચરૂં જ્ઞાન પરિપૂર્ણ કરે છે, નવી નવી કલ્પના કરી શકે છે અને પોતાની ભાવનાઓ વ્યકત કરવાનું શીખે છે. અને એ બધુંય મૌખિક શિક્ષણથી થઈ શકે છે. તેથી કરીને આપણે તેની સાથે બોલતી વખતની આપણી જવાબદારી સમજવી જોઈએ.

"અરે મારી તે મોટી કાળી પેટી પર તે થેલી છે તે લાવી દે." આવું લાંબુ વાક્ય સહજ વિચાર કર્યા વિના આપણે બે અઢી વર્ષનાં બાળકને કહીએ છીએ. પણ બાળક તે વખતે પેટી કોને કહેવાય તે સમજે છે કે નહિ તેની આપણને માહિતી હોતી નથી. અને સમજે કે પેટી અને થેલી એ બંને વસ્તુનું નામ તેને સમજાય તો પણ મોટી અને નાની, કાળી અને સફેદ, ઉંચી અને નીચી, ઉપર અને નીચે એ દ્વંદ્વો તેને સમજાય છે કે કેમ તે જાણવું જોઇએ. મોટી કાળી ટી પેઅને તેની ઉપર થેલી અને તે પણ ઉંચે આ વિશેષણોનો બરોબર અર્થ સમજાય નહિ તો તે બરાબર કેવી રીતે લાવે? કેટલીય વખત તે સમજ્યા વિના અમુક કામો કરી શકે છે. એકજ આંટાને બદલે પાંચ આંટા મારતાં તેને કંટાળો આવતો નથી.

કહેવાનો અર્થ એ છે કે આપણે જે કાંઈ તેની સાથે બોલીએ છીએ તે સર્વ તેને સમજાય એ રીતે બોલવું જોઈએ અને એકદમ લાંબુ લાંબુ બોલીને તેને ગુંચવણમાં નાખવું એ કામનું નથી. આપણે એવું બોલીએ તેથી બાળક ઘણીવાર ગભરાઈ જાય છે. અથવા અધું કે થોડુંક સમજીને ચૂપચાપ બેસી રહે છે.

બાળક સાથે એકદમ થોડું બોલવું એ કાંઈ સારો ઉપાય નથી. આપણી બોલી તે સમજશે નહિ એમ કરી બીલકુલ બોલવું જ નહિ એ પણ યોગ્ય નથી. તેથી તેને ભાષા બીલકુલ આવડતી નથી. એથી ઉલટું દિવસનો અમુક વખત તો બાળક સાથેની વાતચીત માટે જ રાખવો જોઈએ.

૫

બાળકનાં જીવનમાં હળપણ એક મહાદુઃખની વાત છે તે તેને નિરૂદ્યોગી રાખવાની. ઘરના મોટા માણસોને કામ હોય છે. મોટાં બાળકોને ભણવાનું હોય છે. સાધારણ નાનાં બાળકોને પોતાનું હાથ પગનું કામ, આંખોથી શીખવાનું કામ વગેરે ઘણી બાબતો હોય છે. પણ એથી પાંચ વર્ષનાં બાળકનું શું? તેને શાળા નથી, અભ્યાસ નથી, કામ નથી. દશેક વર્ષની વાસંતીને મા નાના બાળકને રમાડવાનું કે બીજું કામ સોંપે પણ ત્રણ વર્ષના બાબુને અમુક પાસે જઈશ નહિ એમ કહે છે. તો એવાં ત્રણ વર્ષ તેણે શું કરવું? ઘુંટણ ભર ચાલતાં શીખે, હાથ પકડીને ચાલતાં શીખે. કાકા, મામા વગેરે બોલતાં આવડે વગેરે બાળપણની શીખવા જેવી બાબતો તો શીખી લીધી હોય પણ આગળ શું?

આ ત્રણ વર્ષમાં મનુષ્ય વિકાસનો અમૂલ્ય કાળ બાળકને નિરુદ્યોગી રીતે પસાર કરવો પડે છે. અને નિરુદ્યોગીપણું બાળકને એટલું દુઃસહ થઈ પડે છે કે તેના કરતાં તેને એક વખતનું જમવાનું ન આપે તે બાળક પસંદ કરશે. ચાર કે પાંચ વખત ખાવાનું આપવું તેના કરતાં માત્ર ત્રણ જ વખત ખવડાવે અને તેના બદલે કોઈ સારો ઉદ્યોગ આપવાથી બાળકનું જીવન અધિક સુખી થશે. ખરેખર બાળકનાં એ દિવસો ઘણા કષ્ટદાયક હોય છે.

બાબુને મા સવારે દૂધ આપે છે. નવરાવે છે અને કહે છે. "હવે રમવા જા. કપડાં મેલાં ના કરીશ, નીચે જઈશ નહિ, તે પલંગ પર ચઢીને કૂદીશ નહિ, ભાઈનાં પુસ્તકોને અડીશ નહિ, ગંદી વસ્તુઓ હાથ પગે લગાડીને આવીશ નહિ." હવે પ્રશ્ન એ છે કે બાબુએ કરવું શું? તેને ગમે છે એમાંની અડધી બાબતો કરવાની મનાઈ થઈ. બાકી રહેલું કરવું નહિ અથવા એમાંનું બાકીનું જે કાંઈ સૂચવે તે બાબત રહી. કૂદવા માટે પલંગ સિવાય સાધન નથી, નીચે વસંત સાથે રમવા જવું નહિ, ભાઇનાં પુસ્તકોમાંના ચિત્રો જોવાનું ગમે છે તે લેવાં નહિ.

મુંબઈ જેવાં મોટાં શહેરોમાં અને ભણેલા ગણેલા માણસોમાં બાળકોની અત્યંત અવગણના થાય છે. "કરીશ નહિ" આ વાક્યમાં એટલી વાત આવે છે કે કાંઈ પણ કરવું એ મોટે ભાગે ઉચિત નથી. કરવા માટેનું કાંઈ પણ કોઈ આપતું નથી. બાબુને ટાંકણીથી કાગળમાં કાણાં પાડવાં ગમે છે. પણ ટાંકણી આંગળીમાં વાગે અને લોહી નીકળી ધનુર્વાત થાય તો પછી ટાંકણી એને કેમ મળે? માટીની રમત કરવી એને ગમે છે પણ કપડાં મેલાં થાય અને માટીમાં રોગના જંતુ હોવાથી તેને એ કેમ લેવા દેવી? બારી પર ચઢવું તો ગમે છે, પલંગ પરથી ભૂસકો મારવો ગમે છે, કઠેરા પર ચઢીને લપસવું ગમે છે પણ તેવું કેમ કરવા દેવાય? કીડીઓ પરોવવાં ગમે છે પણ કાનમાં કે નાકમાં ઘાલી દે તો?

આ પ્રકારની નિરુદ્યોગીપણાની દુઃખી અવસ્થા તેનાં મનને નિષ્ક્રિય બનાવી દે છે. કેટલીક વાર નહિ કરવા જેવો વેપલો કરી બેસે છે. ટૂંકમાં સાર એટલો જ કે બાવા આપવું અને કપડાં પહેરાવવાં એ જેટલું મહત્ત્વનું અને જરૂરી છે તેટલું જ તેને યોગ્ય ઉદ્યોગ બતાવવો એ પણ જરૂરી છે.

બાળકની માંદગી માટેની પણ અધિક દુઃખદ અને અધિક ત્રાસથી મુક્ત કરી શકાય એવી પણ કેટલીક બાબતો છે.

આપણા ઘરમાંના વડીલો ઘરના બે વર્ષના બાબુની અને કિશોરીની દૃષ્ટિએ વિચાર કરી તેમનો કૂટ પ્રશ્ન વિચારી જુએ તો આપણી મદદની તેને કેટલી જરૂર છે તે પોતે સમજી શકશે. અને આપણે તેનાં બાળજીવનમાંની અડચણો દૂર કરીને તેના વિકાસનો માર્ગ નિષ્કંટક કરી શકીશું.

તા.

માતૃત્વની વિશાળ ભાવના

આજની માંતાઓની પણ માતા એવાં ડૉ. મોન્ટેસોરીના જન્મદિને મારા જેવાને પ્રમુખસ્થાન આપ્યું. આ સ્થાન લેતાં મને કાંઈક ક્ષોભ તો થાય છે જ. ડૉ. મોન્ટેસોરીના સિદ્ધાંતોના પ્રખર અભ્યાસીઓ જેમણે પોતાનું સારૂંય જીવન ડૉ. મોન્ટેસોરીના સિદ્ધાંતોને શિક્ષણમાં અપનાવવાનો પ્રયાસ કર્યો છે, એવી વ્યક્તિઓ અહીં બેઠેલી હોવા છતાં, મારી કઈ લાયકાતે હું આ સ્થાન સ્વીકારૂં છું, તે સાચે જ મને સમજાતું નથી. પરંતુ કેટલીએ ફરજો, અનુભવોનો અભાવ હોવા છતાંય આવી પડે તો પણ બજાવવી જ રહી. આ બાબતમાં પણ આવું જ બન્યું છે. એ ફરજ બજાવતાં કાંઈકે ઉણપ પણ દેખાય તો ઉદાર દૃષ્ટિ રાખવા કહું.

આટલો ક્ષોભ થયો હોવા છતાં મારી બહેનો સાથે વાત કરવાની અણમૂલી તક આપવા બદલ હું સંચાલકોનો આભાર માનું છું.

આજે જ્યારે બહેનોના સમૂહ સમક્ષ આવી વાત કરવાની તક મળી છે તો મોકળું હૃદય રાખી શી શી વાતો કરી નાખું એમ થાય છે. પરંતુ આજે તો તમને સૌને અને મને પણ આનંદ આપનાર આપણાં વ્હાલસોયાં બાળકોનાં ઘડતર વિષેની એક બે વાતો જ માત્ર કરીશ.

આપણામાંના ઘણા દેવ દર્શને જતાં હશે, દેવ કે પ્રભુ જે કહો તેના પ્રસાદની અવગણના અજાણપણે થાય તો પ્રભુના કોપની કલ્પનાથી આપણું હૃદય કેટલું વલોવાય છે પરંતુ પ્રભુની જ પ્રસાદી—અતિ તપશ્ચર્યા પછી મળેલું બાળક તેના પ્રત્યે આપણી જવાબદારી અદા કરવામાં ગમે તેટલાં શિથિલ બનીએ તો આપણને ન જેવું જ દુઃખ થાય છે. આપણાં કુટુંબજીવન અને સમાજજીવન અંગે બજાવવી પડતી બીજી જવાબદારીઓને લીધે પ્રભુએ પુષ્કળ વિશ્વાસ રાખી જે જવાબદારી આપણને સોંપી છે તેની અવગણના જાણ્યેઅજાણ્યે કરીએ છીએ. બાળકને વિદ્યા, ઉચ્ચ સંસ્કારો અને સારી ટેવોથી વિભૂષિત કરી જગતમાં ન મોકલીએ તો ઈશ્વરનો આપણે દ્રોહ કરીએ છીએ.

અત્યારની બાળકના જીવન વિકાસ માટેની પરિસ્થિતિ સાચે જ દુઃખદાયી છે. માતાપિતા બાળકને શાળામાં મોકલે છે. ત્યારથી તેમને માથેથી જવાબદારી હળવી થઈ એમ જાણ્યે-અજાણ્યે પણ માનતા હોય છે. માતાને પોતાને કાર્ય કરવા અવકાશ મળે છે જાણી સંતોષાય છે. નિશાળમાંથી ઘેર જઈ શેરીમાં રમવું, ખાવું ને સુવું આ પ્રમાણે કરતાં કરતાં બાળક જેમતેમ આપોઆપ મોટું થાય છે. શિક્ષક પોતાની ફરજ પુસ્તકીયું જ્ઞાન આપી પુરી થઈ જાણે. માતપિતા પોતાની ફરજ શાળામાં મોકલ્યા પછી હળવી થઈ જાણે, તો સંસ્કાર અને સુટેવોની કેળવણી બાળકને ક્યાં મળતી હશે તે શોધવું પણ મુશ્કેલ થઈ પડે. આવી બેદરકારીથી આપણે જગતને કેવા પ્રકારની વ્યકિતઓ દઈ રહ્યાં છીએ તે તો વિચાર કરતાં સહેજે સમજાશે.

બાળકના વ્યક્તિત્વને માન આપી પ્રેમથી જે માતપિતા બાળકના મિત્ર થઈ રહે તોજ માતપિતા તેને ઉમદા રીતે દોરી શકવાની શક્તિ મેળવી શકે. ફળના બીજની અંદર જ તેના જેવું બીજું વૃક્ષ બનાવવાની શક્તિ રહેલી છે. એને યોગ્ય વાતાવરણ અને ખોરાક મળી રહે તો મૂળ વૃક્ષ કરતાં પણ સુંદર વૃક્ષ બની શકે. આપણાં બાળકનું પણ તેમ જ છે. તેનામાં જગતની ગણાતી મહાન વ્યકિતઓ જેટલી શક્તિ બીજરૂપે રહેલી છે એવી શ્રદ્ધા માતાપિતાએ રાખવી

જોઇએ. તેના વિકાસ માટે યોગ્ય વાતાવરણ ઉપસ્થિત કરવામાં આવે તો તે પણ ઉત્તમ વ્યક્તિ થઈ શકે.

આપણા જીવનમાં જે જે મુશ્કેલીઓ પ્રગતિ પંથે જતાં આવી હોય તેના જેવી જ મુશ્કેલીઓ અને અંતરાયોથી તેની શક્તિનો વ્યય ન થાય અને તેના નવા માર્ગે જતાં મુશ્કેલીઓનો સામનો શક્તિપૂર્વક કરી શકે એ માટેના પ્રયત્નો દરેક પ્રગતિશીલ માતપિતાએ કરવા રહ્યા.

સ્ત્રી પુરૂષ એક બીજાની ઉણપોનાં પૂરક છે. લગ્ન પછી બંન્ને ઐક્યતા કેળવી એક બીજાની ન્યૂનતા પૂરવા પ્રયાસ કરે છે એ વાત આપણને એ પ્રશ્નના અભ્યાસીઓએ ગળે ઉતારી છે. છતાં કંઈને કંઈ ઉણપો આપણને તેવા જીવનમાંય દેખાય છે. એ ઉણપો આપણામાં જુની ટેવો ને તેની જડતાને લીધે રહી જાય છે. બાળકોનામાં એ ઉણપો દેખા ન દે અને પૂર્ણત્વ પ્રાપ્ત કરવાના રસ્તામાં આપણાથી આગળ વધે એ સમજી માતપિતાએ સમજવું રહ્યું.

સ્ત્રી સ્વાતંત્ર્યની પ્રાપ્તિ અર્થે જીવન ખર્ચનાર, દેશ સ્વાતંત્ર્યની પ્રાપ્તિ અર્થે જીવન હોમનાર, સમાજની દુષ્ટ રૂઢીઓ દૂર કરવા મથનાર અને વ્યાસપીઠ ઉપર આવી સભા ગજાવનાર કરતાં પોતાના જ બાળકનાં હિતનું ચિંતન કરતી, તેના વિકાસ માટે અહર્નિશ પ્રયાસ કરતી એક માતા કોઈ રીતે ઉતરતી નથી. જગતમાં ફેલાઈ રહેલી દુર્દશાનો વિચાર કરી, મનુષ્યના જે દુર્ગુણોથી મનુષ્ય સમાજની અવદશા થઈ રહી હોય, તેવી ચીજો અને કુટેવો પોતાનાં વ્હાલસોયાં બાળકોમાં ન પ્રવેશે એ રાત્રિદિવસ જોનાર માતા જ જગતની પ્રગતિમાં સાચો હિસ્સો આપે છે, તેનો ઈન્કાર કોણ કરી શકે છે? માતાનું વ્હાલ એને શિક્ષણ જગતના ઘડતરમાં શો ફાળો આપે છે તે જગતને દોરવાની શક્તિ ધરાવતી વિભુતિઓને પૂછીએ તો માલૂમ પડે.

માનવીના સ્વાતંત્ર્ય સંગ્રામનો પછી તે દેશ સ્વાતંત્ર્યનો હો કે વ્યક્તિસ્વાતંત્ર્યનો હો કે પછી સ્ત્રી સ્વાતંત્ર્યનો હો–ઇતિહાસ યાદ લાવતાં એક વાતની ખાતરી તો થાય છે જ. બાળકનાં જીવનમાં સાચા સ્વાતંત્ર્યનું શિક્ષણ બાળકને તેની માની ગોદમાં ને તેના સંસર્ગમાં મળી શકયું હોત તો એ ઇતિહાસ સ્વાતંત્ર્યની લડતોનો લખાવાને બદલે માનવ જાતિના વિકાસનો લખાત. બાળક સાચી દિશામાં વિકાસ કરે એવી અહર્નિશ ચિંતા રાખતી માતાની તપશ્ચર્યામાંથી જન્મેલું ફળ જગતમાં દેખાય છે તે કરતાં વધારે ઉંચું હોત. સમાનતાની ભાવના બાળહૈયે ઉતારવા માતાએ પ્રયત્ન કર્યો હોત તો જગત શાંતિમાં રહી વધારે વેગથી પ્રગતિ કરી શકયું હોત. ટુંકમાં જગત ઉપર નવીન પ્રકાશ હોત.

આવી વાતો કરી હું કોઈને નિરાશ કરવા નથી ઇચ્છતી. ભુતકાળ ઉપર જ વર્તમાન રચવાનું છે. અને વર્તમાન ઉપરજ ભવિષ્યનો પાયો ચણવાનો છે. આ માટે આપણે કેટલીક બાબતો બરોબર આપણા મનમાં ઠસાવવી પડશે. આપણા પોતાના જ જીવનમાંથી બાળકને જીવન દેનાર આપણે બાળજીવનમાંય એનાં સાચાં સોબતી થઈ રહેવું પડશે. સમાજની વચ્ચે જીવન ગાળતાં ગાળતાં બીજાનાં વર્તન અને જે જે દુર્ગુણોથી આપણને દુઃખ થાય છે તે આપણા પ્રુલ શા કોમળ બાળકનામાં ઘર ના કરે તે જોવું પડશે. તેના શારીરિક ને માનસિક વિકાસ માટેના તેના પ્રયાસોમાં સામેલ રહેવું પડશે. તેના વિકાસને રૂંધે એવી બાબતોને દૂર કરવી પડશે. જગતમાં સ્વતંત્રપણે વિહરતાં પહેલાં જગતની વ્યવસ્થા અથવા બીજા અનેક પ્રશ્નો એને મૂંઝવતા હોય ત્યારે તેનામાં હિંમત પ્રેરી તેના માર્ગની મુશ્કેલીઓથી હારે નહિ એટલો શક્તિસંચય તેણે કર્યો છે તેવી ખાતરી કરી લેવી પડશે.

ટુંકમાં એટલું કહીશ કે માતા પોતાના બાળકને બાહ્ય બાબતોમાં જ સુશોભિત કરવાની ઇચ્છા માત્રજ ન રાખે પણ મનુષ્ય તરીકે પ્રગતિમય જીવન ગાળી શકે તે કાજે વિદ્યા ને ઉચ્ચ સંસ્કારોથી તેને વિભૂષિત પણ કરે. ભણતર ભલે શાળામાં ભણાવાય પણ બાળકનામાં સંસ્કાર તો માતાની ગોદમાં જ, અને માતપિતાના પ્રેમભર્યા વાતાવરણમાં જ જન્મશે.

આજે ડૉ. મોન્ટેસોરીના જન્મદિને માતૃત્વની ઉમદા ભાવનાને જીવનમાં આપનાવી શકીએ તો તેમના જીવનમાં, તેમનાં કાર્યોમાં આપણે સાચોસાચ સાથ આપ્યો છે એમ કહી શકાય. બાળકનું ઘડતર માતપિતા ને શિક્ષકોના અરસપરસના સહકારથી ઉત્તમ થાય. તો જગતમાં મહાન અને સમભાવનાવાળી વ્યક્તિઓથી જગત જરૂર ભરાઈ જાય. ડૉ. મોન્ટેસોરીની પ્રેમ ભાવનાને જીવનમાં અપનાવવા પ્રભુ શક્તિ આપે એજ આ દિવસે પ્રાર્થના હોઈ શકે.

વડોદરા. **શાન્તાબહેન સી. અમીન**

× શિશુભારતી, તારકેશ્વર, વડોદરમાં મોન્ટીસોરી જયંતિએ આપેલું વ્યાખ્યાન.

ગુરુજી ભણાવે છે, શિષ્યો ભણે છે.

'..... એવો રાણો પ્રતાપ.
જેમનામાં સ્વદેશાભિમાન નથી,
જેમનામાં સ્વાભિમાન નથી,
તે માણસ નહિ પણ શિંગડાં–પૂછડાં વગરનો પશુ છે.'
ગુરુજી ભણાવે છે, શિષ્યો ભણે છે.

ત્યાં આવે છે શાળાના મંત્રી.
'કેમ માસ્તર શું ચાલે છે? મંત્રીજી પૂછે છે.
ગુરુજી ચમકે છે, મંત્રીને નમસ્કાર કરે છે.
મંત્રીજી ખુરશીમાં બેસે છે, ગુરુજી ઉભા છે.
મંત્રીજી ધાન્યનો ધંધો કરે છે.
ગુરુજી જ્ઞાનનો ધંધો કરે છે.
શિષ્યો ભણે છે, ગુરુજી ભણાવે છે.

ત્યાં આવે છે શાળાના બજાનચી.
'કેમ વાતો ચાલે છે કે?' બજાનચી બોચરે છે.
ગુરુજી ફિક્કા પડી જાય છે.
મંત્રીજી ઉભા થઈ જાય છે.
બજાનચી ખુશીમાં શેઠાઇથી બિરાજે છે.

બજાનચી ચહા વેચે છે,
મંત્રીજી ધાન્ય વેચે છે.
ગુરુજી જ્ઞાન વેચે છે.

શિષ્યો ભણે છે, ગુરુજી ભણાવે છે.
ત્યાં આવે છે શાળાના પ્રમુખશ્રી.
'ગામગપાટા ચાલે છે કે?' પ્રમુખ શ્રીમુખે વદે છે.
બજાનચી બમચી ઉભા થાય છે.
મંત્રીજી મુંઝાઈ ઉભા થાય છે.
ગુરુજી કેડેથી લળીલળી જાય છે.
પ્રમુખશ્રી વિરામાસને વિરાજે છે.
પ્રમુખશ્રી બીડીના ઇજારદાર છે,
બજાનચી ચહાના ઇજારદાર છે,
મંત્રીજી મોદીખાનાના ઇજારદાર છે,
ગુરુજી જ્ઞાનના ઇજારદાર છે,
શિષ્યો ભણે છે, ગુરુજી ભણાવે છે.
ત્યાં આવે છે શાળાના મુરબ્બી.
'ટોળટપ્પાં ચાલ્યાં છે કે?' મુરબ્બી મુરબ્બીવટ કરે છે.
પ્રમુખશ્રી મુખ વકાસી ઉભા થાય છે,
બજાનચી બસીયાણા પડી નમન કરે છે,
મંત્રીજી માન પાન ભૂલી પગે પડે છે,
ગુરુજી આર્ય રીતિએ સાષ્ટાંગ કરે છે,
મુરબ્બી દેશને દાદ પાય છે,
પ્રમુખશ્રી દેશને બીડી પાય છે,
બજાનચી દેશને ચહા પાય છે,
મંત્રીજી દેશને ધાન આપે છે,
ગુરુજી દેશને જ્ઞાન આપે છે,
શિષ્યો ભણે છે, ગુરુજી ભણાવે છે:
'જ્ઞાન એ ઉત્તમ ધન છે;
જ્ઞાની એ સાચો ધનિક છે....
.....'
મુરબ્બી હસે છે, પ્રમુખ હસે છે,
બજાનચી હસે છે, મંત્રી હસે છે.
શિષ્યો ભણે છે, ગુરુજી ભણાવે છે.

જયન્તીલાલ ઓઝા.

અખિલ ભારત બાલકસંઘ

(બાલકન-જી-બારી)

આજે એ સમય આવી પહોંચ્યો છે કે જ્યારે આપણા દેશમાં ચાલતી બાળકો માટેની વિવિધ સંસ્થાઓ પોતપોતાની પ્રવૃત્તિઓને અરસપરસ પિછાને અને બને તો બધાની શક્તિનો પ્રવાહ એક બનીને વધુ જોર પકડે.

બાલકન-જી-બારી એ એક એવી સંસ્થા બની છે કે જેણે જુદા જુદા પ્રાન્તોમાં પોતાની શાળાઓ અને ઉત્સાહી કાર્યકરો મેળવ્યા છે. તેઓના તરફથી અખિલ હિંદના બાળકો માટેના કાર્યકરોની એક પરિષદ જેવું પણ આવતી નાતાલમાં કરાંચી મુકામે થવાનું એમના મૂળ પ્રણેતા શ્રી. દાદા તરફથી નક્કી થયું છે. જેની વધુ વિગતો આવતા મહિને અમો આપીશું. આજે તો એ સંસ્થાની થોડી હકીકત જ 'શિક્ષણ પત્રિકા'ના વાચકોની જાણ માટે અહીં આપી છે :

બુદ્ધાલેખ : જ્ઞાન અને ગરમત

૧૯૨૬ માં 'દાદા' (મોટાભાઈ) તરીકે ઓળખાવવા ઇચ્છતી 'કોઈ એક વ્યક્તિ'ને, બાળકો માટે વાર્તા, ગીતો વગેરે લખવાનો તેમજ તેમને માટે ધનામી હરીફાઈ ગોઠવવાનો વિચાર સ્ફુર્યો. અને તરતજ 'દાદા'એ કરાંચીના તથા બીજા કેટલાંક પત્રોમાં લેખો પ્રસિદ્ધ કરી એ વિચારને સંપૂર્ણ રીતે અમલમાં મૂક્યો. બાળકોએ આ પ્રવૃત્તિને સહર્ષ વધાવી લીધી અને બાલ-વિભાગમાં દરેક અઠવાડિયે લગભગ ૫૦–૬૦ લખાણ આપવા માંડ્યા.

પરંતુ ૧૯૨૭ માં તો બાળકો માટે 'બાલ-કન-જી-બારી' નામની એક અનોખી સંસ્થા સ્થાપવામાં આવી. જો કે આ સંસ્થાના સભાસદો તેમજ સંચાલકો હજી એકએકને મળી શકયા નથી. સભાસદો તેમના 'ફ્રોમ્સ' ભરીને સંસ્થા પર મોકલી આપે છે અને આ સંસ્થા એવા દરેક-પ્રમાણે-સંચાલકોના તેમજ સભાસદોનાં સંબંધ પત્રવ્યવહારથી કે બાળકોના 'કોર્નર્સ' મારફતે દિવસે દિવસે વધતા જાય છે.

સૌથી પહેલી ૧૯૨૯ માં કરાંચીમાં આ સંસ્થાની 'બારી'ની એક શાખા સ્થપાઈ. આ શાખાને અંગે દરેક રવિવારે બાળકો એકઠાં થતાં અને એમને માટે વાર્તા, ગાયનો, રમતગમત કે ઉજાણી જેવા કાર્યક્રમો ગોઠવાતા. કવચિત બાળકોને મુસાફરી પણ કરાવતા. આ પ્રવૃત્તિમાં બાળકોને ઘણો આનંદ પડયો એટલુંજ નહીં પણ બાળકોનાં માબાપની પણ સંપૂર્ણ સહાનુભૂતિ આ સંસ્થાએ મેળવી લીધી. અને ત્યાર પછી ધીમે ધીમે આખા સીંધ પર આની શાખાઓ સ્થપાઈ. મુંબઈમાં પણ આની કેટલીક શાખાઓ સ્થાપવામાં આવી છે પણ આ સંસ્થાના સભાસદો તો આખા હીંદના જુદા જુદા ભાગમાં મળી આવે છે. હીંદની બ્હાર પરદેશમાં પણ આ સંસ્થાએ સારી ખ્યાતિ પ્રાપ્ત કરી છે.

તેમની પ્રવૃત્તિ

તેની પ્રાથમિક પ્રવૃત્તિ કરતાં આધુનિક પ્રવૃત્તિ ઘણી વધારે છે. આધુનિક પ્રવૃત્તિમાં મુખ્યત્વે કરીને નીચે પ્રમાણે છે. અઠવાડિક સભા ભરવી, થોડે થોડે વખતે મુસાફરી તથા ઉજાણીઓ ગોઠવવી. 'કોર્નર્સ'ને બને તેટલા જુદા જુદા પ્રાંતોના પત્રોમાં પ્રસિદ્ધ કરવા. તેમજ ધનામી હરીફાઇઓ રાખવી. તે ઉપરાંત 'ગુલિસ્તાન' નામનું એક સીંધી માસિક પણ ચાલે છે અને 'પુષ્પ'—'બાળકોનું પોતાનું માસિક' પણ

અંગ્રેજીમાં પ્રસિદ્ધ થાય છે. આ પત્રમાં હિંદી વિભાગ પણ રાખવામાં આવ્યો છે અને તેથી હિંદના ઘણા ભાગમાં એ બાળકોનું માનીતું પત્ર થઇ પડયું છે. 'ગુલિસ્તાન અને 'પુષ્પ' બન્નેએ બાળકોના મન જીતીને સંપૂર્ણ સફળતા મેળવી છે. તેઓ ગુજરાતી, હિંદી, મરાઠી, ઉર્દુ, બંગાળી અને બીજી ભાષાઓમાં બાળકો માટે પત્ર છપાવવાનો પ્રયત્ન કરે છે. અને જુદા જુદા વિષયો પર બાળકો માટે પુસ્તકો પ્રસિદ્ધ કરવાની પણ તેઓની અભિલાષા છે.

કરાંચીમાં 'પુષ્પ ભવન' નામની શાળા ચાલે છે. અને ફ્રીન્ડરગાર્ટન અને મોન્ટેસોરીના સિદ્ધાન્તોમાંથી હિંદી બાળકોને અનુકૂળ થતા સિદ્ધાન્તો 'પુષ્પ ભવને' સ્વીકાર્યા છે. શાળાનું કાર્ય સુંદર રીતે આગળ ધપે છે. બાળકોએ કરવાનાં કાર્યો એમની રમત સાથે વણી લીધાં હોય છે અને તેથી શાળાનું વાતાવરણ કંટાળા ભરેલું નહી લાગતાં એમને અનુકૂળ હોય છે. "જ્ઞાન સાથે ગમ્મત કરતાં" એ બાળકો "વિદ્યાને ચીલે ચઢી જાય છે."

દરેક વર્ષે બાળકોનું સંમેલન ભરવામાં આવે છે. ૧૯૩૩ માં લારખાનામાં, ૧૯૩૪ માં કરાંચીમાં, ૧૯૩૬ માં હૈદ્રાબાદમાં, ૧૯૩૭ માં મુંબાઈમાં અને ૧૯૩૮ માં સક્કરમાં સંમેલન ભર્યા હતાં. આ સંમેલનોમાં મોટા મોટા શહેરોમાંથી તેમજ નાનાં, નાનાં ગામડાંમાંથી લગભગ ૫૦૦ થી ૬૦૦ બાળકો અને બાલિકાઓ આવ્યાં હતાં. અને સંમેલન સ્થળના લગભગ ૨૦૦૦ બાળકો તેમને આવકાર આપતાં. આવા સંમેલનથી તેમને–બાળકોને અગત્યનાં મથકો અને દૃષ્યો જોવાની તેમજ ભાતૃભાવ જેવી આદર્શ ભાવના કેળવવાની ઘણી સારી તક મળતી.

કોઈ અજાણ્યા પરદેશી સાથે પણ મિત્રભાવ કેળવી શકાય એ હેતુથી સ્વદેશ અને પરદેશના બાળકો વચ્ચે તેમજ હિંદી અને જુદા જુદા દેશની બાલિકાઓ વચ્ચે પત્રવ્યવહારની વ્યવસ્થા કરવામાં આવે છે. પણ આ પત્રવ્યવહાર સંસ્થાના સભ્યોને જ રાખવા દેવામાં આવે છે.

ગરીબ બાળકો માટે એક ઉધરાણું થએલ છે અને તે પૈસામાંથી જે ગરીબ બાળકોને જરૂર હોય તેમને મદદ કરવામાં આવે છે. આ ઉધરાણામાં કોઇ પણ રકમ ગમે તેવી નજીવી પણ તેઓ અંતઃકરણના આશિષ સાથે સ્વીકારે છે. ખાસ બાળકો માટે જ બાળકોનું પુસ્તકાલય પણ સ્થાપ્યું છે. આ પુસ્તકાલય માટે પુસ્તકોની મદદ પણ સહર્ષ સ્વીકારાય છે.

કોણ ભાગ લઈ શકે?

નાત, જાત કે જાતિના ભેદ સિવાય કોઈ પણ બાર વર્ષની અંદરનું બાળક ચાર આનાની દાખલ ફી ભર્યાથી આ સંસ્થાનો સભાસદ થઇ શકે છે. ૧૨–૧૬ વર્ષની ઉંમરના બાળકો આઠ આના દાખલ ફી ભરીને 'કમ્પેનીયન્સ' તરીકે રહે છે. આધુનિક સભાસદોની સંખ્યા ૪૦૦૦ જેટલી છે. તે ઉપરાંત 'કમ્પેનીયન્સ', 'એસોસીયેટસ' અને મદદનીશો–'પેટ્રન્સ' મળીને ૮૫૦ ની સંખ્યા છે.

વડીલોની સહાયાર્થે 'એસોસીયેટસ' અને 'પેટ્રન્સ' જેવા ખાસ જુદા વર્ગ રાખ્યા છે. 'એસોસીયેટસ' માટે ઓછામાં ઓછો એક રૂપિયો ઉધરાણામાં ભરવાનો છે. અને એમના 'ફોર્મ'નો સ્વીકાર સ્થાનિક શાખાના કે મધ્યસ્થ કારોબારી સભાના પ્રમુખ કરે છે. 'પેટ્રન્સ'નો ફાળો દસ રૂપિયા કે તેથી વધારે હોવો જોઇએ. આ 'પેટ્રન્સ'ની મુખ્ય વૃત્તિ સંસ્થાની પ્રવૃત્તિઓને આગળ ધપાવવાની હોવી જોઈએ.

આ સંસ્થાની શાખાઓમાં અઠવાડિક વર્ગો તેમજ થોડે થોડે વખતે મુસાફરી અને ઉજાણી ગોઠવવામાં આવે છે. આવા કાર્યક્રમો બાળકોમાં અતિશય આનંદ અને ઉત્સાહ પ્રેરે છે. સંસ્થા

તહેવારો અને દેશનેતાઓની 'જયંતી' ઉજવે છે. તે વખતે બાળકોને આ તહેવારોનું મહત્ત્વ કે 'જયંતી'ની અગત્યતા સમજાવવામાં આવે છે. બાળકોની વિદાય ઈનામ કે મિઠાઇ આપીને થાય છે.

અખિલ ભારતીય યોજના

તેઓની ઇચ્છા છે કે આખા હિંદ પર આ સંસ્થાની શાખાઓ પોતાની પ્રવૃત્તિનો પ્રભાવ બતાવે અને તેથી 'બાલકૃન-જી-બારી' એ નામ બદલી 'અખિલ ભારત બાળ સંઘ' નામ રાખવામાં આવ્યું છે. મુંબાઇનાં પરાં બાર, વિલેપારલા, માટુંગા, દાદર અને ઘાટકોપરમાં તો શાખા સ્થપાઈ ચૂકી છે.

તેઓનો ઓફીશ્યલ કોર્નર દરેક રવિવારના 'બોમ્બે ક્રોનીકલ'માં નિયમિત રીતે છપાય છે. અને ગુજરાતી, હીંદી, મરાઠી વગેરે ભાષાના અગ્રગણ્ય પત્રોમાં 'કોર્નર્સ' વિભાગ છપાય તેવો પ્રયત્ન ચાલે છે.

સ્થાનિક વ્યક્તિઓની સહાય વિના આટલી મોટી પ્રવૃત્તિ ઉપાડી લેવી એ ઘણું કઠિન કામ છે. અને તેથી જે લોકોને બાળકો અને તેમની સંસ્થામાં રસ પડતો હોય, તેમજ 'પેટ્રન્સ' થવાની ઇચ્છા હોય તેમણે સંસ્થાના સંચાલકોને તેમની ઇચ્છા પ્રદર્શિત કરવી: સંસ્થાના સંચાલકો તેમને વિગતવાર માહિતી આપશે. દાખલ થવાના 'ફોર્મ' પત્રિકા સાથે ત્રણ પૈસાનો સ્ટેમ્પ બીડવો.

સરનામું—

દાદા–ગુલિસ્તાન,
[શિક્ષણપત્રિકા કાર્યાલય] બાર, મુંબઈ ૨૧.

નોંધ સમાચાર

મોન્ટીસોરી જયન્તી

ગત તા. ૩૧–૮–૪૧ ના રોજ મેડમ મોન્ટીસોરીની ૭૧ મી જયન્તી વિવિધ સ્થળોએ સંધશાળાઓમાં ઉજવાઇ હતી:

૧

તા. ૩૧–૮–૪૧ રવિવારે સાંજે પાંચ વાગે શિશુભારતી વડોદરામાં મોન્ટીસોરી જયંતીનો ઉત્સવ સ્ત્રીઅધ્યાપન પાઠશાળાનાં અધ્યાપિકા બહેન શ્રી. શાન્તાબહેન સી. અમીન, જી. એ., ડી. પી. એસ. એમના અધ્યક્ષપદે ઉજવાયો હતો. બાળકેળવણીપ્રિય સજ્જનોથી આખો હોલ ચિક્કાર ભરાઇ ગયો હતો; બહેનોની હાજરી બૂબ જ પ્રમાણમાં હતી.

શિશુભારતીનાં નાનાં નાનાં બાળકોનાં સરસ્વતી સ્તવન અને દીલરૂબા સાથેના અભિનય-સંગીતથી આખા વાતાવરણમાં આનંદ, આનંદ ફેલાયો હતો. સંસ્થાના નિયામક શ્રી. કમળાશંકર પંડિતે "ગુરૂ ગોવિંદ દોનું ખડે, કીનકું લાગું પાયજી, બલિહારી ગુરૂદેવકી, જીને ગોવિંદ દીયો બતાયજી" એ સંતવાણીમાં ગુજરાતના વિખ્યાત બાળકેળવણીકાર સદ્‌ગત શ્રી. ગિજુભાઇ, જેમણે સારા ગુજરાતને બલ્કે સમગ્ર હિન્દને વિશ્વમાતા મોન્ટીસોરીનો, નૂતન બાલ શિક્ષણની તેમની પરિવર્તનકારી પદ્ધતિ અપનાવી, તેમનો જોશીલા પ્રચારદ્વારા પરિચય કરાવ્યો હતો. તે પ્રથમ વંદનીય વિભૂતિ છે અને એમના પ્રતાપે આ આજનો ઉત્સવ ઉજવવા આપણે ભેગાં મળ્યાં છીએ, એમ જણાવી શ્રી. શાન્તાબહેનને અધ્યક્ષપદે બિરાજવા વિનંતિ કરી હતી.

ત્યારબાદ, મેડમ મોન્ટીસોરી પાસે તાલીમ લઇ આવેલા વડોદરા પુરૂષ અધ્યાપન પાઠશાળાવાળા શ્રી. વિષ્ણુભાઇ મજમુદાર તથા શ્રી. શંકરભાઈ પટેલે વિશ્વમૈયા મોન્ટીસોરીનું જીવનકાર્ય

સમજાવ્યું હતું. માતૃત્વની વિશાળ ભાવનાપર અધ્યક્ષે સુંદર વિવેચન કર્યું હતું, જે અન્યત્ર આપ્યું છે.

છેવટે શ્રી. કમળાશંકર પંડિતે આભાર-પ્રુલહાર કર્યા પછી સભા વિસર્જન થઇ હતી.

૨

તા. ૩૧–૮–૪૧ ને રવિવારે સાંજે ૬ વાગે અમદાવાદમાં સારંગપુર દોલતખાનામાં નવી ગુજરાતી શાળામાં નૂતન બાલ શિક્ષણ સંઘનાં પ્રમુખ શ્રીમતી સરલાદેવી બેનને પ્રમુખપદે મેડમ મોન્ટીસોરીના ૭૧ મા જન્મદિન અંગે એક સભા મળી હતી. જે વખતે તેઓ દીર્ઘાયુષી બને તેવું ઇચ્છતો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો.

આ ઉપરાંત શ્રી. હરપ્રસાદ ભટ્ટ, શ્રી. ભોગીભાઈ ઠાકર, શ્રી. વજુભાઈ દવે, અને બીજાઓએ મેડમને વિષે પ્રાસંગિક પ્રવચનો કર્યાં હતાં.

૩

મુંબઈમાં શિશુવિહારમાં પણ મેડમ મોન્ટીસોરીના જન્મદિન નિમિત્તે શિશુવિહારનાં બાળકો અને અધ્યાપન મંદિરના વિદ્યાર્થીઓએ મળી એક સભા યોજી હતી. સભામાં શરુઆતમાં પ્રાર્થના થયા બાદ, શ્રીમતી તારાબેને બાળકોને મેડમ મોન્ટીસોરીનું જીવન કહી સંભળાવ્યું હતું. ત્યારબાદ શ્રી. ચંદુલાલ ભટ્ટે પોતાને અધ્યારના વર્ગમાં જઈને થએલા અનુભવો, મેડમનો બાળકો વિષેનો પ્રેમ અને જ્ઞાન કેટલાં અગાધ છે એનું એમણે વર્ણન કર્યું હતું.

ત્યારબાદ મેડમને ગમેલું 'જનમનગણ અધિનાયક' ગીત ગવાયું હતું અને અર્ધા કલાક સુધી બાળકોનો પોતાનો મનોરંજક કાર્યક્રમ ચાલ્યો હતો અને સૌ છૂટાં પડ્યાં હતાં.

શ્રી. મોન્ટીસોરી બાલમંદિર–રાજકોટનો દ્વિવાર્ષિક ઉત્સવ

ગઇ તા. ૧૩–૮–૪૧ ના રોજ શ્રીમતી જયાબેન ગોહિલના (રાજકોટ અધ્યાપનમંદિરનાં વિદ્યાર્થીનિ) સંચાલન નીચે ચાલતાં શ્રી. મોન્ટીસોરી બાલમંદિરનું દ્વિવાર્ષિક સંમેલન રાજકોટના ના. દિવાન સાહેબ શ્રી. વિશ્વનાથસિંહજી બહાદુરના પ્રમુખપણા નીચે યોજવામાં આવ્યું હતું. તે સમારંભની સાથે જ બાલમંદિરમાં એક નાનું એવું બાલશિક્ષણ વિષયક પ્રદર્શન ગોઠવવામાં આવ્યું હતું. તેની ઉદ્‌ઘાટન ક્રિયા રાજકોટના ના. દિવાન સાહેબના શુભ હસ્તે થઈ હતી. આ પ્રસંગે હાજર રહેલા અન્ય શિક્ષણપ્રેમી કાર્યકરો અને સદ્‌ગૃહસ્થોમાં ભાઈ શ્રી. નરેન્દ્ર બધેકા (આચાર્ય, બાલમંદિર, જામનગર) અને શ્રીયુત બેરિસ્ટર ચુડગર હતા. બન્નેએ પ્રસંગોચિત વ્યાખ્યાનો કર્યાં હતાં. સંમેલન દરમિયાન બાલમંદિરનાં બાળકોએ થોડાં ગીતો અને અભિનય બતાવ્યો હતો. પ્રદર્શન ખુલ્લું મૂકતાં દિવાન સાહેબે શ્રી. જયાબેન ગોહિલની કાર્યદક્ષતા અને બાલમંદિરના કામ પ્રત્યેની ઊંડી ધગશનો નિર્દેશ કરી તેમનાં કામથી ઊંડો સંતોષ અને આનંદ પ્રદર્શિત કર્યો હતો. અને તે પછી ના. દિવાન સાહેબે શિક્ષણ પ્રદર્શન ખુલ્લું મૂક્યાની જાહેરાત કરી આમંત્રિત મહેમાનો અને બીજા સદ્‌ગૃહસ્થો સાથે પ્રદર્શનનું નિરિક્ષણ કરી પોતાનો સંતોષ વ્યકત કર્યો હતો. પ્રદર્શન તા. ૧૭।૮।૪૧ ની સાંજ સુધી જનતાને માટે ખુલ્લું મૂકવામાં આવ્યું હતું.

જ્ઞાનસત્ર : શ્રી શારદામંદિર કરાંચી

કરાંચીના રાષ્ટ્રીય વિદ્યાલય શ્રી શારદામંદિરે એક જ્ઞાનસત્ર આવતા ડિસેમ્બરમાં ઉજવવાનું નક્કી કર્યું છે. તેમાં ભરાવાના કેળવણી પ્રદર્શનના સાહિત્ય વિભાગમાં ગુજરાતી છાપેલાં અને હસ્ત-

લિખિત સામયિકોનું એક પ્રદર્શન રાખવામાં આવનાર છે. તે માટે સર્વે છાપેલાં અને હસ્ત-લિખિત સામયિક પત્રોને પોતાના પત્રના છેલ્લા અંકની એક એક પ્રત તેઓને મોકલવા વિનંતિ છે. હસ્તલિખિત સામયિકો તેમને ખર્ચે તેઓ તુરત પાછાં મોકલી આપશે.

વડોદરા રાજ્ય પ્રાથમિક શિક્ષકોની બીજી પરિષદ્

વડોદરા રાજ્ય પ્રાથમિક શિક્ષકોની બીજી પરિષદ ઊંઝા મુકામે દિવાળી પછી મળશે. તેમાં બાલસાહિત્ય પ્રદર્શન પણ રહેશે. બાલસાહિત્યના સર્જકોને પોતપોતાનું સાહિત્ય, રાજ્યની શિક્ષક જનતાની નજર સમક્ષ લાવવાને માટે નીચેને સરનામે મોકલી આપવાની વિનંતિ કરવાનું અમને જણાવવામાં આવ્યું છે.

બીસજીભાઈ ટી. ઠાકર
સ્વાગતમંત્રી, વડોદરા રાજ્ય પ્રા. શિ.
દ્વિતીય અધિવેશન : ઊંઝા.

સ્વ. ગિજુભાઈ સ્મારક ફંડ:—

આ ફંડની બાબતમાં વિચાર કરવા માટે તા. ૧૦–૬–૪૧ તથા ૧૧–૬–૪૧ ના રોજ મુંબઇમાં અવિધિસરની બેઠકો થઈ હતી જેમાં નીચેના કેટલાએક વિચારો થયા હતા.

શ્રી. સરલાબેન સારાભાઈ, શ્રી. હંસાબેન મહેતા, શ્રી. લીલાવતી મુનશી, શ્રી. સરોજબેન ચોધ, શ્રી. તારાબેન ઝવેરી, શ્રી. તારાબેન મોડક, શ્રી. નાનાભાઈ ભટ, શ્રી. પોપટલાલ ચુડગર, શ્રી. હીરાલાલ અ. શાહ, શ્રી. ચંદુભાઈ મોહનલાલ ઝવેરી, શ્રી. પરમાનંદભાઈ કાપડીઆ વગેરે લોકોએ હાજરી આપી હતી.

લગભગ રૂા. ૧૩૦૦૦ સુધી ફંડ પહોંચ્યું છે. ને હજી પાંચ દસ હજાર વધારે ભેગા થાય એવો સંભવ છે, પણ અનેક સંજોગોને લીધે તેઓ ધારતા હતા તેમ લાખ સુધી પહોંચવું અઘરું છે એમ તેઓનું કહેવું હતું.

આ નાણાં કયા કામમાં વપરાય તે નક્કી કરી કામ શરૂ કરવું અને પછી ફંડમાં થાય તેટલો ઉમેરો કરતા રહેવું એ જાતની તેમની માગણી હતી.

લગભગ એકમતે આ રકમ નૂતન બાળ-શિક્ષણ સંઘને સોંપવી એ જાતના વિચારો દેખાતા હતા. અને ગિજુભાઈ સ્મારકમાળા નામની બાલ સાહિત્ય માળા શરૂ કરવી અને સારાં પ્રકાશનો કરવાં એ બાબતમાં બહુમતી દેખાતી હતી.

ગામડાનાં બાળક્રીડાંગણોના શિક્ષકો તૈયાર કરી ક્રીડાંગણો ચલાવવામાં આ રકમ વાપરવી એ જાતની નૂતન બાળશિક્ષણ સંઘ તરફથી સૂચના આવી હતી. આજની રાષ્ટ્રની પુનર્ઘટનાની દૃષ્ટિએ આ રીતે આ રકમનો રાષ્ટ્રહિતની દૃષ્ટિએ સારો ઉપયોગ થશે એવો તેમનો મત હતો.

પરંતુ સ્મારક તરીકે લોકોને એ કેવુંક રૂચશે એવી કેટલાંએકને શંકા થઈ હતી.

ભાવનગરનું બાલમંદિર સંઘે તાબામાં લઇને ગિજુભાઈ સ્મારક તરીકે ચલાવવું એ પણ એક વિચાર મૂકાયો હતો.

ભાવનગરના બાલમંદિરની આસપાસ ઘણી ભાવના ને પૂર્વસ્મરણો ગૂંથાએલાં છે. અને તે જગ્યા જાગૃત ને જીવંત રહી પૂ. ગિજુભાઇનું જીવન કાર્ય આગળ ચલાવે એ સૌને રૂચતું હતું, પરંતુ તેમાં વ્યાવહારિક મુશ્કેલી અનેક જાતની જણાઇ ને કાયમ માટે ને ઉત્તમ રીતે તે ચાલુ ન રહે તો સ્મારક કર્યું ન કર્યું થઈ જશે એની બીક કેટલાંએકે જણાવી.

આ સ્મારક ફંડનું શું થયું એવી જિજ્ઞાસા ઘણાંઓને થતી હતી. એટલે આજને તબક્કે આટલી હકીકત કહી શકાય છે. ફંડ પૂરું થઇને

તેને કાર્યમાં વાપરવા માંટેનો સમય આવ્યો છે એટલે ફંડમાં આપવા ઇચ્છતા દાતાઓને ફૂલ નહિ ને ફૂલની પાંખડી વહેલી તકે આપવા વિનંતિ છે. સ્મારકફંડના મોટા આંકડા લોકોની જાણ માટે નીચે આપ્યા છેઃ—

સ્વ. ગિજુભાઈ સ્મારક ફંડનો હિસાબ

૩. ૪૧૪૯–૧૫—૦ શેઠ રામજીભાઇને ત્યાં સ્મારક ફંડના માનદ મંત્રી તરીકે ભરાયા.

,, ૮૦૦૦—૦—૦ નીચે પ્રમાણે વચનો મળેલાં છે.

૨૫૦૦—૦—૦ શ્રી. સરલાદેવી સારાભાઈ

૧૦૦૦—૦—૦ મે. લુણાવાડાના મહારાજા સાહેબ

૧૦૦૦—૦—૦ શેઠ હીરાલાલ અમૃતલાલ શાહ.

૧૦૦૦—૦—૦ શેઠ જીવણલાલ મોતીચંદ

૧૦૦૦—૦—૦ શેઠ હેમચંદ મોહનલાલ

૧૦૦૦—૦—૦ બૅ. પોપટલાલ ચુડગર

૫૦૦—૦—૦ શેઠ મૂળચંદ જીવરાજ

૩. ૮૦૦૦—૦—૦

,, ૯૫૮—૫—૭ શ્રી. ઇન્દુલાલ ભટ્ટ પાસે આવ્યા.

,, ૩૦—૦—૦ શ્રી. પોપટલાલ ચુડગર પાસે આવ્યા.

૧૩૧૩૮—૪—૭

૩. ૫૧૩—૯—૯ ખર્ચ ખાતે નીચે પ્રમાણે

,, ૨૭૪—૮—૦ શ્રી. પોપટલાલ ચુડગર હસ્તક છપામણી, પોસ્ટેજ અને પ્રવાસના.

,, ૨૩૯—૧—૯ શ્રી. ઇન્દુલાલ ભટ્ટ હસ્તક છપામણી, પોસ્ટેજ પ્રચાર અને પ્રવાસના.

,, ૫૧૩—૯—૯

[કાર્યાલય]

બાલપુસ્તકાલય : અમરેલી

ઉપરનું બાલપુસ્તકાલય છેલ્લા દસબાર વર્ષોથી અમરેલીનાં બાળકોની યથાશક્તિ મૂક સેવા કરી રહ્યું છે. કોઇ પણ જાતના બાહ્યાડંબર સિવાય કે ઠાઠમાઠ સિવાય ઘણી જાતની મુશ્કેલીઓ અને આર્થિક વિટંબના વચ્ચે પોતાના આદર્શે પહોંચવા તે મહેનત કરી રહેલ છે. તેઓને આર્થિક મદદની અત્યંત જરૂર છે. ધનિક બાળપ્રેમીઓ આવાં ચાલુ બાળપુસ્તકાલયોને વધુ મદદ કરે અને નવાં નવાં ખોલાવે એવી અમારી તેઓને આગ્રહભરી વિનંતિ છે.

મોન્ટીસોરી શિક્ષણ પ્રચારમાળા

લેખકોઃ સ્વ. ગિજુભાઈ અને શ્રી. તારાબેન.

કિંમત ૦–૧૦–૦ ટપાલખર્ચ ૦–૨–૩

મગાવો : "શિક્ષણ પત્રિકા" કાર્યાલય

૧૧૮, હિંદુ કૉલની, દાદર.

મુદ્રક : કૃ. ના. સાપલે : રામકૃષ્ણ પ્રિં. પ્રેસ : ત્રિભુવન રોડ, મુંબઇ ૪.

પ્રકાશક : તારાબેન મોડક : 'શિક્ષણપત્રિકા' કાર્યાલય : હિંદુ કૉલની, દાદર.

શિક્ષણ પત્રિકા

(નૂતન બાલશિક્ષણસંઘ)

આદ્યતંત્રી : સ્વ. ગિજુભાઈ બધેકા

: તંત્રી :

તારાબેન મોડક

દિવાળી

દિવાળીનો આનંદોત્સવ ! કોની દિવાળી ?
માનવતાની તો હોળી થઈ છે !
ન્યાય અન્યાયનો તો અંત આવી રહ્યો છે !
માણસના હકકોની પાયમાલી થઈ ગઈ છે !
સુધારાનું શિખર અદૃશ્ય થયું છે !
છુપાએલી પશુતા ઉઘાડી પડી છે !
વિનાશે બધી જગ્યાએ પોતાની જાળ પસારી છે !
શાની દિવાળી ? શાનો ઉત્સવ ? શાનો પ્રકાશ ?
એક કુમળુ કિરણ છે — ભાવિ.
આપણાં બાળકો ભવિષ્યના આધાર છે.
આપણે તો જવાળાથી બળી ખાખ થયાં છીએ.
નિરાશાથી બહેરા બન્યા છીએ.
આપણાં બાળકો નવા જોરથી વધશે.
આપણાં બાળકો જ નવી દુનિયા સર્જશે ને ?
તેઓની આ દિવાળી ! તેઓનો આ ઉત્સવ !
તેઓનો આ પ્રકાશ !

—તા.

ગામડાંની બાલવાડી

આ માળાના બીજા લેખમાં સ્વચ્છતાના કેટલા પ્રકારો છે તેની યાદી આપેલી. ત્રીજા લેખમાં તે પૈકી ઝાડુ મારતાં કેમ શીખવવું એટલે કે તેનો પાઠ કેમ આપવો તે બતાવ્યું છે.

આ લેખમાં સ્વચ્છતા આગળનો બીજો વિષય વ્યવસ્થા લીધો છે.

નાનાં બાળકને એટલે કે બે વર્ષનાં બાળકને શાળામાં વ્યવસ્થા શીખવવા માટેનો વિષય હોવો જોઇએ એ વાંચીને ઘણાંને આશ્ચર્ય થશે. પરંતુ આ વિષય બાળકની દૃષ્ટિએ અત્યંત આવશ્યક હોઈ શાળાના તેમજ ઘરના વડીલોએ લક્ષમાં લેવા જેવો છે. અને તે પણ માત્ર ગામડાં માટે જ હોય એમ નથી. શહેરમાં તેમજ ગરીબ, શ્રીમંત, એ બધાયનું લક્ષ આ બાબત પર જવું જરૂરી છે.

એટલાં નાનાં બાળકને વ્યવસ્થા કેમ શીખવવી એવો પ્રશ્ન ઉદ્‌ભવશે.

તેનો ઉત્તર એ છે કે તેને વ્યવસ્થા શીખવવી બહુ સહેલ છે. ખાસ કરીને તેને તે બહુ શીખવવી પડતી નથી એમ કહીશું તો અયોગ્ય નથી. માત્ર આપણે વ્યવસ્થિત હોઇશું તો પંચોતર ટકા કામ તેમાંથી થઈ રહેશે. આ ઉંમરના બાળક માટે આપણી પોતાની આસપાસ વ્યવસ્થિતપણું હોવું એ એક આવશ્યક બાબત છે.

કલ્પના કરીએ કે એક ઘરમાં લોટો આજે એક અભરાઈ પર હોય, બીજે દિવસે તે નાવણની છાજલી પર મૂકેલો હોય, ત્રીજે દિવસે તે એકાદ પાટલા પર જ મૂકેલો હોય, ચોથે દિવસે એકાદ ડોલમાં જ હોય. બીજું ઘરમાં આવી તે વસ્તુઓ માટે ખાસ તૈયાર કરેલાં પાટીયાં કે સ્ટેન્ડ હોય અને રોજરોજ લોટા વગેરે અમુક જ સ્થળે ગોઠવાતા હોય. ઉપરાંત બીજી વસ્તુઓ પણ અમુક ચોક્કસ સ્થળે જ ગોઠવવાની નક્કી કરેલ હોય.

બંને ઘર પૈકી પહેલાં ઘરમાં બે વર્ષનું બાળક પાણી પીવા માટે પાણી લેવાની ડોઈ કે લોટો શોધતાં અકળાશે. એટલું જ નહિ પણ પ્યાલાથી પાણી પીને ગમે ત્યાં મૂકીને ચાલવા માંડશે.

બીજા ઘરમાં, જ્યાં હમેશ વાસણો ખાસ જગ્યાએ ચોક્કસ રીતે જ ગોઠવેલાં હોય છે, તેજ પ્રમાણે બીજાં વાસણો મૂકવાની પણ અમુક ચોક્કસ જગા નક્કી કરેલ હોય છે એવાં ઘરમાં સ્વાભાવિક રીતે જ હમેશની ટેવ હોતાં બાળકોને અમુક વસ્તુ અમુક જગાએ જ સારી અને વ્યવસ્થિત રીતે મૂકવાની ટેવ પડવા લાગશે.

સારાંશ કે વ્યવસ્થાના શિક્ષણમાં વડીલોએ ઘરની સુંદર વ્યવસ્થા રાખવી અને તે સતત ચાલુ રાખવી એજ મુખ્ય બાબત છે. ઘરની વ્યવસ્થાથી બાળકનાં મનમાં પણ વ્યવસ્થા ઉત્પન્ન થાય છે અને અવ્યવસ્થાથી મનમાં અવ્યવસ્થા ઉત્પન્ન થાય છે.

વ્યવસ્થાનું મહત્ત્વ આપણને લાગે છે તેના કરતાં ઘણું વધારે છે. વ્યવસ્થા એટલે માત્ર બહારની ટાપટીપ નહિ. માત્ર દેખાવ પૂરતી વ્યવસ્થા, ઠીકઠાક સારી લાગે છે એટલે કલાત્મક દૃષ્ટિએ એ વ્યવસ્થિતપણું હોવું જોઇએ એમ નથી. વ્યવસ્થિતપણું બુદ્ધિ વિકાસમાં મદદરૂપ થાય છે એટલે એની જરૂર છે.

ઘણી સ્ત્રીઓ ઉપલક દૃષ્ટિએ વ્યવસ્થિત હોય છે. કોઇ ઘેર આવવાનું હોય તો તરત ઘરમાં આમ તેમ પડેલી સઘળી વસ્તુઓ બીજાથી દેખાય નહિ એવી એકાદ જગાએ પેટીમાં, કબાટમાં,

ટોપલીમાં અગર એવા જ એકાદ ખૂણામાં ભરીને મૂકી દે છે. બહારના આવેલ માણસને ઉપર ઉપરથી ઘર વ્યવસ્થિત દેખાય એવું કરે છે. એને વ્યવસ્થા કહી જ ન શકાય પણ ભયંકર અવ્યવસ્થા કહેવી જોઈએ કારણ કે આવી રીતે ગાડીના પોટલા પ્રમાણે બધી વસ્તુઓને એક ઠેકાણે ભરી દેવાથી કટલાયના કામમાં ગોટાળો થવાનો સંભવ છે. બાપુને લખોટો જોઈએ તો રડશે. પોતાને શીવણનો ડબ્બો જોઇએ ત્યારે જડશે નહિ. એવું તો કેટલુંય થશે. અને તેથી મગજ થાકી જતાં બીજી અનેક બાબતોમાં ગોટાળો થશે.

એ બધું વડીલોની દૃષ્ટિએ તો ખરાબ છે જ પરંતુ ઘરનાં બાળકોની દૃષ્ટિએ પણ તે વધુ ખરાબ છે.

નાનાં બાળકોને નવી નવી જગાનો પરિચય કરવો પડે છે. જુદી જુદી વસ્તુઓનાં નામ જાણવાં, તેનો આકાર ધ્યાનમાં રાખવો, તેનો ઉપયોગ સમજવો, તે કયા વર્ગની છે તે મનમાં નક્કી કરવું, એવા પ્રકારનું બૌદ્ધિક વર્ગીકરણ અને ગુણધર્મ તથા ઉપયોગ વગેરે સમજી લેવાનું શાસ્ત્રીય કામ તેના મગજમાં ચાલુ હોય છે. તેને આપણી વ્યવસ્થા ઘણી મદદ કરી શકે છે અને આપણી અવ્યસ્થા તેને ગુંચવી મૂકે છે.

અમારી શાળામાં બાળકને આવતાં સાથે કહેવાય છે કે જોડા બહારની લાકડાંની પાટી પર કાઢવા; અને તે પણ બરાબર હારમાં. નાનાં બાળકોના જોડા આ ખૂણામાં અને મોટાં બાળકોના જોડા બીજા ખૂણામાં. આવી સૂચનાઓ અપાય છે અને તેનો અમલ પણ થાય છે. તેથી બાળકને જ્યારે ઘેર જવું હોય ત્યારે પુનઃ જોડા શોધીને પહેરવાની અડચણ નડતી નથી. સો બાળકોનાં બસો જોડાના ઢગલામાંથી પોતાના જોડા શોધવાનું કઠણ કે ત્રાસદાયક કામ તેને કરવું પડતું નથી. લેવાની સરળતા હોય છે. બારણાં આગળ આમ તેમ વાંકીચૂકી મૂકેલી સો જોડ જે પડેલી હોય તો એ અવ્યવસ્થિતપણામાં સરળતા ક્યાંથી હોય !

આ બાળકોને ઘરમાં અને શાળામાં પ્રત્યેક બાબતની આ પ્રકારની સરળતા મળે તો તેને વ્યવસ્થિત વર્ગીકરણમાં સુલભતા થશે. અને વ્યવસ્થિતપણાની સરળતા અને સુંદરતા અનુભવવાનું મળશે. આમ બેવડો ફાયદો થશે.

આ માટે આપણી વ્યવસ્થામાં પણ યોગ્ય વર્ગીકરણ હોવું જરૂરી છે. એક બાજુએ ચિત્રકામનો સામાન તો બીજી અભરાઇ પર સંગીતનાં સાધનો; અમુક સ્થળે રમતનાં સાધનો તો અમુક સ્થળે લખવા વાંચવાનાં સાધનો. આ પ્રમાણે પ્રથમ કામના વર્ગ પાડીને તે પ્રત્યેકની જગા નક્કી કરી દેવી. પછી તે તે જગાએ તે વસ્તુઓ વ્યવસ્થિતપણે કેવી રીતે રહેશે તેનો વિચાર કરી તે તેવી રીતે ગોઠવવી. એ બધું બરાબર થવું જોઇએ.

ઘણી સારી સંસ્થાઓમાં આ પ્રકારની સામાનની વ્યવસ્થા કરેલી હોય છે. ફરક માત્ર એટલોજ છે કે તે વ્યવસ્થા બાળક માટે, બાળકની દૃષ્ટિએ બાળકે કરી હોય એવું તો ઘણું થોડું જોવામાં આવે છે.

ઘરમાં તો સર્વત્ર અવ્યવસ્થાનું જ સામ્રાજ્ય હોય છે એમ કહીશું તો ચાલશે. સેંકડે નવ્વાણું ઘરોમાં બહારના ભાગમાંજ વ્યવસ્થા દેખાશે અને બાકીની જગાએ તો અવ્યવસ્થાનો ગોટાળો જ હોય છે. ઘરમાંના માણસો બહુ બહુ તો એકાદ વખત ઘરની વ્યવસ્થા કરવા માટે તૈયાર થાય છે. પણ તે મોટે ભાગે બાળકના હાથમાં કોઈ વસ્તુ આવે નહિ એ ધોરણપર થાય છે.

કેટલીક સ્ત્રીઓને એમ કહેતાં સાંભળવા મળે છે કે "તે અમુક ને? તેનું ઘર વ્યવસ્થિત હોય તો તેમાં નવાઈ શું? તેને ત્યાં અવ્યવસ્થા કરે એવાં અમારાં જેવાં નાનાં બાળકો ક્યાં છે?" અથવા તો "તેને ત્યાં તો ઘણા નોકરો છે એટલે હશે બધું ઠેકાણે!" એટલે કે બાળકોથી અવ્યવસ્થા વ્યાપે છે અને નોકરો તેની વ્યવસ્થા કરતા હોય છે.

આનાથી અમારો અનુભવ તદ્દન નિરાળો છે. જેટલાં વધારે બાળકો તેટલી વહેલી અને સારી વ્યવસ્થા કરી શકાય છે અને નોકરોથી વ્યવસ્થા કદીય સારી થતી નથી.

ઘણાં બાળકો હોય તો દરેક વસ્તુ જલ્દી પોત પોતાની જગાએ લઈ જઈ શકાય છે. કોઈને પણ આમ કરતાં થાક કે કંટાળો લાગતો નથી.

નોકરોને તો વ્યવસ્થાનું તત્ત્વ જ સમજાતું નથી. તેઓની પાસે ઝાડુ મરાવીએ કે સાફસુફી કરાવીએ તો ઘણી વખત અમુક જગાની વસ્તુ બીજી જગાએ અને અસ્તવ્યસ્ત કરી ભેગી કરી મૂકી દે છે. અને બધી વ્યવસ્થા જો નોકરોને સોંપાય તો કદીય સારી થતી નથી. એનું કારણ એ છે કે તેનો બુદ્ધિ વિકાસ અમુક પ્રમાણમાં જ થયો હોઈ તેઓને સૂક્ષ્મ વર્ગીકરણ આવડતું નથી. એટલે કે વારંવાર બતાવીને કરાવતાં તેઓના ધ્યાનમાં એ બાબત ઠસાવવી પડે છે. અને છતાં પૂર્ણ સંતોષ થાય તેવી વ્યવસ્થા થઈ શકતી નથી. સારાંશ કે અમારો અનુભવ છે કે શિક્ષક અથવા ઘરના વડીલો અને બાળકો મળીને ઉત્તમ વ્યવસ્થા રાખી શકે છે.

મુંબઇ જેવાં શહેરમાં જગાના અભાવે આપણને દરેક ઠેકાણે એટલી જુદા જુદા પ્રકારની વસ્તુઓની જગા નક્કી કરવી પડે છે કે નોકરોને તે શિખવતાં વર્ષો વીતી જાય છે. પરંતુ બાળકો માટે તો સંગીતનો સમય પૂરો થયો કે બાળકોની મદદથી પાંચ મિનિટમાં વર્ગ તૈયાર થઇ જાય છે. અને અમારે ત્યાં વર્ગ તૈયાર કરવો એટલે દેવીના ઉત્સવ જેવીજ અનેક પ્રકારની વસ્તુઓ એમાં હોય છે. કારણ કે વ્યક્તિગત શિક્ષણનાં સાધનો ગોઠવવાનાં હોય છે. બાદ થોડા સમયમાં સાફસુફી કરવી પડે છે અને તરતજ તેજ જગાએ નાસ્તાની તૈયારી કરવાની હોય છે. પછી પાંચ મિનિટમાં એ જમણવાળી જગા સાફ થાય છે કે પાછો વર્ગ શરૂ થાય છે. આ બધી વ્યવસ્થા નોકરોથી કદીય થતી નથી. શિક્ષકો અને બાળકો બન્ને કરે છે એટલે જ એ સારી રીતે થાય છે. અર્થાત આ કામ શિક્ષણનું અંગ છે એમ સમજણમાં આવે એટલે શિક્ષક અને બાળકો મળીને તે સારી રીતે કરે છે.

આ પ્રમાણે ઘરમાં અને શાળામાં બાળકોની સાથે ઘરના વડીલોએ અને શિક્ષકોએ સાથે મળીને વ્યવસ્થા કરવી જોઇએ. એનું વર્ગીકરણ કરવું જોઇએ અને સરળતાની દૃષ્ટિએ જેવો ફેરફાર કરવો યોગ્ય હોય તે પ્રમાણે કરવો જોઇએ અને તે સુંદર અને સુવ્યવસ્થિત દેખાય એ રીતે તેમાં યોગ્ય સુધારણા કરતા રહેવું જોઈએ

વ્યવસ્થાનો પાઠ આપવો એટલે પ્રથમ તો વસ્તુઓ તેની જગ્યાએ ગોઠવવાનો પાઠ આપવો જોઈએ.

આ પાઠ આપવા માટે પ્રથમ વસ્તુઓની જગા નક્કી કરી લેવી, અને એ વાતાવરણમાં થોડા દિવસ બાળકોને રાખવાં જોઈએ.

ત્યારબાદ એક દિવસ એક બે આસનો, એક બે ઝાડુ, જોડા, ચંપલ, પુસ્તકો, રમવાનાં લાકડાનાં ટુકડા, નાની સાવરણી, પાટી એવી બીજી દસ વીસ વસ્તુઓ એકત્ર કરી લાવીને આપણે ઓરડાના મધ્ય ભાગમાં મૂકવી.

બાળકને કહેવું: "આ વસ્તુઓ જગાએ ગોઠવવાની છે."

પછી પ્રત્યેક વસ્તુની જગા કઈ છે તે આપણે જાતે બતાવવી. દાખલા તરીકે સાવરણી આ બીલી પર, જોડા આ પાટીઆ પર, પુસ્તકો આ કબાટમાં, શેતરંજી આ અભરાઇ પર, ટુકડાઓ આ ટેબલપર વગેરે.

ત્યારબાદ કયું બાળક વસ્તુ ગોઠવવા માટે ઉત્સુક છે તે જાણવા માટે તેઓને હાથ ઉંચા કરવા કહેવું.

"જેને વસ્તુઓ ગોઠવવી હોય તે હાથ ઉંચા કરે" તરતજ કોણ વધારે ઉત્સુક છે તે કળી શકાશે. કેટલાંક હંમેશ હાથ ઉંચા કરનારાં હોય છે જ્યારે કેટલાંક હમેશ પાછળ રહેનારાં હોય છે. તેમાંથી દરેક પ્રકારનાં બાળકોને ગોઠવણી કરવા આપવાનો અવકાશ આપવો."

પછી બાળકનું નામ અને વસ્તુનું નામ કહેવું. ઉદા. અનિલ–નાની સાવરણી.

અનિલ ઉઠીને નાની સાવરણી તેની જગાએ ગોઠવી આવે ત્યાંસુધી તેના તરફ બધાંએ જોવાની પ્રથા ચાલુ રાખવી. પ્રથમ જ તેમનું લક્ષ ખેંચવું કે "અનિલ નાની સાવરણી તેની જગાએ ગોઠવે છે તે બધાંએ જોવું."

આ પ્રમાણે બધી વસ્તુ પોતપોતાની જગાએ ગોઠવાઈ જાય ત્યાં સુધી એ રમત ચાલુ રહેશે.

પહેલી જ વખતે એટલી વધારે વસ્તુઓ લેવી નહિ કે બાળકો કંટાળી જાય. થોડી વસ્તુઓ લઈને જલ્દી પુરૂં થાય છતાં હજીપણ રમતની આતુરતા દેખાય તો બીજી ચાર વસ્તુઓ, તે પુરૂં થાય તો બીજી ચાર વસ્તુઓ એમ લેતા જવું.

રોજ જુદી જુદી વસ્તુની જગા બતાવવી અને વર્ગમાં પણ બધી વસ્તુઓની જગા બાળકને એવી રીતે બતાવવી. અને રોજ અમુક ચોક્કસ સમય એ માટે ખાસ રાખવો કે જે વખતે લેવાયેલી બધી જ વસ્તુઓ સુઘડ રીતે પોતપોતાની જગાએ ગોઠવવી એ મુખ્ય કામ હોય. આમાં શિક્ષકોએ જરૂર પડે તો મદદ કરવી. લાકડાના ટુકડા ભરવા, પેટી હોય તો તે બરાબર બંધ કરવી, અમુક ક્રમ પ્રમાણે મૂકવાની હોય તો તે પ્રમાણે ગોઠવવી. એ બધું બરાબર ધીમે અને પુરૂં થયા બાદજ વર્ગ છોડવો અથવા પછીના બીજાં કામમાં લાગવું એ નિયમ રાખવો જોઈએ. નવાં નાનાં બાળકના વર્ગમાં પ્રથમ શિક્ષકને વધારે કરવું પડે છે. પરંતુ થોડા દિવસમાં જ બાળકોની સારી જેવી મદદ મળવા લાગે છે.

વ્યવસ્થા શિખવતી વખતે એક બાબત ધ્યાનમાં રાખવી કે વસ્તુઓનું સ્થાન વારંવાર ન બદલતાં એક ચોક્કસ સ્થાન રાખવું. આજે પાણીની ડોલ આ ખૂણામાં તો કાલે બીજા ખૂણામાં એવું ન કરતાં એકજ સ્થાન ચોક્કસ કરવું. કબાટમાંના જે ખાનામાં જે વસ્તુ એક વખત ગોઠવી ત્યાંજ તે હમેશ ગોઠવાવી જોઈએ. આમ કરવા માટે શિક્ષકોએ એ સ્થાન પર ચિઠ્ઠી લગાડવી કારણ કે આપણે મોટાં માણસો આ ખૂણામાં એક વસ્તુ ન મળે તો બીજા ખૂણામાં, બારણાં પાછળ, ઉપર નીચે, એક મિનિટમાં ખોળીને આપણને જોઈએ તે વસ્તુ મેળવી લઈએ છીએ. બાળકો આવે વખતે ગૂંચવણ અનુભવે છે. એટલે કે કચરાની ટોપલી હોય કે નાની સાવરણી હોય કે ભૂમિતિની આકૃતિ હોય તેનું દરેકનું સ્થાન નક્કી કરી તે પ્રમાણે કાયમ ગોઠવવું એ વધુ આવશ્યક છે.

બાળકો જેમ જેમ મોટાં થતાં જાય છે તેમ તેમ વસ્તુઓનું સ્થળાંતર તેમને ગમે છે. હમેશ એક જ ખૂણામાં એક વસ્તુ રાખી મૂકવી તે કરતાં બે એક મહિના બાદ વર્ગનું રૂપ પલટી નાખીએ તો તેમાં મજા લાગે છે. કઇ વસ્તુ કયાં છે તે બાળક શોધી કાઢે છે. અને નવી જગા સાથે નવી વ્યવસ્થા તરતજ ધ્યાનમાં લઇ લ્યે છે.

એટલે બેથી ચાર વર્ષનાં બાળકોને કાયમની વ્યવસ્થા અને એનાથી મોટાં બાળકો માટે વયોમાન પ્રમાણે વ્યવસ્થામાં થોડો ફરક રાખવો.

વાંચતા આવડે તેવાં બાળક માટે દરેક વસ્તુ માટે ચિઠ્ઠી લગાડવી તે ઘણું ઉત્તમ છે. ચિઠ્ઠી વાંચીને શોધી કાઢવું અને ચિઠ્ઠી વાંચી તે જગાએ તે વસ્તુ ગોઠવવી એ એક બૌદ્ધિક કસરત જ છે. લખવા વાંચવાનો ઉપયોગ વ્યવહારમાં જરૂરી છે. એ તત્ત્વ પર અવશ્ય ચિઠ્ઠી લખી લગાડવી જોઇએ.

મુખ્ય બાબત એ છે કે વ્યવસ્થા એ એક બાળાં કોને શિખવવાનો વિષય છે, એ વડીલોએ ધ્યાનમ-લેવો જોઈએ.

બાળકોની અવ્યવસ્થા માટે તેમને માત્ર ગુસ્સે થઈને કે શિક્ષા કરીને તે વિષય શિખવી શકાય નહિ. પરંતુ શિખવવાની રીત શિક્ષકોએ પહેલેથી શિખી લેવી જોઈએ.

વ્યવસ્થા કરવાનો ઉમળકો આવે એ રીતે તે વિષય શિખવવો જોઇએ અને તેથીજ પદ્ધતિ શિખવી જોઈએ.

વ્યવસ્થા ચાલુ રહેવા માટે કેટલાક નિયમ વડીલો તેમજ શિક્ષકોએ ધ્યાનમાં રાખવા.

૧. જેઓ પોતાને કરવાનાં કામો નોકરવર્ગ પાસે કરાવે છે તેનાં બાળકો પણ પોતાનાં રમકડા કદીય પોતે ઉંચકી લેવાની દરકાર કરશે નહિ.

૨. બાળક નાનું એટલે કે ત્રણથી ચાર વર્ષનું થાય ત્યાંસુધી તેના પ્રત્યે દુર્લક્ષ હોય ત્યાંસુધી વડીલોએ અથવા ઘરના નોકરોએ તેની વસ્તુઓની, કપડાંની વગેરે વ્યવસ્થા કરેલી હોય તો તે બાળકને વ્યવસ્થાની ટેવ પડવી મુશ્કેલ છે અને સમય લાગે છે. અને બાળક મોટું થતાં એટલે સાત આઠ વર્ષનું થતાં તેને વ્યવસ્થા અશક્યપ્રાય થઇ પડે છે. એટલે દોઢથી બે વર્ષની વયનું થતાં લીધેલી વસ્તુ તેજ સ્થાન પર મૂકવાનું તેને બતાવવું જોઇએ.

૩. પ્રત્યેક વસ્તુ માટે ચોક્કસ અને સગવડથી રહી શકે એટલી જગા હોવી જોઈએ. માની કાતર જ્યારે કદી આ જગાએ, કદી ટેબલ પર, કદી કાંસકીના ડબામાં, તો કદી દૂધ કે બાવાની વસ્તુના પીંજરામાં ફરતી રહે તો બાળકનાં રમકડાં ઘરના ગમે તે ભાગમાં ગમે તે વખતે રખડતાં રહે એમાં નવાઈ જેવું નથી. બાળક પોતાની વસ્તુ ઉપાડેલી જગાએ પાછી મૂકે નહિ એની ઉપેક્ષા કરવી નહિ. શાળામાં તો સામાન્યતઃ સ્થાન ચોક્કસ કરેલ હોય છે. પણ ઘણી વખત તે તે વસ્તુ તે સ્થાને હોતી નથી. ચિઠ્ઠી અમુક વસ્તુ રાખવા માટે લગાડેલી હોય તે સ્થાને ઘણી વખત બીજી જ વસ્તુઓ મળી આવે છે. તે દરેક વસ્તુ માટે ચોક્કસ સ્થાન નક્કી કરી તે જ સ્થાને તે વસ્તુ હમેશ ગોઠવવી એ ઘણું અગત્યનું છે.

૪. સ્વચ્છતા અને વ્યવસ્થા એની ટેવ પડવા માટે હમેશ અને સતત તે બાબત આગ્રહપૂર્વક કરતા રહેવાની આવશ્યકતા છે. તેવે વખતે આજનો દિવસ અહીં રહેવા દે, કાલે બરાબર મૂકજે વગેરે ઢીલાપણું બીલકુલ કામનું નથી.

૫. વ્યવસ્થામાં બહારની ટાપટીપ અથવા સુઘડતા વગેરેની રચના પણ આવે છે. અને બૌદ્ધિક દૃષ્ટિએ યોગ્ય પ્રકારનું તેનું વર્ગીકરણ આવે છે. તો બંને દૃષ્ટિએ વ્યવસ્થા બાળકની નજરે લાવવા માટેનો પ્રયત્ન હોવો જોઈએ.

ઉદા. કબાટમાં માત્ર ઠરાવેલી જગાએ બધી વસ્તુઓ મૂકવાથી ચાલી જતું નથી. પરંતુ વાચન લેખન એક બાજુ, હસ્તવ્યવસાય બીજી બાજુ, નાસ્તો વિગેરે ત્રીજી બાજુ એવા વર્ગ પાડીને વસ્તુ ગોઠવવી જોઈએ એનું નામ વર્ગીકરણ.

તેમજ અમુક ટેબલ પર નકશીથી કાપી કાગળ મૂકવો, તેના ઉપર મૂકેલી વસ્તુઓ સારી દેખાય એવી રીતે ગોઠવવી તેનું નામ સુઘડ રચના. એના પ્રત્યે પણ લક્ષ આપવું જોઈએ. આપણા તરફ આ બાબત ઘણી જ ઓછી વિકસેલી છે. આપણે અનેક વસ્તુઓ મૂકી, અનેક ચિત્રો, ફોટા, વગેરે મૂકી, મોંઘી કીંમતનાં ફરનીચર લાવી, ઘણી મહેનત લઈ અનેક પ્રકારની ગમતી વસ્તુઓ તૈયાર કરાવીએ છીએ. પરંતુ તે કેમ કાપવી, કેમ ગોઠવવી, ખાસ કરીને તેવી વસ્તુઓ શાળામાં સુઘડ રીતે સુંદર રીતે ગોઠ-વવાનો અવકાશ હોય છે, પણ હોવોજ જોઈએ એ બાબત અદ્યાપી કયાંય સ્વીકારાઈ છે એવું દેખાતું નથી. તો શિક્ષકોએ આ બાબતમાં લક્ષ આપી ને સારી રચના વર્ગમાં દાખલ કરવી જોઈએ.

આ પ્રમાણે વ્યવસ્થાનું શિક્ષણ શાળામાં, ઘરમાં શ્રીમંત અને ગરીબ, શહેર અને ગામડામાં, આ સર્વ પરિસ્થિતિમાં યોગ્ય એટલે બે વર્ષની વયથી શરૂ કરવું એ આવશ્યક છે અને તે પણ પદ્ધતિ-સરનું હોવું જરૂરી છે. તા.

મુંબઇનાં બાલમંદિરો

[ભાઇ શાંતિલાલના નીચેના લેખમાં સંભળાતો અવાજ અમારે કાને છેલ્લે છેલ્લે ખૂબ જ સંભળાવા લાગ્યો છે. બાલ-મંદિરના નામનો દુરુપયોગ થવા લાગ્યો છે અને જનતામાં એને લીધે સાચા–જૂઠાની સમજણ કઇ રીતે આવી શકે તે માટેની કોઇક યોજના કરવાની પણ સંઘની ધારણા છે જ. સંઘ સાથે સંસ્થાઓ જોડાય તો એ શાળાઓ હમેશ તપાસી તેને યોગ્ય દિશામાં કામ કરતી કરી શકાય. પણ આજે ચાલતી ઘણી શાળાઓને યોગ્ય રીતે કામ કરવું જ હોતું નથી. તેઓ માત્ર પૈસા કમાવાનાં સાધનો હોય છે. ભાઈ શાંતિલાલનો અવાજ ઘણે અંશે સાચો છે જ અને જનતાનું અમે એ તરફ ધ્યાન ખેંચીએ છીએ. લોકો પોતાનાં બાળકોનું ભાવિ ગમે તેના હાથમાં સોંપતાં પહેલાં બાલમંદિરોનું અને એની પાછળના ચાલકોનું બારીકાઇથી નિરીક્ષણ અને પરીક્ષણ કરી લે એટલુંજ અત્યારે તો અમારે કહેવાનું રહે છે. **તંત્રી.**]

હમણાં હમણાં નવાં નવાં બાલમંદિરો ઉઘડવાનો પવન શહેરભરમાં વાઈ રહ્યો છે. બાળકોની સેવા કરવા જાણે કેટલીયે સંસ્થાઓ, મંડળો, વ્યક્તિઓ તૈયાર થઈ હોય તેમ ઉપર ઉપરથી દેખાય છે. નૂતન શિક્ષણમાં રસ લેતી દરેક વ્યક્તિઓને આ બીના જાણી જરૂર આનંદ થાય. આ પ્રેરણા અને પ્રોત્સાહનનું એક ચિહ્ન છે. મને પણ મુંબઈમાં ઘણાં બાલમંદિરો ઉઘડવાથી આનંદ અને અહંતા પેદા થયાં. ખરેખર, મુંબઈ હવે 'આ સદી બાળ-કોની સદી છે' તેમ પિછાનવા લાગ્યું છે, અને બાલમંદિરોની જે જોસબંધ પ્રવૃત્તિ ઠેર ઠેર દેખાઈ રહી છે. પણ અનેકવિધ બાલમંદિરોની મુલાકાત લેતાં દીવા જેવું સ્પષ્ટ દેખાઈ આવ્યું છે કે મારી ગણતરી ઉંધી વળી છે અને મારા આનંદે અશ્રુનું સ્વરૂપ લઈ લીધું અને કેટલાંક બાલ-મંદિરોને તો દિવાસળી ચાંપીને સળગાવી દેવાં જ જોઈએ એમ ઘડીભર લાગી આવ્યું.

મુંબઈ શહેરમાં બાલમંદિરો કઈ કઈ દૃષ્ટિથી ચલાવવામાં આવે છે, તથા તેમાં કઈ પદ્ધતિ તથા સિદ્ધાંતો છે તે જાણવું આવશ્યક છે.

(૧) કેટલાંક બાલમંદિરોમાં મોન્ટેસોરી પદ્ધતિ ચલાવવાનો દાવો કરવામાં આવે છે.

(૨) કેટલાંક બાલમંદિરોમાં ફ્રિન્ડરગાર્ટન પદ્ધતિથી જ ચલાવવાનો હક્ક પ્રતિપાદન કરવામાં આવે છે.

(૩) કેટલાંક બાલમંદિરો મોન્ટેસોરી–ફ્રિન્ડર-ગાર્ટન પદ્ધતિથી યોગ્ય બાળમાનસ સમજી ચલાવવામાં આવ છે તેમ બતાવવામાં આવે છે.

(૪) કેટલાંક બાલમંદિરોમાં 'ઇન્ફન્ટ ક્લાસ' ફ્રોબ્લેલ ભેટ, તથા રમકડાં ગંજીપાના પાનાથી ચલાવવાનું યોગ્ય અને વ્યવહારૂ મનાય છે.

(૫) કેટલાંક બાલમંદિરો મોન્ટેસોરી–કિન્ડર-ગાર્ટન ફ્રોએલીઅન (ફ્રોએલે જ કિન્ડરગાર્ટન શરૂ કર્યું છે તે ભૂલી જઈને) પદ્ધતિનો સુમેળ અજમાવેલ હોવાનું સમર્થન કરે છે. આટલી આટલી–પદ્ધતિઓ–યોજનાઓ–સિદ્ધાંતો જોઈને જ સામાન્ય માણસ છક થઇ જાય છે અને વિનોદ અને વિસ્મયથી સ્વાભાવિક મુંઝવણમાં પડી જાય છે. જનતા તો બાલમંદિર એ બાળકોની કેળવણીનું પહેલું પગથિયું સમજી પોતાનાં બાળકોને ઉપરોક્ત વર્ણવેલામાંથી ગમે તે બાલમંદિરમાં મૂકે છે. આવા બાલમંદિરની ફી સ્હેજે બે રૂપીયાથી ઓછી હોતી નથી. 'નૂતન સિદ્ધાંતોથી' ચલાવીએ છીએ કહી સંચાલકો જનતાને આકર્ષે છે. બાળકોને પોતાના સ્વાર્થ ખાતર મેળાવડાઓમાં નચાવે છે, બાળકોના શિક્ષણને નામે ફંડની ઝોળી ફેરવે છે. શિક્ષકોને ટૂંકા પગાર આપી, શિક્ષકોને ઘરે ઘરે, માળે માળે નાનાં બાળકોને તેડી લાવવા અથવા મૂકી આવવાનો હુકમ કરે છે. અથવા કહો કે (moral compulsion) નૈતિક ફરજ પાડે છે. શિક્ષક બિચારો સંજોગોનો શિકાર બનેલ હોવાથી સંચાલકોની સામે અવાજ ઉઠાવે છે અથવા તો સંસ્થા છોડવાનું યોગ્ય ગણે છે. અમારા બાલમંદિરને મોટી મોટી વ્યક્તિઓએ આશિર્વાદ આપ્યા છે. બાલપ્રેમી શિક્ષકો રોકેલા છે વગેરે જનતાને આકર્ષે એવો ખોટો પ્રચાર કરી જાણે બાળકોની દુનિયાના સંચાલકો જ ધુરંધર સેવકો હોય એવો દાવો કરે છે. ખરૂં જોતાં તો બાળકોને નામે ચરી ખાનારા સંચાલકોનો જ આમાં ઘણો-ભાગ દેખાતો જાય છે.

આવી પરિસ્થિતિ હોવાથી મારી આંખ લાલ ચોળ થઈ જાય છે, હૃદય ડંખે છે, અંતરવ્યથા થાય છે. બાળકોને નામે ઠગારાઓ, ધુતારાઓનો શંભુ મેળો વ્યવસ્થિત થયો છે. આ શંભુમેળો વ્યવસ્થિત થયો છે. આ શંભુમેળો જનતાની આંખમાં ધૂરકી નાખી બાલશિક્ષણની પ્રવૃત્તિ ફૂદકે ને ભૂસકે આગળ વધારતા જાય છે. પરીણામે બાળમંદિર અને બાળકોનો દ્રોહ કરે છે.

આનું મૂળ કારણ તપાસતાં આ બાબતમાં પહેલો વાંક બાળકોનાં માબાપ કે વાલીઓનો છે કે તેઓ આવી સંસ્થાઓમાં પોતાનાં બાળકોને આંખો મીંચીને ધકેલી દે છે. બીજો વાંક સાચું બાલમંદિર કયું તે ન બતાવનાર શિક્ષક વર્ગનો છે. ત્રીજો વાંક આવા બાલમંદિરના સંચાલકોનો છે કે જેઓ શિક્ષણની દુકાન માંડીને બેઠેલા દેખાય છે. તેઓ બાલમંદિરની ચમક અને ઝમક ઉપર ઉપરથી અચ્છી રાખે અને અંદરની રામ જાણે!

આ ટીકાથી એમ માનવાનું નથી કે એકેય સાચું બાલમંદિર મુંબઇમાં છે જ નહિ.

આ લેખ લખવાનો હેતુ પ્રામાણિક અને જનતાને બાલમંદિરોનો સાચો ખ્યાલ આપવા પૂરતો છે. કેમકે મુંબઈમાં બાલમંદિરોનો જાણે રાફડો ફાટયો છે. એનું એક મુખ્ય કારણ પણ જણાવી દઉ. મુંબઈની સરકારે દરેક પ્રાથમિક શાળામાં બાળકોની કેળવણી છ વર્ષ પૂરાં કર્યા પછી જ શરુ થવી જોઇએ તેવો કાયદો કર્યો છે. જો આથી નાની ઉમરનાં બાળકોને દાખલ કરવામાં આવશે તો સરકારી ગ્રાન્ટ બંધ થશે. આ હુકમથી પ્રાથમિક શાળાના સંચાલકો ચોંકી ઉઠયા છે, અને હવે પૂર્વપ્રાથમિક શિક્ષણ અર્થાત્ બાલ-મંદિરનું શિક્ષણ ધુસાડી દેવામાં આવેલ છે. મોટાં મોટાં પાટીયાધારી બાલમંદિરો પરપોટાની જેમ ફૂટી નીકળ્યાં છે. જન સમૂહને નાનાં બાળકોની શરૂઆતની કેળવણીનો પ્રશ્ન ગંભીર બન્યો છે. સાચું માર્ગદર્શન થતું નથી પરિણામે સંચાલકોના હાથમાં તેમના બાળકોનું ભાવિ સોંપાયેલ છે.

હવે પ્રશ્ન એ છે કે ખોટાં બાલમંદિરનો સડો કેવી રીતે નાબૂદ કરવો? જવાબ એ છે કે જન સમૂહમાં નૂતન શિક્ષણના ઝંડાધારીઓએ 'સાચાં બાલમંદિરો' અને 'ખોટાં બાલમંદિરો' વિષે પ્રચાર સભાઓ ભરી જનતા સમક્ષ ખરો ખ્યાલ રજૂ કરવો જોઇએ.

બીજો માર્ગ એ છે કે છાપાંઓદ્વારા સાચાં બાલમંદિરો અને ખોટાં બાલમંદિરો વિષે તટસ્થ ચર્ચા કરવી જોઇએ.

જેમ ખાદીમાં બન્યું છે તેમ બાલમંદિરોમાં પણ હવે બનવા લાગ્યું છે. જેમ ખાદીને પ્રમાણિત કે અપ્રમાણિત નામ અપાય છે તેમ બાલમંદિરો પણ પ્રમાણિત (Certified) કે અપ્રમાણિત છે તે થવું આવશ્યક છે.

'મુંબઈમાં જ્યાં જ્યાં નજર મારી પડે, ત્યાં ત્યાં બાલમંદિર છે' એમ કહું તો અતિશયોક્તિ નથી. હવે સમય આવી પહોંચ્યો છે કે જ્યારે નૂતન શિક્ષણના વિચારકો, સહાયકો, શુભેચ્છકો ઘડીનાય વિલંબ વિના 'ખોટાં બાલમંદિરો' સામે જોરદાર જેહાદ જગાવે અને મુંબઇને ખોટાં બાલમંદિરોની બલામાંથી બચાવે!

મુંબઈ. **શાંતિભાઈ પંડ્યા.**

નાંધપોથી માંથી

શિયાળાની ઋતુ હતી.

સંગીતનો વખત થાય, મંજીરાં વાગે સૌ આવીને બેસી જાય. હમેશાં આમ ચાલે. હમેશાં બધાંજ ઓરડામાં આવે અને રસભેર ગીતો સાંભળે, ગાવું હોય તે ગાય, નાચ, કૂચ વગેરેમાં ભાગ લેવો હોય તે લે અને આનંદ લૂંટે.

બે ચાર દિવસ કંઈ ઉલટું જ જોયું. ટકોરી વાગે ને સૌ આવે એકાદું ગીત સાંભળે ન સાંભળે અને કોઈ કહેશે મારે પાણી પીવું છે, કોઈ કહેશે પેશાબ કરવા જવું છે, કોઈ કહેશે ગમતું નથી. કોઈ કહેશે બહાર રમવું છે; એક પછી એક ધીમે ધીમે ચાલતાં થઈ જાય. બીજા કે ત્રીજા ગીતે એકાદુંજ બાળક રહે બાકી બધાં જ બહાર ચાલ્યાં જાય. સંગીતનું વાતાવરણ જામે જ નહિ.

એક દિવસ તો પ્રયોગ ખાતર બધાંને ઈરાદા પૂર્વક કારણ સમજવા બેસાડી રાખ્યાં. પાંચ ગીતો ગવાયાં ત્યાં સુધી કોઇને ઉઠવા જ ન દીધાં. પણ ગીતો ગાનારને જાણે ગ્રામોફોનની રેકર્ડ હોય તેમ કોઈ સાંભળતું જ ન્હોતું.. એ લોકો તો અંદર અંદર ગડબડ અને ગુંગળામણને લીધે એક-બીજાની રંજાડ કરવામાં અને ચાળા પાડવામાં અને એવી જ પ્રવૃત્તિએ ચડી ગયાં.

કોઇવાર નહિ ને છેલ્લા ચાર જ દિવસથી આમ કેમ થતું હશે. સંગીતના વાતાવરણમાં કાંઈ ખામી ન હોતી એટલું જ નહિ પણ શણગાર વગેરે પણ સમતોલપણે હતો. અને છતાંએ આમ થવાનું કારણ? તેજ વખતે મને વિચાર આવતાં હું બાળકોની સાથે તેમની જેમ નીચે બેસી ગયો. થોડી વારમાં કારણ સમજાયું અને મેં સંગીત બંધ કરાવી બધાં જ બાળકોને બહાર રમવાનું જાહેર કર્યું.

પણ બીજે દિવસે મને સમજાયેલું કારણ વાસ્તવિક હોવા છતાં ઉપાય અધૂરો લાગ્યો. અને નવેસરથી જ વિચાર કરવો પડ્યો. ફરીથી હું બાળકો વચ્ચે જ બેઠો અને મને સાચો અને વાસ્તવિક ઉપાય મળી ગયો એમ લાગ્યું.

મેં તુરતજ બાળકોને પૂછ્યું "જેમને ટાઢ વાતી હોય તેઓ હાથ ઉંચા કરે" અને બધા જ હાથ ઉંચા થયા. દૂર દૂરની એક બે બારીઓ સિવાયની ને સીધો પવન લાગતો હતો તે બારી બંધ કરાવી. પણ તેમાંએ હું બહુ ન ફાવ્યો. છેવટે મેં જાણ્યું કે નીચેની જમીન જ એટલી બધી ઠંડી લાગતી હોવી જોઈએ કે જેથી જ આ બધો ગોટળો થયો લાગે છે. તુરત જ મેં બાળકોને પૂછી ખાત્રી કરી. અને કહ્યું "જેમને આસન પાથરીને બેસવું હોય તેઓ લઇ આવીને બેસે". જાણે તેમના મનની વાત જણાઈ હોય તેમ સૌ ખૂશ થતાં થતાં આસનો લાવ્યાં. પાથર્યાં અને સંગીતનો કાર્યક્રમ હંમેશની જેમ ચાલ્યો.

બીજે જ દિવસેથી મોટી જાજમ પાથરવી શરૂ કરી. મને મારી શિથિલ વિચારગતિ ઉપર ખૂબ દુઃખ થયું. ઋતુ ફેરફાર સાથે જ મેં પાથરણું પથરાવ્યું હોત તો બાળકોને આટલા દિવસ સહન કરવું ન પડત.

ભગુભાઈ શાહ

દારૂ પીને આયા'તા એટલે !

[અમદાવાદના મજૂર મહાજન સંઘ તરફથી છેલ્લા ૧૫ વર્ષથી મજૂરોમાં બાળકોને માટે એક બાલગૃહ ચલાવવામાં આવે છે. મહાજનનાં પ્રમુખ શ્રી અનસૂયાબેનની સીધી દેખરેખ હેઠળ તેનું સંચાલન થાય છે.

આ સાથે નીચે આપવામાં આપેલ દર્શનો પરથી મજૂર બાળકો ને મજૂર માબાપોમાં નૂતન શિક્ષણ પદ્ધતિયે કામકાજ કેવી રીતે થાય છે તેનો ખ્યાલ આપશે.

મજૂરોનાં ક્ષેત્રમાં કામ કરતાં ભાઈબેનો તેમના આવા અનુભવો ને દર્શનો આપશે તો તે વધુ ઉપયોગી થઈ પડશે એ દૃષ્ટિએ આ અનુભવો મોકલું છું.]

હું બેઠો હતો ત્યાં એક બાળકે આવી મને કહ્યું:

"ભાઈ, કાલે મારા બાએ મારો ધોધરો દબાવ્યો તો !"

મેં પૂછ્યું, "કેમ ?"

બાળક બોલ્યું, "એ તો મારી કાકીએ મને ચા ન આપ્યો એટલે."

વાત મને સમજાણી નહિ અને મેં એને પૂછ્યું:

"પણ કાકીએ ચા ન આપ્યો એટલા માટે તારા બાએ શા માટે ધોધરો દબાવ્યો ?"

બાળક કાંઇ બોલ્યું નહિ. અને મેં એ વાત એટલેથી પડતી મૂકી.

પણ થોડી વાર થઈ અને પાછું એ બાળક આવ્યું અને બોલ્યું :

"ભાઈ, દારૂ પીને આયા'તા એટલે !"

હું એ બાળકના સામે જોઈ રહ્યો, કેટલા નિર્દોષપણે - એણે કહી નાખ્યું ! પણ બીજી પળે મને વિચાર આવ્યો જ્યારે એનો ધોધરો દબાયો હશે ત્યારે એની શી દશા હશે ?

એ વિચારે મને કમકમાં આવી ગયાં, મગજમાંથી એ વિચાર કાઢી નાખવા મેં ઘણો પ્રયત્ન કર્યો પણ એમ કાંઈ જાય ? એ દિવસે આખો દિવસ એ બાળકના બોલ મારા કાને સંભળાઇ રહ્યા'તા.

ભાઇ મારા બાએ મારો ધોધરો દબાવ્યો. દારૂ પીને આયા'તા એટલે.

× × ×

ડાહ્યાભાઇ

એમનું નામ ડાહ્યાભાઈ. પણ ડાહ્યાભાઈ ખરેખર ડાહ્યાભાઇ હતા કે કેમ એ તો તમે પોતે જ આ વાંચીને નક્કી કરજો.

ડાહ્યાભાઈ અમારા બાલગૃહના એક બાળક છે. એમનું પહેલું પરાક્રમ આ હતું.

બાલગૃહમાં સામાન્ય રીતે ડોયાથી પાણી પ્યાલામાં લઈને પીવાય છે. ડાહ્યાભાઈએ હારમાં ઉભા રહી એ પ્રમાણે પાણી પીધું હતું. અને બીજા પીતા હતા તે જોયું હતું પણ કોણ જાણે કેમ એમનાથી એ વાત ભૂલાઈ જ ગઈ હશે; અને એમણે તો ડબ કરતાં ને પ્યાલો સીધો ગોળીમાં બોળ્યો.

એક બાળકે મને આવી કહ્યું: " ભાઈ ડાહ્યો ગોળીમાં પ્યાલો બોળે છે."

મેં ડાહ્યાભાઈને કહ્યું, "ડાહ્યાભાઈ, ગોળીમાં ડોયો નાખીને પાણી પીવાય ?"

× × ×

ડાહ્યભાઈનું બીજું પરાક્રમ

એક દિવસ ડાહ્યાભાઈ સાધનોની રમત પૂરી કરીને મારી પાસે આવી ઉભા.

મેં ઇશારાથી પૂછયું. " કેમ ? "

ડાહ્યાભાઇ કાંઇ બોલ્યા નહિ. અને થોડી વારે એ ઉભા ઉભા જ એકડી કરવા લાગ્યા.

મેં ડાહ્યાભાઈને કહ્યું ડાહ્યાભાઇ, એકડી કરવા જાજરૂમાં જવાનું. અહીં એકડી કરાય નહિ.

× × ×

ડાહ્યાભાઈનું ત્રીજું પરાક્રમ.

પ્રાર્થનાનો વખત થયો. તાળી પડાઈ અને નાનાં બાળકોની હાર થઈ. સૌ પ્રાર્થનાના ઓરડામાં જતાં હતાં. મેં ડાહ્યાભાઈને જોયા. એમની આસપાસ માંખો બણબણતી હતી. પાસે ગયો ને પાછળ જોઉં છું તો ડાહ્યાભાઇ ચડ્ડીમાં જ દિશાએ ગયા હતા.

મેં કહ્યું, " ડાહ્યાભાઈ, દિશાએ જવા જાજરૂમાં જવાનું." એમ કહી બાઈને બોલાવી એમને સાફ કરાવ્યા.

× × ×

ડાહ્યાભાઈને ઓરડામાં કહીએ, " ગોળ લીંટા પર બેસો." ડાહ્યાભાઈ સામે જોઈ રહે.

ડાહ્યાભાઈને ઓરડામાં કહીએ, "પન્ના બેનના હાથમાં તાળી આપો.". ડાહ્યાભાઇ ઊભા જ થાય નહિ.

× × ×

પછી તો મેં ડાહ્યાભાઇને કાંઇ કહેવાનું માંડી વાળ્યું. એમ વિચાર કરીને કે ભલે તેઓ હવે જોયા કરે. એમ કરતાં કરતાં એમને કોઇ દિવસ કરવાનું મન થાશે.

થોડા દિવસ ગયા. એક દિવસ પ્રાર્થના પૂરી થઈ ને મેં ડાહ્યાભાઈ સામે જોયું. તેઓ મારી સામું જોઈને હસ્યા.

હું બોલ્યો, " ડાહ્યાભાઈ હવે હસતા થયા લાગે છે."

ત્યાં નંદુબેને મને કહ્યું, " ભાઈ, એ તો બીજાને હવે એમ કહે કે ભાઈ કહે છે તે સાંભળતા નથી ! જુઓ ભાઇ કસરત કરવાનું કહે છે વિગેરે."

એજ દિવસે ઓરડામાં મેં ડાહ્યાભાઇને ડોયાથી ગોળામાંથી પાણી લેતા જોયો.

અને ધીરે ધીરે એક પછી એક મિનારાના ચોરસ લાવીને જ્યારે એમણે મિનારો ગોઠવ્યો ત્યારે તો એમના આનંદની અવધી આવી રહી હતી એમ મને લાગ્યું. તેઓ ત્યારે એટલા પ્રફુલ્લ લાગતા હતા કે વાત નહિ.

ડાહ્યાભાઈ હવે કહે છે, "ભાઈ, હું હાથપગ ધોવા જાઉં?"

તે પછી ઓરડામાં કે બહાર કોઇ દિ' એમને ગયા નથી.

ડાહ્યાભાઇ પહેલે દિવસે આવ્યા ત્યારે અને તે પછીના અમુક દિવસોમાં મેં ઉપર કહ્યું હતું તેવા હતા. આજે હવે એવા નથી. આજે તો હવે ડાહ્યાભાઇ, ડાહ્યાભાઇ જેવા જ લાગે છે.

સોમાભાઈ ભાવસાર

પ્રબુદ્ધ તત્ત્વવેત્તા

આધુનિક કેળવણીના ઇતિહાસમાં જેમનું નામ અગ્રસ્થાને છે; જેમની ફિલસુફીથી સૌ કોઇ ચકિત થાય છે, જે દિવ્યદૃષ્ટિ પામેલાં સ્ત્રી કેળવણીકાર છે; જેમનું પ્રભવસ્થાન ઇટલી છે પણ હવે તો તે નથી રહ્યાં ઇટાલિયન. તે તો સર્વ દેશનાં, સર્વ કોમનાં વ્યક્તિ છે; જેમને મન જગત એક અવિભક્ત સમાજ છે; જે બાલકોનાં સાચાં માતા છે; જે માતાપિતાઓનાં સાચાં માર્ગદર્શક છે. જે શિક્ષકોને દિવ્યદૃષ્ટિ આપનાર અને સમાજમાં શિક્ષકની સાચી પ્રતિષ્ઠા પ્રસ્થાપિત કરાવનાર પ્રતિભાસંપન્ન મહાન વિભૂતિ છે; જે સમસ્ત માનવતાના ઉદ્ધારની તમન્ના સેવનાર અને તેની ઇમારતનો પાયો ચણનાર પ્રબુદ્ધ તત્ત્વવેત્તા છે. તે ડૉ. મોન્ટીસોરીનો આજે ૭૧ મો જન્મ દિવસ છે.

ડૉ. મોન્ટીસોરી આજે હિંદમાં વાસ કરે છે તે તો સૌને સુવિદિત છે. તેમને હિંદ માટે ખૂબ જ માન અને લાગણી છે. હિન્દના તત્ત્વજ્ઞાને કયા દેશના માનવીને આકર્ષ્યો નથી? ડૉ. મોન્ટીસોરીને પણ હિન્દના દર્શનની એક મહાન ઇચ્છા હતી. તેમને હિન્દને પોતાની પદ્ધતિનો અને વિચારશ્રેણીનો પરિચય આપવાની પણ એક ઉત્કટ ખેવના હતી; વળી તેમની વિચારશ્રેણી હિન્દના તત્ત્વજ્ઞ વાતાવરણને અનુકૂલ પડે તેવી હોવાથી હિન્દ તેમની કર્તવ્યભૂમિ બને તે માટે તે હાલ હિંદમાં પોતાના વર્ગો ચલાવે છે. તેમને હિન્દના બાલકોનો સૂક્ષ્મ રીતે અભ્યાસ કરવાની ખૂબ જ ઇચ્છા છે પણ યુદ્ધની હલકી નીતિએ તેમને એક વર્ષ વર્ગો ચલાવ્યા પછી જકડી લીધાં. અત્યારે તે તેમની પ્રવૃત્તિ છૂટથી કરી શકતાં નથી.

ડૉ. મોન્ટીસોરીના અને સામાન્ય શિક્ષણમાં મહત્ત્વનો શું ફેર છે તેનો સહેજ વિચાર કરીશું તો માલુમ પડશે કે—

સામાન્ય શિક્ષણ પદ્ધતિઓનો હેતુ મનુષ્યને જગતના ચાલુ ચીલાઓમાં વિચરતો કરવાનો છે. ડૉ. મોન્ટીસોરીના શિક્ષણનો હેતુ આથી પર છે. તેમનો હેતુ પ્રત્યેક મનુષ્યને, જગતને આર્ષદૃષ્ટિથી જોતા કરવાનો છે. તેમનું ધ્યેય અને વિચારણા આપણા ધર્મપ્રવર્તકોનાં વિચારણા અને ધ્યેયનું સમર્થન કરે છે. દરેક ધર્મપ્રવર્તક અને ક્રિસ્તાનું ધ્યેય શાશ્વતશાંતિ પામવાનું અને મુક્તિ પ્રાપ્તિનું છે. દરેકના ઉપાયો જૂદા છે. ડો. મોન્ટીસોરી સમ્યકજ્ઞાન દ્વારા, બાલશક્તિઓના રહસ્યજ્ઞાનદ્વારા મુક્તિનો માર્ગ દર્શાવી રહ્યાં છે. તે કહે છે The child is the Messiah "બાલક જગતનો સાચો ગુરૂ છે," "બાળકને અનુકુળ બનો" તેમનું ધ્યેય—જગતને પ્રેમમય બનાવવાનું, સર્વને પ્રેમ અને અનુકમ્પાની દૃષ્ટિથી નિહાળવાનું,

હૃદયના ઔદાયને વિકસાવવાનું અને આપણે અસહાય બનાવેલા (seemingly helpless) બાલકને સૃષ્ટા (creator) તરીકે ઓળખી નવી સંસ્કૃતિ સ્થાપવાનું છે. જીવનમાં જે સૌરભ હતી, જે સહૃદયતા હતી તેના વધતા જતા લોપને અટકાવવાનું અને ધર્મભાવનાની સાચી પ્રતીતિ કરાવવવાનું છે; સમસ્ત માનવજાતને વિચારશીલ બનાવવવાનું છે; મનુષ્યો સાચી માનવતાના પ્રતિક બને તે છે; સમસ્ત જગત એક કુટુમ્બ છે તે ભાવના સિદ્ધ કરવાનું છે; આદર્શ પ્રષ્ટાઓએ અનુભવેલાં સત્યોને સ્વતઃ પ્રતિપાદન કરી તેમાં સાચું ઉમેરણ કરવાનું અને જીવનનું અધઃપતન (Demoratisation) અટકાવવાનું ધ્યેય છે.

આ ધ્યેયને પાર પાડવા આપણા સર્વનું ધ્યાન બાલક તરફ તે દોરે છે. તે સમાજના પ્રત્યેક અંશને પુનઃ પુનઃ કહે છે—

બાલ આત્માનું સાચું સન્માન કરતાં શીખો. બાલ આત્મામાં પ્રભુનું આવિષ્કરણ સાક્ષાત સ્વરૂપમાં જોવાની તમન્ના રાખો. સ્વયંસ્ફૂર્તિ અને સ્વાતંત્ર્યને પ્રધાન સ્થાન આપો. બાલકને અધીન બનીને સ્વાધીન કરવાની અપેક્ષા રાખો. બાલકના જન્મથી પાંચ વર્ષ પર્યંતના સંવેદન કાળને બરાબર અવલોકો અને તેને અનુકૂળ વાતાવરણ રચો.

વળી બાળકના સંપર્કમાં વધુ આવનાર સૌ કોઈને તે કામ, મદ, મોહ, લોભ, મત્સર ઇ. ષડ્‌રિપુઓનો ત્યાગ કરી સત્ત્વગુણસેવી બની બાલકોની અમોઘ શક્તિનું દર્શન કરવા સતત્ પ્રેરણા આપી રહ્યાં છે.

ડૉ. મોન્ટીસોરી પોતાની પ્રવૃત્તિદ્વારા સાચું નાગરિકત્વ સંપાદન કરાવવાની ખેવના રાખે છે. પ્રજામાં વ્યાપેલાં હિંસક ઝેરોને નાબૂદ કરાવવા ઇચ્છે છે.

'જીવનમાં વિવિધતા જોઇએ પણ સ્પર્ધા ન જોઇએ! તે સૂત્રને જો કોઈપણ સમાજે બર લાવવું હોય તો બાલપણથી જ પ્રયત્ન કરવો જોઇએ. બાલ આત્મામાં વિવિધતા છે પણ સ્પર્ધા નથી; તેથી તેનું જીવન અતિ નિર્દોષ અને પવિત્ર છે. આ સ્વરૂપ જીવનપર્યંત કાયમ રહે તેવો સમાજ ઘડવા તરફ ડૉ. મોન્ટીસોરી નિર્દેશ કરી રહ્યાં છે. તેમને બાલ આત્મામાં એટલી બધી શ્રદ્ધા છે કે તે પોતાની પદ્ધતિને બાલકોએ દર્શાવેલો પ્રેમનો રસ્તો છે એમ કહે છે.

ડૉ. મોન્ટીસોરી અમને તેમના વર્ગો દરમિયાન પણ ઘણીવાર કહેતાં "મારી પદ્ધતિ વિષે મોટી વાતો ન કરશો. પદ્ધતિ એ તો ઉચ્ચતમ ધ્યેય સાધ્ય કરવાનું એક માત્ર સાધન છે. આપણું તો ધ્યેય સાચી માનવતાના નવસર્જનનું છે."

આ માટે સૌએ બાલક અને તેનું રહસ્ય સમજવું જોઇએ.

વળી તે કહેતાં "બાલક સાચી માનવતાનો સર્જક છે"

"બાલક ક્રાન્તિકારી અને સર્જકચેતના શક્તિથી ભરપૂર છે. બાલકમાં જ વિશ્વશાંતિ ગુપ્તપણે સમાયલી છે." ધ. ઈ.

આવાં અનેક ઉદ્‌બોધનો તેમણે આપ્યાં છે. તેમની પાસે શું અને કેટલું છે તે પામવું મુશ્કેલ છે. ટૂંકમાં કહીએ તો ડૉ. મોન્ટીસોરી અખૂટ જ્ઞાનવારિધિ છે. તેમની પાસે બાલઆત્માનું સાચું માર્ગદર્શન છે.

પ્રભુ તેમને સુસ્વાસ્થ્ય અને ચિરંજીવ આયુષ્ય અર્પે એવી પ્રાર્થના કરું છું.

તા. ૩૧–૮–૪૧ **હરપ્રસાદ ભટ્ટ**

ડૉ. મોન્ટીસોરીના જન્મોત્સવ નિમિત્તે આપેલું ટૂંકું ભાષણ.

નોંધ સમાચાર

સંધની પ્રવૃત્તિ

નૂતન સંધના બંધારણપુરઃસરના આયોજન પછી ખાસ કરીને ગુજરાતનાં બાળમંદિરો અને એમાંના કાર્યકરોએ પોતાથી બનતી રીતે સંધની સંસ્થાઓ તરીકે, સ્થાનિક લોકોમાં અને બાળકોનાં માતાપિતાઓમાં નવીન વિચારો કેમ પ્રસરે તેની યથાશક્તિ મહેનત કરી જણાય છે. મુંબઈ શહેરમાં સંધની પ્રવૃત્તિઓને ચાલતી કરવામાં એક અથવા બીજે કારણે વાર લાગી કરી છે. છતાં જ્યારે અમો આ લખી રહ્યા છીએ ત્યારેજ મુંબઈનાં ઉત્સાહી કાર્યકર બહેનો શ્રી. તારાબેન માણેકલાલની રાહબરી નીચે મુંબઈમાં કઈ રીતે કામ આગળ ધપાવવું તેની વિચારણા કરવા અમદાવાદથી આવેલ સંધના પ્રમુખ શ્રી. સરલાબેન સાથે મંત્રણા ચલાવી રહેલ છે. એમની મદદમાં શ્રી. બાબીબેન મૂળજી, શ્રી. સરોજબેન યોધ, શ્રી. તારાબેન ઝવેરી શ્રી. પ્રભાબેન જવેરી પણ આવી મળ્યાં છે. એક વખત મુંબઇમાં કામ શરૂ થાય તો મુંબઇમાં કામ કરવાને અવકાશ પુષ્કળ છે.

અમદાવાદના કાર્યકરોએ પોતાથી બનતી રીતે સ્થાનિક બાલમંદિરો અને પ્રવૃત્તિઓને વધુ વિકસાવવાના ઉદ્દેશથી હાલમાંજ એક મનરંજક કાર્યક્રમ યોજ્યો હતો. જે સારી રીતે યશસ્વી નીવડ્યો હતો. તેની અમારા તરફ આવેલી વિગત આ નીચે આપીએ છીએ:

નીચેના ઉદ્‌ગારો પ્રો. રામનારાયણ પાઠકે 'નૂતન બાલશિક્ષણસંધની સ્થાનિક વિભાગીય સમિતીના ઉપક્રમથી થયેલાં મનોરંજક કાર્યક્રમના પ્રસંગે પ્રમુખ સ્થાનેથી કાઢ્યા હતા.

"આજકાલ ઉત્સવોમાં કૃષ્ણને છોકરી જેવો બતાવે છે તે મને સમજાતું નથી. પરાક્રમી, મુત્સદ્દી અને તત્ત્વજ્ઞાની કૃષ્ણ સ્ત્રૈણભાવી કલ્પી શકાતો નથી. આપણા દશેરાનો ઉત્સવ એક તરફ સ્ત્રીઓના ગરબા, રાસ વગેરે લાલિત્યથી ઉજવાતો અને બીજી તરફ સીમા ઉલંઘન અને મરદાનગીની રમતોથી ઉજવાતો. આપણી કેળવણીની સંસ્થાઓ ઉત્સવો ઉજવે તો લાલિત્ય અને પૌરૂષ એ બંને તત્ત્વોને સ્થાન આપવું જોઈએ."

સંધની સાથે જોડાયેલાં બાળમંદિરોના, મજૂર બાલગૃહ અને શારદા મંદિરના સહકારથી બાળકોએ આ ઉત્સવ શારદા મંદિરની રંગભૂમિ ઉપર પૂર બહારમાં ઉજવ્યો હતો. સારોય રંગમંડપ માબાપો, વાલીઓ, બાળકો અને કેળવણીપ્રેમી ભાઈ બેનોથી ઉભરાયો હતો.

શ્રી. સવિતાબેન ત્રિવેદીએ રંજન સમિતિ તરફથી નિવેદન રજુ કર્યું હતું અને સંધની સ્થાનિક પ્રવૃત્તિઓનો પરિચય આપ્યો હતો. તેમાં ખાસ કરી ફરતા પુસ્તકાલય અને વાચનાલયની યોજના વિસ્તારથી સમજાવી હતી. આ પ્રવૃત્તિ કેળવણી વિષયક સંસ્કારોનો પ્રચાર કરવાના હેતુથી શરૂ કરવામાં આવી છે.

પ્રમુખ સ્થાનેથી શ્રી. પાઠક સાહેબે સંધ તરફથી આ જાતનો પહેલો પ્રયાસ છે અને તે સફળતાથી પાર પડ્યો તે માટે કાર્યવાહકોને ધન્યવાદ આપ્યો હતો અને વધારામાં જણાવ્યું હતું કે આપણે વડીલો નાનાં બાળકોને ખુશ કરવા પ્રયત્ન કરીએ છીએ. પણ આજે તો નાનાં બાળકો આનંદનો વરસાદ વરસાવી રહ્યાં છે તે માટે તેઓનો આપણે આભાર માનવો જોઈએ.

શ્રી. સરલાદેવી સારાભાઈએ પ્રમુખશ્રીનો અને અન્ય હાજર રહેલાંનો સંધ તરફથી આભાર માન્યો હતો.

મનોરંજક કાર્યક્રમોની શરૂઆત શિશુવિહારનાં બાળકોના પૂજનનૃત્યથી થઈ હતી. ભાવ, સંગીત ને અભિનય એ ત્રણેની સન્નવટ ખૂબીપૂર્વક હતી. રાયપુર બાળમંદિરનાં પ્રયોગો જુદી ભાતની પાડતા હતા. ખાસ કરી ભગતની ભજન મંડળી એ પ્રેક્ષકોને ગાંધીયુગનો મહીમા પ્રત્યક્ષ કરી બતાવ્યો હતો. તે જ બાલમંદિરનાં જૂનાં બાળકોનો ગરબો માતૃસંસ્થા પ્રત્યેનો ભાવ દર્શાવતો હતો. ખાડિયા બાળમંદિરનું દીપ નૃત્ય આકર્ષક નીવડ્યું હતું. 'ડમરૂ ડમ ડમ વાગે' એ ગીત અભિનય માટે મોન્ટેસોરી બાળમંદિરને માટે, અભિનંદનને પાત્ર હતું. એક બીજા ગીતના તાદૃશ્ય અભિનય માટે શારદામંદિરને વાહવાહ ના ઉદ્‌ગારોથી શ્રોતાવર્ગે વધાવી લીધો હતો. મજૂર બાલગૃહનાં બાળકોએ ઝીલણ રાસ લઈ ઉચ્ચ અને ઉતરતા વર્ગોનો સંયોગ સાધી આપ્યો હતો. રેશમી કસબી પોષાકો વિના પણ સાદા પોષાકમાં કળાનો આનંદ માણી શકાય છે તે આ દૃશ્યથી સ્પષ્ટ થયું હતું. રાજનગર બાળમંદિર, બાળમુકુન્દ બાળમંદિર વગેરે સંસ્થાઓએ યથોચિત પ્રયોગો કર્યા હતા. આનંદ ઉત્સવ ત્રણ કલાક ચાલ્યો હતો.

આ ઉત્સવથી સમિતિને રૂા. ૧૧૦૭ જેટલી આવક થઇ છે. તેમાંથી ખર્ચ બાદ જતાં સંઘની સ્થાનિક પ્રવૃત્તિમાં આ રકમ ખર્ચાશે એમ જણાવામાં આવ્યું છે.

ડૉ. મોન્ટીસોરી જન્મોત્સવ

તા. ૩૧–૮–૪૧ ને રવિવારના રોજ સાંજના સાડાપાંચ વાગે નવી ગુજરાતી શાળામાં શ્રી. સરલાદેવીના પ્રમુખપદે ડૉ. મોન્ટીસોરીનો જન્મોત્સવ ઉજવવામાં આવ્યો હતો. તે પ્રસંગે સ્થાનિક બાલશિક્ષણમાં કાર્ય કરનારા ભાઇ બ્હેનો મોટી સંખ્યામાં હાજર હતાં.

શ્રી. મણિભાઈ રાવળે પ્રાર્થના કરી હતી. ત્યારબાદ સરલાદેવીએ ડૉ. મોન્ટીસોરી વિષે ટૂંકું પ્રવચન કર્યું હતું. સભામાંથી શ્રી. હરપ્રસાદ ભટ્ટ, શ્રી. ભોગીભાઇ ઠાકર, શ્રી વજુભાઈ દવે અને શ્રી. સોમાભાઈ પટેલે પ્રસંગને ઉચિત ભાષણો કર્યાં હતાં.

શ્રી. યશસ્વતીબેને ડૉ મોન્ટીસોરીને દીર્ઘાયુષ્ય ઈચ્છતો અને કાર્યમાં સફળતા ઇચ્છતો ઠરાવ રજુ કર્યો હતો જે પસાર થયા પછી વન્દેમાતરમ ગાઈ સૌ. છૂટા પડ્યા હતાં.

અખિલ હિન્દબાળ કાર્યકર સંમેલન

મુંબઈ પ્રાન્તની બાલક ન જીબારીના મુખ્ય મંત્રી તરફથી નીચેની જાહેરાત કરવાનું અમને સૂચન થયું છે:—

બાળકોના કાર્યકરોનું સંમેલન

અખિલ ભારતીય બાલકન જી બારી તરફથી આગામી ડીસેમ્બર ૧૯૪૧ ની તા. ૨૭–૨૮ ના રોજ હિંદભરમાં બાળકો માટે કામ કરનાર ભાઈ બહેનોનું અને તેમાં રસ લેનારાઓનું કરાંચી મુકામે એક સંમેલન ભરવાનું નિર્ણિત થયું છે— બાલકન જી બારીના મુખ્ય મંત્રી (c/o ગુલીસ્તાન, બાર, મુંબઈ ૨૧) ને જણાવવાથી બાળકો માટે કામ કરતાં તમામ મંડળો અને કાર્યવાહકોને આમંત્રણ આપવામાં આવશે.

મુંબઈના બાળકોની મુસાફરી

પ્રાન્તિક બાલકન જી બારી તરફથી છોકરા છોકરીઓ માટેની એક સિંધુની સફર આગામી નાતાલના તહેવારોમાં લઈ જવાનું ઠરાવવામાં આવ્યું છે. એ ટુકડી ૨૩ ડિસેમ્બર ૧૯૪૧ ની રાત્રે મુંબઈથી ઉપડશે અને ૫ જાન્યુઆરી ૧૯૪૨ ના સવારમાં પાછી ફરશે. જેઓ આમાં જોડાવા ઇચ્છતાં હોય તેમણે મુખ્ય મંત્રી "ગુલિસ્તાન" બાર, મુંબઈ ૨૧ ને લખવું.

શિશુવિહાર બાલાધ્યાપન મંદિર

છમાસિક બાલક્રીડાંગણ પરીક્ષા

૧૯૪૧

શિશુવિહાર અધ્યાપન મંદિરમાં ઑક્ટોબર ૧૯૪૧ માં લેવાએલી 'ક્રીડાંગણ'ની પરીક્ષામાં ૨૯ વિદ્યાર્થીઓ બેઠા હતા. તેઓ બધા જ તે પરીક્ષામાં ઉત્તીર્ણ થયા છે એ માટે અમે તેમને અભિનંદન આપીએ છીએ. ઉત્તીર્ણ થએલ વિદ્યાર્થીઓનાં નામ તથા ગુણ નીચે પ્રમાણે છે:

	નામ	ગુણ (૨૫૦માંથી)		નામ	ગુણ (૨૫૦માંથી)
૧	કુ. ઇન્દુમતી શે. તુંગારે	૧૬૧	૧૬	કુ. સુશીલા રા. વસ્ત	૧૧૧
૨	,, મૃદુલા છો. શેઠ	૧૫૩	૧૭	કુ. સુશીલા સ. દ્રવિડ	૧૧૧
૩	સૌ ઇન્દુમતિ રા. ભુસારી	૧૪૫	૧૮	સૌ. વેણુતાઈ જ. કેતકર	૧૦૮
૪	કુ. વનમાલા કૃ. પિતળે	૧૩૮	૧૯	શ્રી. રામજી ભા. ઠક્કર	૧૦૭
૫	શ્રી. ભા. રા. પીંપળખરે	૧૩૮	૨૦	શ્રી. કાંતિલાલ વી. ક્ષત્રિય	૧૦૫
૬	કુ. પ્રમિલા બા. દેશમુખ	૧૩૬	૨૧	કુ. માલતી ઉ. આર્તે	૧૦૪
૭	શ્રી. કે. હ. સહસ્ત્રબુદ્ધે	૧૩૬	૨૨	કુ. લીલા વા. બેન્દ્રે	૧૦૩
૮	શ્રી. મધુસૂદન ઉ. ત્રિવેદી	૧૩૧	૨૩	શ્રી. શારદાબેન કોટક	૧૦૩
૯	કુ. અનંતાબેન છ. મહેતા	૧૨૮	૨૪	કુ. કમલા ના. રાવ	૧૦૧
૧૦	શ્રી. લ. દા. માલવ	૧૨૨	૨૫	શ્રી. ભાનુકુમાર મા. દવે	૧૦૦
૧૧	કુ. કસ્તુર ગ. કોઠારે	૧૨૦	૨૬	સૌ. નિર્મલા ગ. જોશી	૧૦૦
૧૨	શ્રી. પ્રાણલાલ વી. વોરા	૧૧૮	૨૭	,, ઇન્દુમતી દ. કાજરેકર	૯૬
૧૩	કુ. વત્સલા મ. કોર્ડે	૧૧૪	૨૮	કુ. યેશુ રા. કારખાનીસ	૯૪
૧૪	,, હોમાય ફ. કીકા	૧૧૩	૨૯	સૌ. સુમન વિ. લિમયે	૯૩
૧૫	શ્રી. શ્રી. રમેશ ગ. દેસાઈ	૧૧૩			

મુદ્રક : કૃ. ના. સાપલે : રામકૃષ્ણ પ્રિં. પ્રેસ : ત્રિભુવન રોડ, મુંબઈ ૪.
પ્રકાશક : તારાબેન. બોડક : 'શિક્ષણપત્રિકા' કાર્યાલય : હિંદુ કૉલની, દાદર.

શિક્ષણપત્રિકા

(નૂતન બાલશિક્ષણસંઘ)

આદ્યતંત્રી : સ્વ. ગિજુભાઈ બધેકા

: તંત્રી :

તારાબેન મોડક

શિક્ષણ એટલે શું ?

મન એકાગ્ર કરીને કામમાં રચ્યાપચ્યા રહેવાનું શિક્ષણ.
પોતાની જાતે પ્રયાસ કરીને વસ્તુ હસ્તગત કરવાનું શિક્ષણ.
મુસીબતોને ન ગણકારતાં, તેને ઓળંગી જવાનું શિક્ષણ.
સતત મહેનત લેવાનું શિક્ષણ.
પોતે જ વિચાર કરવાનું શિક્ષણ.
ક્રિયાશક્તિને વેગ આપવાનું શિક્ષણ.
ઇચ્છાશક્તિનું બળ મેળવવાનું શિક્ષણ.
પોતાની જ શક્તિથી આગળ વધવાનું શિક્ષણ.

—તા.

બાળક સાથેની વાતો

આપણને જેમ આપણાં મિત્રમંડળ સાથે વાતો કરવી ગમે છે તેમ જ નાનાં બાળકોને પણ વાતો બહુ ગમે છે. પોતાના નાના મિત્રો સાથે પોતે બોલે છે જ પણ મા, માશી વગેરે જેવાં વડીલો સાથે પણ બોલતાં હોય છે. શિક્ષક પણ જ્યારે મિત્ર પ્રમાણે તેની સાથે વર્તે છે તો તેની સાથે પણ બાળક વાતો કરવા આતુર હોય છે.

આ વાતો મુખ્યત્વે કરીને મિત્રતાની દૃષ્ટિએ કરવાની હોય છે. જ્યારે બે મિત્રો મળે છે ત્યારે તેઓ પોતાના સુખદુઃખની વાતો કરે છે. તે જ પ્રમાણે બાળક પણ બોલવાની ઇચ્છા રાખે છે. "કાલે તો હું સિનેમા જોવા ગયેલો." "મારી માએ મારે માટે નવો કોટ શિવડાવ્યો છે" "મારે ઘેર તો લાડુ બનાવેલા છે" "મને તાવ આવેલો એટલે મારી માએ કડવી કડવી દવા પીવા આપેલી."

આ બધી વાતો આ પ્રકારની હોય છે. પોતાને મહત્ત્વની લાગતી વાત તરત જ પોતાનાં મિત્રને જઈને બાળકો કહે છે.

આ પ્રમાણે શાળામાં બાળકો પોતાના શિક્ષકની સાથે પણ આવી જ વાતો હમેશ કરે છે. તેમાં પોતાને માર્યો હોય તો તે વાત પણ આવી જાય છે. અને બીજું બધું જ આવી જાય છે.

તો શિક્ષકોએ આવા પ્રસંગે પોતે મિત્ર તરિકેની જ ભૂમિકા રાખવી જોઈએ. તરત પોતે શિક્ષક બની જવું નહિ. બાળકનું મન ઉઘડે છે; પોતાના વિચાર, પોતાની ભાવના, પોતાના સુખ-દુઃખ આવીને કહેવાં અને પોતાના મિત્રને તેમાં ભાગીદાર બનાવવો એ ભૂખ તેનામાં જાગૃત થતી હોય છે. તે જ આપણે સંતોષવી જોઈએ.

પણ તે વખતે બે બાબતો ધ્યાનમાં રાખવા જેવી છે. પહેલી બાબત એ કે આપણે મોટા છીએ, અને બાળક નાનું હોય છે. ત્યારે બાળક ન બોલવા જેવી વાતો બોલવા લાગે છે તો તેની વાતોને યોગ્ય વલણ આપવું એ આપણું કામ છે.

ઘણી વખત બાળક ઘરની જેવી તેવી વાતો કહેવા લાગે છે. એક વખત એક બાળક કહેતું હતું કે "મારી માને કાંઈ સમજણ નથી. બાપા તેને રોજ ખીજાય છે. અને મા રડે છે."

અર્થાત ઘરમાં માતપિતાનું વર્તન બાળક સામે જેવું હોવું જોઇએ તેવું નથી હોતું એટલે બાળક આ પ્રમાણે બોલે છે. મુખ્ય ભૂલ ઘરમાંના વડીલોની છે. ખરું તો તેમણે એક બીજા પ્રત્યે આદરભાવ બતાવવો જોઈએ.

પણ આપણી આગળનો પ્રશ્ન એ છે કે બાળક આવી રીતે ઘરની વાતો બહાર બોલવા લાગે છે તો આપણે શું કરવું ?

આપણે તેને ઉત્તેજન આપી વારંવાર તેની પાસેથી એવી વાતો કઢાવવી નહિ. ઘણા મોટા માણસો બાળકો પાસેથી ઘરની અને આડોશી પડોશીની કુથલી કઢાવી લે છે. અને બાળકને એવી વાતો અધિકાધિક બોલતાં શિખવે છે. આ રીત મોટા માણસની હલકી વૃત્તિ બતાવે છે. પણ કુમળાં અને સરળ મનના બાળકને તેમાં ઘણું નુકસાન થાય છે.

ઉલટું આવું કાંઈ કહેવું જ નહિ એમ જો આપણે કડક નિયમ કરીએ અને બાળકોને બીજી વાતો કરવા પ્રેરીએ તો બાળક એમ નક્કી કરે છે કે આપણી સાથે સારી સારી વાતો કરવી અને

બીજે પોતાને ગમે છે તે વાતો કરવી. ખરાબ વાતો બોલવાની બાબતમાં પણ આમ જ થાય છે. આપણી પરોક્ષ બોલવું. એવું ઢોંગીપણું તે શિખે છે.

તો એવી બાબતો વારંવાર પૂછવી તો નહિ જ પણ તે તદ્દન દબાવી પણ દેવી નહિ તેને વાળી દેવી. બાળક સમજી શકે એટલી ઉમરનું હોય તો તેને કહેવું કે આપણા ઘરમાંની વાતો બીજાંઓને શા માટે કહેવી ? અને બીજા એટલે બાળકના ઘરના માણસોની આમાં મદદ લેવી. આપણે પોતે બાળક સમક્ષ. બોલવાની વાતોની હદ રાખવી જોઈએ એ બાબત તેની નજર સમક્ષ લાવવી જોઇએ.

ખરાબ વાતો અને ગાળ દેવી આ બાબતમાં પણ સ્વચ્છ કેવું બોલાય તે બતાવવું જોઈએ. અને બાળવયમાં હગવું, મુતરવું, નાગા થવું વગેરે સ્વાભાવિક હોય છે. તે તેવા જ ખુલ્લા શબ્દોમાં બોલવામાં આવે તો તે સંબંધી વાતો કરવામાં બાળકને ખાસ રસ પડતો નથી. પણ તેવું બોલવામાં કાંઇ અશિષ્ઠપણું છે. તેને શિષ્ઠ નામો આપવાં જોઈએ વગેરે અકાળે જે શિષ્ઠપણું તેના પર લાદવામાં આવે છે તેથી ઘણું કરીને બાળકની તે શબ્દો બોલવાની ઇચ્છા વધે છે.

સારાંશ કે શિક્ષકોએ મિત્રની ભૂમિકા ન છોડતાં આવી બાબતોને યોગ્ય વળણ આપી દેવું જોઇએ. ન બોલવાની વાત તરફ જ વાતોનો ઝોક ન રહે એ જોવું જોઇએ.

બીજી બાબત એટલે કે આપણે જ્યારે મિત્રની ભૂમિકામાં હોઇએ છતાં બાળકની વાતોનો વિષય, ભાષા અને તેને દિશા બતાવવાનું કામ આપણે જ કરી શકીએ છીએ.

બાળકને બોલવાનું મન થાય છે અને વાતો કરાવવાની ઇચ્છા થાય છે. પણ ઘણી વખત વિષય ધ્યાનમાં આવતો નથી. પછી આપણે પૂછીએ "કેમ, રાણીના બાગમાં કદી ગયેલા કે નહિ ?" કે પછી વાતોની ગાડી શરૂ થઈ જાય છે. તેવી જ રીતે ઘણી વખત શબ્દોની માહિતી નથી હોતી અથવા બોલી બતાવતાં આવડતું ન હોય તો તેમાં તેને મદદ કરવી એ આપણું કામ છે.

આમાં અઘરું તો એ છે કે બાળકોની વાતચીતને કોઈ પણ વિષયની માહિતી આપનારો પાઠ ન બનવા દેતાં વાતો કરાવવાનું કામ કેમ ચાલુ રાખવું !

હાલમાં જ મેં એક પાઠ જોયો. અર્થાત નવા જ શિખાઉ શિક્ષકનો તે પાઠ હતો. તેમાં ભૂલો હોય એ સ્વાભાવિક હતું. પણ બીજા શિક્ષકને માર્ગ-દર્શન મળે તેથી અહીં તેનું વર્ણન આપું છું. જેનો પાઠ હતો તેની ભૂલો કાઢવાનો અથવા તેની મશ્કરી ઉડાવવાનો આમાં ઉદ્દેશ નથી.

શિક્ષિકાને શિશુવર્ગમાં વાતોનો પાઠ (ફૂલનો પરિચય) આપવાનો હતો. શિશુવર્ગ એટલે બહુ બહુ તો ત્રણથી ચાર વર્ષનાં બાળકો હોય !

શિક્ષિકાએ પ્રથમ જ એક મોટી ભૂલ કરેલી કે વાતો કરાવવાનું વાતાવરણ ઉત્પન્ન કરેલું નહિ. વાતો કરાવવી એટલે શિક્ષિકા અને તેની આસ-પાસના બાળકો નજીક નજીક બેઠેલાં હોય અને આજુબાજુની વાતો કરતાં હોય છે. આવું કાંઈ જ ન કરતાં શિક્ષિકા પુલોનો સાથીઓ કરવા બેસી ગયા. એટલે વર્ગમાંના બાળકો આડાં-અવળાં ચાલ્યાં. કોઈ બારણાં પર ચઢી બૂમો પાડવા લાગ્યાં. કોઈ વર્ગમાંના બીજાં સાધનો લઈ રમવા લાગ્યાં. કોઈ કોઈ ફૂલો ગોઠવવા લાગ્યાં.

હવે વાતોની શરૂઆત કરવી છે. માટે શિક્ષિકા બાળકોને સેતરંજી પર બેસાડવા લાગ્યા પણ બાળકો બેસે નહિ. કારણ કે કેટલાંક બાળકોને પુલો ગોઠવવાનું એટલું મઝાનું લાગ્યું કે તેઓ તે પૂરું કરવાં જ રોકાઈ રહ્યાં. કેટલાંકને તો સાધનોથી રમવાનું જ ચાલુ રાખવું હતું. અને બારણાં પર જઈ ચઢેલાં બાળકોને તો તે શિક્ષકના વર્ગમાં આવવું જ ગમતું ન હતું. પછી તો મોટો ગોટાળો જ.

પ્રથમ વાતચીત શરૂ કરવાની એટલે કે એક પ્રકારના મિત્રતાના ભાવથી વાતો કરાવવાનું વાતાવરણ ઉત્પન્ન કરેલું હોવું જોઈએ. પછી વાતો કરતાં પુલોના વિષય પ્રત્યે દોરી જતાં સમય લાગતો નથી.

બગીચામાં પારિજાતકના પુલોનો ઢગલો પડતો હતો. તેથી બધા વર્ગોમાં પારિજાતકનાં પુલની રંગોળીઓ પુરાતી હતી. તે જ દિવસે બીજા ઓરડામાં બધાંએ તે જોઇ હતી. પુલનો એક સુંદર મોર બનાવેલ હતો. તેના સંબંધી વાતો સહ જ રીતે કાઢી શકાય એમ હતી.

શિક્ષિકાએ બાળકો ફરવા ગયેલાં ત્યાં પુલો જોયેલાં કે કેમ એમ પૂછ્યું.

તેવી શરૂઆત કરવામાં પણ હરકત ન હતી. પણ બાળકો કયાં ફરવા ગયેલાં અને તેમણે પુલો જોયેલાં કે કેમ ? તે આગળથી જાણી લીધું હોત તો બાળકોએ ત્યાં પુલો જોયેલાં ન હતાં એ બાબત શિક્ષિકાના સમજવામાં આવી હોત.

છતાંય ત્યાંથી પણ વિષયની શરૂઆત કરી શકાત. "તમે ન જોયાં પણ હું આજે ફરવા ગયેલી ત્યાં ઘણાં પુલો હતાં. થોડાં લાવી પણ છું." એમ કહીને વાત શરૂ કરી શકાત.

પણ શિક્ષિકાએ પૂછેલા પ્રશ્ન પછી તેના પર આગળ કાંઇ જ વાતો ચાલી નહિ.

ત્યારબાદ આ પુલનો રંગ કયો છે. એમ શિક્ષિકાએ પૂછ્યું. ત્રણથી ચાર વર્ષનાં બાળકને બધા રંગોનાં નામ આવડતાં હોય એમ ધારવું એ ચાલે નહિ. ઉલટું, નામો આવડતાં નથી એમ ધારી આગળ ચાલવું એ વધારે સારૂં છે.

મુખ્ય વસ્તુ એ છે કે બાળકો સાથે બોલવાના કેટલાક નિયમ ધ્યાનમાં રાખવા જેવા છે.

હમેશની બધાંની ભૂલ એ થાય છે કે તેઓ પૂછે છે, એ શું ? આ કયો રંગ ? આનું નામ શું ? આ પ્રશ્નો શિક્ષક કરે છે. અને બાલક ગમે તે ઉત્તર આપવા લલચાય છે.

બાળકને નવીન વાતો શિખવવાની નીચે મુજબની પદ્ધતિ શિક્ષકોને અને માબાપ વગેરે બધાંયને ઉપયોગી થઇ પડે એવી છે.

પ્રથમ બાળકને આ અમુક છે એમ કહેવું. આ પુલ છે. આ ગુલાબ છે અથવા આ કેસરી રંગનું પુલ છે. એમ જે હોય તે પ્રથમ આપણે કહેવું. પછી બીજું પગથિયું; એટલે જે નવીન શબ્દ આપણે કહ્યો હોય તે આપણે ઉચ્ચારીને બાળકને માત્ર બતાવવા કહેવું. ગુલાબ બતાવ, શેવંતી બતાવ, અથવા લાલ બતાવ, પીળો બતાવ વગેરે. અને ત્રીજું પગથિયું તે આ રંગ કયો ? આ પુલ કયું ? વગેરે પૂછવાનું હોય.

ઉપર શિક્ષિકાએ આ ત્રણે પગથિયાં અભરાઈ પર ચઢાવી શકય તેટલો ગોટાળો ઉભો થાય એવા સવાલો શરૂ કર્યા.

આ રંગ કયો ? અહીંથી શરૂઆત કરી. કોઈ લાલ, પીળો ગમે તે કહેવા લાગ્યાં. પછી શિક્ષિકાએ તે પીળો રંગ છે એમ કહ્યું:

પછી બીજું પૂછ્યું આ શું ? બાળકો પીળો એમ કહેવાં લાગ્યાં.

શિક્ષિકા કહે છે હું રંગ માટે પૂછતી નથી. આ ફુલનું નામ શું ?

બાળકો–પીળો પીળો.

પછી શિક્ષિકાએ કહ્યું; નહિ, આનું નામ ગુલાબ.

ફુલોનો રંગ જ જો ઓળખાવવો હોય તો નીચે પ્રમાણે પાઠ આપવો જોઈએ.

પહેલું પગથિયું; આ લાલ ફુલ.
આ પીળું ફુલ.

બીજું પ્રગથિયું; પીળું ફુલ લ્યો.
લાલ ફુલ લ્યો.

પછી જુરૂં અને સફેદ બતાવી તે બન્ને રંગોના નામો પાકા કરાવવાં. પછી એ ચારે ભેગાં કરી કહેવું, પીળું બતાવો, લાલ બતાવો, ભૂરૂં બતાવો, સફેદ ફુલ બતાવો, આમાં ઉલટ પાલટ રીતે પૂછી લેવું. પછી ફુલો દૂર મુકીને બાળકોને એક લાલ ફુલ લાવો, એક પીળું લાવો એમ. ત્યાર-પછી ત્રીજું પગથિયું લેવું.

આ ફુલ કેવા રંગનું છે–પીળા

આ ફુલ કેવા રંગનું છે–લાલ

આવા જવાબો બાળકો આપે છે કે નહિ તે જ માત્ર જોવું અને છોડી દેવું, ન આવડે તો પુનઃ પાકા કરાવવા માટે બેસાડવાં નહિ. કારણ વાતો કરાવવાને બદલે તે રંગશિક્ષણ પાઠ બને નહિ એ પણ ધ્યાનમાં રાખવું જોઈએ.

પણ ખરૂં કહીએ તો વાતચીત્રમાં આવી રીતનો રંગ ઓળખાવવાનો પાઠ તો લેવો જ નહિ.

વાતચીત કરવાનો એકાદ વિષય કાઢવો અને તેના પર બોલવું એ વાતોને વલણ આપનારૂં હોવું જોઈએ. પણ ખાસ કરીને તે વિષયની પુરી માહિતી આપવા માટેનો પાઠ બનાવીએ કે તે વાતચીત રહેતી નથી, મન ખુલ્લું કરીને બોલવાનું રહેતું નથી. વાતો કરવાની જે મીઠાશ હોય છે તે પણ રહેતી નથી. તેથી જે વિષય લીધો હોય તે સંબંધી થોડું બોલવું એટલું જ નક્કી કરવું. આપણે રંગ બતાવવાનું નક્કી કરેલ હોય તો બાળકો એકાદ વખત એ વિષય ફુલની વાસ પર લઈ જાય એમ પણ બને. "કેવી સરસ વાસ આવે છે." આમ જો એકાદ બાળક બોલે તો બધાંય ફુલોને નાક પાસે લઈ વાસ લેવા માંડે. આંખો મીંચી વાસ લે, પછી જોયા વગર આ શેની વાસ તે કહે, વાસ કેવી ગમે છે ? ગુલાબની કે ચંપાની કે બંનેની ? એવી વાતો થાય આ પ્રમાણે બાળકો અને આપણે બોલતાં બોલતાં સહજ જે વાતો નીકળે તે જ ચાલુ રાખવી. વાતોને વાતચીતને બદલે પદાર્થપાઠ બનાવી દેવો નહિ.

વાતોને બાળક પાસેની દિશા મળે નહિ તો આપણે બતાવવી. બાળક વાસ બાબતમાં બોલે નહિ અને રંગ બાબતમાં પણ બોલે નહિ તે આપણે ઠીક લાગે તે દિશામાં વાતોનો પ્રવાહ લેવો. રંગ બાબતમાં બોલવાનું હોય તો; આ જુઓ હું પીળાં ફુલ કાઢી અહીં મુકું છું. તમે સફેદ આ મોટી રકાબીમાં મુકો અને રમેશ, તું આ લાલફુલ બાજુએ જુદાં કાઢ – પછી બીજાં બાળકો પણ ફુલોને જુદાં જુદાં કરવામાં મદદ કરશે. કેટલાંક જોયાં કરશે, કેટલાંક જુદાં કરવા આવશે. જુદાં જુદાં ફુલો થઈ ગયાં કે સાથીઓ જોવા ગોઠવવા લેવાં. "આમાં બધાં પીળાં મૂકો" એમ કરીને એક વર્તુળ કાઢી આપવું. "હવે આમાં ક્યાં ગોઠવવાં ? સફેદ, પછી લાલ, સારાં લાગશે ? મને તો આ પીળાં ઘણાં ગમે છે. તને ? અને બાપુ તને ?" વગેરે જે બોલવામાં આવે તે બોલવું. તમારે ત્યાં ફુલ ઝાડ છે કે ? પીળી શેવંતીના ફુલોની વેણી જોયેલી કે ? "વિમલના ઝબ્બા પરા

પણ લાલ ફુલ છે. અરે વાહ-? એવું કાંઈક આપણે બોલ્યા કે બાળકો પ્રત્યેક વાક્યના દશ વાક્યો બોલી દે છે અને બાળકોને બોલવા દેવું એનું જ નામ વાતો. આપણે ફુલોની માહિતી, તેનાં નામો, રંગ, વાસ, ઉપયોગ વગેરે કહેતા જઈએ એ કાંઈ વાતો કહેવાય નહિ.

સારાંશ એ કે વાતોને વલણ આપવા માટે વિષય લીધો હોય તે માહિતી આપવાનો પાઠ નથી એ ભૂલવું ન જોઈએ. વાતોમાં બાળક સ્વયંસ્ફૂર્તિથી ભાગ લે એ વાતચીતનું એક મહત્ત્વનું અંગ છે. અને મિત્ર મિત્ર સાથે બોલે તેવા ખુલ્લા દિલથી બોલવાનો આનંદ મળવો એ પણ મહત્ત્વની બાબત છે. આપણે મોટા મોટા મિત્રો અથવા સખીઓ જ્યારે એકબીજાંને મળીએ છીએ ત્યારે બે બે કલાક બોલીએ હસીએ એને છુટાં પડ્યાં પછી વિચાર કરીએ કે શું બોલતાં હતાં ? તો એક ખાસ વિષય તેમાં ન હતો એમ દેખાય છે. પણ મિત્રને મળ્યાનો અને હૃદય-સંગમનો આનંદ પૂરેપૂરો મળ્યાનું સમાધાન થાય છે.

બાળકોની સાથેની વાતચીત પણ એ જ જાતની હોવી જોઈએ.

હમેશનાં દૃશ્યો.

બાગમાં

એક વખત સાયંકાળે અમે બાગમાં ફરવા ગયાં. ત્યાં એક દંપતિ પોતાનાં ચાર બાળકો સાથે ફરવા આવેલ. તે બંને બેઠેલાં હતાં અને બાલકો આજુબાજુ રમતાં હતાં. મઝા કરતાં હતાં. બધાંથી નાનું બાલક ત્રણેક વર્ષનું હશે. તે પણ આમતેમ ફરતું હતું. એવામાં વડીલને શું લાગ્યું તે સમજાયું નહિ. પણ બહુધા બાળકની મા કાંઈક બોલી હશે. એટલે વડિલ એકદમ ઉઠીને બાળકોને લાકડી બતાવી સડસડાટ પકડી લાવ્યા. રમતાં રમતાં તે બાળકો જરા દૂર ગયાં હશે એટલું જ. ત્યારબાદ બીજાં ત્રીજાં બધાંય બાળકોને તેણે ક્રોધમાં ધૂમ પાડી પોતાની પાસે બોલાવ્યાં. બધાંને હારબંધ બેસાડી વાંસામાં એક એક થાપટ લગાવી દીધી. એક જ સ્થળે શાંતીથી ન બેસતાં આમતેમ ફરે છે તે શું ? કેવો આ ગુન્હો ! આ જ તે ગૃહસ્થનો હેતુ હતો. બાગમાં ફરવા લાવીને કેવું ઈનામ આપ્યું. !

બિચારાં બાળકો ! શાંત રીતે એક જગ્યાએ બેસી રહ્યાં. પણ તેમનો પહેલાંનો બાગમાં કુદવાનો આનંદ કયાં ? અને હમણાંની વિષમ પરિસ્થિતિ કયાં ?

તેમનાં ઉતરી ગયેલા ચહેરા જોતાં અમને દિલગીરી થઇ. તેવું જ તે બાળકોનાં માતાપિતાને થયું હશે ?

તેમને એવું કાંઈ જ થયું ન હતું. મેં મનમાં વિચાર કર્યો કે આમ કેમ થયું ? બાળક એટલે છૂટથી આનંદથી આમતેમ રમે છે; અને આનંદથી કુદે એ જોવું સૌને ગમે. છતાં ઘણાં વડીલોને એમ લાગે છે કે આપણે પોતે જેમ એક સ્થળે ગપ્પાં મારતાં બેસીએ તેમ જ સ્વસ્થ રીતે બાળકે બેસવું. તેઓ મોટાંની દૃષ્ટિએ જ વિચાર કરે છે. બાળકને વાગે અથવા કયાંય દૃષ્ટિ મર્યાદા બહાર જાય ને બોવાઈ જાય કે મોટર નીચે કચરાઇ જાય એવી તેમને બીક હોય છે. તેથી પોતાની પાસે સ્વસ્થ બેસાડી રાખે છે. બાગમાં ફરવા જનાર માતાપિતા—

ની વિચારસરણી આ હોય છે. પરંતુ બાળક સાથે સમભાવ રાખી તેની ઇચ્છા, આકાંક્ષા, તેની પ્રવૃત્તિ જોઈએ તો તેમને એવા સ્વસ્થ અને સુરક્ષિત બેસાડી રાખવા એટલે પીંજરામાં પૂરાયેલા પંખી જેવું બાળકને લાગે એ તો વડિલોના લક્ષમાં આવતું નહિ હોય ? તેના ઉછરતાં અંગો હલનચલન માગે છે. એ નકામું નથી પણ જરૂરી છે એ વડીલોને ક્યારે સમજાશે ? બાળકોને રમવાની જગ્યાની મર્યાદા આપીએ ને તાળી પાડીએ કે પાસે આવો એવી સૂચના આપીએ તો બાળકો મર્યાદામાં રહી રમે છે. તેમના ઉપર તેટલો વિશ્વાસ મૂકવો જોઈએ.

(૨)

દુકાનમાં

એક બાઈ પોતાનાં નાનાં દોઢ વર્ષનાં બાળકને લઈ સોનાચાંદીની દુકાનમાં આવી, અને ત્યાં ચાંદીની વાટકી જોવા લાગી. કેડમાંનું બાળક ઉંચુંનીચું થવા લાગ્યું એટલે બાળકને નીચે મૂક્યું. બાળક જુસ્સામાં બહાર બારી પાસે ગયું અને રસ્તે જતી મોટર વગેરે જોવા માટે હજી આગળ જવા લાગ્યું.

બાળક રસ્તા પર ચાલ્યું જશે એ બ્હીકથી માએ બાળકને ઉંચકી લીધું. અને તેને શો–કેસના કાચ પર બેસાડયું. બાળકને જરા મઝા પડી. પણ દુકાનદારે કહ્યું "બાઇ, બાળકને જરા નીચે લઈ લો, ત્યાં પેશાબ કરશે તો ખરાબ થશે."

બાઇએ બાળકને નીચે ઉતાર્યું. બાળકની નારાજી ચાલુ હતી. બાઇને વાસણો કેમે કરી જોવા ન દે. એટલે બાઈ ચિઢાઇ. તે ણે બાળકના વાંસામાં બે ચાર, થાપટ લગાવી દીધી. અને ત્રાસી જઇને "બાળકનો ખરો ત્રાસ છે" એમ બડબડતી બહાર નીકળી.

બહાર બાળક હસવા લાગ્યું. બાઇને એ બરાબ લાગ્યું. તેમાં બાળકનો શો દોષ ?

દોઢ વર્ષનું બાલક. એકદમ અજાણ, એને લઈ બાઇ સોનાચાંદીની દુકાનમાં આવી એ જ પહેલી ભૂલ. બાળકને ઘેર કોઈ પાસે મૂકીને અવાય તો આવવું, અને તેવી સગવડ ન હોય તો બાળક મોટું સમજણું ન થાય ત્યાં સુધી સોનાચાંદીની ખરિદી કરવી નહિ.

પુષ્કળ ગીરદીવાળો રસ્તો. ટ્રામ, બસ ગાડીઓ વગેરેની ગીરદીનો કાંઈ પાર નહિ. બાળકને છૂટું મૂકવું એ ચાલે એમ ન હતું. દુકાનદારનો કિમતી માલ, કાચના કેસ. તેની કાળજી તો બરાબર રાખવી જોઈએ. આ બધાનો વિચાર કરી પોતાની ભૂલ સમજીને શાંતપણે ઘેર જવાને બદલે બાળકને માર અને ઉપરથી ગાળ આ ક્યાંનો ન્યાય ?

પણ ન્યાય માગવાને બાળક પાસે વાચા ક્યાં છે ?

(૩)

સિનેમામાં

એક બાઇ પોતાના બે બાળકોને સાથે લઈ સિનેમામાં આવી. એક બાળક છ માસનું અને બીજું બે વર્ષનું. મોટા બાળક માટે સાથે બિસ્કીટનું પાકીટ આણેલું.

થોડા સમય બાદ બીસ્કીટ પૂરાં થયાં અને બાળક રડવા લાગ્યું.

નાનું બાળક પણ રડવા લાગ્યું. પણ તે રડવા લાગે કે તરત બાઇ તેને ધવરાવતી. જરા બાજુ બેસેડે કે તે ફરી રડવા લાગે. તેમાં મોટાં બાળકને સમજાવતાં તે માને નહિ. મોટાંને એક થાપટ લગાવી. તે મોટેથી રડવા લાગ્યું. આજુબાજુના જોનારાઓ "આ કેવો ત્રાસ" કહેતાં જોવા લાગ્યા.

બાઈએ તે બાળકને ચિમટા લીધા અને ગાલ આમળ્યા અને અનેક પ્રકારની બધી ધમકી આપવાની શરૂઆત કરી. એક જરા શાંત પડે કે બીજું રડવા લાગે. કદી તો બંને સાથે રડવા લાગતાં. માતાને આ ત્રાસ અસહ્ય લાગ્યો. તેથી બાળક પર વધારે ગુસ્સો કરવા માંડયો. બાળકો વધારે ચિડાઇને રડવા લાગ્યાં. આજુબાજુના માણસોને ત્રાસ વધારે લાગ્યો.

કેવો આ સિનેમા જોવાનો શોખ ! આટલાં નાનાં બાળકો હોય ત્યાંસુધી થોડા દિવસ સિનેમા નાટક, વગેરે જોવાનું છોડી જ દેવું જોઇએ. અથવા ઘણીઘણીઆણીએ વારા ફરતી બાળકને સંભાળવા અને એકલાએ જવું. મા, સાસુ, નણંદ વગેરે હોય તો તેની પાસે વારા ફરતી સંભાળ રખાવવી પણ બાળકને સિનેમામાં લાવીને, બાળકને પોતાને અને બીજાઓને ત્રાસ થાય એવું તો ન જ કરવું જોઈએ.

(૪)

ગાડીમાં

મા–બાપ અને ત્રણ બાળકો. લાંબો પ્રવાસ હતો. બે રાત ગાડીમાં જ કાઢવાની હતી. સવાર થઈ. બાળકો બારી પાસે બેસવા માટે હઠ કરવા લાગ્યાં. મા કહે "બારી પાસે બેસતાં નહિ. અહિં જ બેસો."

બાળકો બેઠેલાં ત્યાં જ બેસી રહ્યાં. પણ અંદર બેસીને કંટાળેલા. કાંઈ ઉદ્યોગ નહિ અને કાંઇ નહિ. પછી તરત જ ખાવાનું માગવા લાગ્યાં. ખાવાનું આપ્યું તેમાં પણ થોડી રકઝક ચાલી. માથી આ સહન થયું નહિ. તેણે કાઢયું પોતાનું રામબાણ અસ્ત્ર. બે બે તમાચા લગાવી દીધા. અને મોટી મોટી અશક્ય એવી ધમકી આપીને બાળકોને ચૂપ કરી દીધા.

પાંચ દશ મિનિટ પસાર થઈ કે બાળકની ધુસપુસ શરૂ થઈ. ફરીથી માએ પોતાની રામબાણ દવાનો એક ડોઝ આપ્યો. પાછી થોડીવાર માટે શાંતી થઈ.

જરા ધ્યાન રાખીને બાળકને બારી પાસે બેસવા દીધાં હોત તો ?

ગાડીમાં થોડી સરખી જગામાં મોટા નાનાં બધાંય કંટાળે છે. તેમાં મનને કાંઈક રમૂજ આપે એવું હોય તો વખત જાય. બારીમાંથી ઘણાં સુંદર દૃષ્યો જોઇ શકાતાં હતાં! બાળકે કદી ન જોએલું એવું કેટલુંય એમને જોવા મળત. પ્રવાસનો ખરો લાભ મળત. પણ બાઈને બાળકોના રક્ષણની વધારે ચિંતા હતી. ખરૂં જોતાં તો બાળકના સુરક્ષિતપણા કરતાં કાંઈ પણ આડું અવળું થઇ જાય, વાગી બેસે ને પંચાત કરવી પડે, બારી-પાસે બાળક બેસે તો ધ્યાન રાખવું પડે એ તકલીફ તેને જોઇતી ન હતી. તેથી બાળકોને "છાના માના બેસી રહો" એમ તે કહેતી. ને નં માને તો મારતી.

પ્રવાસનો લાભ તો ન જ લેવા દીધો પણ એટલો કંટાળો આપ્યો કે બિચારા બાળકોને આ પ્રવાસનું કેવું સ્મરણ રહ્યું હશે ! કંટાળો ને માર એવું જ.

સૌ. સ. દેવધર

મોન્ટીસોરી શિક્ષણ પ્રચારમાળા

લેખકોઃ સ્વ. ગિજુભાઈ અને શ્રી. તારાબેન.

કિંમત ૦–૧૦–૦ ટપાલખર્ચ ૦–૨–૩

મગાવો : "શિક્ષણ પત્રિકા" કાર્યાલય

૧૧૮, હિંદુ કૉલની, દાદર.

આ બધું શા માટે ?

શાળામાં બન્દરનું દૃશ્ય તૈયાર કરીને બધાં બાળકોને જોવા માટે ગોઠવેલું હતું. અંદરના મોટા ઓરડામાં આજુબાજુ ફરતી ત્રણ પુટની ખુલ્લી જગ્યા જોનારાઓને ચાલવા માટે રાખેલી. બાકીનો વચ્ચેનો બધો ભાગ આ દૃશ્યથી ભરેલો હતો.

બરાબર વચમાં બન્દર હતું. એક બાજુએ શાકભાજી, તો એક બાજુએ ફળફળાદિ, બીજી બાજુએ ફુલ–પાન તો પેલી બાજુએ અનાજ. બીજા બાદ્ય પદાર્થો અને વેચનારાઓ હતા. ધમાલ હતી. તાજો માલ હતો. કાર્ડબોર્ડની દુકાનો એકદમ ઠાઠમાં હતી. ઘરાકોની હાર ચાલતી હતી.

પણ આ બધો માલ ત્યાં આવ્યો કયાંથી ?

આ જુઓ બન્દરમાં જવાનો રસ્તો. ચારે બાજુથી બળદ ગાડામાંથી, મોટર લૉરીથી, હાથ ગાડીથી, અને ટોપલાવાળાથી માલ બન્દરમાં આવેલ છે. આ કેળાંની ગાડી ભરેલી છે. એમાં તો કાંદા બટાટાનું પોટલું છે. આ ટોપલીમાં તો તાજાં ફુલો છે. બધો માલ બન્દર તરફ જાય છે.

પણ ગાડીમાં માલ આવ્યો કયાંથી ? તે જુઓ રેલ્વે સ્ટેશન અને માલ ગોદામનું શેડ. માલ ગાંડી આવેલી છે, ઉતાવળથી માલ ઉતારે છે. બળદગાડીમાં, બટારામાં, લોરીમાં, માલ ભરાય છે. ઘણી પેટીઓ પોટલાં વગેરે હજી પ્લેટફોર્મ પર પડેલાં છે. તે પણ બધાં બન્દરમાં જનાર છે. હું ! આમ આગગાડીમાંથી બન્દરમાં માલ આવે છે એમ કહેવાય. ઘણે દૂરદૂરથી બન્દરમાં માલ આવે છે પણ તે માત્ર આગગાડીથી આવે છે એમ નહિ. તે જુઓ ત્યાં બંદર છે. ધક્કો છે, સમુદ્રમાં માલ ભરેલો મછવો છે. આગબોટ પણ છે. ત્યાં પણ ધક્કા પર ઘણો માલ ઉતારેલો દેખાય છે. ત્યાં પણ પેટી પોટલાં કંડીઆ બધું પડેલું છે. ત્યાં બટારા, લોરીઓ ભરે છે, અને ભરેલી બધી ગાડીઓ બન્દર તરફ જાય છે. બિચારા માલ ભરીને થોભેલા લોક જરા વિસામો લઈ ચાહ પીવા તે દુકાનમાં થોભેલા છે. પણ તરત જ તે બહાર નીકળશે કારણ કે ઉતાવળથી બન્દરમાં માલ પહોંચાડવો જોઈએ ને !

હજી આ બાજુએ પણ માલ દેખાય છે. આ મોટર થોભવાનું સ્થળ. હવે તો રસ્તાઓ ઘણાં જ સુંદર થયેલા છે. એટલે મોટર બટારા ભરીને પણ માલ આવે છે. ઘોડા ગાડીઓમાં પણ માલ આવે છે. બળદગાડીઓમાં પણ માલ આવે છે.

તો બંદર ઉપરથી આગગાડીથી, મોટર–બળદ–બટારાથી માલ આવે છે અને બન્દરમાં જાય છે. પણ આ બધો માલ વાહનોમાં આવે છે કયાંથી ? બરેબર, કયાંથી આવતો હશે ?

ત્યાં જુઓ, ત્યાં વાડીઓ છે. પેલી બાજુએ ફળવાડી, શાકભાજીની વાડી, ફુલ બાગના કયારા શેરડીના કયારા, બધુંય દેખાય છે. ત્યાંથી ટોપલામાં માલ કાઢીને મુકેલો છે. ગાડીઓ પણ ભરેલી દેખાય છે. હવે આ બધો માલ શહેરોમાં જનાર છે. બાજુના ગામે નાની ગાડીથી માલ જશે. પછી મોટી આગગાડીમાં પહોંચશે અને ત્યાંથી માલ ગાડીમાં ભરીને બન્દરમાં મોકલાવશે. સમુદ્રકાંઠાના ગામો મછવા અને આગબોટમાં માલ ભરીને મોકલાવે છે.

વાડીઓ તો સુંદર લીલા રંગની દેખાય છે. વેલા પર ટીંડોળાં, તૂરીઆં, કારેલાં લટકેલાં દેખાય છે. શેરડીની પણ એક ગાડી ભરેલી છે. કુવો છે, રહેંટ છે, પાણી જવા માટેનું થાળું પણ છે.

ખેતરમાં જ માળીનું ઝુંપડું છે, ભીમાભાઈ આંગણામાં બેઠેલી છે. પાસે એક કુતરો પણ છે. કુવામાં કાચબો પણ છે.

ફુલબાગ તો ફુલથી ખીલેલો છે. ફુલની વેલ–પર જુઈ એકદમ ખીલેલી છે. પેલાં મોટાં ઝાડ પર ચકલીનો માળો છે. ચકલી પણ બેઠેલી છે. નીચેની ડાળ પર વાનર બેઠેલ છે. બાજુએ એક ઝુંપડી છે, બાગનો રખેવાળ છે.

એકંદર રીતે ગામડાંની અસલ વાડી છે. બાળકો જોવાં માટે આવ્યાં.

"અરે તે જો શેરડી! શેરડી બજારમાં લઈ જાય છે."

"પણ બેન તે બાજુ તો જો"

"હા, અરે વસુ આપણી ભુગોળમાં લખેલું છે ને કે નારીએળ અને સોપારી તો કોંકણમાંથી મછવા મારફત લઈ આવે છે. ત્યાં જો ધક્કા પર ગુણો પડેલી છે. તેમાં નારીએળ જ હશે. નહિ?"

"અરે તે દુકાનની નીચે તો જો. ટોપલા ભરેલા છે. તે દિવસે બજારમાં આવું જ હતું કે નહિ?"

"મને આ ફુલોનો બાગ બહુ ગમે છે. એમ લાગે છે જાણે ત્યાં જ જઈને રહું!"

બીજી તો કેટલીએ વાતો ચાલી હશે. આગગાડીની માલગાડીની, માલ ગોદામના સ્ટેશનની, આગબોટની, ધક્કાની અને લોરી વગેરેની.

"બજાર જોવા માટે ટ્રામમાં ગએલા. તે ટ્રામ-લાલ હતી." આ તો કાળી છે." વગેરે વગેરે.

જોયેલું યાદ કરીને અને નજર આગળનું જોઈને બધાંનો સમન્વય કરવા અને મુંબઈ જેવા મોટા શહેરમાં માલ પૂરો કેમ પડે છે અને વહેંચણી કેમ થાય તેની સ્પષ્ટ કલ્પના કરવાનું કામ નાનાં નાનાં મસ્તકોમાં ચાલી રહયું.

કેટલાંકને નાની નાની વસ્તુઓની જેમ કે ત્રાજવાં ને એવું એવું જોવાની મજા આવતી હતી. કેટલાંક પાણીમાં મુકેલી નાની માછલીઓ જોઇને ખૂબ આનંદિત થતાં. જ્યારે કેટલાંક માલ વેચવા માટે બેઠેલા દુકાનદારો જોઇને પેટ ભરીને હસતાં હતાં.

એકંદરે શાળામાંના તદ્દન નાનાં ત્રણ વર્ષનાં બાળકોથી તે આઠ નવ વર્ષમાં બાળક સુધીનાં બધાંએ પોતાની રીતે તે જોયું અને પોતાની રીતે ખુશ થતાં હતાં.

બાજુની શાળાનાં બાળકોને પણ જોવા બોલાવ્યા હતાં. બાળકો આવ્યાં. જોવા લાગ્યાં. શિક્ષક પણ આવ્યા. જોયું. પછી પૂછવા લાગ્યા. "આ બધું શા માટે? બાળકોએ તો બજાર જોએલી છે."

ત્રા.

પ્રાસંગિક મનન

સ્વાતંત્ર્ય એટલે સ્વતંત્ર. આજે એક બાળકે જોડા પહેરાવવાનું મને કહ્યું. મે કહ્યું, આવો, પહેરો. તેણે જોડો પહેર્યો ને મારો ખભો ઝાલ્યો. મેં તેને જળી બતાવીને જોડા પહેરવા બતાવ્યું.

આમાં શું થયું?

જો તેને જોડા પહેરાવું તો "બીજા કરી દે"ની પ્રકૃતિ તેનામાં ઉભી થાય. આ બંધનમાંથી તેને આપણે મુકત કરવું જોઇએ. મેં તેને સ્વતંત્રતાનું વ્યાખ્યાન આપ્યું. મારે તો તેનામાં વિશ્વાસ પેદા

કરવો હતો કે તે જાતે પહેરી શકે છે. ને તેણે પહેર્યો. ભલે બંને હાથ મુકયો, એટલું અવલંબન. મેં તેને જાણી બતાવી ને એવી રીતે હવે તે બંનાના અવલંબનને બદલે જાણીના ટેકે જોડા પહેરશે. આનું નામ સ્વાતંત્ર્ય.

જાતે જોડા પહેરવા એ સ્વતંત્રતા. માણસે વર્તવા, કહેવા ને વિચારવામાં બીજો કેમ સ્વતંત્ર થઈ શકે તેનો વિચાર કરવો જોઈએ.

સ્વયંસ્ફુર્તિ

સદ્‌વસ્તુની જે ભાવના થાય તે થવા દેવી તેનું નામ સ્ફુર્તિ. કામ-ગણિત, સંગીત, વાચન કરવું છે તો ભલે કરો. પણ બીજાને મારવાની, કે દારૂની ઇચ્છા થાય તે સ્વયંસ્ફુર્તિ નહિં. સ્વયંસ્ફુર્તિમાં સમયપત્રકના બંધનનો અભાવ હોવો જોઈએ.

જવાબદારી

સ્વાતંત્ર્ય એટલે સ્વ-તંત્રમાં જ જવાબદારીનો અર્થ આવી જાય છે.

શાળામાં શિક્ષા, ઇનામનો સદંતર બહિષ્કાર કરવો.

મારે કહેવું જોઇએ કે અગાઉ તેમ થતું પણ મારવાથી લાભ થવાને બદલે ભય દ્વેષ કે અન્ય કાંઇ હાની જ થાય છે.

ઘણાને નવાઇ લાગે છે કે માર્યા, વઢ્યા વિના તમે આટલા બધાને ભણાવો છો કેમ ?

પરીક્ષાઓના ત્રાસમાંથી મુક્તિ

પરીક્ષા વિદ્યાર્થીઓને ત્રાસરૂપ છે માટે તે ન જ જોઈએ. આપણે જાણીએ છીએ કે પરીક્ષા વખતે ઘણા નર્વસ, ફ્રેઇન્ટ થઈ જાય છે. માટે પરીક્ષામાંના ત્રાસમાંથી તો મુક્તિ જ અપાવવી જોઈએ.

વિદ્યાર્થીને કેંદ્રમાં રાખી શિક્ષણની યોજના કરવી.

આપણે મહેમાનને જેમ આપણને જ ગમે તે ખાણું નથી ખવરાવતા પણ મહેમાનને રૂચે, ફાવે તેવું ખવરાવીએ છીએ. તેમ વિદ્યાર્થીને શું ભણવું છે તે જોયા વિના તેને માટે અભ્યાસ નક્કી ન જ કરાય.

ફરજીયાત આપણે રાખેલો અભ્યાસક્રમ ભણાવવાથી કાંઇ યાદ રહેવાનું નથી કે સારૂં ફળ આવવાનું નથી.

પણ દરેક બાળકનું વલણ-શક્તિ જોઇ તેમાં તેનો વિકાસ પામવાની અનુકૂળતા કરી આપવાની છે.

જેમ કે ચિત્ર કાઢી શકે છે. કાઢવા દેવા. સંગીત ગમે છે, કરવા દ્યો,

ગમે તે પોતાની શક્તિ બીલવવા માગે છે. બીલવવા દ્યો.

જુની નિશાળોમાં તો માસ્તરો ભણાવે છે ને છોકરા મને કમને ભણે છે. પણ તે બધું છેવટે ભુલવાનાં.

માટે આપણે શોધી કાઢવું કે આપણે શું ભણવું છે. શું શું કરવું છે ?

તમે ધારો તો કેળવણીના વડા થઈ શકો. પણ તેને માટે આપણામાં જોર જોઇએ.

—માતૃભાષા–દ્વારા જ શિક્ષણ આપવું. આ એટલા માટે છે કે માતૃભાષાની સેવાથી પરભાષા (ઇંગ્લીશ) ની ગુલામીમાંથી છુટવા માટે જ આપણે માતૃભાષાદ્વારા શિક્ષણ આપીએ છીએ.

પરભાષા દ્વારા શિક્ષણ આપતો–મેળવતો હોય એવો દેશ તો એક હિંદુસ્તાન જ છે.

કહે છે કે જે પોતાની ભાષા જોરદાર કરશે તે બીજા ઉપર રાજય કરશે.

મને લાગ્યું કે કેળવણીનો પ્રચાર કરવો હોય તો હિન્દી ભાષા જાણવી જોઇએ જ. માટે જ આપણે હિન્દી ભાષા શીખવવાનું રાખીએ છીએ.

કેળવણીમાં ઔદ્યોગિક તાલીમને સ્થાન આપવું.

આમાં બહુ આપણે નથી કરી શક્યા. માત્ર પીંજણ, કાંતણ, વણાટ, સુતાર કામ વગેરે થોડુંક પરચુરણ કામ કર્યું છે.

—કલાના શિક્ષણને મહત્વનું સ્થાન આપવું. વાર્તા, પ્રવાસ, નાટકો વગેરેને આપણે કલાના શિક્ષણ માટે રાખ્યાં છે.

હિન્દી ભાષા ફરજીઆત કરી છે. કારણ કે તે રાષ્ટ્રીય ને મુખ્ય ભાષા (હિન્દની) છે.

—સંસ્થાને રાષ્ટ્રિય રાખવી.....વગેરે. આમાં એમ છે કે સરકારી ધોરણને રીતી નીતિથી સ્વતંત્ર રહીએ છીએ.

શિક્ષણની બાબતમાં બીજાની સલાહ ઉપર કે બીજાના ધોરણ પર ન જ ચાલીએ.

સરકારી કે દરબારી શાળાઓમાં સ્વતંત્રતા નથી હોતી. કારણ કે તેમને સરકાર, દરબારના હાથ નીચે રહીને કામ કરવું પડે છે.

બાલમંદિરનો શિક્ષક બાળકો સાથેના કામમાંથી પ્રસન્નતા અને સુખ અનુભવે છે કેમકે તે બીજાને સ્વતંત્રતા આપવા માગે છે.

સૌએ પોતાને માર્ગે ધપ્યે જવાનું છે. બધું પોતાની જાતે જ શીખવાનું છે. સૌએ પોતાની જાતને તપાસી જોઈ લેવાની છે.

જેમ ભડત દુનિયા ભુલી ઈશ્વરને મેળવે છે તેમ તમે બહારનું બધું ભુલીને જ બાલશિક્ષણ મેળવી શકશો.

જેનામાં ક્રાન્તિની-વિકાસ કરવાની ધગશ હોય તે જ આગળ વધી શકશે.

તમે પોતાની જાતને તપાસી રાગ દ્વેષો દૂર કરી નીર્મળ ચિત્તે અભ્યાસ કરવા મંડી જજો.

પોતાની મેળે પરીક્ષણ કરવું એટલે માનસ-શાસ્ત્રના અભ્યાસની શરૂઆત.

આપણે આપણું તથા બાળકનું જીવન સમગ્ર શિક્ષણની દૃષ્ટિએ વિલોકવા માગીએ છીએ.

બાળકો નાનાં છે, માટે આપણે તેમને અક્કલ વગરનાં ન જ ઠરાવી શકીએ.

બુદ્ધિનું પ્રમાણ ઉંમર ઉપર આધાર નથી રાખતું.

કોઇ એમ ન માને કે જનોઇ-ચોટલીવાળ કે ગામડીઆ માણસ આપણા જેટલું નહિં સમજે.

" બીજાને નથી આવડતું " કહેનાર માણસ જાતનું દુશમન છે.

'તને નહિં આવડે' એમ કહીને સામા માણસમાં આપણે માત્ર અશ્રદ્ધા જ ઉત્પન્ન કરીએ છીએ.

નથી આવડતું એમ વિચારવાને બદલે આવડશે જ–સમજશે જ એવી શ્રદ્ધા કેળવવી.

તેમ છતાં ન સમજાય તો જાણવું કે સમજાવનાર ક્યાંક ભુલ્યો છે.

નાનાં બાળકમાં અશ્રદ્ધા ઉત્પન્ન કરવાને બદલે તેને થોડું પણ આવડે તો " સારૂં છે. કરો " એમ કહીને ઉત્સાહ આપવો.

" તને નહિં આવડે " એમ તો કદી ન જ કહેવું.

પરીક્ષા:—

પરીક્ષામાં છોકરા ચોરી શા માટે કરે છે ?

કારણ કે તેને નથી આવડતું માટે. તેને જાણવા દ્યો. મદદનીશોની સાથે કામ કરવા દ્યો. સમજી લેશે પછી ચોપડીમાં જોઇ છાનું માનું કરવાનું તેને નહિં રહે. તૃપ્ત થએલ–જમેલો માણસ જેમ ચોરી કરી નથી ખાતો તેમ બાળક પણ અનુભવ મેળવ્યા પછી ખોટી રીતે જાણવા નહિં ઇચ્છે કે પ્રયત્ન નહિં કરે.

જ્યાં સુધી એને મદદની જરૂર રહે છે ત્યાં સુધી તે બીજાને પુછે છે કે ચોપડીમાં જુએ છે. આને આપણે ચોરી કરી કેમ કહી શકીએ.

પ્રશ્નોત્તર.

પ્રઃ–બાળમંદિરના શિક્ષકને વાઘ વગાડતાં ને ગાતાં આવડવું જોઈએ ?

ઉઃ–હા. શિક્ષકોએ ગાતાં શીખવું જ જોઈએ. બધેય સંગીત–શિક્ષણ ન હોય. દરેકે આછું પાતળું પણ ગાતાં શીખવું જ જોઈએ.

બા. મં. ના શિક્ષકે ભંગીપટાવાળાથી માંડીને આચાર્ય સુધીના બધાં કામો જાણવાં જોઈએ.

બાળકો માટે કામ કરશું તો જ બાલમંદિરો ચાલશે. બાકી સારા સારા થઈને ફરશું તો કોણ ગણવાનું છે ?

વાઘની બાબતમાં હારમોન્યમ તો ન જ શીખવું કે રાખવું. કારણ કે તેનાથી સાચું ને સારું સંગીત નથી આવતું. તે યુરોપનું ઉતાર વાજું છે. તેની રૂચી ન કેળવવી. કંઠે, રાગ બગાડે છે.

પ્રઃ–હરીજન કે દલીતકોમના બાળકો કલાના વાતાવરણ તરફ તેઓ અભિમુખ થાય તેને માટે શું કરવું ?

ઉઃ–તેમને કુદરતનું અવલોકન કરાવવું. કલાનું મૂળ કુદરત છે. માટે તેનો બને તેટલો સારો પરિચય આપવો.

ઓરડામાંથી નહિં પણ કુદરતમાંથી કલાધરો પાકે છે.

માટે બાળકો સમક્ષ તે કુદરત મુકવી. મુકવાની-કુદરત અવલોકાવવાની રીત જુદી જુદી છે. જેમ કે ઝાડ, તારા વગેરે બેહાં, બેઠાં, અંધારા, અજવાળાંમાં, તડકા છાયામાં, ઉભાં કે સુતાં કેમ દેખાય છે વગેરે.

પક્ષીઓનું જ્ઞાન પણ આવશ્યક છે. તેનો પરિચય પણ બાળકોને આપવાનો.

પ્રઃ–બાળક એ નાનું માણસ છે કે માણસથી જુદું કાંઇ છે ?

ઉઃ–બાળક નાનું માણસ છે. એટલું જ નહિં પણ બાળક એક વ્યકિત છે Child is a personality. ૮–૧૦ ફીટના માણસો વચ્ચે આપણે જેમ હોઇએ તેમ આપણી વચ્ચે બાળકો છે. પણ તે નાનું સંપૂર્ણ માણસ છે.

સ્વ. ગિજુભાઈ.

મારી–નોંધ પોથીમાંથી.

૧

એક બનાવ

રસિકલાલ ઓશરી ઉપરની જાળીની થાંભલી પર સમતોલપણે ચાલતા હતા. અધ્ધર ચાલવું એટલે જીવને જોખમે ચાલવું–વરંડો લગભગ–૧૫ ફૂટ ઉંચો હશે. સાધારણ રીતે સાત વર્ષના બાળક માટે આ કંઈ જેવું તેવું સાહસ, કે બહાદુરી ભરી હિંમત ન જ ગણાય. બાળકોને પણ જીવ તો વહાલો હોય જ છે. તેમ છતાંએ ઘણીવાર બેહદ-સાહસિક થાય છે.

રસિકલાલ કાલે સમતોલપણે ચાલતાં વરંડા-પરથી નીચે પડયા. સારે નશીબે ઈજા બહુ ન થઈ. તેઓ બધું જ સમજે છે. પડયા તેમાં કોઈનો દોષ ન હતો પણ પોતાના જ હદ ઉપરાંતના સાહસનું એ પરિણામ હતું એ વાત તેઓ સમજી ગયા. પડયા પછી રડવાનું નામ સરખું ન હતું. બધાં બાલકો ભેળાં થઇ ગયાં ને કહેવા મંડયા "ભાઈને ના પાડી

તોય ચાલતા તા" "હવે પડ્યાને" "માથું રંગાઇ ગયું." વગેરે રસિકલાલે બધાનું બધું જ સાંભળ્યું. છતાં એક પણ શબ્દ બોલ્યા વિના પાટો બંધાવ્યો. અને મેં પૂછ્યું ત્યારે કહ્યું "મને કંઈ નથી થયું."

આટલા મજબૂત રસિકલાલ શરીરથી દુબળા જેવા અને કોઈને મજબૂત ન લાગે તેવા દેખાતા હતા. પણ તેમની સહનશીલતા અને હિંમતે બધાં બાળકોમાં નવું જોમ પ્રગટાવ્યું અને બાળકો સ્તબ્ધતાથી તેમને જોઇ રહ્યાં. તેમનાથી ઉલટી પ્રકૃતિવાળાંને તો તેઓ દાખલારૂપ થઈ પડ્યા !

બીજો બનાવ

સંગીત ચાલતું હતું એવામાં સાંભળ્યું કે હલીમાબેને પાણીનું માટલું ફોડી નાખ્યું. બસ. બાળકોને મન એક મોટો બનાવ બની ગયો. સંગીતમાંથી ઉઠીઉઠીને બધાં જ બાળકો માટલું જોવાં ગયાં. જાણે મોટો ભયંકર અકસ્માત !

ઓરડામાં બાળકો ભેગાં થઈ ગયાં કંઈ કંઈ હીલચાલો જોવામાં આવી.

પછી માટલું ફૂટ્યા સબંધી ચર્ચાઓ ચાલી. હલીમાબેનની બેદરકારી સબંધી ટીકાઓ થવા માંડી "હવે પાણી કયાંથી પીવું એની ચિંતાઓ થવા માંડી.

એમાંથી વળી જે માટલું ફૂટયું તેની ઉપયોગિતાની, એની પાછળ રહેલી સર્વ બાળકોની જવાબદારીની, જેનાથી ફૂટયું તેની અને તેવાં બીજાં પ્રસંગોની યાદીઓ આવતાં તેવાં ફોડનારાઓની બેદરકારીની અને એવી ઝીણી ઝીણી બીજી વિચારશ્રેણીઓનાં આંદોલનોની અંદર ઉતરી પડ્યાં.

એક માટલું ફૂટતાં આટલાં બધાં બાળકોને કેટલાએક સ્વતંત્ર પાઠો મળી ગયા.

તેમના નાના મગજમાં, પોતાની સમાજમાં તેમ જ વ્યક્તિગત જવાબદારીથી માંડીને બાલમંદિરને નુકશાન થયા સુધીની બધી જ જાતની લાગણીઓનો પ્રવાહ ફરી વળ્યો. અને સૌને અત્યંત ગંભીર તેમ જ "હવે શું કરવું"ની યોજનાબદ્ધ વિચારપ્રવાહમાં વહેતાં કરી દીધાં.

માટલું ફૂટયું એ ઠીક જ થયું ને? મોટાંઓને લગતાં મામુલી આવા અકસ્માતો પણ નાનાં બાળકોને કેટલા બધા લાગણીવિષયક અનુભવોના પ્રદેશમાં વહેતા કરી મૂકે છે.

તા. ૮–૮–૪૧ પોરબંદર

પત્રવ્યવહાર

અમદાવાદથી શ્રી. વજુભાઈ લખે છે—

" છેલ્લી પત્રિકામાં શ્રી-શાંતિકુમાર પંડ્યાનો લેખ વાંચી નીચેના વિચારો સવિનય રજુ કરું છું.

૧ મને લાગે છે કે આપણે કોઈ પણ બાલમંદિરને નિંદવામાં ન પડીએ.

૨ હજુ આપણું સંગઠ્ઠન પણ તે કાર્ય માટે પૂરતું મજબુત નથી. મજબુત હોય ત્યારે પણ ખંડનાત્મક વૃત્તિ કરતાં મને રચનાત્મક વૃત્તિ ગમે.

૩. તે ભાઇએ જે સમીક્ષા કરી છે તેવી સમીક્ષા આપણા ટોળા સિવાયની કોઈ વ્યક્તિથી થતી હોય તો તે શિક્ષણપત્રિકા સિવાયના સ્થાને ભલે થાય અને ચાલુ પરિસ્થિતિમાં તે રીત હું આવકારદાયક માનું છું. પરંતુ આપણે જ એટલે આપણા જ ભાઇથી તેવી સમીક્ષા પરસ્પરનાં છીદ્રો શોધવામાં, હાલને તબક્કે બાળ કેળવણીના કાર્યકર્તાઓને નાખી દેશે તેવી મને દહેશત છે.

૪. ઇષ્ટ તત્ત્વો ઉભાં કરી તેની ભીંસથી જ અનિષ્ટ તત્ત્વોને રજા આપવાની નીતિનો હું છું."

જવાબ:—

કોઇના ઉપર ટીકા ન કરવી. રચનાત્મક કામ કરવું. ઇષ્ટ તત્ત્વોથી અનિષ્ટને કાઢવું. એ વિચારો અત્યારસુધી સંઘે અખત્યાર કર્યા છે. સાચા તત્ત્વોનો ખૂબ પ્રચાર કરવો એ નીતિથી જ સંઘે અત્યારસુધી કામ કર્યું છે. ને હજી કરશે.

પણ શ્રી શાંતિભાઈના લેખ જેવા લેખોની પણ આવશ્યકતા છે એમ અમે માનીએ છીએ.

આજે બાળકેળવણીને નામે માબાપોને છેતરવામાં આવે છે.

એવાં અનેક કહેવાતાં 'બાલમંદિરો' અમે જાણીએ છીએ કે તેમને બાલમંદિરના નામે ઓળખવામાં બાળકોનું ચોખ્ખું અહિત જ છે.

ધૂળિનિશાળ જેવી શાળા કાઢનાર શિક્ષક રસ્તા-પર ઉભો રહીને પેપરમીંટ બતાવીને છોકરાંઓને શાળામાં આવવાનું કહે અને પડખે માસિક ત્રણ રૂપિયા ફી હોય તો પોતે ૧૩. રાખે ને એક નાની ઓરડીમાં ૨૫–૩૦ બાળકોને ભેગાં કરે. એકડા ઘુંટાવે. કક્કો લખાવે ને બહાર લાવી થોડાં રમાડે. એ સ્થિતિ પણ શું ચલાવી લેવાય ? શિક્ષકે મોંટીસરી પદ્ધતિનો તો શું પણ એક પણ પદ્ધતિનો અભ્યાસ કરેલો ન હોય ! એક પણ નવો વિચાર ઝીલેલો કે સમજેલો ન હોય; માત્ર, 'હાલ ઘણા માબાપોને મ્યુનિસિપાલિટીની શાળામાં બાળકોને મોકલવાતું ગમતું નથી. નવી કેળવણી આપવાની તેમની ઇચ્છા છે, અઢી ત્રણ વર્ષથી તેઓ કોઈ સારાં બાલમંદિરમાં બાળકોને ફી આપીને મોકલવા માગે છે, એ પરિસ્થિતિનો લાભ લઇ શિક્ષકનું રૂપ લઈ ધુતારાઓ માબાપોને ધૂતવા આવે તો તે બાબતની જનતાને ચેતવણી ન આપીએ તો આપણે શિક્ષણપત્રિકા જેવું કેવળ નવી બાળકેળવણી વિષયક માસિક ચલાવતાં છતાં આપણા કર્તવ્યથી ચૂકયા એમ જ જનતા કહેશે. જનતામાં નવી બાળકેળવણી વિષે પ્રેમ તો આપણે ઉત્પન્ન કર્યો છે. તેની જરૂરિયાત આપણે બતાવી છે. એટલે જે બધી શાળાઓ નવી બાળશાળાને નામે ચાલતી હોય તે બધી ખરી નવી કેળવણી આપનારી છે કે નહિ તે બાબતમાં માબાપોને ચેતવણી આપવી, ને સાચો ખ્યાલ આપવો એ પણ આપણે જ કરવું જોઇએ.

ઉપર વર્ણવી એવી શાળામાં પણ માબાપો બાળકોને મોકલે છે તે ઉપરથી માબાપોને શાળાઓ જોવા, તપાસવા ને સારી નરસી નક્કી કરવા વખત ને શક્તિ નથી એમ જ માનવું પડે છે. જાણતાં છતાં મોકલે તો તેમની મરજી. પણ છેતરાઈને અણસમજણથી ન મોકલે એટલું આપણે જોવાનું રહે.

આવી શાળાઓ ચોમાસામાં જંગલમાં નકામા ઝાડવાં જોરથી વધવા લાગે છે તેટલી ઝડપથી મુંબઇ, વડોદરા, અમદાવાદ જેવાં શહેરોમાં નીકળતી દેખાય છે.

પણ તેમના કરતાંયે બીજી એક પ્રકારની નીકળે છે તે વધુ ઘાતક છે.

કોઈ પ્રતિષ્ઠિત સંસ્થા પ્રાથમિક શાળા ને હાઇ-સ્કુલ સુધીના વર્ગો ચલાવતી હોય છે. હાલ

Happy Education: issued in English every month. Read it. It will give you new thoughts, new visions, new ambitions. It will teach you new philosophy of successful living, increase your earning power Membership-Re. 1/– yearly.

Manager, **Happy Education**,
844, Pahari Imli, Delhi.

મોન્ટીસોરીનું બહુ ચાલે છે એ વખત વતીં તેઓ પોતાની શાળા સાથે બાલમંદિરો જોડી દે છે. અઢી ત્રણ કે પાંચ રૂપિયા સુધી ફી લે છે. લોકોને કહે છે કે અમે બાલમંદિરો મોન્ટીસોરી પદ્ધતિએ ચલાવીએ છીએ. હેડમાસ્તરો એમ. એ., ટી. ડી. બી. ટી. વગેરે મોટી પરીક્ષાઓ આપેલા અને શિષ્ટ હોય છે. માબાપો પોતાનાં બાળકોને મોટરમાં અથવા ખાસ માણસ સાથે ત્યાં મોકલે છે ને માને છે કે આપણે આપણા બાળકોને યોગ્ય એવી પૂર્વપ્રાથમિક કેળવણી આપીએ છીએ.

પણ તે શાળાઓ જઈને જોઈએ તો ત્યાં નૂતન બાળશિક્ષણની કશી વાત હોતી જ નથી. કોઈ કોઈ શાળામાં તો સામાન્ય મેટ્રિક ફેલ કે મેટ્રિક એવા શિક્ષકો હોય છે. કોઈ કોઈ જગ્યાએ મોન્ટીસોરી ડિપ્લોમા લીધેલા શિક્ષક હોય છે; કોઈ કોઈ જગ્યાએ સ્વ. ગિજુભાઈ પાસે તૈયાર થએલા શિક્ષકો છે. છતાં શાળામાં તેઓ પોતાની કલ્પના મુજબ કંઈ પણ ન કરી શકે. તેમને તો માત્ર રાખવા ખાતર અથવા નામની ખાતર રાખવામાં આવે છે. તો ધુળીનિશાળ કે બહુ તો મ્યુનિસિપલ શાળાઓ જેવું, એવી ઉપરિઓની નીતિ શિક્ષકો જાણે છે ને તે રીતે ચલાવે છે. શાળામાં ચોંટીયા પણ ભરાય છે ને ધમકી ને શિક્ષા પણ હોય છે. ને કોઈ જગ્યાએ તે ન હોય તો પણ નવી શાળાનું એક પણ તત્ત્વ હોતું નથી. જગ્યા પૂરતી હોતી નથી. સાધનો હોતાં નથી. પદ્ધતિ હોતી નથી. બાળકોને ડેસ્ક પાસે બેસાડી પાટી પેન લઈ આંક અક્ષરો લખાવવાના ને ગોખાવીને પાકા કરાવી લેવાનું જ ધોરણ હોય છે.

કોઈ વળી માબાપોને બાળકોના ત્રણ વર્ષમાં ચાર ધોરણ કરાવી લેવાની લાલચ બતાવે છે. કોઈ અંગ્રેજી કવિતા બોલાવે છે. કોઈ અૅંગ્લો ઇંડિયન માસ્તરાણી રાખી કૉન્વેન્ટ સ્કુલ જેવી અમારી શાળા છે એમ બતાવવાનો પ્રયત્ન કરે છે. છતાં બધી શાળાઓ તત્ત્વ અથવા સિદ્ધાંતને કોરે મુકીને ચાલે છે. તેમની આગળ એક જ તત્ત્વ લોકોને કંઈક સમજાવીને બાળકોને આકર્ષવાં. મોટી ફી લેવી ને ધંધો સારો ચલાવવો. બજારમાં પોતાના માલની જાહેરાતો હોય તેવી જ જાહેરાતો આ ક્ષેત્રમાં પણ હોય છે.

આ બધું શું લોકોની નજરે આણવું ન જોઈએ? સાચા દિલથી પ્રયત્નો થતા હોય ને છતાં અનેક જાતની ઉણપો રહી જતી હોય તેને આપણે સંભાળી લઈએ. તેમની સાથે રહીએ. સુધારવાની વિનંતિ કરીએ. દિશા સૂચવીએ. જાતે જઈને મદદ કરીએ તેમને નિરાશા ન ઉત્પન્ન થાય પણ વધુ પ્રયત્ન કરવાની હોંશ જાગે એમ કરીએ એ બધું સમજી શકાય. પણ પ્રામાણિકપણું તો જોઈએ ને?

જાણી જોઈને જે કરવામાં ને ચલાવવામાં આવે છે તે તો કોઇએ સેવાભાવથી ખુલ્લું પાડવું જ જોઈએ.

ભાઈ શાંતિલાલનો લેખ માત્ર ટીકા કરી બે ગાળો દેવાનો આનંદ માણવા ખાતર લખાએલો ન હતો. પણ દુઃખદ પરિસ્થિતિ જોઇ કકળી ઉઠેલા હૃદયના તે ઉદ્‌ગારો હતા. અને શિક્ષણપત્રિકા જેવા માસિકની જવાબદારી ઓળખીને જ તે પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો.

તંત્રી

મુદ્રક : કૃ. ના. સાપલે : રામકૃષ્ણ પ્રિં. પ્રેસ : ત્રિભુવન રોડ, મુંબઈ ૪.
પ્રકાશક : તારાબેન મોડક : 'શિક્ષણપત્રિકા' કાર્યાલય : હિંદુ કૉલની, દાદર.

શિક્ષણ પત્રિકા

(નૂતન બાલશિક્ષણસંઘ)

○

આદ્યતંત્રી : સ્વ. ગિજુભાઈ બધેકા

: તંત્રી :

તારાબેન મોડક

○

જીવન – યુદ્ધ કે ઉત્સવ ?

જીવન એટલે શું ? કલેશ, ધમાલ, યુદ્ધ કે ઉત્સવ ? મહોરવું કે વિકસવું ?

જીવન એટલે શું ? મારામારી, ધમપછાડ, ભયંકર વર્તાવ કે પ્રેમ ? મિત્રતા ને સારો વર્તાવ ?

પશુવૃત્તિનું પોષણ કરીએ તો જીવન એક યુદ્ધ છે. દૈવી વૃત્તિનું પોષણ કરીએ તો જીવન એક ઉત્સવ છે. પશુ જીવનમાં અવનતિ છે; દૈવી જીવનમાં ઉન્નતિ છે.

તા.

નૂતન બાલશિક્ષણ સંઘ
અને
શિક્ષણ પત્રિકા

—o—

પ્ર ચા ર સ પ્તા હ

નૂતન બાલશિક્ષણસંઘના કાર્યકર્તામંડળે ડિસેમ્બરનું છેવટનું અઠવાડિયું પ્રચાર સપ્તાહ તરીકે ઉજવવાનું નક્કી કર્યું છે. તા. ૨૪ થી ૩૧ ડિસેમ્બર સુધી, સંઘના દરેક સભાસદ તથા હિતચિંતકે સંઘના સભાસદો કરવા નીકળવું. સંઘનો ઉદ્દેશ સમજાવવા માટે ઘરેઘર જવું અથવા તો લત્તાલત્તામાં સભાઓ ભરવી. શક્ય હોય તેટલા સભાસદો વધારવા યત્ન કરવો.

'શિક્ષણપત્રિકા'નો પ્રચાર પણ આની સાથે જ થશે. પોતાના ગામની શાળા, વાચનાલય, ભગિની સમાજ, યુવકસંઘ વગેરે અનેક સંસ્થાઓ હશે જ્યાં 'શિક્ષણ પત્રિકા' જવી જરૂરી ગણાય. તેવા સ્થાનિક કાર્યવાહકોને આ વસ્તુ ગળે ઉતારી પત્રિકા તેઓ લે તે જાતના પ્રયાસો તે તે સ્થાનોએ કરવા જોઈએ.

આપણી આસપાસમાં જ આપણા મિત્રો, સ્નેહીઓ, સગાંસંબંધીઓ હોય છે કે જેઓની સાથે માત્ર આની વાત જ કાઢીએ તો મદદ અને સહકાર મળી જાય. બીજું કશું વધારે ન થાય તો પત્રિકાના ગ્રાહક તેઓને જરૂરથી આપણે બનાવી જ શકીએ.

ગુજરાતમાં આજે 'શિક્ષણપત્રિકા'ની અગત્ય સમજાવવા બેસવું પડે તેવો સમય રહ્યો નથી. બાળકો માટે જાગ્રત બનેલ ગુજરાતીઓ વધુ મોટા પ્રમાણમાં અને બહોળા વિસ્તારમાં બાળકેળવણીનો પ્રવાહ વહેતો થાય તેને માટે આ રીતે સંઘને મદદ કરે એવી અમારી તેઓને આગ્રહભરી વિનતિ છે.

સંઘ સાથે જોડાયેલી તમામ શાળાઓ તે દિવસોમાં બને તો પોતાની જ શાળામાં જાહેર સભા ભરી ભાષણો ગોઠવે અને એ રીતે પ્રચાર કાર્ય કરે.

પોતાની શાળના વાલીઓ તરફ જઈ પત્રિકાના ગ્રાહક થવા વિનતિ કરે.

જેઓ સ્વેચ્છાએ સંઘની પ્રચાર સમિતિમાં આવેલ છે તેઓ પણ ઉપરમાંથી જે કાંઈ તેઓના ક્ષેત્રમાં આવે તેટલું કરે જ કરે.

આ ડિસેમ્બરમાં સંઘનું વર્ષ પૂરું થાય છે એટલે આ નવા વર્ષે, બીજા નવા ગ્રાહકો વધારવા ઉપરાંત, પ્રચારક ભાઈબહેનો સંઘના ચાલુ સભ્યોને ફરી સભ્યો તરીકે નોંધી, તેઓનું લવાજમ એકઠું કરી વહેલી તકે કાર્યાલયમાં મોકલી આપે.

પત્રિકાના વાચકો, અને સંઘના સભાસદો પાસે આ પત્રિકાદ્વારા સંઘના કાર્યને વેગ આપવાને માટે આટલી મદદની અમે માગણી કરીએ છીએ. સૌની મદદ અને ઉત્સાહના જોરે અમારું કામ બમણા જોરથી આગળ વધશે.

તારાબેન
સરોજબેન
મંત્રી
નૂતન બાલશિક્ષણ સંઘ.

આટલું અંતર કેમ ?

હમણાં જ 'પેરન્ટસ મેગેઝીન'નો એક અંક મળ્યો. ઓક્ટોબરનો એ અંક છે. મુખપૃષ્ઠના એક ખૂણા પર લખ્યું છેઃ 'પંદરમો વાર્ષિક અંક' આગળ લખ્યું છેઃ 'લવાજમ આપી ખરીદનારાઓની સંખ્યા ૬ લાખથી વધારે છે.' અંક બીજા સાધારણ અંકો જેવો જ છે. ખાસ અંકની વિશેષતા એમાં નથી. શરૂઆતમાં એક પાનું ભરીને તંત્રીનું નિવેદન છે. તેમાં પંદર વર્ષની પ્રગતિનું સિંહાવલોકન પૂરેપૂરા આત્મવિશ્વાસ સાથે કરવામાં આવ્યું છે. પત્ર માતાપિતાઓ અને શિક્ષકોને કામનું છે. તંત્રી લખે છેઃ "૧૯૨૬ ના ઓક્ટોબરમાં જ્યારે પત્રનો પહેલો અંક નીકળ્યો ત્યારે તેની ગ્રાહક સંખ્યા ૨૦ હજારની હતી. અમે કદિ કલ્પના સરખી કરી ન હતી કે કોઈ વખત અમારી ગ્રાહક સંખ્યા ૬ લાખથી પણ વધુ થઈ જશે. અને હજુ તો એ સંખ્યા વધતી જ જાય છે. એક મા બીજી માને કહે છે; બીજી ત્રીજીને કહે છે અને એ રીતે અમારા પત્રનો પ્રચાર વધતો જ જાય છે. ડૉક્ટર, શિક્ષક, નર્સ બધા જ એના પ્રચારમાં ઉત્સાહ લે છે. બધા જ એનો અવાજ દૂર દૂર લઈ જવામાં મદદ કરી રહ્યાં છે. પત્રની ઉપયોગિતાને જણાવતાં અનેક પત્રો હરહમેશ અમારા પર આવે છે. માતાપિતાઓને સાચાં અને સારાં માતાપિતાઓ બનાવવાની દિશામાં આ પત્ર માર્ગદર્શન કરાવે છે એની એ સાબીતિ છે. આ પંદર વર્ષોમાં રાષ્ટ્રના જીવનમાં અનેક ચઢાવ ઉતાર આવી ગયા છે. રાષ્ટ્રવ્યાપી મંદીનો સમય પણ આવી ગયો, માતાપિતાઓએ બધી જગ્યાએ કરકસરથી કામ લીધું. પરંતુ મંદીના એ દિવસોમાં પણ 'પેરન્ટસ-મેગેઝીન'ને તેઓ ન ભૂલ્યાં– એમના બજેટમાં આ પત્રનું સ્થાન કાયમ જ રહ્યું..."

પાછલા ૧૫ વર્ષોમાં આ પત્રે પોતાના દેશવાસીઓની જે સેવા કરી તેનો ઉજળો ઇતિહાસ પત્રના પાના પર નોંધાએલો છે. દેશના જીવનમાં આ પંદર વર્ષો ખૂબ જ મહત્ત્વના ગયા છે. આ પંદર વર્ષોમાં દેશના પારિવારિક જીવનમાં અને બાળ ઉછેરના ક્ષેત્રમાં જે મહત્ત્વના સુધારાઓ અને ફેરફારો થયા તે બધાનો ઇતિહાસ આ પત્રના પાનાઓમાં નોંધાયો છે.

હવે જમાનો બદલાયો છે. દુનિયા ઉપર ભીષણ રણસંગ્રામ ખેલાઈ રહ્યો છે. શું એ વખતે બાળ ઉછેરનું અને બાળસંવર્ધનનું કામ ગૌણ બનશે? આ સંબંધમાં જર્મનીએ દુનિયાને એક રસ્તો બતાવ્યો છે. —બચપણથી જ પોતાનાં બાળકોને નરસંહારની કળા શિખવીને આજે દુનિયા આગળ એક ભીષણ ચિત્ર ઉપસ્થિત કરી દીધું છે. અમારો એ રસ્તો નથી. અમારે અમારાં બાળકોને બચપણથી એવા વાતાવરણમાં ઉછેરવા માગીએ છીએ કે જ્યાં પ્રેમનું પ્રાધાન્ય હોય, સિધ્ધાન્તની રક્ષા હોય, જ્યાં ઘરનું તમામ કામ વિવેક અને સહકારથી થતું હોય; જ્યાં વ્યક્તિના વ્યક્તિત્વનો પૂરો ખ્યાલ રાખવામાં આવતો હોય; જ્યાં દયા, સહિષ્ણુતા, ન્યાય અને પ્રેમ તત્ત્વો દ્વારા પ્રજાતંત્રની રક્ષા અને વિકાસનો ઘેર ઘેર યત્ન થતો હોય. જ્યાં બચપણથી બાળકોને સ્વતંત્ર, સશક્ત અને સ્વાભિમાની નાગરિક બનાવવાનું શિક્ષણ આપવામાં આવતું હોય.

આ છે અમેરિકાના એક પત્રની ઉજળી સેવાઓનું સુન્દર અને સંક્ષિપ્ત વર્ણન !

આ પત્રમાં વધારે કામ તો અમેરિકાની ભણેલી ગણેલી માતાઓ અને બહેનો જ કરે છે. પત્રના

મુખ્ય તંત્રી તરીકે એક સ્ત્રી છે. જેનું નામ શ્રીમતી કલારા સેમેન્જ લિટિલેડલ. શ્રીમતી મેરી ઈ-યુકનેન પત્રના વ્યવસ્થા વિભાગના તંત્રી છે. પત્રના જુદા જુદા સ્થાયી વિભાગોનું સંપાદનકાર્ય પણ સ્ત્રીઓને માથે છે. પત્રનું પોતાનું એક સલાહકારક મંડળ છે. જેમાં દેશના જુદા જુદા ક્ષેત્રો અને પ્રાન્તોમાં કામ કરતા પીસ્તાળીશ સુપ્રસિદ્ધ વિદ્વાનો અને વિદુષીઓનાં નામ છે. પત્રને કોલમ્બીઆ વિશ્વવિદ્યાલયની શિક્ષકોની કોલેજનો તથા યેલ, આયોવા અને મિન્નેસોટા વિશ્વવિદ્યાલયનો સહકાર મળેલો છે. પત્રમાં દરેક મહિને દૂધ પીતાં બાળકોથી માંડી કોલેજોમાં અભ્યાસ કરનાર યુવક-યુવતિઓના જુદા જુદા પ્રશ્નો પર ગંભીર અને અદ્યતન વિચારવાળા મહત્ત્વના લેખો છપાય છે. આ બધામાં માતાપિતાઓને ઉપયોગી ઘણી વસ્તુ મળી આવે છે. આ સિવાય પત્રમાં હમેશના વિભાગ તરીકે આહાર-વિહાર, ઘરની સજાવટ, ઘરની રમતો ગમતો, પોશાક, ફેશન, સીનેમા, પુસ્તકો, સ્વાધ્યાય અને કાર્યક્રમ તથા નાનાં મોટા બાળકોની બુદ્ધિમાપ માટેના તથા બુદ્ધિ વધે તેવા પ્રશ્નોત્તર વગેરેનો પણ સમાવેશ થાય છે. પત્રની છપામણી, સફાઈ, કાગળ, શોભા વગેરેને માટે તો કાંઈ કહેવું તે જ નકામું છે. એને માટે તો અમેરિકા નામ જ પૂરતું છે. પત્રનું વાર્ષિક લવાજમ અમેરીકામાં ૨ ડોલર એટલે કે લગભગ ૭ રૂ. છે.

આજે રહી રહીને મનમાં સવાલ થાય છે કે અમેરીકા અને હિંદુસ્તાનમાં આટલો તફાવત કેમ? લોકો ત્યાં પણ રહે છે, અહીં પણ રહે છે. તેમની વસ્તી ૧૩–૧૪ કરોડની છે. આપણી લગભગ ૪૦ કરોડની છે. માતાપિતાઓ અને શિક્ષકો માટે પત્રો તો આપણે ત્યાં પણ નીકળે છે. પરંતુ એમનું જીવન હમેશાં સંકટમાં હોય છે. કેટલીય મુસીબતોમાં એમણે જીવવાનું હોય છે. અહીં કોઈ એમના આશ્રયદાતા નથી, નથી કોઈ એની ફિકર કરનાર. બહુ ગણ્યાગાંઠ્યા લોકો એમાં ઉત્સાહ ધરાવે છે. માતાઓ અંધારામાં છે. પિતાઓને પોતાના ધંધામાંથી ફુરસદ નથી મળતી. શિક્ષકો પોતાની રોજની ચિન્તામાં હોય છે. બાળકો બધી રીતે ઉઘાડાં અને ભૂખ્યાં છે. અસલ્ય બેકારી ચોવીશે કલાક મોઢું ફાડીને તેમની સામે ઉભી છે. કરોડોની બાલ્યાવસ્થા એમ જ પસાર થઈ જાય છે. કોઈ એમની સંભાળ લેનાર નથી, કોઈ એમને સમૃદ્ધ બનાવનાર નથી, કોઈ એમને શુદ્ધ અને ચોક્કસ ધ્યેય તરફ દોરનાર કે લઈ જનાર નથી. આ કેવી વિષમતા છે! કેવું દુર્ભાગ્ય છે? શું એનો કોઈ ઈલાજ છે!

ગુજરાતમાં ૧૬ વર્ષ પહેલાં ગિજુભાઈએ 'શિક્ષણ પત્રિકા'નો એક છોડ વાવ્યો હતો. એમણે ખૂબ જ પ્રેમ અને મહેનતથી પોતાનું લોહી પાઈને એને ઉછેરી હતી, એની કિશોરાવસ્થામાં જ તેને છોડી તેઓ ચાલ્યા ગયા છે. ગુજરાત હિંદનો સમૃદ્ધ પ્રદેશ છે. છેલ્લા ૨૦ વર્ષોમાં રાજનૈતિક જાગ્રતિની સાથે સાથે સામાજિક જાગ્રતિ પણ અહીં થોડી નથી થઈ. છતાં ગુજરાતીમાં 'શિક્ષણ પત્રિકા'ના પાંચ હજારથી વધુ ગ્રાહકો નથી બન્યા. અહીં તો ભાગ્યશાળી પત્રોને જ આટલા ગ્રાહકો મળી આવે છે. આજ ગિજુભાઈ જતાં એમની વહાલી પત્રિકાના ૩૦૦૦ ગ્રાહકોનો સહકાર પણ નથી. જાગેલા સમૃદ્ધ ગુજરાતની આ હાલત છે.

પાછલા આઠ વર્ષોથી મરાઠીમાં પણ 'શિક્ષણ પત્રિકા' નીકળે છે. સાત વર્ષથી હિંદી 'શિક્ષણ પત્રિકા' પણ નીકળે છે. એ ત્રણેમાંથી કોઈનુંય લવાજમ વાર્ષિક રૂપિયા–દોઢ રૂપિયાથી વધુ નથી. ત્રણે પત્રો પોતાની શક્તિ પ્રમાણે ઉપયોગિ વસ્તુ ભરપૂર આપવા યત્ન કરે છે. પરંતુ એ ત્રણે

પત્રિકાઓ મળી ગ્રાહક સંખ્યા છ હજાર થતી નથી. અમેરીકામાં એક જ પત્રના છ લાખથી વધુ ગ્રાહકો છે. વાંચનારાઓની સંખ્યા કેટલી હશે તે તો કોણ જાણે ?

ત્યાં માતાઓ, ડોકટરો, નર્સો જે કોઇનો બાળકો સાથે સંબંધ આવે છે તે સૌ આ પત્રનો પ્રચાર કરે છે. સૌ તેને પોતાનો નાગરિક તરીકેનો ધર્મ સમજે છે. એક જાગ્રત, જીવીત અને સ્વતંત્ર રાષ્ટ્ર, સમાજ યા પરિવારનાં એ લક્ષણ છે. ત્યાં પોતપોતાની ડફલી કૂટવાનું, પોતપોતાનો જુદો જુદો સૂર કાઢવાનું તેઓને સૂઝતું નથી. ત્યાં સહયોગ, સુમેળ, મહેનત, સંગઠન વગેરેની સુવાસમાં રહેવાનું લોકોને વધુ પસંદ છે.

આજ અમારે ત્યાં આ બધુ દુર્લભ છે. સાચા શિક્ષણના અભાવે ભણેલા લોકો પણ લોકજીવનના આ પ્રશ્નથી તદન બેખબર રહે છે. કોઈને આની જરૂરીઆત સમજાતી નથી. કોઈવાર ખ્યાલ પણ નથી આવતો કે બાળકોના લાલન-પાલન, શિક્ષણ સંવર્ધન વગેરેને માટે પણ એક નિત નવું શાસ્ત્ર છે અને જે સમજવા સિવાય સાચા અર્થમાં ઘર-ઘર બની જ શકતું નથી. સમાજ ઊંઘે છે. સરકારનું હિત પણ ઊંધતા રહેવામાં જ જાણે કે સમાયું છે. કોઈ ગણ્યાગાંઠયા લોકો જાગીને શ્વાસ લેવા મહેનત કરે છે પણ એમના અવાજમાં એટલું બળ નથી કે ૪૦ કરોડના દેશને એક હાકલમાં જગાવી દે ! પોતપોતાના ક્ષેત્રમાં તેઓ પ્રયત્નો કરે છે અને એ થોડો સફળ પણ થાય છે; છતાં ગતિ એટલી ધીમી છે કે ૪૦ કરોડને એ ગતિએ જાગતાં સૈકાઓ વીતી જાય ! આપણે તો આજની વાતનો વિચાર કરવો છે. આજે આપણે શું કરી શકીએ ? બાળકો માટે, આજની ડગમગતી દુનિયામાં જે કાંઈ કરી શકીએ તો, ચાલો કાંઇક કરી છૂટીએ.

અમેરિકા જેમ આપણી પાસે સ્વતંત્રતા નથી, સાધન નથી. સમૃદ્ધિ નથી, સાધના અને સિદ્ધિનું બળ નથી; જ્ઞાન વિજ્ઞાનની મુડી નથી. છતાં પણ આપણે ઘણું કરી શકીએ. માત્ર જે આપણી પાસે જીવતા જાગતા આદમીનું દિલ હોય તો. જો આપણી પાસે માનવતા હોય. જે આપણી એ માનવતામાં પુરૂષાર્થની પ્રબળતા હોય. જે અન્તર આપણામાં અને અમેરીકામાં છે તે દૂર કરવાનો એક જ માર્ગ છે. પહેલાં આપણે પોતે આગળ વધીએ. પછી બીજાઓને આગળ વધવા પ્રોત્સાહિત કરીએ.

આજે આપણે એટલું કરી શકીએ તોય કા.

કનુ કેમ બ્હીતો હતો ?

એક દિવસ કનુ ને એની નાની બેનને લઇને એના બાપા અમારા બાલગૃહમાં આવ્યા. તેમણે અને કહ્યું:

"મારતર ! આ કનુ અને એની નાની બેનને બાલગૃહમાં દાખલ કરવાના છે."

મેં કહ્યું, "ભલે, બેસાડો."

કનુને અને એની નાની બેનને સૌ બાળકોની સાથે હારમાં બેસાડયા ને પછી તેઓ ચાલવા માંડયા.

પણ એ બેજ ડગલાં ભરે ત્યાંતો કનું રાંડ પાડી ઉઠયો અને એની નાની બેન સાથે રોવા લાગી.

કનુના બાપા એની પાસે ગયા ને છાનો રહેવા કહ્યું પણ કનુ છાનો ના રહ્યો ઉલ્ટો વધુ રોવા લાગ્યો ને ધૂમો પાડવા લાગ્યો, "માસ્તર અમને મારે છે."

કનુના બાપાએ મારી સામે જોયું. મેં એના બાપાને પૂછ્યું, "કનુ કોઈ દિવસ અહિં આવ્યો છે?"

એમણે ના પાડી.

"તો પછી માસ્તર મારે છે એમ કેમ કહે છે?"

કનુના બાપા બોલ્યા નહિ.

અને એ દિવસે તો કનુને તેમજ એની નાની બેનને તેઓ પોતાની સાથે લઈ ગયા.

બીજે દિવસે કનુની બા બન્ને બાળકોને લઇને આવી. શરૂઆતમાં તેઓ થોડો વખત રોતાં તો ખરાં પણ પછી તેઓ શાંત થઇ ગયાં.

આમ ઘણા દિવસ સુધી ચાલ્યું, પણ હવે કનુનું તેમજ એની નાની બેનનું રોવાનું બંધ થઈ ગયું છે. હવે તો તેમને કહીએ કે "કનુભાઈ, રૂવોને?" પણ રોવું આવે તો રોવેને? હવે તો આ સાંભળી તેઓ હસી પડે છે.

મને થયું ત્યારે આ બાળકે "માસ્તર અમને મારે છે" એમ કેમ કહ્યું હશે. માસ્તરથી એ કેમ બ્હીતો હશે?

એક દિવસ એક જણે મને કહ્યું, "ભાઇ આમના બાપા આ લોકોને ઠીક માર મારે છે."

મેં કહ્યું, "એમ!"

તેમણે કહ્યું, "હા, મારે છે ત્યારે એટલું મારે છે કે પાછું વાળી જોતા નથી."

મને ત્યારે સમજ પડી કે કનુની એ બીક માસ્તર તરફની નહિ પણ એના બાપા તરફની જ હોવી જોઇએ. પણ બાપાએ એને બાલગૃહમાં મુકવો હતો અને બાલગૃહમાં કનુને રહેવું ન હોતું એટલે એણે માસ્તર મારે છે એમ કહ્યું. પણ ખરી રીતે તો એના બાપા જ એને મારતા હતા પણ એ કાંઈ એનાથી માસ્તર પાસે કહેવાય? તો તો એનું આવીજ બનેને!

સોમાભાઈ ભાવસાર.

વિનોદવૃત્તિની જરૂરિયાત

નાનાં બાળકોની નિશાળ હતી. ચારપાંચ વર્ષનાં બાળકો વર્ગમાં કામ કરતાં હતાં. તેઓ એક જગ્યાએથી બીજી જગ્યાએ આવજાવ કરતાં હતાં. વર્ગમાં એક નવાં શિક્ષિકા બાઈ આવ્યાં. તેઓ બાળકોને કોઈ કોઈ સાધનો આપતાં હતાં અને રમત પૂરી થતાં પાછાં મૂકતાં હતાં. આજ સુધી જે શિક્ષિકાબાઈ વર્ગમાં કામ કરતાં હતાં તેઓ તો અંબોડો લેતાં હતાં. પણ નવાં આવેલાં બાઈએ લાંબો ચોટલો લીધો હતો. કેટલાંક બાળકોનું ધ્યાન આ લાંબા ચોટલા તરફ ગયું. દરેક વખતે જ્યારે તે બાઈ ઉઠતાં બેસતાં ત્યારે આ ચોટલો હાલતો હતો. એક છોકરાએ તેઓ ઉઠવા ગયાં ત્યાં પાછળથી ચોટલો પકડી રાખ્યો. તે બાઇને એની ખબર ન હતી એટલે તેઓ ઉઠવા ગયાં ત્યાં આંચકો લાગ્યો. છોકરો હસ્યો. તેની સાથેનાં બાળકો પણ હસ્યાં. "બેનની કેવી ગમ્મત કરી?" એમ બોલીને તેઓ મઝામાં આવી ગયાં. માત્ર બેનને એવો ગુસ્સો આવી ગયો કે તેને પેલા છોકરાને એક થપાટ લગાવી દેવાનું મન થયું. પણ આ શાળામાં શારીરિક શિક્ષા ન

થઈ શકે એવી પ્રથા હતી એટલે તેમણે મનમાં ને મનમાં આ વાત ગળી જવી પડી. થોડું મોઢું બગાડીને તેઓ પસાર થઇ ગયાં.

ખરૂં કહીએ તો આ બેન આ વખતે બાળકો સાથે હસી શકયાં હોત અને તેઓના મિત્ર પણ બની શકયાં હોત. બાળકોએ તેમની સાથે છૂટ લીધી તેનો અર્થ તેમની મશ્કરી નહોતી કરી. માત્ર ગમ્મત કરી હતી. હમેશ ન દેખાનાર ચોટલો જોતાં તેને અડી જોવાની સ્વાભાવિક ગમ્મતની વૃત્તિ તે બાળકમાં થઈ આવી હોવી જોઈએ, અને આવા ચોટલાવાળાં બેન સાથે વધુ નિકટ ભાવથી વર્તવાની ઇચ્છા પણ તેને થઈ હોવી જોઇએ. ચોટલો પકડવામાં ગમ્મત અને દોસ્તી એ બન્ને કરવાની ઇચ્છા હોવી જોઇએ. કોઇ પસાર થતું હોય તો વચ્ચે આડો પગ કરી પાડવાનું ઘણીવાર ઘણાં બાળકો કરે છે. તેમાં ગમ્મત તો હોય જ છે પણ એક પ્રકારનો પ્રેમભાવ પણ હોય છે. મિત્રો મિત્રો વચ્ચેની તે ગમ્મત હોય છે. તેમાં પોતાના દોસ્તને પાડવો કે તેને તકલીફ આપવી કે તેને પરિણામે દુઃખ થાય એવી દુષ્ટબુદ્ધિ હોતી જ નથી. માત્ર શુદ્ધ મૈત્રી દેખાડવાનો એક ગમ્મતનો એ પ્રકાર હોય છે. મિત્રને આપણે પાડવો અને પછી તેણે અને આપણે બન્નેએ પેટ ભરીને હસવું એટલી જ એમાં ઇચ્છા હોય છે.

ઉપરની શિક્ષિકાબેનનો ચોટલો પકડીને તેને આંચકો લાવવામાં બાળકે આગળ આ જાતની માત્ર ગમ્મતની અને મિત્રતા સાધવાની ઇચ્છા જ હોવી જોઈએ. પરંતુ શિક્ષિકાબેન બાળકનો વિનોદ સમજી જ ન શકયાં–તેમણે ભલે ગુસ્સામાં આવીને બાળકને થપાટ ન મારી લીધી પણ મનમાં તો તેઓ ખૂબ જ દાઝે બળ્યાં–આનું જ નામ વિનોદવૃત્તિનો અભાવ.

એકવાર બાળકો ભેગાં મળી હસ્તલિખિત માસિક કાઢતાં હતાં. તેમાં એક પાઠ આવો લખ્યો:–

ચાંદરણાં કેવાં? દૂધ જેવાં ધોળાં.

ચાંદામામા કેવા? દડા જેવા.

આમ લખતાં લખતાં સહજ જ તેઓને વિનોદપૂર્ણ કંઈક લખવાનું મન થયું.

બાબીની વેણી કેવી? વીંછીના આંકડા જેવી.

આ રીતે એક બીજાં માટે તેઓ લખવા લાગ્યાં. તેવામાં એક જણાંને સૂઝયું અને બોલ્યો, "તારા-બેન જાડાં કેવાં? બીજાએ જવાબ આપ્યો– "પાડા જેવાં" થયું. બધાંને પસંદ પડયું. ખૂબ હસાહસ થઈ. લાવીને મને દેખાડયું. "તારાબેન, જુઓ અમે આ શું લખ્યું છે તે."

"અરે, હું તે પાડા જેવી કઈ રીતે? ભેંશ જેવી હોઈશ, નહીં?"

"ના ના, 'જાડા' આવે છે ને? એથી 'પાડા' મળતું આવે છે. એટલે જ અમે એમ લખ્યું છે" એમ બોલીને બાળકો ખડખડાટ કરી હસી પડયાં. મારે પણ કબૂલ કરવું પડયું કે પ્રાસને માટે તેઓએ વાપરેલો શબ્દ બરોબર હતો. થયું– તેમના માસિકમાં એ લખાઇ બહાર પડયું કે તારાબેન જાડાં કેવાં? પાડા જેવાં. જે કોઇ તે વાંચતાં તેમને એ વિચિત્ર જણાતું. શિક્ષકો પણ કહેવા લાગ્યા, "કાંઈ નહીં તો, મારે માસિકમાં તો આવું છાપવા દેવાની રજા આપવી જોઇતી ન હતી." છતાં મને તો લાગે છે જ કે મેં જો તેમ કરવાની રજા ન આપી હોય તો તેઓની એ શુદ્ધ ગમ્મતમાં મેં ઝેર રેડયું હોત. તેઓની જે સહજ ગમ્મત કરવાની વૃત્તિ હતી તેને બદલે ઢોંગી સભ્યતા લાવી હોત. મારી સાથે ભીતિયુકત આદરથી કેમ વર્તવું એ કદાચિત મેં તેમને શિખવ્યું હોત પરંતુ તેમની મૈત્રીને મેં તરછોડી ગણાત. તે દિવસના તેમના સ્વતંત્ર આનંદીપણાની

પાછળ ભારોભાર પ્રેમ હતો. મને પાડા જેવી જાડી કહેવાની પાછળ મશ્કરી ન હોતી પણ પ્રેમ હતો. પોતાના તદ્દન નજીકના માણસને ગમે તેવા ચિત્રવિચિત્ર શબ્દથી સંબોધવાની સહજ એવી ગંમતની વૃત્તિ બધાંમાં જ હોય છે. તે જ તેઓમાં પણ આ વખતે હતી.

અમારી શાળામાં અંબુબેન નામનાં એક શિક્ષિકા છે. તેમના વર્ગનાં કોઈ ખાસ બાળકો તેમને અંબી કહે છે. તેમનો એક અનેલો બનાવ લખું છું.

અંબુબેને બાળકોને કહ્યું કે ઘણાં બાળકો પોતાનાં હાથપગ નકામા હલાવતા હોય છે. આ એક દોરી લાવવામાં આવી છે. જેઓના હાથપગ હાલવા લાગે તેઓએ દોરી લઈ પોતે જ બાંધી દેવા. વિનાકારણું હલન ચલન માટે આ દોરીને ઉપાય રાખવામાં આવ્યો હતો. બાળકો ઘણીવાર પોતાના પગ સાથે આ રીતે દોરી વીંટી પણ રાખતાં! તે કાંઈ શિક્ષા ન હતી, પણ એનાથી યાદી આપવામાં મદદ થતી હતી. ગડબડ કરનાર બાળકો આવતાં અને કહેતાંઃ "અંબુબેન, દોરી જોઇએ છે." "શું કામ?" "આ મારા પગ બહુ હાલે છે!"

આ રીતે રમત અને ગમતમાં દોરીનો ઉપયોગ થતો. એક દિવસ અંબુબેનને "અંબી" કહેનારો ખાસ બાળક તેમની નજીક આવીને બેઠો. અંબુબેને સહજ જ તેના ગાલ ઉપર એક ટિચકી મારી. તરત જ રાવસાહેબ બોલ્યાઃ "એય, હાથને દોરી બાંધી દે" બાળક આગળથી શિક્ષિકાને દોરીની આવી શિક્ષા મળી! પણ શિક્ષિકા સમજદાર હતી. તે બોલી, "લાવી દે ને ત્યારે દોરી!" બાળકની આ ગમ્મત જ હતી અને શિક્ષિકા તે સમજી એટલે એમાં ખરી મજા આવી.

આ પ્રમાણે એક અથવા અનેક ઉદાહરણો આપી શકાય. ટૂંકમાં બાળકોમાં રહેલી સહજ અને સુલભ એવી જે વિનોદવૃત્તિ રહેલી છે તેને દાબી ન દેતાં, તેઓમાં તેજ વૃત્તિથી ભળી જવાની કલા બાલશિક્ષકોમાં અવશ્ય જ હોવી જરૂરી છે.

ઘરની અંદર માતાપિતાઓ અને બીજાં વડિલો બાળકો પર અતિશય પ્રેમ કરતાં હોય છે. તેઓની બધી જરૂરીઆતો પૂરી કરવા પણ તૈયાર હોય છે. પરંતુ ઘણીવાર બાળકોનાં જીવનમાં ખરેખરો ભાગ લઇ શકતાં નથી. તેનાથી તેઓ દૂરજ હોય છે. આનું એક કારણ વિનોદવૃત્તિનો અભાવ એ હોય છે.

શિક્ષકોનું પણ તેવું જ હોય છે. શિખવવાની ગંભીરતા અને જવાબદારી, ડહાપણભરી રીતે બાળકો સાથે વર્તવું, જરૂરી તેટલું જ બોલવું અને કરવું વગેરે વાતો એટલી તીવ્રપણે દેખાય છે કે પછી તેઓમાંથી વિનોદવૃત્તિની બાજી જ અદૃશ્ય થાય છે.

સ્ત્રીશિક્ષિકાઓમાં તો ખાસ કરીને વિનોદવૃત્તિનો અભાવ જ દેખાય છે. નાનીનાની વાતોમાં જ્યાં હસવું આવવું જોઇએ ત્યાં તેઓ ચિડાઈ જાય છે. જ્યાં ગમ્મત આવવી જોઇએ ત્યાં તેઓ કંટાળે છે. જ્યાં બેલાડીપણાથી હાસ્યનો ફુવારો ઉડવો જોઇએ ત્યાં તેઓ થાકીને ત્રાસી જતી દેખાય છે.

ઘણા શિક્ષણશાસ્ત્રીઓ કહે છે કે નાનાં બાળકોનું શિક્ષણ સ્ત્રીઓનાં હાથમાં સોંપાવું જોઇએ. મારો મત આથી તદ્દન ઉલટો છે. એનું એક મુખ્ય કારણ એ કે મૂળે શિક્ષકોમાં જ વિનોદવૃત્તિ ઓછી હોય છે. તેમાં સ્ત્રીશિક્ષકોમાં તો ખૂબ જ ઓછી જણાય છે. ચિડાએલી, કંટાળેલી, ત્રાસેલી, દબાએલી કૃપાળ પર કરુણલીઓ

પડેલી એવી આ શિક્ષિકાઓના હાથમાં બાલપુષ્પો કેવી રીતે સોંપવાં ?

આ કારણે સ્ત્રીઓએ શિક્ષકનો ધંધો છોડી દેવો એવો અર્થ નથી પણ પોતાનામાં રહેલી આ ખામી કાઢી નાખવાનો વિશેષ પ્રયત્ન કરવો એ છે. તેનો રસ્તો એ કે આપણે શિક્ષકોના જીવનમાં જ્યારે જ્યારે ચિડાયા હોઇએ, ગુસ્સે થયા હોઇએ, ત્રાસી ગયા હોઇએ તે બધા પ્રસંગો યાદ કરી તે તે વખતે હસવું શક્ય હતું કે નહીં તેનો વિચાર કરી જોઈએ.

બાળકોની નજીક જવાનો આ એક જ માર્ગ છે. જો તેઓના વિનોદમાં આપણે તદ્રુપ થઇ જઈ ભાગ લઇ શકીએ તો તેઓ આપણાં બની જાય છે. આપણા વચ્ચે જે ઉંમરનું અંતર હોય છે તે જઇને મિત્રતાનો સંબંધ બંધાય છે. અને તેને પરિણામે આપણું શિક્ષણકાર્ય સુલભ થાય છે.

આમ કરવામાં બાળકો સાથે બરોબરીઆના નાતે વર્તવું જોઇએ. તેવે વખતે બાળકોની ગમ્મત સહન ન થાય તેમાં વિનોદવૃત્તિનો અભાવ જ સમજવો અને તે બાળકોના મિત્ર બનવાની આપણી અપાત્રતા જ સમજવી.

આપણે શિખવતી વખતેની અને બીજા બધા ઠેકાણેની ગંભીરતા બાળકોને માટે બહુ ભારરૂપ અને અસહ્ય બને છે.

એક પહેલીનો વર્ગ મારા હાથમાં આવ્યો. કાંઇ કારણોથી લેખનવાચનમાં તે વર્ગ સાવ કાચો રહ્યો હતો. બાળકો જોયાં હોય તો ખૂબ જ બુદ્ધિશાળી હતાં–આમ હોવા છતાં સાદા શબ્દો પણ તેઓ વાંચી શકતાં ન હતાં અને લખતાં તો જરાય આવડતું ન હતું.

મેં ચિઠ્ઠીવાચનથી શરૂઆત કરી. પાટીઆ પર હું ચિઠ્ઠી લખતી. દરેકે મનમાં વાંચવાનું હતું અને એ પ્રમાણે કરવાનું હતું.

મેં લખ્યું, "આળોટો." બાળકો વાંચવા લાગ્યાં. એકને એનો અર્થ સમજાયો. તે બ્હીતા બોલ્યો, "એટલે શું અમારે આળોટવું ?" મેં ડોકું ધુણાવી હા પાડી.

બાળકો જરા અચકાવા લાગ્યાં. મેં ફરી લખ્યું "દડુક દડુક આળોટો" બાળકો આળોટવા લાગ્યાં. આળોટતાં આળોટતાં તેઓનો સંકોચ ગયો.

"હજુ લખોને. આવું જ લખો."

મેં લખ્યું, "જીભ કાઢો." "કાન પકડો." "કૂદકા મારો".

બસ બાળકોમાંથી વાંચવાનો કંટાળો ચાલ્યો ગયો. હમેશ હું પાટીઆં ઉપર આવા પાઠ લખતી અને તેઓ તે વાંચતાં.

મેં બીજે દિવસે પાઠ લખ્યો તેમાં વર્ગમાંનાં બાળકોનાં નામો લીધા અને તેમની સાથે થોડાં ગમે તેવાં ક્રિયાપદો જોડ્યાં.

શરદ ભૂંકે છે.

છોટુ કાન હલાવે છે.

બચુ પૂંછડી હલાવે છે.

બાળકો વર્ગમાં આવીને વાંચવા લાગ્યાં. ખૂબ જ ખુશ થયાં. પાઠ પાંચ પાંચ દસ દસ વખત વાંચી કાઢયો અને પછી પોતે જ જોઇ જોઈને તે લખવા બેઠાં. એક છોકરો બોલ્યો, "તારાબેન, અમારા વિષે લખ્યું છે. તેવું તમારા વિષે પણ લખોને ?"

"તો તું જ લખાવ ને ! હું લખું છું."

તેણે કહ્યું, "તારાબેન પડ્યાં."

બાળકોનો વાચન લેખન પરત્વેનો કંટાળો ગયો.

રોજ નવો પાઠ હું લખતી તેઓ તે વાચતાં અને લખતાં. એમ કરતાં કરતાં પહેલું પુસ્તક સહજ વાંચતાં આવડી ગયું.

આજ રીતે એક વર્ગને શુદ્ધલેખનનો કંટાળો આવતો. મેં કહ્યું "ચાલો હું શુદ્ધલેખન લખાવું છું. લ્યો નોટબુકો." બાળકો બોલવાં લાગ્યાં; "ના, ના. અમારાં આંગળાં દુઃખે છે."

મેં જણાવ્યું, "તેવું કાંઇ નહીં. લ્યો પેન્સીલો ચાલો શરૂ કરો." અને એમ કહી શરૂઆત કરી.

"એક હતી નદી. તેના કાંઠે એક ઝાડ હતું. તેની ઉપર આવ્યાં હતાં ફાનસ. કેટલાંક હતાં નાનાં કાચાં. કેટલાંક હતાં મોટાં ને પાકાં. ત્યાંથી નીકળ્યું એક ગધેડું. તેણે એક મોટું ફાનસ તોડી લીધું..."

ભારે વિચિત્ર હતું તે શુદ્ધલેખન! પણ તેનું પરિણામ સારું જેવું થયું. શુદ્ધલેખન માટે બાળકો હમેશ મારી પાછળ લાગવાં–લાગ્યાં.

ટૂંકમાં તેઓને ગમ્મત અને રમત જેવું જોઈએ છે. આપણે ગંભીર થઈને કહીએ છીએ, કે "કેમ નથી આવડતું વાંચતાં? વાંચો પચાસ વાર. લખો સો વખત." આમ થતાં ધ્યામણાં બની બાળકો શીખે છે પણ મનથી ક્ષુબ્ધ જ બને છે– આગળ જતાં આ બધું શિક્ષકને માટે પણ વધુ કઠણ બને છે અને બાળકોને માટે પણ વાતાવરણ બહુ ભારે બને છે– એવાં વાતાવરણમાં એમનો વિકાસ પણ અટકી પડે તો શું નવાઈ?

ગણિત શું કે ભૂગોલ શું? કોઈપણ વિષયમાં બાળકોની રીતે સહજ રીતે પ્રવેશ કરતાં આવડવો જોઈએ. અને તે કેમ કરવું તે બાળકો જ આપણને શિખવી શકે છે.

બાળકોમાં નૈસર્ગિક એવું તાજાપણું હોય છે. અને એને જ પરિણામે એમનામાં ખેલાડીપણું હોય છે. તે આપણે તેમની પાસેથી શિખી લઇએ તો શિક્ષણમાં સાહજીક રીતે ઉત્તમપણું આવે. શિક્ષણપદ્ધતિઓમાં મોટામાં મોટી પદ્ધતિ તે કે બાળ સહજ વિનોદવૃત્તિ પ્રાપ્ત કરવી. અને તે બાળકોની મૈત્રી સાધીને જ મળે છે– તે મૈત્રી મેળવવા આપણી ઉંમર, આપણો દરજ્જો આપણો અધિકાર, વગેરે બધું જ બાજુએ મૂકી દેવું જોઈએ અને તેઓ સાથે ઓતપ્રોત બની જવું જોઈએ.

અમારી શાળામાં નિરીક્ષિકા બાઈ આવ્યાં હતાં. તેઓ આવ્યાં હતાં શાળાની પરીક્ષા લેવા પણ પહેલાં બાળકોએ જ એમની પરીક્ષા લીધી.

તેઓ એક વર્ગમાં ગયાં. એક ચાર વર્ષના બાળક પાસે જઈ કહ્યું, "તું શું કરે છે તે દેખાડ." તેણે પોતાનું ચિત્ર સંતાડી દીધું અને હસતો હસતો બોલ્યોઃ "હું નહીં દેખાડું."

તે બાઈ પોતાનો હોદ્દો ભૂલી, જમીન પર લાંબા પગ કરી બેસી ગયાં તેની પાસે. બોલ્યા, "હું આ બાજુથી જોઇશ!" વગેરે. એક મિનિટમાં જ તેઓ તે બાળકનાં દોસ્ત બની ગયાં.

તેમનામાં માત્ર જ્ઞાન અને વિદ્વત્તા હોત, માત્ર અધિકારની કડકાઈ હોત, માત્ર મોટાપણું હોત તો સરકારે ભલે તેમને નિરીક્ષણના કામ માટે યોગ્ય ઠરાવ્યાં હોય પણ બાળકોએ તો નાપાસ જ ઠરાવ્યાં હોત!

ઘણાંને એવી બીક લાગે છે કે શિક્ષકો જો પોતાનો મોભો ન સાચવે તો બાળકો એમનું સાંભળશેજ નહીં. બાળકો એમના માથે ચડી બેસશે! એમનું માન નહીં સાચવે.

પણ આ બીક નિરર્થક છે. પહેલાં આપણે બાળકનાં થવું જોઈએ અને તેઓ આપણા થવાં જોઇએ એટલે ઘણું થઈ શકે છે.

બાળકો ચિડવે, ચાળા કરે, વગેરે જે કરે છે તેમાં શરૂઆતમાં વિનોદવૃત્તિ હોય છે. પણ મોટા લોકો ગુસ્સો કરવા લાગે એટલે એમાં પણ મશ્કરીનું તત્ત્વ ભળે છે. ડોશીમાંનું જમતાં જમતાં

મોહું કેવું થાય છે, બાપુજી બોલતાં બોલતાં ડોક કેવી હલાવે છે, શિક્ષક એનો શબ્દ કેટલી વાર બોલે છે વગેરે આ જાતની અનેક ગમ્મતની વાતો બાળકોનાં ધ્યાનમાં આવે છે; અને તેઓ તે પ્રમાણે નકલ પણ કરી બતાવે છે. એક અર્થે જોઈએ તો અભિનય કલાની જ દિશામાં તેઓ વિકસતાં હોય છે. કમર પર હાથ રાખી, હાથમાં લાકડી લઈ ચાલવું, સોપારી ખાતાં ખાતાં મોહું વાંકુચૂંકું કરવું એવું તો નાનાં દોઢ બે વર્ષનાં બાળકો પણ કરે છે અને એવે વખતે મોટાંઓ એ જોઈએ હસે છે ને રાજી થાય છે. પણ તેઓ જરા મોટાં થયાં કે તેમના પર સભ્યતાની કલ્પનાનો ભાર મૂકીએ છીએ ને તેમની ગમ્મતો આપણે દાબી દઈએ છીએ. જેમાં તેમને ઘણું નુકસાન થાય છે.

વિનોદવૃત્તિ માણસની અનેક અડચણોમાં મોટો આધાર છે. ગમે તેવો વિકટ પ્રસંગ આવે. ગમે તેટલી નિરાશા થાય, ગમે તેટલું દુઃખ પડે, તે વખતે જો માણસમાં વિનોદ વૃત્તિ અને ખેલાડીપણું હોય તો તે તેનો સામનો કરી સાબૂત રહી શકે છે. એ સિવાય અડચણોની આગળ તે તૂટી પડે છે. જીવનમાં તૂટી પડેલાં ઘણા કિસ્સાઓમાં આવી વૃત્તિના અભાવવાળા માણસો નજરે પડે છે. પાશ્ચાત્ય વાતાવરણમાં જન્મ પામેલ (લાઈટ કોમેડીઝ) વિનોદયુક્ત ચિત્રપટોનો આજ મર્મ હોય છે. કોઈ પણ બાબતને ખૂબ ખૂબ લાંબી ખેંચી મનમાં ટુકડા કરી નાખવાને બદલે તે તરફ વિનોદવૃત્તિથી જોવાનું શિખવું જોઈએ. પ્રેમભંગથી હતાશ બનેલો માણસ તદ્દન શોકગ્રસ્ત બની જાય તો કેવો હાસ્યાસ્પદ દેખાય છે તે આવા કોઈ-કોઈ ચિત્રપટમાં ઉત્તમ રીતે દેખાય છે. અનેક દુઃખોના પ્રસંગમાં પણ માણસની વિનોદવૃત્તિ, તેની હસવાની શક્તિ જો કાયમ ટકે તો તે એવા પ્રસંગોએ કેવા શૌર્યથી ટકી શકે છે તે શિખવા જેવું હોય છે.

શિક્ષકોમાં આ વાતની ખાસ જરૂર છે અને સદ્‌ભાગ્યે તે બહુ સરળતાથી તેમને મળી શકે તેવું હોય છે. શિક્ષકોને પગાર બહુ ન હોય, મોટો હોદ્દો ન હોય તો એક બહુમોલ વસ્તુ તેમને મળે છે અને તે બાળકોની સોબત. તાજી શક્તિથી ભરપૂર વાતાવરણમાં રહેવાનું એમને મળે છે.

આજે લોકો શુદ્ધ તાજી શક્તિદાયક હવા માટે કેટલાય પૈસા ખર્ચે છે. આ જેવી શરીરની આવશ્યકતા છે તેવી જ મનની પણ ગણવી જોઈએ. રોગના જંતુથી વ્યતિરિક્ત એવા ચોખ્ખા શુદ્ધ વાતાવરણની મનને માટે પણ આવશ્યકતા છે. શિક્ષકોના ભાગ્યમાં તે હોય છે. એવા એ વાતાવરણમાંથી શિક્ષક પોતે તાજાપણું મેળવવાને બદલે, પોતે પોતાનું ઠંડાપણું, પોતાનું ભારેખમપણું બાળકો પર લાદે છે. પોતાની નિરાશા, વગેરે સ્પર્શજન્ય રોગો બાળકોને આપે છે. એટલે શિક્ષકોનું આ તરફ વિશેષ ધ્યાન ખેંચવાની જરૂર છે.

થોડી દૃષ્ટિ મેળવીએ તો જે વાતથી આજે ગુસ્સો આવે છે તેનાથી કાલે હસવું આવવા લાગશે. બાળકો ગમે તેવી કાલી ઘેલી વાતો કરે તેનાથી સંતાપ આવવાને બદલે તેમાં ગમ્મત દેખાવા લાગશે.

સાર એ કે શિક્ષકવર્ગને કોઇ જરૂરી વસ્તુ હોય તો તે હસતાં શિખવાની. માત્ર મોટા લોકોનું જૂઠું હસવું જેમાં માત્ર દુઃખના નિસાસા જ બહાર પડે છે–તેવું નહીં પણ બાલસહજ એવું તાજા જીવન પ્રવાહનું ખળખળ વહેતું હાસ્ય. અને તે આપણે બાળકોના નિર્મળ સહવાસમાંથી તેમની મૈત્રી કરીને સાધ્ય કરી લેવું જોઈએ.

તા.

બાળકનો શબ્દભંડાર

બાળક બોલવા લાગે છે. આપણે ઘરમાંના માણસો તેને શિખવવા લાગીએ છીએ. બાળક પા, પા, બા, બા, મમા, મમા, કરે છે. આપણે શિખવીએ છીએ. 'બાપા કહે, મામા બોલ, મામ મામ' બોલ.

શરૂઆતમાં બાળકના મોંથી માત્ર અર્થરહિત ઉચ્ચાર થાય છે. પછીથી તે અર્થ હોય એવા શબ્દ બોલવા લાગે છે. કેટલાક શબ્દો આપણી પાસેથી તે શિખીને બોલે છે તો તેના કેટલાક શબ્દોનો આપણે અર્થ બેસાડીએ છીએ. એટલે પોતાનો અર્થ વ્યક્ત કરવા માટે તે નવા જ શબ્દો બનાવે છે. મામ્ દૂ દૂ, ભૂ ભૂ, વગેરે શબ્દ મૂળ બાળકે બનાવેલા છે. તેના વાંકા ચૂંકા ઉચ્ચારને જ આપણે અર્થ આપેલો છે. અને હવે તે એટલો રૂઢ થઈ ગયો છે કે તે સર્વસાધારણ બાળ-ભાષા થઈ ગયેલ છે. નવું બોલતાં શિખેલ બાળકને મા કહેશે. "ચાલ બાબુ મામં મામં કરવા." બાળક પણ કેટલાક દિવસ જતા મામં, મામંનો અર્થ સમજવા લાગે છે. અને બોલવા માટે સરળ હોવાને લીધે મામં મામં સ્વતઃ બોલવા લાગે છે. એટલે કે ઉચ્ચાર કરવા લાગે છે. અને ધીમે ધીમે યોગ્ય જગાએ તે શબ્દ અર્થ સમજીને વાપરવા લાગે છે. સારાંશ કે શરૂઆતમાં આપણે બાળકને સારા પ્રયત્નપૂર્વક ઉચ્ચાર અને ભાષા શિખવીએ છીએ. નોકર ચાકર, દૂધવાળો, શાકભાજીવાળો, બધાય તેને થોડી ભાષા શિખવે છે.

આ ભાષા શિક્ષણમાં બાળક ઘણીય બાબતો શિખે છે. એકાદ શબ્દનો યથાર્થ અર્થ સમજી લેવો એ સાદી અને સહેલી વાત નથી. આમાં મોટો તાર્કિક વ્યાપાર મગજમાં થાય છે. દાખલા તરીકે એક ઘોડો કહીએ તો બાળકને પહેલી વખત લાગશે કે એક ચાર પગનું જનાવર. પછી કદી તે લાલ દેખાય, કદી સફેદ દેખાય, કદી કાળો દેખાય તે બધાને ઘોડો જ કહેવો એવું બાળકને સમજાય છે. પછી કદી ઊંટ જુએ, બળદ જુએ તો તે પણ ચાર પગનું જનવર હોવા છતાં તે ઘોડો નથી એમ ઓળખાવવું. એટલે કે થોડો થોડો ફરક હોવા છતાંય કેટલુંક વિશેષ સામ્ય હોવાથી કેટલાકને એક જ નામથી સંબોધવું અને કેટલાકમાં ઘણો ફરક હોઈ કોઈ બાબતમાં સામ્ય હોય તો પણ તેનું જુદું નામ અપાય છે એ કળવા માટે તેને વિચાર કરવો પડે છે. આ બુદ્ધિનો વ્યાપાર મનમાં ચાલતો જ હોય છે. તે સિવાય બાળક ભાષા શિખી શકતું નથી.

બીજું એટલે ભાષાનું વ્યાકરણ પણ તે શિખતું જાય છે. આપણે નરજાતિ અને નારીજાતિ વગેરેનો જુદો ઉપયોગ કરીએ છીએ. રામો આવ્યો એમ કહીએ છીએ. સખુબાઈ આવી એમ કહીએ છીએ. બાપા આવ્યા, ગયા, એવા અનેક પ્રયોગ તેના કાન પર આવે છે. લિંગ, વચન, કાળ, પ્રયોગ વગેરે પ્રમાણે રૂપ બદલીને શબ્દ વાપરીએ છીએ. પણ બાળક તે બધું ધીમે ધીમે ગ્રહણ કરતું જાય છે. 'આપીશ' એટલે શું અને આપ્યું એટલે શું. 'રામાને' એટલું શું અને 'રામાનું' એટલે શું. વગેરે સૂક્ષ્મ ભેદ પણ તે સમજવા લાગે છે. એટલું જ નહિ પણ તે પ્રયોગ તેને પોતાને વાપરતાં પણ આવડવા લાગે છે.

સારાંશ બાળકને શાળામાં મૂકયા પહેલાં કોઈએ શિખવ્યું ન હોય છતાં પોતાના જ પ્રયત્નથી ઘણુંય શિખે છે અને થોડા કે અધિક પ્રમાણમાં ભાષા પર પ્રભુત્વ મેળવે છે.

આ વખતે ઘરમાંના માણસોએ એક બાબત કરવા જેવી છે. અને તે એ કે બાળકનો શબ્દ ભંડાર વધારવા માટે મદદ કરવી.

ભાષાનો મુખ્ય આધાર શબ્દ ઉપર રહે છે. જેટલો શબ્દ ભંડાર મોટો તેટલા પ્રમાણમાં ભાષા પર પ્રભુત્વ વધારે હોય છે. અને વિચાર વ્યકત કરવાની શકિત પણ વધે છે. કારણ કે એક જ અર્થના ચાર શબ્દ હોય તો ચારેનો અર્થ બીલકુલ સરખો જ હોય એમ નથી. તેમાં સૂક્ષ્મ ફરક હોય છે. કેટલીક જગાએ તેમાંનો એક શબ્દ યોગ્ય હોય તો કેટલીક જગાએ બીજો જ શબ્દ હોવો જોઇએ. જેમ કેઃ—રાગ, ક્રોધ, સંતાપ, ચીઢ, કોપ પ્રકોપ, એ જુદા જુદા અર્થવાળા શબ્દો છે. ઘણીએ વખત અમારા માસ્તર બીજાયા, ચિઢાયા વગેરે વાપરવાનો બાળકને પણ વખત આવે છે. આ ઉદાહરણ જરા સૂક્ષ્મ અર્થનું છે પણ બધાં વસ્તુ દર્શક નામમાં પણ એવો ફરક હોય છે. જ્યારે બાળક કહે 'સુપારીનો ખૂમચો', અને તે વખતે આપણે કહીએ 'સોપારીની તાસક' તો તાસક અને ખમચો ઘણી વખત સરખાં હોવા છતાં એ બંને શબ્દ બાળક શિખી શકે છે અને યોગ્ય સ્થાને વાપરી શકે છે. વાટકી, પ્યાલો, તપેલી, પંચપાત્ર, કટોરી વગેરે થોડી થોડી સરખી દેખાતી વસ્તુઓનાં જુદાં જુદાં નામો બાળક શિખી શકે છે, ત્યારે તેના દરેકનો આકાર અને ઉપયોગનો બારીક ફરક પણ તેને સમજાય છે. કેટલીક મોટી છોકરીઓને નાની મોટી તપેલી, ગંજ અને મોટાં તપેલાં વગેરેનો ફરક અને તેના જુદા જુદા શબ્દોની પણ ખબર હોતી નથી. આનું કારણ યોગ્ય સમયે તે શબ્દો તેના કાને ગયા જ હોતા નથી.

બાળપણમાં બાળક જેમ, ચાક, શંખ, છીપલાં, લખોટા, કાચ વગેરે ગમે તે વસ્તુનો સંગ્રહ કરતાં હોય છે તેમ શબ્દનો સંગ્રહ પણ તે મગજમાં પુષ્કળ કરી શકે છે. ફક્ત તેના કાન પર યોગ્ય શબ્દો પડતા જાય એ જરૂરી છે.

આ માટે મોટા માણસોએ દિવસમાંનો થોડો સમય તો બાળક સાથે વાતો કરવા માટે ખાસ નક્કી રાખવો જોઈએ. બાળક દિવસભર કાંઈ ને કાંઈ અને ગમે તેની સાથે તો બોલતું ચાલતું હોય છે જ. પણ ઘરના માણસોની પ્રયત્નપૂર્વક વાતોથી ઘણો ફાયદો મળે છે. તે વખતે બાળકનો શબ્દ સંગ્રહ તપાસવો અને નવા નવા શબ્દો તેને આપતા જવા.

બાળકને વાપરવા જેવા શબ્દોની યાદી કરવા જેવી છે. જેમકેઃ—અવયવોના શબ્દો કાન, નાક, આંખ, કપાળ, મોં, હોઠ, પેટ, પીઠ વગેરે સામાન્ય શબ્દો બહુ તો બાળક ત્રણ વર્ષનું થાય એટલે આવડે છે પણ પછી કહેવું કે કોણી બતાવ, ઘુંટણ બતાવ, ભમર, છાતી, કેડ, ડોક, પાની, વેઢા, નખ વગેરે અનેક શબ્દ આપવા યોગ્ય હોય છે. અને આવા શબ્દો આપ્યા પછી બાળક જલ્દી ગ્રહણ કરવા પણ તૈયાર હોય છે.

કપડાંનાં નામ, ઘરમાંની વસ્તુનાં નામ, ઘરના જુદા જુદા ભાગના નામ, રસોડાંની વસ્તુનાં નામ, અનાજનાં નામ, ખાદ્ય પદાર્થના નામ, ફૂલનાં નામ, ઝાડનાં નામ, પશુ, પક્ષી વગેરેનાં નામ, રંગના નામ, વાહનના નામ, થોડી દવાઓના નામ,, માણસોના નામ, ગામનાં નામો વગેરે અનેક પ્રકારના શબ્દો બાળકને કહેવા જેવા છે. આ તો નામ થયાં. પણ ક્રિયાપદ, વિશેષણ, ક્રિયા-વિશેષણ, વગેરે શબ્દોના બધા પ્રકાર પણ આપણે આપી શકીએ.

આપણું વલણ આનાથી ઉલટું હોય છે. બાળક સાથે બાળકની ભાષામાં બોલવું જોઈએ.

એનો અર્થ એમ નથી કે આપણે ગમે તેવી અસમૃદ્ધ ભાષામાં બોલવું.

કેટલાક વિચાર, કેટલીક બાબતો અને તેના કેટલાક શબ્દો બાળકને સમજાતાં નથી. તેથી મોટાઓની ભાષા જુદી પડે છે. જેમકેઃ—યુવાવસ્થાની ભાવના, પ્રૌઢપણના અથવા ઘડપણના પુષ્કળ વિચારો, મોટા જગતના અનેકવિધ વ્યવહાર વગેરેની બાળકને માહિતી ન હોઇને તેઓની ભાષા બાળક સમજી શકતું નથી એ સાહજિક છે પણ જે વાત તે જોઈ શકે, કરી શકે, અનુભવી શકે છે તેવા શબ્દો વાપરવા, તે તેની કક્ષાની બહારના નથી. તેમાંના અનેકવિધ શબ્દ શિખવવા એટલે ભાષાની અને વિચારની સૂક્ષ્મતા શિખવીએ છે. અને તે બધું બાળક શિખી શકે છે. ફક્ત આપણે તેની આગળ તે શબ્દ અર્થપૂર્વક વાપરેલો હોવો જોઇએ. અને તે પ્રત્યે જરૂર હોય ત્યાં તેનું લક્ષ ખેંચવું જોઇએ. જમણમાં શાક હોય પણ તેમાંય આપણે કેટલા પ્રકારના શબ્દો વાપરીએ છીએ. કોરું શાક, તળેલું શાક, રસાળું શાક વગેરે શાકના અનેક શબ્દો વાપરીએ છીએ. જમતી વખતે આ બધાંમાંના ફરક પ્રત્યે બાળકનું લક્ષ જાય છે. પણ આપણે બાળક સાથે બોલતી વખતે આ બધાંને શાક જ કહીએ તો આ બધાંમાંનો બારીક ફરક હોય તે બાળકના લક્ષમાં આવતો જ નથી. પણ તેના યોગ્ય રૂપમાં યોગ્ય જુદો શબ્દો વાપરીએ તો તે બારીક ફરક લક્ષમાં આવશે.

સામાન્ય અનુભવ એવો છે કે બાળક શબ્દ પકડવામાં ઘણું જ ચપળ હોય છે. જેટલી સમૃદ્ધ ભાષા આપણે વાપરીએ તેટલી તે ગ્રહણ કરી શકે છે. મોટા મોટા સંસ્કૃત શબ્દો પણ તે શિખી જાય છે અને યોગ્ય જગાએ વાપરે છે.

આપણી પાસેથી આપણી ભાષાનો પૂર્ણ વારસો મેળવવાને બધાં બાળકોને સરખો હક છે. મિલકતના વારસાની વહેંચણી કરવી પડે પણ આ વારસો તો બધાંને પૂર્ણપણે ને સરખો મળી શકે છે. માત્ર અક્ષરો જ નહિ. પ્રત્યેક શબ્દ સાથે ચોકસ ભાવ અને અર્થ હોય છે તે લક્ષમાં લઈ બાળકનો શબ્દ ભંડાર ભરપૂર ભરવાની આપણે કાળજી રાખવી જોઈએ.

એક બાબત સારી રીતે લક્ષમાં રાખવી જોઇએ કે બાળકનું ભાષા શિક્ષણ બાળકને કંટાળારૂપ અને ત્રાસદાયક થાય એવું ન હોય. એટલે કે યુક્તિ પ્રયુક્તિપૂર્વક તે નહિ સમજે એ રીતે પણ શિક્ષણ આપવું નહિ. પણ જેમ વસ્તુઓ સંગ્રહ કરવાનો શોખ લાગે તેમ શબ્દ સંગ્રહ કરવાનો પણ શોખ લાગે એ રીતે ગમ્મતથી રમતાં રમતાં એ થવું જોઈએ.

બીજી બાબત એ લક્ષમાં રાખવી કે બાળક બાળકમાં, તેના રસના વિષયમાં ફરક હોય છે. કેટલાંકને મોટર, વિમાન વગેરે યંત્રોમાં એટલી મઝા પડે છે કે તેના સંબંધમાં જેટલા શબ્દો કહીએ તે બધાય તે ગ્રહણ કરી લે છે. પણ શિવવાની વસ્તુઓ અથવા અનાજ વગેરેનાં નામો તેના લક્ષમાં રહેતાં નથી. જ્યારે કેટલાંક રસોડાની એકે એક વસ્તુના નામો મોટાઓને આવડે એ બધાં જાણતાં હોય છતાં રંગોના નામો તેમના ધ્યાનમાં રહતાં નથી. આવો વ્યક્તિગત ફરક હોય ત્યાં બાળકને મઝા પડે એ વસ્તુ મુખ્ય હોવી જોઇએ. આ સિવાય બાળક બાળકમાં બીજો પણ ફરક હોય છે. કેટલાંક ભાષા પ્રધાન હોય છે, કેટલાંક ક્રિયાપ્રધાન હોય છે. કેટલાંકને નવા નવા શબ્દો શિખવા બહુ ગમે છે. તેના ધ્યાનમાં તરત એ શબ્દ આવી જાય છે. અને વાપરતી વખતે તે બરાબર યાદ રાખે છે અને

બોલે પણ છે. જ્યારે કેટલાંકને તે સમજાતું નથી. માટે શબ્દ ભંડાર વધારવાની બધાં બાળકમાં સરખી શક્તિ હોતી નથી એ જોઈ લેવું જોઇએ. આપણે યોગ્ય શબ્દ રોજ આપતા રહીએ અને વાતચીત કરીને વધુ ચાર છ શબ્દ આપતા રહેવું. એકાદ બાળક ભાષાવિમુખ હોય તો પણ પાંચ દશ નવા શબ્દો તો શીખી જ લેશે. ભાષાનો શોખ હોય તે બાળક તેટલા વખતમાં ૫૦ ૬૦ શબ્દો લેશે.

આવી રીતે ઘરે બાળકના ભાષાશિક્ષણમાં શબ્દ ભંડાર વધારવામાં આપણે મદદ કરી શકીએ તેમ કરવું જરૂરનું છે. કારણ ઘરના વિષયો, વસ્તુઓ વગેરે બધું શાળામાં હોતું નથી એટલે ઘરે સહેજે વાત-વાતમાં ચાર શબ્દો આવી શકે છે તે શાળામાં આપવા અઘરા હોય છે.

એટલું ધ્યાનમાં રાખવું કે ઘર પણ શાળાની જેમ કંટાળાભર્યું ન લાગે. શાળામાં નકામું ને ન ગમતું શિખવું પડે છે તેથી બાળકને શાળા ગમતી નથી. તેમ ઘરમાં પણ થવા ન લાગે એટલે કે બાળક શોખથી ને આનંદથી શબ્દો સાંભળે ને શિખે તે જોવાનું છે. તે એક અણ-ગમતો અભ્યાસ ન થવો જોઈએ.

નાંધપોથીમાંથી

(૧)

શિયાળાની ઋતુ હતી.

એક બાળક ચંપલ પહેરીને ઓરડામાં અને લોબીમાં ફરતું હતું. એમને જોઇને શિક્ષકે કહ્યું. બૂટ ત્યાં ઉતારશો ? બાળક બૂટ ઉતારવાને બદલે કમ્પાઉન્ડમાં ચાલતું થયું.

શિક્ષકો અને બાળકો આ વખતે વાતચીત અને હાજરીની પ્રવૃતીમાં હતા.

મુખ્ય શિક્ષક તે બાળક પાછળ ગયા. તે વખતે તેમના પગ ઉઘાડા હતા. પગથીઆં ઉતરતાં જ તેમને સમજાયું કે લાદી બૂબ ઠંડી લાગે છે. કમ્પાઉન્ડમાં ચાલતાં જણાયું કે પગમાં કાંકરી બહુજ ખુંચે છે.

શિક્ષકે બાળકને બોલાવીને કહ્યું તમને બીજે કંઇ વાંધો ન હોય અને ઠંડી લાગતી હોય તો ચંપલ પહેરી રાખજો અને આસન ઉપર બેસો ત્યારે ઉતારજો.

બાળકના મનનું સમાધાન થયેલું લાગ્યું. તેણે શિક્ષક તરફ અમી દૃષ્ટિ નાખી. તે તેની સાથે ઓરડામાં ગયું અને શિક્ષકે જેટલા પ્રમાણમાં દુરાગ્રહ રાખ્યો હતો તેમાં સ્હેજ પણ નમતું ન આપી આસન ઉપર બેસતી વેળા ચંપલ ઉતારી નાખ્યાં.

શિક્ષકે દુરાગ્રહ રાખી પ્રાસંગિક વિચાર વિવેક ન કર્યો હોત તો ઉપરોક્ત શુભ પરિણામ આવત ? અને બાળક બીજીવાર જાણ્યે અજાણ્યે પણ તેની સામે બંડખોર થેવાને ઉત્તેજીત થાત નહિ ?

(૨)

શિયાળાની ઋતુ હતી.

જીતેન્દ્ર ભાઇને હાથ પગ ધોવા ગમે નહિ. સવારના ઘરેથી જેમતેમ નાહીધોઇને આવે .એટલે આંખમાં ચીપડા, નાકમાં ગુંગાંનો થર, અને હાથે પગે મેલનો પાર નહિ. એટલે તેમને એવાને એવા રહેવા દેવાનું પણ કેમ પોષાય !

સવારને વખતે તો ટાઢ હોય પણ બપોરન તડકામાં તો બહુ જ ઓછી જણાય ને ! ભાઈને આવે વખતે પણ બોલાવીએ એટલે હાથપગ પછાડે, પાટાં મારે અને "તમે અહીંથી ભાગી જાવ" શું કામ આવ્યા "મને મૂકી દો" થીજ શરૂ કરે. વધુ વખત ઉભીએ તો બટકાં ભરવાનુંએ ન ચૂકે.

મને થયું જીતેન્દ્રભાઇ રોજ આમ કરે એ ઠીક નહિ અને તેનું કંઈક ચોક્કસ કારણ હોવું જ જોઈએ. તુરત જ હાથપગ ધોવાના પાણીની મેં તપાસ કરી. સામાન્ય રીતે શિયાળામાં પાણી તો ઠંડુ લાગે જ પણ જેમની કંઈક પ્રકૃતિ જ એવી હોય કે તેનાથી એટલુંય સહન ન થાય તેવાં ઉપર જબરદસ્તી થયા જેવું મને લાગ્યું. અને બને તો ગરમ પાણીની જ સગવડ કરવા વિચારી જોયું. તે જ વખતે જીતેન્દ્રભાઇને પણ મેં પૂછ્યું–ગરમ પાણીથી હાથ પગ ધોશો ? અને તેણે બિલ્કુલ રાહ જોયા વિના હા પાડી.

તરત જ ગરમ પાણીની જીતેન્દ્રભાઇ પુરતી સગવડ કરી. તેના હાથપગ ધોઇ સ્વચ્છ કર્યા. અને વગર આનાકાનીએ તેમણે પણ સ્વચ્છ થવામાં અમને મદદ કરી.

બીજા જ દિવસથી બધાં જ બાળકોને માટે આવી જાતની સગવડ થાય તેવો વિચાર કર્યો. અને તાજું નળનું પાણી જ–જે હુંફાળું આવતું હતું તે જ વાપરવાનું શરૂ કર્યું.

જીતેન્દ્રભાઈ અને બીજાં જેઓ કંઈક આના–કાની કરતાં હતાં તેઓ બધાં જ ખુશી થતાં થતાં તે દિવસથી સફાઇ કરીને ઓરડામાં આવતાં થતાં.

અને હું હાશકારો અનુભવવા લાગ્યો.

લાગુભાઈ

નૂતન બાલશિક્ષણ સંઘના સભ્યોને—

ચાલુ વર્ષ આ માસની આખર તારીખે પુરૂં થતું હોઈ વહેલામાં વહેલી તકે લવાજમ મોકલી આપવા વિનંતી છે.—

[નૂતન બાલ શિક્ષણ સંઘ—મુંબઈ શાખાની સ્થાપના થઈ; તેનું બંધારણ ઘડાઈ ગયું છે. તેની રીતસરની જાહેર ઉદ્‌ઘાટન ક્રિયા જાન્યુઆરી ૧૯૪૨ ના છેલ્લા અઠવાડિયામાં નૂતન બાલશિક્ષણ સંઘના મુંબઇના પ્રતિનિધિ સભ્યો, સક્રિય સભ્યો, સહાયક સભ્યો તથા સામાન્ય અથવા સહાનુભૂતિદર્શક સભ્યોની હાજરીમાં કરવાનું નક્કી થયું છે—આવતા જાન્યુઆરીના અંકમાં એની તારીખ સ્થળ તથા કાર્યક્રમ આપવામાં આવશે.]

અમને જણાવતાં દુઃખ થાય છે કે શિશુભારતી વડોદરામાં કામ કરતાં બેન મધુકાન્તા બેન પોતાની પચીસ વર્ષની યુવાન વયે તા. ૧૬મી નવેમ્બર ના રોજ અવસાન પામ્યાં છે. સ્વ. મધુકાન્તા-બેન સ્વ. ગિજુભાઈનાં વિદ્યાર્થિની હતાં અને શિશુભારતીમાં કામ કરતા ભાઈ રામપ્રસાદ પંડ્યાનાં પત્ની હતાં. પતિપત્નીની જોડીનું બળ શિશુભારતીને બહુ મોટું હતું. સંસ્થાના કાર્યવાહકો અને સ્વર્ગસ્થનાં સગાંવહાલાંઓને આ દુઃખ સહન કરવાની ઇશ્વર તાકાત આપો.

જરા નોંધ લેશો

ઘણાં ભાઇબહેનો પોતાનું પત્રિકાનું લવાજમ રૂા. ૧) એક મ. ઓ. થી મોકલે છે ત્યારે તેમાંથી મ. ઓ. કમીશનના આના બે કાપી લઇને મોકલે છે. અમે જણાવવાની રજા લઇએ છીએ કે ગ્રાહક-તરીકેનું લવાજમ રૂા. ૧) એક, અમોને કાર્યાલયમાં પૂરેપૂરૂં મળે તે રીતે જ તેમણે મ. ઓ. કરવો જોઈએ. જો તેઓ રૂપિયામાંથી બે આના કાપી લેશે તો એ અધૂરૂં લવાજમ ગણાશે. —વ્યવસ્થાપક.

મુદ્રક : કૃ. ના. સાપલે : રામકૃષ્ણ પ્રિં. પ્રેસ : ત્રિભુવન રોડ, મુંબઈ ૪.
પ્રકાશક : તારાબેન મોડક : 'શિક્ષણપત્રિકા' કાર્યાલય : હિંદુ કૉલની, દાદર.

શિક્ષણપત્રિકા

(નૂતન બાલશિક્ષણસંઘ)

આદ્યતંત્રી : સ્વ. ગિજુભાઈ બધેકા

: તંત્રી :

તારાબેન મોડક

વહેણનાં વમળ

એક પ્રથા ચાલુ હોય છે. ઘણો સમય તે ચાલુ રહે છે. જોરદાર વહેણ વહેતું હોય છે. લાખો લોકો તે વહેણમાં તણાયે જાય છે. ધુધવાટ કરતો તે પ્રવાહ વહ્યે જાય છે.

એવી સ્થિતિમાં એ વહેણમાં ન સપડાવું તે મહા મુશ્કેલ હોય છે. વહેણની–પ્રવાહની સાથે વહી જવું એ બૂબ જ સહજ હોય છે.

નવી દિશા દેવી એ મહામહેનતનું કામ છે. જૂની દિશા ચાલુ રાખવી એ સાવ સહેલું છે. અને એટલે જ સુધારણા મુશ્કેલ છે, રૂઢી સહેલી હોય છે.

તા.

આજનાં બાલમંદિરો

ગયા મહિનામાં હું વીશેક બાલમંદિરો જોઈ આવી. આપણે ત્યાંનાં બાલમંદિરો પરત્વે જે એક બે વાતો મારી નજરે આવી તે તરફ બાલમંદિરોનું અને નૂતન બાલશિક્ષણમાં રસ ધરાવનાર જનતાનું ધ્યાન ખેંચવા ઇચ્છું છું.

શહેરોનાં બાલમંદિરોની આગળનો મોટો પ્રશ્ન એ જણાય છે કે વાલીઓની શ્રદ્ધા કેમ મેળવવી. આવાં બાલમંદિરોનો ખર્ચ મોટે ભાગે વાલીઓ જ પૂરો પાડે છે. કેમ કે બાળકોની ફી આવે તેમાંથી જ તે નભે છે. તેથી આવી શાળાઓના અભ્યાસ અને શિક્ષણનું ધોરણ પણ મોટે ભાગે સીધી રીતે નહિ પણ અપરોક્ષ રીતે તેઓ જ નક્કી કરે છે. કેમ કે તે શાળાનો શિક્ષણક્રમ કે પદ્ધતિ તેમને પસંદ ન પડે એટલે તેઓ તરત પોતાના બાળકને ઉઠાડી લે છે. વાલીઓ બાળકોને ઉઠાડી ન લે માટે વાલીઓ રાજી થાય, તેમને પસંદ હોય એ પ્રકારનો અભ્યાસક્રમ રાખવાની શાળાના વ્યવસ્થાપકોને ફરજ પડે છે. તેથી જ વાલીઓ શાળાની શિક્ષણપદ્ધતિ નક્કી કરે છે એમ મેં ઉપર કહ્યું. આ કારણસર આ બાલમંદિરોમાં ચાલુ શિક્ષણમાં જોઈતા સુધારા, કે સિદ્ધાંતને વળગી રહેવાપણું કે કોઈ નવા પ્રયોગો વગેરે કશું જ દેખાતું નથી. એ બધું વાલીઓના હાથમાં હોય છે.

વાલીઓનું ધોરણ તો ચાલુ પ્રવાહ ચાલુ રાખવાનું હોય છે. તેમને શિક્ષણમાં કશી ગમ હોતી નથી. શિક્ષણમાં માથું મારવાની તેમની બાસ લાયકાત પણ હોતી નથી. તેમને વખત ને ઇચ્છા તો બિલકુલ જ હોતાં નથી. પણ તેઓ વાલીઓ હોઈ તેમનાં બાળકો ઉપર તેમની સત્તા હોય છે. એટલા જ માટે તેઓ કોઈ પણ શાળા ઉપર "આ શાળા બહુ સારી" અને "આ શાળા તદ્દન નકામી" એવી છાપ મારી શકે છે. અને જે શાળાઓને વાલીઓના આશ્રય ઉપર જ જીવવાનું હોય છે તેમને વાલીઓના મત વિષે ને તેમની છાપ વિષે ચિંતા કરવી જ પડે છે.

આ પરિસ્થિતિ મોટા ભાગનાં બાલમંદિરોની થઈ ગઈ છે. આ બાલમંદિરોમાં નૂતન શિક્ષણ, નૂતન શિક્ષણના સિદ્ધાન્તો, નૂતન ધોરણો, કે નૂતન શિક્ષકો વગેરે કશું જ દેખાતું નથી. આ બધી શાળાઓ હાલની મ્યુનિસિપાલીટીની પ્રાથમિક શાળાઓ જેવી પ્રાથમિક શાળાઓ થઈને બેઠી છે. કેમ કે વાલીઓનું શિક્ષણવિષયક જ્ઞાન મ્યુનિસિપલ પ્રાથમિક શાળાઓ જેટલું જ હોય છે.

મ્યુનિસિપલ શાળામાં જો ગડિયા ગોખાવાતા હોય તો વાલીઓ તે જ વસ્તુ આ શાળામાં પણ માગે છે અને વ્યવસ્થાપકોને તે વસ્તુ બીજે દિવસથી શરૂ કરવી જ પડે છે. એટલે એ શાળામાં પણ ચાર વર્ષનું બાળક પાટી લઈ એકડો બગડો લખવા લાગે છે ને પહેલા ધોરણનું બાળક ગડિયા બોલવા માંડે છે.

આમ ઘણાખરા બાલમંદિરોમાં મ્યુનિસિપલ પ્રાથમિકશાળાની પદ્ધતિએ અભ્યાસ કરાવી લેવામાં આવે છે. તે વગર વાલીઓ સંતોષાતા નથી. અને વાલીઓ સંતોષાયા વગર નવી શાળા જીવી શકે નહિ.

શિક્ષણક્ષેત્રમાં નૂતન બાલશિક્ષણના સિદ્ધાન્ત અનુસાર સુધારો કરવાના ઉચ્ચ આદર્શથી સ્થપાયેલાં બાલમંદિરોની આજે આવી કફોડી દશા થઈ છે. તેમને જ ઉલટું બીજી પ્રાથમિક

શાળાની પંક્તિએ જઇને બેસવું પડ્યું છે. આવી દુઃખદ પરિસ્થિતિ ઉત્પન્ન થવાનો દોષ કોને માથે?

બાલશિક્ષણમાં કશું સમજતાં નથી (એમાં વકીલ, ડૉક્ટર, પ્રોફેસરો અને બી. એ. બી. ટી. થએલા શિક્ષકો પણ આવે) છતાં શાળા ચાલુ રાખવાની અથવા બંધ પાડવાની સત્તા જેમના હાથમાં છે તેવા વાલીઓનો વાંક કાઢવો કે બાળશિક્ષણમાં સમજે છે પરંતુ શાળા પોતાના જ મત પ્રમાણે ચલાવવાની જેમના હાથમાં બરી સત્તા નથી તે વ્યવસ્થાપકોનો વાંક કાઢવો?

અજ્ઞાનીનો વાંક કદી હોતો જ નથી. કેમ કે તેઓ ખુલ્લી રીતે અજ્ઞાન જ હોય છે. અને સત્તાવગર ડહાપણ નકામું એ નિયમસર બીજાં જ્ઞાની હોવા છતાં અસહાય બની જાય છે. આવી સ્થિતિ છે આ બાલમંદિરોની.

વાલીઓના મત ઉપર જીવવું એટલે વાલીઓની રુચિ સાચવવી પડે છે. વાલીઓ શાળાની કિંમત બે વાતો પરથી આંકે છે.

એક તો બીજી શાળામાં ચાલે છે એટલો અભ્યાસ તેમના કરતાં જલદી કરાવી લે તે શાળા સારી. ચાર ધોરણનો અભ્યાસ ચાર વર્ષમાં મ્યુનિસિપલ શાળા પણ કરાવે છે અને વળી તેમાં મફત શિક્ષણ મળે છે. તો આ નવી શાળામાં આઠઆઠલી ફી આપવાથી લાભ શો? ચાર ધોરણો ત્રણ વર્ષમાં થતાં હોય તો તે કામનું. છ છ મહિને એક એક ધોરણ થાય તો તો વળી તેથી યે ઉત્તમ. આવા લાભ ખાતર ૫/૧૦ રૂપિયા વધારે જાય તો યે વાંધો નથી. એ ઉપરાંત પહેલેથી અંગ્રેજી દાખલ કરવામાં આવતું હોય તો તો સૌથી સરસ.

સારાંશ વાલીઓ જલદી ભણાવી દેનારી, મ્યુનિસિપલ શાળા જેટલું ભણાવનારી અને અંગ્રેજી શિખવનારી શાળાઓ ઉત્તમ વર્ગની ગણે છે. એ શાળાને વધારે ફી આપવી પડે તો વાંધો નથી.

પણ વાલીઓ એટલાથી જ સંતોષાતા નથી. તેટલું તો ઘેર શિક્ષક રાખીને પણ કરી શકાય છે. આ ઉપરાંત નૃત્ય, સંગીત, નાટક, ચિત્રકામ વગેરે પણ હોવું જોઇએ. અને આ વિષયો સારા થાય છે એનું માપ તે શાળાના મેળાવડા અને પ્રદર્શનો.

આ કારણે 'નૂતન શિક્ષક' ને 'નૂતન પાલક'ને સંતોષવા ખાતર શાળાનાં કામનાં ઉત્તમ પ્રદર્શનો અને મેળાવડાઓ કરવા પડે છે. તે માટે મહિના બે મહિના સુધી સ્પેશલ શિક્ષકો રાખવા પડે છે. ખાસ ખાસ બાળકોને ખાસ તૈયાર કરવાં પડે છે. જેમની પાસેથી શાળાને આર્થિક મદદ મળી શકે એવા વાલીઓનાં બાળકોને જાણી જોઇને આગળ લાવવાં પડે છે. ટૂંકમાં વાલીઓ ચકિત થાય, ખુશ થાય, આ નવી શાળામાં કંઈક અજબ છે એવી તેમની ખાત્રી થાય એવું એવું કરવાની શિક્ષકને ફરજ પડે છે.

આમાં યે તે હવે આ જાતની અનેક શાળાઓ નીકળવા લાગી. એટલે એકબીજાંની સરખામણીમાં અમારી શાળા સરસ છે એમ વાલીઓને દેખાડવાની જરૂર ઊભી થઈ છે. આ કારણસર એક બાલમંદિર બાળકોનું એક નૃત્ય બતાવે તો બીજાને બે બતાવવાની હોંશ થાય છે. કાંઈક ચમત્કૃતિજન્ય એવો કાર્યક્રમ શોધી કાઢવાની ફરજ પડે છે. તેમ કરવામાં બાળકો ઉપર તાણ પડે છે કે કેમ, તેથી બરું કલાશિક્ષણ અથવા કલાવિકાસ થાય છે કે કેમ વગેરે કોણ જુવે? વાલીઓને ખુશ કરવાં, તેમને ચકિત કરવાં એ હેતુ હોય છે માટે તેટલું કરવું એટલું જ ધ્યાન રાખવું પડે છે.

આવી ધમાધમીમાં જેમની પાસે નાણાનું ભંડોળ હોય તે ટકી શકે છે, તેઓ જનતામાં પ્રતિષ્ઠા મેળવી જાય છે. બીજાંઓને તેમની

પાછળ તણાવું પડે છે. પાસે નાણાં ન હોય તો દેવું કરીને, પણ તેમને નૃત્યશિક્ષક બે ત્રણ મહિના માટે તો રોકવો જ પડે. કપડાં, સીન્સ વગેરે કરવાં પડે, અને બીજાંઓની હારમાં રહેવું પડે છે. એમ ન કરે તો તેઓની 'નૂતન શાળા' ન કહેવાય. પછી તો તેનું જીવન જ સમાપ્ત થવાની વકી આવે.

આમ વાલીઓની ખુશામત અને અરસપરસની સ્પર્ધા, આવી એવડી પરિસ્થિતિની સામે આ શાળાઓને ટકી રહેવાનું હોય છે. તેથી તેની અંદર તત્ત્વઉપાસના જરી પણ રહી શકતી નથી. આ રીતે આજનાં બાલમંદિરોની કરુણાજનક અને અસહાય સ્થિતિ મને દેખાઇ. એમાં થોડાંએક બાલમંદિરો અપવાદ રૂપે છે. પણ મોટે ભાગે જેઓને વાલીઓની સહાય ઉપર જીવવાનું હોતું નથી તે એવાં છે. જેમના જીવનમરણનો પ્રશ્ન વાલીઓના આશ્રય ઉપર છે તેમને જીવતા રહેવાની ખાતર આ તરફ ઘસડાવું જ પડે છે.

આવી દુઃખદ પરિસ્થિતિમાંથી ઉગરવાનો કોઈ રસ્તો ખરો? રસ્તો એક જ છે, અને તે સંઘબળ વધારવાનો. એક એકને સમાજ સામે ટકવું અઘરું હોય, પણ પચાસ શાળાઓ ભેગી થઈ સમાજ સામે પોતાના સિદ્ધાન્ત ટકાવી શકશે. એક એક લાકડી તોડી શકાય, પણ પચાસનો ભારો બાંધ્યો હોય તો તે કોઈ તોડી શકે નહિ. આમ એક બીજાંના બળથી અને પોતાની સિદ્ધાન્તઉપાસનાના બળથી બાલમંદિરો જીવી શકશે.

આજે નૂતન બાલ શિક્ષણ સંઘ આવાં બધાં બાલમંદિરોને એકત્ર બાંધવા તૈયાર છે. તેની છાયા નીચે આ બધાં બાલમંદિરો એકત્રિત થાય છે. તેની મારફત આ બાલમંદિરો પોતાનું મંતવ્ય જનતાને સંભળાવી શકશે. જનતાના વિચારને નવું વલણ આપવાનું કરી શકશે. નૂતન બાલ-શિક્ષણ સંઘમાં આજે સમાજના આદરને પાત્ર એવી વ્યક્તિઓ છે. સમાજ જેમની પાસેથી દિશાસૂચન મેળવવા તૈયાર છે એવી અનેક વ્યક્તિઓ સંઘમાં જોડાતી જાય છે. તેથી આ સંઘની ઓથે, સંઘ દ્વારા, સંઘનાં બાલમંદિરો પોતાના માર્ગ-પર સ્થિર રહી શકશે.

પણ તે માટે એક શરત છે સાચી આત્મ-શુદ્ધિની.

સંઘનાં બાલમંદિરો આગળ એકજ ધ્યેય હોય. અને તે અનન્ય સિદ્ધાન્ત–ઉપાસના. જે સિદ્ધાન્તો ઉપર તેમની શ્રદ્ધા છે, જેના પ્રચાર માટે તેમણે જન્મ લીધો છે તેને પ્રાણ જાય તો યે છોડશું નહિ એવી પ્રતિજ્ઞા દરેક બાલમંદિરે લેવી ઘટે છે. પોતાના આત્મબળથી અને અડગ શ્રદ્ધાથી જ જનતાનો મત બદલાવી શકાય. સ્વાર્થથી ચાલનાર વ્યકિત ઉપર જનતા પોતાની સત્તા ચલાવશે જ.

સંઘની શાળાઓએ બીજી એક વાત ધાર્મિક ફરજ તરીકે કરવી જોઇએ. તે એ કે અંદર અંદર કદી પણ સ્પર્ધા ન કરવી. એક શાળા ત્રણ રૂપિયા ફી રાખે તો બીજી બે રૂપીઆ ફી રાખીને શરૂ કરે; એક શાળા તેડાગર રાખે તો બીજી મોટર રાખે; એકના આચાર્ય મહિનામાં એક વાર વાલીઓને ઘેર જાય તેમને મળતા હોય તો બીજા રોજ બાળકોને ઘેર જઇ માતાઓ સાથે ગપ્પાં મારી આવે અથવા બાળકોને વાર્તાઓ કહી રીઝવી આવે વગેરે પ્રકાર આપણા સંઘની શાળામાં કોઇકાળે પણ બનવા પામશે જ નહિ એવી પણ નૂતન બાલશિક્ષકે પ્રતિજ્ઞા લેવી જોઈએ.

નૂતન બાલશિક્ષક અને બાળમંદિરો પોતાના ઉચ્ચ આદર્શોને વળગી રહેશે ત્યાં સુધી જ નૂતન બાળશિક્ષણ સંઘ, બાલશિક્ષણમાં સુધારાઓ કરવાનું કામ કરી શકશે. સંઘના કામનો

આધાર સંઘમાં જોડાનાર મોટીમોટી વ્યક્તિઓનાં નામોપર નથી. તેમ જ સંઘના મુખપત્રમાં છપાતા ઉચ્ચ સિદ્ધાન્તોની વાતો કરતા લેખો ઉપર પણ નથી, પણ સંઘની છાયામાં રહી કામ કરનારાં બાલમંદિરો ઉપર છે. આ બાલમંદિરોના બળથી સંઘ ઉભો રહેશે, અને તેમની સાથે જ સંઘ પડશે.

તેથી બાલમંદિરોએ સંઘટિત થવું જોઇએ, અને સંઘટિત થઈ પોતાની સિદ્ધાન્તઉપાસના તેજસ્વી અને પ્રખર બનાવવી જોઇએ.

તારાબેન મોડક
નિરીક્ષિકા
નૂતન બાલશિક્ષણ સંઘ.

પ્રાથમિકશિક્ષણ વિભાગ

– કરી જુઓ –

અનાજના દાણાનો પરિચય

એકવાર પહેલીના શિક્ષક ગેરહાજર હતા એટલે એ વર્ગમાં હું ગઈ. સાંજનો પોણો કલાક હતો. શિવણ, કાતરકામ વગેરે હસ્તવ્યવસાયનો સમય હતો. તે કામમાં જરૂરી વસ્તુઓ જ્યાં હોય ત્યાંથી શોધીને તે શરૂ કરવાનો મને કંટાળો આવ્યો. થોડા જુદાજુદા અનાજના દાણાઓ જુદીજુદી વાટકીઓમાં ભરી વર્ગમાં લઈ ગઈ. એ વિષે બોલવાનો વિચાર કર્યો. વાતોચીતોમાં પોણો કલાક પૂરો કરવા ધાર્યું.

એક એક દાણો દેખાડવા લાગી તો જણાયું કે બાળકો મગ ઓળખતાં ન હતાં, જુવાર ઓળખતાં ન હતાં, વટાણા ઓળખતાં ન હતાં.

મને આશ્ચર્ય થયું. બાલવર્ગમાં જોયું તો તેઓને પણ તેની માહિતી ન હતી. આશ્ચર્ય એ માટે થયું કે શરૂના શિશુવર્ગમાં જ આ અનાજ રાખવામાં આવે છે; તેઓ તેનાથી રમતાં પણ હોય છે; તે બાબતમાં વાતચીત પણ થએલી હોય છે. આમ હોવા છતાં એ વિષે તેઓને માહીતિ ન હોતી એટલે મને આશ્ચર્ય થયું. એનો અર્થ એમ થયો કે બાળકોએ એ દાણા જોયા હોવા છતાં ભૂલી ગયાં.

પણ આ વસ્તુઓ તો હમેશના ભોજનમાં વપરાતી હોય છે. જીવન સાથે નિકટ સંબંધ ધરાવતી હોય છે. એટલે આ સંબંધમાં હમેશ માહિતી મળતી રહે તેવું કાંઇક કરવાનું મારા મનમાં આવ્યું.

આ વિચારથી જે મેં કર્યું અને કરવાનું ઠરાવ્યું તે અહીં આપું છું. કોઈ પણ શિક્ષક તે કરી શકશે; કરી જોવું એવી મારી આગ્રહ ભરી સૂચના છે.

બાલવર્ગમાં બાળકો વાંચતાં શીખે છે. અક્ષરો અને બારાખડી થઈ એટલે જુદાજુદા શબ્દો અને વાક્યોનું વાચન આપીએ છીએ. તેમાં ચિત્રચિઠ્ઠીઓ, વસ્તુ ચિઠ્ઠીઓ, ક્રિયાત્મક ચિઠ્ઠીઓ વગેરે હોય છે. તેમાં વસ્તુચિઠ્ઠીઓમાં અનાજના દાણાના નામની ચિઠ્ઠીઓ બનાવી.

એક કાપલી ઉપર લખ્યું. "ધાસ અનાજ". ઘઉં, ચોખા, જુવાર, બાજરી, મકાઈ વગેરે શબ્દોની છુટી છુટી કાપલીઓ બનાવી. પછી એ બધાં અનાજ જુદી જુદી રકાબીઓમા લાવી મૂકયાં. આ બધી રકાબીઓ એક મોટી થાળીમાં (ટ્રેમાં) મૂકી. તેમાં જ પેલી કાપલીઓ મૂકી.

બાળકોને એક રમત મળી. કાપલીઓ હાથમાં લઈ તેઓ વાચે : "ઘઉં". ઘઉંની રકાબી શોધી તેમાં તે મૂકવાની. જે ન ઓળખાય તે શિક્ષકને પૂછવાનું. આ પ્રમાણે રમત શરૂ થઈ. એક રમતમાં બે કામ શરૂ થયાં. વાચનનું વાચન અને અનાજના દાણાનો પરિચય પણ પાકો થવા લાગ્યો.

આ પછી લીધા દાળના દાણા. તેની બીજી મોટી થાળી તૈયાર કરી. વાલ, વટાણા, મઠ, મગ, અડદ, ચણા, તુવેર, મસુર, કળથી. ઉપર પ્રમાણે જ ચિઠ્ઠીઓ બનાવી પણ કાગળનો રંગ જુદો લીધો. રકાબીઓમાં દાણા રાખ્યા અને રમત શરૂ થઈ.

આગળ ઉપર તે દાણાને વાવવા અને પછી તે ઉગે ત્યારે તેના પાંદડાનો પરિચય કરાવવો એવું મનમાં આવ્યું. તે માટે બે યોજનાઓ કરી; એક તે કાચના ગ્લાસમાં વાવી તે ઊગતા જોવા વર્ગમાં મૂકવા. બીજી યોજના બગીચાની બનાવી. બગીચામાં નાના ચોરસ બનાવ્યા અને બાળકોને એક એક ચોરસ વહેંચી આપ્યો. એક એક જણ એક એક પ્રકારનું અનાજ પસંદ કરી તે તે ચોરસમાં વાવ્યું. તે તે જગ્યાએ લાકડી ખોડી તેના ઉપર નામ લખ્યું અને પાણી પાવાની શરૂઆત થઈ.

આ બાજુ કાચના પ્યાલાનું પણ કામ શરૂ હતું. સોડાવોટર પીવાના કાચના ગ્લાસ લાવ્યા. તેમાં અર્ધી બાજુમાં શાહીચૂસ કાગળ નીચેથી ઉપર સુધી રાખ્યો. અને ગ્લાસમાં લાકડાનું ભૂસું જે ચાકની લાકડીની પેટીમાં આવે છે તે ભર્યું. શાહી સૂસ કાગળ અને કાચની વચ્ચે થોડી પોલ રાખી જુદા જુદા ગ્લાસમાં જુદા જુદા ત્રણ ત્રણ દાણા નાખ્યા. ભુસામાં પાણી રેડી ઓરડામાં રાખ્યા. શાહી સૂસ કાગળમાંથી દાણાને પાણી મળતું. કાચમાંથી તે દાણાનું શું થાય છે તે અમને જોવા મળતું. થોડા દિવસમાં દાણા ફૂલ્યા; કોંટા ફૂટ્યા; નીચે એને મૂળ આવ્યાં. કોંટા વધી ઉંચા ગયા. ઉંચે જતાં પાન આવ્યાં. ખૂબ જ મજા પડી. આ બાબતમાં શિક્ષક જે બનતું હોય તે બધું પાટીઆ ઉપર લખવા લાગ્યા.

હવે અમે તે ગ્લાસમાંના ચાર ચાર પાનાના રોપા દાબીને સુકવી નાખીશું, અને તેનું આલ્બમ બનાવીશું. બહારના રોપાઓને ફૂલ આવે એટલે તેને પણ દાબીને સૂકવીશું; અને શીંગો આવશે તે પણ રાખીશું. પહેલીનાં બાળકો વાંચશે 'તૃણધાન્ય', 'દ્વિદળ ધાન્ય'; બાલવર્ગ વાંચશે 'ઘાસ દાણા', 'કઠોળના દાણા' હમેશ જોવાની મજા આવશે.

આ કામ ચાલુ હોય તે દરમિયાન આ એક એક ધાન્યની કાંઇ કાંઇ વાનીઓ ખાવામાં કરીશું.

કઠોળને ભીજવી તેને કોંટા ફૂટે એટલે મીઠું લગાડી બાળકોને ખાવા દઇશું. ચાર ચાર દાણા કાચા ખાવામાં કાંઇ હરકત નહીં. મગ, મઠ, ચણા, વટાણા વગેરે એમ જ આપી શકાય.

આ સિવાય આ દાણાની લીલી શીંગો બજારમાં જ્યારે જ્યારે મળે ત્યારે ત્યારે લાવીશું; બાળકોને ફોલવા આપીશું; ફોલતાં ફોલતાં વાતો કરીશું. તૈયાર થતાં શાકમાં વગેરેમાં તેનો ઉપયોગ કરીશું અને ફરી જમતાં જમતાં તે વિષે વળી વધુ વાતચીત થશે.

એ ઉપરાંત દાણાની રાંગોળી પૂરીશું.

ટૂંકમાં આ બધી રીતે દાણાનો પરિચય પાકો થશે, અને તેમાં ખૂબ મજા આવશે.

તા.

હસ્તવ્યવસાય

નાનાં બાળકોને હસ્તવ્યવસાય શીખવવાની જરૂર છે એ વાત કેટલાંક વર્ષોથી સ્વીકારવામાં આવી છે, અને કેટલાંક વર્ષોથી શાળામાં કોઇકોઇ વ્યવસાયો દાખલ પણ કરવામાં આવ્યા છે. છતાં ખરૂં કહીએ તો આ વિષે ઘણો જ થોડો વિચાર થયો છે. આ કામ એવું છે કે જે બીજાઓને દેખાડવાનાં ઉપયોગમાં આવે છે. બાળકોનું માટીકામ, શીવણકામ, કાતરકામ, વગેરે શાળામાં ગોઠવી રાખવામાં આવે છે અને તે દૃષ્ટિએ તે કરાવી પણ લેવામાં આવે છે.

હસ્તવ્યવસાયનો મૂળ હેતુ શું છે ને તે હેતુ પાર પાડવા માટે કયા કયા ઉદ્યોગો રાખવા અને તે કઈ રીતે રાખીએ તો મૂળ હેતુ ઉત્તમ રીતે પાર પડે એનો વિચાર થવો જોઇએ.

હસ્તવ્યવસાયમાં બે શબ્દો છે. હસ્ત અને વ્યવસાય. અને એ બન્ને મહત્વના શબ્દો છે. બાળકોને વ્યવસાય–કાંઈપણ ઉદ્યોગ જોઇએ છે. એટલે કે તેઓના મનને કશાકમાં પરોવાઈ રહેવાનું સાધન જોઈએ છે. બીજું તેઓને પોતાના હાથ હલાવવા હોય છે. હાથ વાપરવા તરફ તેઓની સ્વાભાવિક જ વૃત્તિ હોય છે અને તેમ થવાની જરૂર પણ હોય છે. એટલે બાળકોની આ ઉંમરના વિકાસમાં, હાથ હલાવીને તેને કુશળ હલનચલન મળે એવા ઉદ્યોગની જરૂરીઆત રહે છે. માત્ર બેઠાં બેઠાં બુદ્ધિથી કરવાનાં કામો સાથે હસ્તવ્યવસાય ન હોય તો સર્વાંગી વિકાસ અશકય થાય છે.

હલનચલનનું જે કૌશલ્ય બાળક પ્રાપ્ત કરી લે છે તેમાં હસ્તવ્યવસાયનું મહત્વ છે.

હલનચલનના અનેક પ્રકાર છે. દાખલા તરીકે બેત્રણ વર્ષનું બાળક હાથમાં મોતી લઇ તે એક તારમાં પરોવવા પ્રયત્ન કરે છે ત્યારે તે નાનાં આંગળાંનું નાનું હલનચલન કરે છે. પણ તે જ બાળક જ્યારે રેતીમાં બેસી હાથથી તગારામાં રેતી ભરે છે ત્યારે તેમના હાથથી મોટું હલનચલન થાય છે.

બાળકોને નાનાથી માંડી મોટે સુધીના બધા પ્રકારનાં હલનચલનો ઉપર પ્રભુત્વ મેળવવાની જરૂરીઆત હોય છે. એટલે કોઇપણ એક બે પ્રકારના હસ્તવ્યવસાય રાખવાથી ચાલે નહીં.

હસ્તવ્યવસાયમાં જેમ હલનચલન ઉપર પ્રભુત્વ મેળવવું એ મુખ્ય વાત છે તેમ જ હલનચલનની મદદથી કંઈક ઉત્પન્ન કરવું–તૈયાર કરવું તે વાત પણ એટલી જ અથવા તો વધારે મહત્વની છે. તે માટે જે સર્જક શક્તિ (Creative power) વપરાય છે તે જ મહત્વની વસ્તુ છે. આપણી સર્જક શક્તિ જુદા જુદા ઉચ્ચ ક્ષેત્રમાં વાપરવાથી હલકી કોટીનું ક્ષેત્ર છૂટે છે. તેને પરિણામે સંસ્કારિતા પ્રાપ્ત થાય છે, અને માનસિક આરોગ્ય પણ મળે છે.

આ સિવાય આ સર્જનમાં બાળકોની જે કલ્પકતા, યોજકતા, તથા મૌલિકતા દેખાઇ આવે છે તે પણ અત્યંત મહત્વની હોય છે.

સારાંશ કે હાથોનું કુશળ હલનચલન, સર્જન અને કલ્પકતા એ ત્રણ વસ્તુઓ હસ્તવ્યવસાયને પરિણામે સધાય છે.

આપણી શાળાઓમાં જ્યાં ઉત્તમ પ્રકારના હસ્તવ્યવસાયો શીખવવામાં આવે છે ત્યાં હલનચલનની કુશળતા ખૂબ જ આવે છે. પણ નવનિર્માણ—મૌલિકતા અથવા તો કલ્પકતાને વધારે અવકાશ મળતો નથી. કારણ એ

કળા-કૌશલ્યનાં કામોનો મુખ્ય આધાર અનુકરણ ઉપર રહે છે. આપણે ત્યાં થનાર શિવણ, ભરત, મોતીકામ, રાંગોળી વગેરે જોઇએ તો તેમાં હાથની કુશળતા ઘણી દેખાશે પરંતુ બધું અનુકરણ જ હોય છે. જોઇજોઇને તેવું કરવું એટલું જ હોય છે. શાળાની શિક્ષિકા એને કરે તેવું કરીને શિક્ષકની જ મદદથી થોડું કાંઇક તૈયાર કરવું અને દરેક હલનચલન માટે શિક્ષકની સૂચના પર આધાર રાખવો એવું બને છે. આમ હોવાથી અનેક વર્ષોથી આપણી શાળાઓમાં હસ્તવ્યવસાય ચાલુ હોવા છતાં તે દૃષ્ટિએ હસ્તકૌશલ્યના કામમાં નવસર્જન ઘણું જ થોડું દેખાય છે.

ત્યારે હવે હસ્તવ્યવસાયમાં કયા કયા વ્યવસાયો રાખવા વગેરે સંબંધે પણ થોડો વિચાર કરીએ.

હસ્તવ્યવસાયમાં હાથનું હલનચલન અને તેમાં પ્રવીણતા મેળવવી એ મુખ્ય વાત હોય છે.

હલનચલન અનેક પ્રકારનાં હોય છે અને તે બધાં જ શીખવા પડે છે. એક પ્રકારનું હલનચલન આવડે એટલે બીજું આપોઆપ નથી આવડતું. મોતી પરોવતાં આવડે એટલે કાતર લઇને કાપતાં નથી આવડતું. કાતરથી કુશળતાપૂર્વક કાપતાં આવડે તો પણ સોઇ લઇને શીવવાની ક્રિયામાં રહેલ હલનચલનની ક્રિયા જુદા જ પ્રકારની હોઇ તે કળા જુદી જ શીખવી પડે છે. એ કારણે નાનાં બાળકોની શાળામાં એક જ જાતનો ઉદ્યોગ રાખ્યો ચાલે નહીં. બાળકોએ આંગળાનાં વિવિધ પ્રકારનાં હલનચલનો પર પ્રભુત્વ મેળવવાનું જરૂરી છે. તેઓ આ ઉંમરે હાથ અને આંગળાનું હલનચલન શીખી લે એ સૌથી મહત્ત્વનું હોય છે. એટલે આપણે ફક્ત કાતરકામ, કે ફક્ત તકલી કે ફક્ત મોતીનું કામ લઇએ એમ કહેવું બરોબર નહીં કહેવાય. આ ઉંમરે જેટલાં જુદી જુદી જાતનાં હલનચલનો બાળકો શીખી શકે તેટલાં જરૂરી છે. એટલે હસ્તવ્યવસાય એ ઉદ્યોગ અથવા તો મૂળ ઉદ્યોગ તરીકે ન લેતાં હલનચલનો પર પ્રભુત્વ મેળવવાના સાધનો તરીકે જ લેવા જોઇએ.

હલનચલનો અનેક પ્રકારનાં હોય છે, અને તેમાનાં ઘણાં આપણા હમેશનાં વ્યવહાર અને જીવનમાં ઉપયોગી પડે તેવાં હોય છે. એમાં કોઈ નાનાં હલનચલન હોય છે, કોઇ મોટાં હોય છે. એ તમામને બાલશાળામાં શકય હોય તે પ્રમાણમાં અવકાશ આપવો જોઈએ. જેનો સમાવેશ શાળામાં ન થઈ શકે તે ઘેર કરવા આપી તેની પૂર્તિ કરી લેવી જોઇએ.

હસ્તવ્યવસાયના આપણે ત્રણ વિભાગ કરી શકીએ.

૧ મજુરી કામ:—

આમાં હાથ અથવા તો શરીરની મહેનત વધારે હોય છે. તેમાં સર્જકતા, કલ્પકતા વગેરેને અવકાશ હોય છે, પણ તેને સાધતા મહેનત ઘણી કરવી પડે છે. કાર્ય પૂરૂં થયા પછી શિવણકામ વગેરેના નમુના જે રીતે રાખી મૂકી શકીએ તેવું આમાં થતું નથી. બાળકના વિકાસની દૃષ્ટિએ આ કામ મહત્ત્વનું ગણાય.

૨ કારીગરી કામ:—

આ કામમાં ઘણું બારીક હલનચલન કરવું પડે છે. કલ્પકતા અને નવસર્જનને અવકાશ હોય છે. પણ તેનું મુખ્ય લક્ષણ એ કે કળા શીખી લીધા પછી એમાં સતત કર્યા કરવાનું હોય છે.

૩ લલિતકલા:—

આમાં હાથની અથવા તો બીજા અવયવોની કુશળ હીલચાલ તો હોય છે જ. પરંતુ તે વધુ પ્રમાણમાં સૂક્ષ્મ સ્વરૂપની હોય છે. નવસર્જન અને કલ્પકતાને અવકાશ વિશેષ હોય છે.

શાળામાં આ ત્રણે પ્રકારના વ્યવસાયને સ્થાન હોવું જોઈએ. અને બાલશાળામાં એમાંના પહેલા પ્રકારને વિશેષ પ્રાધાન્ય આપવું જોઈએ. કારણ વ્યવહારમાં ઉપયોગી સ્થૂળ અથવા તો મોટા અનેક જાતનાં હલનચલન શીખી લેવાં એ આ ઉંમરે અધિક જરૂરી હોય છે. આ ઉંમરે એક જગ્યાએ બેસી, લાંબો વખત ઝીણી ઝીણી પ્રવૃત્તિ કરતાં બેસવા કરતાં મોટું હલનચલન અને જેમાં આખા શરીરને અવકાશ મળે એવો વ્યવસાય વધુ સારો. દરેક હલનચલન શીખી તેમાં પ્રવીણતા મેળવવા માટે પૂર્વતૈયારી આગળનાં કામોમાં કરી લીધી હોવાને કારણે નિરાશ થવાની અથવા તો કંટાળવાની જરૂર રહેતી નથી. શરીર વિકાસની દૃષ્ટિએ પણ આ જ ઉદ્યોગ વધુ સારો છે. ટંકમાં બાલશાળા અથવા બાળમંદિરો જેમાં ૬ વર્ષની ઉંમરની અંદરનાં બાળકો આવે છે તેમાં હસ્તવ્યવસાય તરીકે મજુરીકામ જરૂર આપવું.

મજુરીકામમાં નીચેનાં કામો આવી શકે. તેમાંનાં સ્થળકાળ અને પરિસ્થિતિ અનુસાર શક્ય હોય તેટલાં રાખવાં—

(૧) ખોદવું (૨) માટી ભરવી અને લઈ જવી (૩) ઈંટો તૈયાર કરવી (૪) બાંધકામ (૫) ઘાસ કાઢવું (૬) બાગકામ. (૭) લીંપવું (૮) પાણી છાંટવું (૯) વાળવું (૧૦) વાસણ ઉટકવાં (૧૧) ઘોવું (૧૨) દાણા ઝાટકવા (૧૩) ચાળવું (૧૪) દાણા વીણવા (૧૫) વાટવું (૧૬) ખમણવું (૧૭) સુધારવું (૧૮) દળવું (૧૯) પીરસવું (૨૦) જમીન લૂછવી (૨૧) ખાંડવું.

આ યાદી જોઇને ઘણાંને હસવું આવશે. કદાચ વિચિત્ર લાગશે. અને ઘણા કદાચ આ કામોની હસ્તવ્યવસાયમાં ગણના પણ કરવા તૈયાર નહીં થાય. પણ જરા વિચાર કરતાં જણાઈ આવશે કે આ હમેશના વ્યવહારની ક્રિયાઓ હોઇને તે વ્યવસાય નથી અથવા તો તેમાં હસ્તકૌશલ્ય નથી એમ જરાય કહી શકાશે નહીં.

બાલશાળાઓના શિક્ષકોનો તો અનુભવ જ છે કે વાળવા લૂછવા વગેરે કામોમાં બાળકો કેટલાં એકાગ્ર થાય છે અને રોજ કેટલીયે મિનિટો તેમાં ગાળે પણ છે. આ કામોની પ્રત્યેક ક્રિયા શીખી લેવામાં બાળકો હોંશથી તૈયાર થશે. અને આ દરેક ક્રિયા એવી છે કે જેનો જીવનમાં ઉપયોગ છે. આમાંની ઘણી ક્રિયાઓ ઘેર પણ સહજ રીતે આપી શકાય તેવી છે. પરંતુ શાળામાં તે દાખલ કરીને, તેનું મહત્ત્વ સમજાવી દીધા સિવાય ઘરોમાં તે કોઈ આપશે નહીં. એટલે જ જ્યાં જ્યાં જે જે શક્ય હોય તે તે ત્યાં શાળામાં જ રાખવું.

ના૦

મોટાં શીદને કર્યાં?

વારેને ઘડીએ બાળકોને કહેવું કે 'તો અમે મોટાં શીદને કર્યાં', એ સારૂં નથી. એવી વાણી બાળકોને પ્રથમ તો સમજાતી નથી. તેમને એ પણ સમજાતું નથી કે આવું તેમનાં માબાપો શા માટે કહે છે. તેઓ તે સાંભળે છે કેમકે તેમને તે સાંભળવું પડે છે. આપણે તેને તે એવી રીતે કહીએ છીએ કે તે તેને અણગમતું તો લાગે જ છે. તે ધીરે ધીરે સમજે પણ છે કે માબાપને કંઈ ન ગમે ત્યારે અથવા તો તેમને જ્યારે ધાર્યું કરાવવું હોય ત્યારે તેઓ આવું આવું બોલી નાખે છે.

આ વાણી આપણને શરમાવનારી છે. આપણે બાળકોને મોટાં કર્યાં તે તેમને પાછળથી કહી સંભળાવવા માટે નહિ જ. આપણે જો તેમને મોટાં કર્યાં છે તો તે આપણે ખાતર કર્યાં છે, આપણી સહજ પ્રકૃતિને લીધે કર્યાં છે, આપણી લાગણી ખાતર કર્યાં છે, આપણે બધાં તેમ કરતાં આવ્યાં છીએ અને ન કરીએ તો ભૂંડાં લાગીએ તે માટે કર્યાં છે. એટલે ખરી રીતે આપણે બાળકોને મોટાં કર્યાં છે તે તેમને ખાતર કરતાં આપણાં ખાતર, આપણને અને આપણા સમાજને સંતોષવા ખાતર. બહુ ઉંડેથી વિચારીએ તો આપણે તેઓને આપણી સ્વાર્થબુદ્ધિથી મોટાં કરેલાં છે.

એક તો આપણે જ તેમને મોટાં કર્યાં. અને પાછળથી આપણે તેને પૂછીએ છીએ કે 'અમે તમને મોટાં શીદને કર્યાં?' પણ આ પ્રશ્નનો જવાબ બાળકો આપી શકે કે આપણે આપી શકીએ?

આવા પ્રશ્નમાં આપણી સ્વાર્થી વૃત્તિ સમાએલી છે. આપણે બાળકોને ઉછેરી મોટાં કર્યાં એટલે આપણે તેની પાસેથી આશા કરીએ છીએ અને જ્યારે આપણી આશા તૃપ્ત થતી નથી ત્યારે આપણે તેમના પર ખીજાઇને કહીએ છીએ કે તો અમે તમને મોટાં શીદને કર્યાં!

કેવો જંગલી વિચાર અને કેવું અઘટિત વચન! બાળકો માટે આપણે ખૂબ હેરાન થયાં હોઈએ છીએ. તેમને માટે આપણે ખૂબ સહન કર્યું હોય છે તે બધું આપણે આપણી વાણીથી ભૂંસી નાખીએ છીએ, ધોઈ નાખીએ છીએ. જે કામ સહજપણે થયું, કુદરતના કાનૂનથી થયું, પ્રેમ અને ત્યાગથી થયું તે જ કામને આવી વાણીથી શા માટે કલંકિત કરવું? પણ જ્યારે આપણી સ્વાર્થી વૃત્તિ જાગે છે ત્યારે આપણી શુભવૃત્તિ પાછી હઠે છે. આપણે કંઈ વસ્તુ સારા માટે કરી હોય તે વાતજ ભૂલી જઈએ છીએ અને સ્વાર્થમાં વિવેક ગુમાવી, આપણે ઉપર કાઢી છે તેવી વાણી કાઢીએ છીએ.

આપણે બાળકોને મોટાં કર્યાં છે તે બદલો લેવા માટે નથી. ગૃહસ્થાશ્રમ એ દુકાન નથી અને માબાપો બાળકો ઉછેરવાના દુકાનદારો નથી. ગૃહસ્થજીવન, ઘર, માબાપો એ બધું ઈશ્વરે નિર્મેલી, માનવજાતની વેલને વિકસાવવાની વાડી છે. બાળકોને ઉછેરવાનું કામ ભવ્ય અને સુંદર છે. તેની મહત્તા અદ્વિતીય છે. માબાપોની મોટાઈ અને શોભા પોતાનાં સર્જનોને સારી રીતે ઉછેરવામાં જ છે. આપણે માબાપો સ્વાર્થી બનીએ છીએ ત્યારે કેવું ભાન ભૂલીએ છીએ?

આપણાં બાળકોને સારી રીતે મોટાં એટલાં માટે કરીએ કે તેઓ પોતાનાં બાળકોને સારી રીતે ઉછેરે. માણસજાત સારી બને અને પ્રગતિમાં આપણે પણ આપણી થોડી ઘણી પણ સેવા આપી શકીએ. એટલા માટે આપણે બાળકોની સંભાળ લઈએ છીએ અને લેવી જોઈએ. આપણાં માતાપિતાએ આપણને સાચવી સંભાળીને મોટાં કર્યાં તેનું ઋણ અદા કરવા ખાતર આપણે આપણાં બાળકોને સારી રીતે ઉછેરીએ છીએ અને ઉછેરવાં જોઈએ.

આપણે આપણાંજ બાળકોને મોટાં કરીએ તેમાં કંઈ નવાઈ કે કશો ઉપકાર કરતાં નથી. આપણે જો તેમ ન કરીએ તો જ આપણે દોષિત છીએ. બાળકો આપણી પ્રીતિનાં ફળો છે. તે આપણાં સર્જ્યાં છે. તેની જવાબદારી આપણી છે. તેના ઉછેર માટે આપણે ન કરીએ તો કોણ કરે? પછી આપણે બાળકને પૂછવું કે — 'તો અમે તમને મોટાં શીદને કર્યાં' કે આપણી જાતને આપણે પૂછવું કે તો આપણે તેને જીવન શા માટે આપ્યું?

સ્વ. ણિ.

એક વ્યાખ્યાન

[ગત જૂન ૧૯૪૧ માં અમદાવાદના બાલકુંજના નવા સત્રની ઉદ્‌ઘાટન ક્રિયા વખતે શાળાના વાલીઓને ઉદ્દેશીને શ્રી. રવિશંકર મહારાજે એક પ્રવચન કરેલું. ભાઇ વિષ્ણુભાઈ ભટ્ટે એમની ટેવ મુજબ આ પ્રવચનની નોંધ અમને મોકલેલી. અંદરના વિચારો ઉપયોગી હોઈ તે નીચે આપીએ છીએ. **તંત્રી**]

નાનાં બાળકોને તો હું શું કહું? પણ અત્યારે જે વાલીઓ હાજર છે તેમને હું થોડું કહીશ.

શીખ ધર્મના સ્થાપક નાનકથી દસમી પેઢીએ ગુરૂ ગોવિંદસિંહે કીધું છે કે "બાળક એ તો ચિનગારી છે." નાના તણખામાંથી પ્રચંડ આગ થઈ શકે છે તેથી બાળકમાં પણ અખૂટ શક્તિઓ છે. બાળક એ તો આપણી ભાવી પ્રજા છે. અને એટલે જ આપણે બાળકોને સાચા માનવી બનાવવાના છે. તેમની શક્તિઓ ખીલવવાની છે.

લગભગ મોટા ભાગના લોકો બાળકોને પોતાનો સારો એવો વારસો આપતા જાય છે. પોતે જે કાંઈ મેળવ્યું હોય છે, જેમ તેમ કરી મેળવ્યું હોય છે તે પોતાનાં સંતાનોને વારસામાં આપતાં જાય છે. પણ ભાગ્યે જ કોઈ સાચા માનવ બનવાની શક્તિ વારસામાં આપે છે. બાળક એ તો ભાવી પ્રજાનો પાયો છે. એ સારો હશે તો જ ઈમારત ટકશે. આપણે બાળકોને વારસામાં સાચી માનવતા આપવી જોઈએ. તો જ તે ભાવી પ્રજા ટકી શકશે.

પહેલાં તો ચાર જાતના આચાર્યોના સહકારથી કેળવણી આપતી. પ્રથમ મા બાળકને પોષણ તેમજ ભાષા આપતી. પિતા શક્તિ આપતો.

આજે માબાપો આચાર્યોને-માસ્તરોને એ કામ સોંપી દે છે. જે કેળવણી ઘરમાંથી પ્રથમ આપવી જોઈએ તેની માસ્તરો પાસેથી આશા રખાય છે.

અગાઉ તો સારા આચાર્યોને ખોળી યથા સમયે માબાપો જ પોતાનાં બાળકોને ઉત્તમ મનુષ્ય થવા તેમને ત્યાં મૂકી આવતા. આજે આચાર્યોને કહેવા નીકળવું પડે છે, "તમારાં બાળકોને અમારે ત્યાં મોકલો. અમારે ત્યાં આ જાતની પદ્ધતિથી કામ ચાલે છે. ફલાણી ફલાણી નવીનતાઓ છે ને આટ-આટલા વિષયો છે" વગેરે.

પણ આમાં કયાંય ખરી કેળવણી અત્યારે નથી. માબાપોનો સહકાર પણ સાચો સાંપડતો નથી. માબાપોને ઘેર ધક્કા ખાતા ને ટયુશન કરતા શિક્ષકો શું પ્રાણપોષક કેળવણી આપવાના હતા કે તેની પેઢીને સાચા માનવી બનાવવાના હતા?

જેમ માતૃદેવો ભવ, પિતૃદેવો ભવ ને આચાર્યદેવો ભવ કીધું છે તેમ અતિથિદેવો ભવ પણ કીધું છે. એટલે કે જ્ઞાની ને પવિત્ર એવા સંતો અચાનક આવતાં જતાં પોતાનો લાભ સમાજને આપી જતા.

આમ એ ચારે પ્રકારના દેવોના પરસ્પર સહકારથી સાચી માનવતાની કેળવણી ઘણે અંશે મળી રહેતી. આજે આ ચારેયમાંથી કોઇને એક બીજાનો સહકાર નથી. અને નિશાળોમાંય પુસ્તકિયા જ્ઞાન શિવાય બીજું ભાગ્યે જ મળે છે. ત્યાં માનવતાની કે પ્રાણપોષક કેળવણીની તો આશા જ શી રાખવી?

એવી માન્યતા છે કે જેને દિકરો હોય તે જ માબાપ સ્વર્ગને પામે છે. વાંઝીઆને તે શક્ય નથી. આમાં અર્થ છે. પુત્રપુત્રાદિક થાય છે ત્યારે માણસ માબાપ બને છે. એટલે કે કેટલીય અનિચ્છનીય ટેવો માબાપોને છોડી દેવી પડે છે અને એમ પવિત્ર થવાય છે, સ્વર્ગીય સુખ મેળે છે.

બાલમંદિરમાં સાચુ તો ટેવોનું ભણતર ભણવાનું છે. અને તે ટેવોથી જ બાળક ધીમે ધીમે માણસ બને છે. ટેવો એક જાતનો ખોરાક છે. ટેવ માટે વખત નથી જતો. ટેવ તો ડગલે ને પગલે પડે છે. માત્ર તેને સુધારતા આપણને વખત લાગે છે એટલું જ !

ભાષાના ભણતર ભણતા, ચરિત્રની મૂડી ઘસાઈ ગઈ છે. આપણે તે પાછી મેળવવાની છે.

સારી ટેવો, વ્યવસ્થા, શિક્ષા, અને ચારિત્ર્ય વગેરે બાળકોમાં આવવું જ જોઈએ. એમાં બાળકોનું કલ્યાણ છે, અને બાળકોના કલ્યાણમાં રાષ્ટ્રનું કલ્યાણ છે.

ક્ષમા પ્રાર્થના

આજના અંકથી પત્રિકાના પાનાં ઘટેલાં દેખાશે. અમને પણ પાનાં ઓછાં કરતાં દુઃખ જ થાય છે. લડાઇ પોતાનું ભીષણ રૂપ બધા પર પસારી રહી છે. કાગળના ભાવોનું કોઇ જાતનું નિયંત્રણ જ રહ્યું નથી. એવે પ્રસંગે લવાજમ વધારવાને બદલે ચાર પાનાં ઓછાં કરી જેટલો ખર્ચ ઘટે તેટલો ઘટાડવા આ યત્ન છે. વાચકવર્ગ ક્ષમા કરશે જ એવી આશા રાખીએ છીએ. **વ્યવસ્થાપક**

બાલદિન મનાવશો

નૂતન બાલશિક્ષણ સંઘના કાર્યકર્તામંડળે એમની ગઈ બેઠકમાં નીચે પ્રમાણે ઠરાવ કર્યો છેઃ—

"ફેબ્રુઆરી માસનો બીજો રવિવાર બાલદિન તરીકે ઉજવવા પ્રચાર કરવો. તે દિવસે બાળકોનું પર્યટન રાખવું અને વસંત ઉત્સવની રીતે પર્યટનના કાર્યક્રમોમાં તેનો સમાસ કરવો. આ પ્રસંગે બાલશિક્ષણનાં સૂત્રો તેમ જ શિક્ષણસાહિત્યનો પ્રચાર કરવો. તે દિવસે શ્રી. પરમારકૃત 'ચાલો ચાલોને છોકરાં રમવાને' એ ગીત દરેક સ્થળે સમૂહમાં ગાવું....."

સંઘ સાથે જોડાયેલી તમામ શાળાઓ અને સંઘના સભ્યો આ દિવસને ઉપરની રીતે અને બીજી યોગ્ય લાગે તે રીતે સફળ કરવા યત્ન કરે એવી આગ્રહભરી વિનંતિ છે. **તા૦**

કૃપા કરી નોંધ લેશો

જેઓ પહેલેથી પત્રિકાના ગ્રાહકો ન હતા પરંતુ ગયા વર્ષમાં જ સંઘના સભ્યો થયા છે અને ગત જાન્યુઆરી ૧૯૪૧ થી જ પત્રિકા મેળવતા થયા છે તેઓને આ પછીનો ફેબ્રુઆરીનો અંક, જો લવાજમ નહીં આવ્યું હોય તો, સંઘના સભ્ય તરીકેનું લવાજમ વસુલ કરતા વી. પી. થી મળશે. સભ્યો આ માસ દરમ્યાન હજી કૃપા કરીને પોતાનું લવાજમ મોકલી આપે અથવા તો રહેવા ન રહેવાની સૂચના આપે. એવું કશું નહીં કરનાર વી. પી. માગે છે એમ માની લઈશું. કૃપા કરી વી. પી. પાછું ફેરવી અમને એક વી. પી. એ ૩. ૦–૩–૩ ના નાહક ખર્ચમાંથી ઉગારવાની ઉદારતા બતાવશો.

વ્યવસ્થાપક

મુંબઇના સંઘના સભ્યોને

ગયા અંકમાં જણાવ્યા મુજબ સંઘની મુંબઈ શાખા તરફથી થનાર કાર્યક્રમ જાન્યુઆરીની આખરે થવો અશક્ય બન્યો છે. બનતાં સુધી ફેબ્રુઆરીના બીજા અઠવાડિયામાં થશે. તે માટે સૌને યોગ્ય રીતે જાણ કરવામાં આવશે જ. **મંત્રીઓઃ** નૂ. બા. શિ. સંઘ : મુંબઈ શાખા.

મુદ્રક : કૃ. ના. સાપલે : રામકૃષ્ણ પ્રિં. પ્રેસ : ત્રિભુવન રોડ, મુંબઈ ૪.
પ્રકાશક : તારાબેન મોડક : 'શિક્ષણપત્રિકા' કાર્યાલય : હિંદુ કૉલની, દાદર.

શિક્ષણપત્રિકા

(નૂતન બાલશિક્ષણસંઘ)

આદ્યતંત્રી : સ્વ. ગિજુભાઈ બધેકા

: તંત્રી :

તારાબેન મોડક

વિનમ્રતા

વિનમ્રતા એ એક ઉચ્ચ ગુણ છે.
વિનમ્રતા સાધક ને ગુણગ્રાહક હોય છે.
વિનમ્રતા પોતાના દોષ જુવે છે ને કબૂલે છે.
વિનમ્રતા સાચી યોગ્યતાએ પહોંચાડે છે.
વિનમ્રતા સાચી પ્રગતિ સાધે છે.
વિનમ્રતા એટલે નિર્બળતા નહિ.
બૌદ્ધિક ગુલામગીરી નહિ અથવા તો આત્મવિશ્વાસનો અભાવ પણ નહિ.
પૂર્ણ સ્વતંત્ર, કર્તૃવ્યવાન અને પ્રાણવાન મનુષ્ય વિનમ્ર હોઇ શકે છે.
કારણ તેનામાં પ્રગતિ કરવાની તમન્ના હોય છે.
વિનમ્રતા એ આત્માનો વિકાસ છે.

પ્રાથમિક -- વિભાગ

મનથી લેખન

મનમાં વિચાર કરવો; પછી તે શબ્દમાં અથવા વાકયમાં ગોઠવવો; અને તે લખી કાઢવો; આ ત્રણ પ્રકાર મનના લેખનમાં હોય છે.

પ્રથમ મનમાં વિચાર આવવો જોઈએ. પછી તે ભાષામાં ગોઠવતા આવડવો જોઈએ ને તે ભાષા લખતાં આવડવી જોઈએ.

અનુલેખન અને શ્રુતલેખનથી એટલે કે જોઈ જોઈને ચોપડીમાંથી લખવાથી અને સાંભળીને લખવાથી બાળકોને ઠીક ઠીક લખતાં આવડે છે. તે લખાણમાં વિચાર કરવાનો હોતો નથી કે વિચારને ભાષામાં વ્યકત કરવાનું પણ હોતું નથી. વિચાર અને ભાષા હોય છે લેખકની. બાળક તો માત્ર લખવાની ક્રિયા કરે છે.

ચોપડીમાં હોય ઘર, કમળ, નળ, તો તે જોઈને બાળક લખે છે ઘર કમળ, નળ. ફકત અક્ષરનો આકાર ને વળાંક જોઈને કાઢવાનું કામ જ તેને કરવાનુ હોય. પ્રારંભમાં એ કામ પણ કંઈ ઓછું અઘરૂં હોતું નથી. તે સારી રીતે થાય માટે પૂરતો વખત અને પૂરતી સગવડ આપવી જોઈએ. બે લીટાની વચ્ચે એક ઈંચનું અંતર હોય એવા બે લીંટાવાળા કાગળો અથવા પાટીપેન આપી તેમાં બાળકને ધીમે ધીમે બરાબર લખવાનું બતાવીએ. પાટિયા ઉપર શિક્ષક લખી બતાવે ને બાળક લખે એ રીત પણ સારી છે.

શ્રુતલેખનમાં એક આગળનું પગથિયું હોય છે. આપણે કહીએ "લખો મગર" તો બાળકને વિચારવું પડે કે શું શું લખવાનું? પહેલાં મ પછી ગ પછી ર. પછી સંભારવું પડે મ કેમ લખાય. ગ કેમ લખાય ને ર કેમ લખાય. પછી લખવાનું. આ રીતે અનુલેખન અને શ્રુતલેખનથી બાળકને લખવાની ક્રિયા ઉપર કાબૂ આવી જાય ત્યારે મનનું લેખન શરૂ કરી શકાય છે.

બાળવર્ગનાં બાળકો ઝડપથી શબ્દો લખવા લાગે છે ત્યારે મનથી લખવાનું બતાવી શકાયઃ આખી બારાક્ષરીના શબ્દો ઝડપથી વાચતાં ને લખતાં આવડ્યા પછી જ આની શરૂઆત કરવી. કેમ કે, મનમાં તો ઘણા શબ્દો આવે તેમાંથી જોડાક્ષર-વાળા શબ્દો તો તેમને આ તબકકે છોડવા જ પડે છે. ને બારાક્ષરી પણ કાચી હોય તો લખ-વાનો શ્રમ વધી જાય અથવા કંટાળારૂપ થાય. માટે ગમે તે શબ્દ જેમ કે રોટલો, ચટણી, ઘોડો, અંબાડી વગેરે ઝડપથી લખતાં આવડી જાય પછી આ શરૂ કરવું.

બાળકોને કહીએ આજે શું શું જમ્યા તે લખો જોઇએ.

પહેલાં તો બાળકને વિચારવું પડશે. શું જમ્યો? હાં રોટલી. ચાલો લખીએ. પછી રો કેમ લખાય ટ ને લી કેમ લખાય તે સંભારીને તે લખશે.

રોટલી પછી યાદ આવશે દાળ, શાક, ઘી, ગોળ વગેરે જે ખાધું હોય તે. ને ઝપઝપ લખવા લાગશે.

આવા લેખનને નિબંધલેખનની શરૂઆત કહી શકાય.

આમાં શું લખવું તે પહેલાં વિચારવું પડે છે અથવા સંભારવું પડે છે. પછી તે કેમ લખવું તે યાદ કરીને લખવાનું હોય છે. શ્રુતલેખનમાં

શબ્દ શિક્ષક કહે છે. અહી શબ્દ પોતે વિચારી લેવાનો ને પછીની બધી ક્રિયા શ્રુતલેખન જેવી જ હોય.

બાળવર્ગમાં બાળકો સાદા તેમને આવડે એવા શબ્દો જ લખશે. પણ તે મનમાં વિચારીને લખશે.

નિબંધનો જેમ વિષય અપાય છે તેમ આ બાળકોને પણ વિષય આપીએ તો વિચાર કરવાની દિશા સૂઝે છે. પછી આગળ ઉપર તો બાળકે પોતાની મેળે જ વિષયો પણ શોધી કાઢે છે.

સામાન્યતઃ નીચે પ્રમાણે વિષયો આપ્યા હોયા તો મનથી લખવામાં કામ આવે છે.

૧ એકાદું ચિત્ર સામે ટીંગાડીને તેની સામે જોઈ ને શબ્દો લખવાનું કહેવું.

સરસ્વતીનું ચિત્ર મૂકયું હોય તો બાળકો નીચેના જેવા શબ્દો લખી શકશે; ૧. દેવી. ૨. માળ ૩ મોર ૪ વીણા, ૫ ફૂલ ૬ ઝાડ ૭ પાંણી ૮ સાડી ૯ પોથી ૧૦ મુગટ.

પ્રથમ કદાચ તેમને શબ્દો સૂઝશે નહિ. એટલે આપણે ચિત્ર મૂકીને તેની સામે જોઈને શબ્દો સંભારી રાખવા કહેવું. ને પોતે શબ્દો લખાવવા. વચ્ચે વચ્ચે તેમનામાંથી કોઈ ને કોઈ શબ્દ સૂઝે તો બોલવાની છૂટ રાખવી. થોડી જ વારમાં બાળકો કેટલાએ શબ્દો કહેવા લાગશે. થોડા દિવસો પછી તો આપણને લખાવવાની જરૂર જ રહેશે નહિ.

૨. બારીમાંથી બહાર જોઈને જે દેખાય તે લખો.

બાળકો લખશે.

૧ આકાશ ૨ ઢગ ૩ ઝાડ, ૪ પાન ૫ ગાડી ૬ કૂતરો, ૭ મોટાર ૮ માણસ ૯ ઘર ૧૦ બારી વગેરે.

૩. ઓરડામાં દેખાય તે વસ્તુના નામો.

૧ ટેબલ ૨ કાગળ ૩ નકશો ૪ ભીંત પે બારી ૬ બારણાં ૭ પાટી ૮ પેન ૯ પાટિયું ૧૦ ખુરસી વગેરે.

૪. શું જમ્યા તે.

૫. તમારા મિત્રોનાં નામો લખો.

૬. તમારા ઘરનાં માણસોના ને પાડોશીના નામ લખો.

૭ ઘરની વસ્તુનાં નામ લખો.

૮ ફળોનાં નામ લખો.

૯ ફૂલોના નામ લખો.

૧૦ જનાવરોનાં નામો લખો.

૧૧ પક્ષીના નામો લખો.

૧૨ શાકભાજીના નામ લખો.

૧૩ મિષ્ટાન્નનાં નામ લખો.

૧૪ ફરવા ગયા હતાં ત્યારે શું શું દેખાણું લખો.

આવા તો કેટલાએ વિષયો આપી શકાય. પણ થોડા દિવસમાં તો બાળકો જ આપણને કહેશે કે "તમે નહિ કહો. અમે અમારા મનથી ગમે તે લખીશું."

આવા લખાણમાં જોડાક્ષરો આવે છે ત્યારે આ બાળકોને મુશ્કેલીઓ આવે છે. ત્યારે ન આવડે તે શબ્દો છોડી ઘો એમ કહેવાથી કામ ચાલે છે. અથવા હમેશ જરૂર પડે તેવા શબ્દો પાટિયાં ઉપર લખીને બતાવી દીધા હોય તો ગાડી ચાલુ થાય છે.

મનથી લખવા માટે એક જૂની જ નોટ આપવી. આપણા હમેશના આકારની નોટ હોય તો તે બે લીટાવાળી તો હોવી જ જોઈએ. તેમાં વચ્ચે એક લીટો આંકીને એક નીચે એક એમ શબ્દ લખવાનું કહેવું.

હમેશના આકારની નોટને ઊભી કાપીને અર્ધા આકારની કરી હોય તો વધારે સારૂં. કેમ કે તેમાં એક લીટી ઉપર એક એક શબ્દ લખી શકાય.

કરકસર માટે અનુલેખન અને શુદ્ધલેખન માટે પાટીપેન આપીએ તો ચાલે. પણ મનથી લેખન માટે તો નોટ અને પેન્સિલ જ આપવી. કેમ કે બાળકોને શું શું સૂઝયું તે આપણે નિરાંતે જોઈ શકીએ

શબ્દલેખન ઝડપથી લખતાં થઈ જાય પછી વાક્યલેખન બતાવી શકાય. સામાન્યતઃ આ પહેલા ધોરણમાં લઈ શકાય છે.

બાળકો મનથી વાક્યો લખવા લાગે તે પહેલાં શ્રુતલેખનમાં આપણે વાક્યો લખાવવાં. તેમનું ખાસ ધ્યાન ખેંચવું કે હવે વાક્યો લખાવાશે. હવે વચ્ચે લીટી જોતી નથી, માત્ર બે શબ્દો વચ્ચે જગ્યા છોડવાની છે. તે કેમ તે પાટિયા ઉપર બતાવવું. પાટી ઉપર સીધી લીટી આંકીને એક શબ્દ પૂરો થાય એટલે આંગળાંથી વચ્ચે થોડોક લીટીનો ભાગ લૂછીને આગળનો શબ્દ લખવાનું કહેવું. એ ધ્યાન દોરવામાં વધારે સુલભ પડે છે. કેમ કે શબ્દ પૂરો થાયં ત્યારે લૂછવાની ક્રિયા કરવાની હોય છે. તેમ જ વીંઝ્ય પૂરૂં થાય ત્યારે. પૂર્ણવિરામ કરવાનું પણ બતાવવું. આપણે ભૂલ્યા વગર પાટિયા ઉપર પૂર્ણવિરામ કરવો. ને બાળકોને કરવાનું કહેવું. કેમ કે તેમાં વાક્ય પૂરૂં થવાનો ખ્યાલ આસ્તે આસ્તે આવે છે. એક લીંટી ઉપર એક જ વાક્ય લખવાનું કહેવું પાટિયા ઉપર લખતાં જવું ને આ બધી સૂચનાઓ આપતા જવી.

આપણે લખાવીએ ને લખીએઃ

મોર નાચે છે.
હરણ દોડે છે.
ચકલી ઊડે છે.

આ પ્રમાણે આપણે લખાવવા લાગીએ અને લખીને બતાવીએ એટલે બાળકોને થોડા જ દિવસમાં વાક્યની કલ્પના આવે છે. પછી તેઓ પણ પોતાની મેળે વાક્યો લખવા લાગે છે.

આને માટે પણ વિચારને મદદ તરીકે ચિત્ર રાખી શકીએ.

ચિત્ર સામે જોઈને લખાવીએઃ

છોકરી	બેઠી	છે.
કૂતરો	બેઠો	છે.
એક	દડો	છે.
દડો	લાલ	છે.

આસ્તે આસ્તે બાળકો વાક્યો બનાવીને લખતાં થશે.

કોઈ વાર એકલા શબ્દો આપી વાક્યો કરવાનું કહીએ. સિપાહી, મોટર, ઘોડો. વગેરે. બાળકો સરસ વાક્યો બનાવે છે.

કોઈવાર વચલો કે છેલ્લો શબ્દ આપીએ તો પણ વાક્યો બનાવવાની મજા પડે છે. જેમકે પડી ગયો. લપસતો હતો. ગાડીમાં વગેરે.

કોઈ વાર વાક્ય પૂર્તિ આપવી.

પોપટ મરચું.....

બચુભાઈ.....બેઠો.

.....જોરથી દોડે છે.

વર્ગનાં છોકરાંનાં નામ આપી કોણ શું કરે છે તે લખો.

એ બધું બહુ જ રસિક થઈ પડે છે.

બાળકોને થોડા જ દિવસોમાં વાક્ય બનાવતા આવડે છે, અને પછી તો તેમના લેખનશક્તિને પાંખ આવી ગઈ હોય તેમ તેઓ પૂર જોશથી ઊડવા જ માંડે છે. એટલું ખરૂં કે વિચારને જેટલી ગતિ હોય છે તેટલી ગતિ હાથમાં આવતી નથી, તેમ જ કેમ લખાય તે પણ સમજાતું નથી. માટે ઘણીવાર અક્ષરો સારા આવતા નથી. કાના માત્ર

રહી જાય છે ને અશુદ્ધ લખાઈ જાય છે. પણ છોકરાંઓ તેની પરવા કર્યા વગર લખ્યે જ જાય છે. 'એક હત શયળ' એમ પણ લખાય.

આવે વખતે બાળકોને રોકવા નહિ. ભલે અશુદ્ધ લખાય ને વાંકું ચૂંકું લખાય ને વચલા અક્ષરો કે કાના માત્ર રહી જાય. તેમને આગળ જવા દેવું. વિચારનો પ્રવાહ તૂટવા દેવો નહિ. લેખનમાં વિચાર એ આત્મા છે. અક્ષર વગેરે તો માત્ર શરીર છે. એટલે મુખ્ય વસ્તુને કાળજીથી સાચવી લેવી.

બાળકોનું લેખન પાકુ થવાને માટે અનુલેખન, શ્રુતલેખન અને સુલેખન તો ચાલુ રાખવું જ. અને તે વખતે અક્ષરોનો વળાંક વગેરે બાબત ચોકસ રહેવું. તેમ જ વચ્ચે અક્ષરો રહી ન જાય, કાના માત્ર બધું બરાબર શુદ્ધ લખાય તે માટે ચિવટ રાખવી.

આગળ જતાં, બાળકો ઘેરથી અનુલેખન સુંદર અક્ષરમાં રોજ લખી લાવે એમ પણ કહી શકાય. શ્રુતલેખન વખતે શબ્દ બરાબર સાંભળીને પૂછી તેનું બરાબર પૃથક્કરણ કરીને ધીમેથી સુંદર લખે તે ઉપર ભાર મૂકવો.

કેમ કે આ વખતે જો તેઓ ઉતાવળે લખી ગમે તેવા વાંકાચૂંકા અક્ષરો લખે અથવા અશુદ્ધ લખે તો તે કાયમની ટેવ પડે ને સુધરવી અઘરી ને કદાચ અશક્ય બને.

માત્ર મનથી લખતી વખતે વિચારની ગતિને લીધે જે લેખનમાં ઉણપો રહે તે ચલવી લેવી. કાના માત્ર રહી ગયાં હોય તે સુધારવા. તે તરફ ધ્યાન પણ ખેંચવું. પણ લખતાં અટકાવવાં નહિ. કેમ કે તેથી વિચારની ગતિ રોકાઈ જવાનો સંભવ હોય છે.

બાળકો નાનાં નાનાં વાક્યો લખતાં લખતાં તો ઘણાં મોટાં વાક્યો પણ લખવા લાગે છે. આખી વાર્તા લખવાનું તેમને મન થાય છે. આ વિચારનો પ્રવાહ બહુમોલ હોય છે. તે અસ્ખલિત વહેતો રહે તે શિક્ષકે જોવાનું છે.

આમ પોતાની મેળે વિચાર કરવાની ટેવ પડે, વિચાર કરતા થાય તે માટે આટલું કરી શકાય.

વિચારો સૂઝે તો પણ તે યોગ્ય ભાષામાં અને યોગ્ય શૈલીમાં ગોઠવવાની વાત પણ શીખવી જોઈએ. તે શિક્ષક પોતે શ્રુતલેખન લખાવે તે વખતે કરી શકે છે. શ્રુતલેખન માત્ર ચોપડીમાંથી લખાવવું ને હ્રસ્વ દીર્ઘ જોઈ ભૂલો કાઢવી એટલું જ રહેવું જોઈએ નહિ. શ્રુતલેખન વખતે ભાષા ને શૈલીના પાઠો આપી શકાય.

શિક્ષક લખાવે:

આ શું? એ શું હશે?
અવાજ તો લાગે છે મોટારનો!
ઘર ઘર ઘર! ને ખર ખર ખર!
રસ્તાપર તો કાંઈ દેખાતું નથી.
અરે! આ તો વિમાન!
ઊંચે આ કા શ માં!

આપણે જોરદાર ભાષામાં, ભાવનાથી હલીને, વિનોદમાં હસીને જેવું લખાવીએ તેવો ભાવ ને ભાષા બાળકો પકડવા લાગે છે. આપણે રંગાઈ જઈને લખાવીએ તો બાળકો પણ તેમાં રંગાઈ જઈને લખે છે.

શ્રુતલેખનનો વખત તે શિક્ષકના લેખનનો છે એમ તેમને લાગે છે એટલે શિક્ષક કેમ લખાવે છે, કેવા શબ્દો વાપરે છે, કેવાં વાક્યો બનાવે છે, કેવી શૈલીમાં લખાવે છે એ બધું ધ્યાન દઈને જોવાની તેમને મઝા પડે છે. કોઇ વાર બાળકો વારંવાર શ્રુતલેખન જ

માગે છે. એનું કારણ તે આપણી પાસેથી ભાષા અને લેખનશૈલી શીખતાં હોય છે. વળી અમુક દિવસ પછી તેઓ પૂછે છેઃ અમે મનથી લખીએ? અને શ્રુતલેખનના વખતમાં પણ મનથી લખવાનું જ કરે છે. આવું કેમ બને છે?

આનું કારણ તો એમ હોય છે કે અમુક વખત સાંભળી સાંભળીને પછી તેમને તેમની મેળે ભાષા સૂઝવા લાગે છે. જ્યારે સૂઝે ત્યારે પછી પોતાની મેળે લખવાનું મન થાય છે.

આ પ્રમાણે શ્રુતલેખનનો અને મનથી લખવાના બન્ને સમયો અત્યંત રસિક થઈ પડે છે.

બાળકો તેને માટે આતુરતાથી રાહ જુએ છે અને ઘણી વાર તેનો જ સમય માગી લે છે. શ્રુતલેખન અને નિબંધલેખનનો સમય વાર્તાના કરતાં પણ રસિક લાગતો આપણે જોઈ શકીએ છીએ.

આ રીતે બને વિચાર કરીને ગોઠવીને કેમ લખાય તેના પાઠો બાળવર્ગથી આપી શકીએ છીએ.

તા.૦

વેડછીની બાલવાડી

વેડછી નામનું એક નાનકડું ગામડું બારડોલી તાલુકામાં છે. ત્યાં મોટે ભાગે રાનીપરજની વસ્તી છે; શ્રી. ચુનીભાઇ અને શ્રી જુગતરામભાઈ ત્યાં છેલ્લા ૨૦–૨૨ વર્ષથી સ્વરાજ્ય આશ્રમ સ્થાપીને બેઠા છે; અને આ જંગલની કોમમાં તેમણે ઘણું જ કામ કર્યું છે.

આ આશ્રમમાં કેટલાએ રાનીપરજના છોકરાઓ સંસ્કારી રીતે જીવન જીવવાનું ને છતાં શ્રમજીવી રહેવાનું સુંદર શિક્ષણ લઈ રહ્યાં છે.

ચાર છ મહિના પહેલાં ત્યાં એક બાલવાડી શરૂ કરવામાં આવી. તદ્દન નાનાં – અઢી ત્રણ વર્ષથી તે છ વર્ષ સુધીનાં બાળકો જ આ વાડીમાં દાખલ થાય છે. તેથી મોટાં તો ગામની પ્રાથમિક નિશાળમાં જાય છે.

આટલાં નાનાં છોકરાંઓને અહીં શું શિખવવામાં આવતું હશે? અહીં તેમને પાટી પેન લઈ એકડો ઘૂંટવા બેસાડવામાં આવતાં નથી. પણ અહીં સ્વતંત્ર મનુષ્ય બનવાનું શિક્ષણ સુંદર રીતે અપાય છે. બાળકો આવે છે, હીંચકા ઉપર હીંચે છે, કસરત કરે છે, બગીચાને પાણી પાય છે, પણ તેમાંના એકેના ચેહરા ઉપર કે આંખમાં બીકનું નામ પણ દેખાતું નથી.

બાળકો આંગણું વાળે છે. ઓરડો વાળે છે. તેમની સાથે તેમના શિક્ષકો પણ હોય છે તે તો માત્ર તેમની ઊંચાઈ અને કદથી જ ઓળખાય. નહિ તો તેઓ પણ મોટા સાવરણા લઈને બાળકોની બાથે જ વાળતા હોય છે.

બાળકો પાણી ભરે છે. પેણ તે કાંઈ માસ્તરે સોંપેલું કામ ગમે તેમ કરી નાખવું જોઈએ એ રીતે નહિ જ. ગડગડગડ ગાડી ખેંચી જવાની. તેમાં નાનું ટીંપ સૂકવાનું. પછી બે ચાર જણાંએ મળીને તે કુંડી ઉપર લઈ જવાનું ત્યાં તે નાની ડોલથી ભરી દેવાનું. ફરીથી બે પાંચ જણાએ તે ખેંચી લાવવાનું. વાહ! શી મજા! આ નાની ગાડી ને આ ટીંપ શહેરનાં છોકરાંઓ જોશે તો તેઓ કદી મૂકશે જ નહિ. પછી તે છોકરાઓ પીંપમાંથી પાણી કાઢી કાઠી ભરી દે છે. એ

પાણીની કોઠી તો વાડીનાં છોકરાંઓને હાથ મોં ધોવા જોઈએ ને !

આ બાજુ નાની નાની છોકરીઓ તો વધારે મજા કરે છે. નાની નાની દેંઢોણીઓ માથે મૂકી, નાની માટલીઓ લઈને તેમની બા જેમ પાણી ભરવા જાય છે. તેઓ નળનું સ્વચ્છ પાણી ભરી લાવે છે ને ગોળો ભરી દે છે

અહીંના મણીભાઈ બાળસ્વભાવની કળ સમજે છે. અહીં કામ ને રમત વચ્ચે ભેદ જણાતો નથી. બધું કામ જ રમતની જેમ મજાથી થાય છે. ને હાથપગને પૂરતું કામ મળે છે. તેથી છોકરાંઓ રાજી રાજી રહે છે. એ તો બધે જ છે. છોકરાંઓ તો કામ ને રમત વચ્ચે ભેદ પાડતાં જ નથી. એ તો આપણે મોટાંઓ જ કામ નોકરને સોંપીએ છીએ અને છોકરાંઓને રમવા માટે ક્રિડાંગણ કરી આપીએ છીએ.

આ શિવાયનાં પણ અહીં કામો કયાં ઓછાં છે ? અંદર ઓરડામાં જઈએ તો ત્યાં સામે જ કપાસિયાં કાઢવાનો ચરખો દેખાશે. નાનું ત્રણ વર્ષનું બાળક પણ તેની પાસે બેસીને તેમાં કપાસ નાખે છે, ફેરવે છે, અને કપાસિયા આ બાજુ પડતા જુવે, ધોળું રૂ પેલી બાજુ પડતું જુવે. અન્જયલી અને આનંદથી તે વધારે કપાસ ચડાવે છે અને ચરખો ફેરવે છે. અહા ? એ કેવી ગમ્મત !

આ અહીં નાની ઘંટડી છે. શું નિશાળમાં ઘંટડી હોય ? આ જુગતરામભાઇ કે મણિભાઇ કે જેમને સૂઝયું હોય તેમને આને માટે સો માર્ક આપવા જોશે ! છોકરાંઓને ઘર ઘર ઘર ફેરવવાનાં રમકડાં ગમે છે. ગતિ ગમે છે. ચકરડાં ફેરવવાં મળે તો આખો દિવસ તેઓ ફેરવ્યા જ કરે છે. ટાટાની પ્રતિભાએ નકામાં વહેતાં પાણીને વાળી વિજળી બનાવવાને કામે લગાડયું તેમ આ લોકોએ અખંડ કામ માગતા બાળકોના હાથમાં ઘંટડી ને ચરખા.ને રેંટીયા મૂકી ઠીક કામે લગાડી દીધા છે.

છોકરીઓને માની જેમ દળવા બેસવાની બહુ હોંશ થાય છે. તે અહીં નાની ઘંટડી પાસે બેસે છે ને ગુવાર ભરડે છે. જુગતરામ ભાઇના બળદ તે આનંદથી આરોગે છે.

આ ખુણામાં આ નાની નાની તાજુડીઓ છે. નાળિએરની કાચલીની તાજુડીઓ. આ જંગલના નકામા બોર જેવાં ફળો. આ વજનો. છોકરાઓને દુકાન દુકાન રમવાની ઠીક મજા પડે છે. કેટલાં જોઇએ ? છોકરાંઓ ઝટ તોળી દેશે.

પેલાં ખૂણામાં કાતણ કામનાં સાધનો છે. કેવાં સરસ મૂકયાં છે ! જેમને કાંતવું હોય તે ઝટ્ એક પૂણી લે, એક તકલી, એક પૂંઠું ને બગડેલું તુટેલું સુતર નાખવા એક ટોપલી લે. બાસ ફરજ જેવું નથી છતાં આ નાના છોકરાંઓએ કેવું સરસ સુતર કાંત્યું છે.

વચ્ચે નાના રેંટિયા પણ છે. પેટી રેંટિયા નહિ પણ પેલા ચકરવાળા. બાળકની નાડ પારખી ગએલા આ શિક્ષકોએ બાળકોને ગમે એવા સ્થૂળ ગતિનાં સાધનો મૂકી દીધાં છે ને તેથી ફાવ્યા છે.

આ ખૂણો તે તેમનુ કલામંદિર છે. ખજૂરીના પત્તાનાં આ કમળો કેવાં સુંદર છે ? શંખ છીપલાંની રંગોળી છે. બે પાંચ હાથે ચિત્રેલાં કાપેલાં સુંદર ચિત્રો છે. સુંદર !

બાળકોને ટેબલો નથી. પણ તેમનાં પોતાનાં બાનાં છે. બાનામાં એક એક ટોપલી છે. ટોપલીમાં પોતાને ગમે તે બાળક લાવીને મૂકે છે. આ જુઓ તેમણે ભેગાં કરેલાં પીંછા–પથરા.

આ ઝૂંપડામાં તેમનું ઇંટોને નળીયાં ઘસવાનું કામ ચાલે છે. અહીં તેઓ માટીના રમકડાં બનાવે છે. આ ઘાટઓ લઈને તેઓ શિક્ષક સાથે બાળકોને તેડવા જાય છે.

અહીંનું સંગીત ખૂબ મનોરમ હોય છે. સૌથી નાની મંડલી ૨॥–૩॥ વર્ષની ચકલી . મંડલી કહેવાય છે. તે જ્યાં ચકલી ચિતરી હોય ત્યાં આવીને બેસે છે. વચલી મંડલી કોયલ મંડલી કહેવાય છે. તે કોયલ જોઈને બેસી જાય છે. અને મોટી મંડલી તે મોર મંડલી. તેમને મોર હોય ત્યાં બેસવાનું. તેઓ તાલ સાથે ગાય છે. મંજીરા ને દાંડિયા લઈને રાસ લે છે.

તાલસૂર વગરનું સંગીત અને જરાએ સ્વાભાવિકતા કે સ્વાંગતા નહિ એવાં શહેરી બાલમંદિરના નૃત્યો જોયા પછી આ છ માસથી જ શરૂ થએલી બાલવાડીનું સંગીત અને રાસ જોઈને કાન અને આંખ ઠર્યાં. અહીં નથી ખાસ સંગીત કે નૃત્યશિક્ષક કે નથી દિલરૂબા કે પેટી. અહીં નથી ખાસ શિખવેલા હાથચાળા. તેથી બાળકમાં સહજ એવા લહેકા અને ડોલન જોઈને મન પ્રસન્ન થાય છે. બાળકનું કુદરતી હલનચલનને તાલ અને સૂરની જોડે બરાબર મળે છે. સૌ મસ્તીમાં આવીને ગાય છે.

આ બાજુ આટલાં કામો થાય છે ત્યાં તો માટીના હાંડલામાં શિક્ષકે રાંધેલી રાબ તૈયાર થઈ ગઈ હોય છે. છોકરાંઓને શિક્ષકો મળી સાફસૂફ વાળવાનું વગેરે કરી હાથ મોં ધોઈ તૈયાર થઈ જાય છે.

કાચલીના ડોયાથી માટીના શંકોરામાં રાબ પીરસાય છે. સૌ ઓશરીમાં હારબંધ બેસે છે મહાત્માજીકી જે, શ્રીરામચંદ્રજીકી જે બોલીને જમવા લાગે છે.

જમીને પોતપોતાના શંકોરા દરેક ધોઈને અંદર મૂકી જાય છે. પછી શિક્ષક તે બધાંને ઉકળતા પાણીમાં નાખી સાફ કરે છે.

અહીં એકે નોકર જ નથી; કોઈ માલક નહિ. કોઈ માસ્તર નથી પછી માસ્તરની છડી ક્યાંથી જ હોય ! અહીં બાળકના મિત્ર છે. તેમના સહકાર્યકર્તા છે- બધાં મળીને કામ કરે છે.

અઠવાડિયામાં એક બે વાર નહાવા ધોવાનું ચાલે છે. બસ ગુમડાની દવા વગેરે તો રોજ ચાલે છે.

પાછળના બેતરમાં કપાસ વીણાય છે. જંગલમાંથી ફળફૂલ લઈ અવાય છે. બાળકો અહીં પોતાને ગમે ને ફાવે ને સૂઝે તે રીતે ઝૂંપડાં બાંધે છે. ઘોડાહાર બનાવે છે. મકાન ચણવાનો પ્રયત્ન પણ કરે છે. ખૂબ શ્રમ કરે છે અને શ્રમનો શુદ્ધ આનંદ મેળવે છે. પોતાના શ્રમથી, પોતાના પ્રયત્નથી ને પોતાની જ કલ્પનાથી મેળવેલી વસ્તુનો વિજયાનંદ ભોગવે છે. આવાં આ છોકરાં કોલાભાંથી નીકળેલાં, જેવાં નિસ્તેજ અને પ્રાણ વગરનાં શું કામ દેખાશે? એ થાકીને લોથ થએલાં પણ દેખાતાં નથી. સાહેબ કે ઉજળિઆત લોકોને જોઈ શરમાતાં કે ગભરાતાં પણ દેખાતાં નથી.

આ બાલવાડીમાં મનુષ્યના રોપા મોટા થાય છે. આ રોપા સ્વાતંત્र्यનું પાણી પીએ છે અને સ્વશ્રમ, સ્વાશ્રય અને સ્વાભિમાનનો ખોરાક ખાય છે. આ જોશથી વધશે અને જોરદાર કર્તૃત્વવાન માણસો બનશે એમાં શી શંકા?

બાળકોના હાથપગ—અંગેઅંગ ક્રિયા માગે છે. હલનચલન માગે છે. હલનચલનથી તેમનામાં નિયમન આવે છે. આમાંથી જ તેઓ ક્રિયાશક્તિ ઉપર કાબૂ મેળવે છે.

બાળકો અહીં આનંદમાં ને પ્રફુલ્લ દેખાય છે. કેમ કે અહીં તેમને માટે મિષ્ટાન્નનું ભોજન પીરસેલું હોય છે.

'અહીં આ કરીશ મા તે કરીશ મા એવું કોઈ કહેતું નથી. પણ દરેક વસ્તુ ઉલટું તેને કહે છે ! "અહીં આવો. આ કરો." હીંચકો કહે છે હવે હીંચકા આવો ને કુંડાંઓ કહે

છે અમને પાણી પાએાને. રેંટિયેા કહે છે હવે મને ફેરવેા ને તાજુડીએા કહે છે હવે મને ઉંચકેા.

સ્વચ્છ અને વ્યવસ્થાપૂર્ણ વાતાવરણમાં તેમની હિલચાલને યેાગ્ય વળણ મળે છે. રમત ગમતને ઉદ્યેાગના આ વાતાવરણમાં જંગલી ગણાએલા આ બાળકેા સંસ્કારી અને હેાશિઆર થાય છે.

અને આ શાળાનેા ખર્ચ ? કેાણ કહેશે કે આ બાલવાડી આપણા ગરીબ દેશમાં પેાસાય તેમ નથી?

વેડછીની બાળવાડી જોઈ દરેક ગામડામાં આવી તેા એક જોશેજ એમજ સૌને લાગશે.

આ બાલવાડીના ચાલકેાને સાચેજ ધન્યવાદ.

તા.૦

નાંધ—સમાચાર

બાલદિન

નૂતન બાલશિક્ષણ સંઘના કાય કર્તા મંડળની સૂચનાને ધ્યાનમાં લઇને ગુજરાતમાં જુદે જુદે સ્થળે ફેબ્રુઆરીના બીજે રવિવારે બાલદિન ઉજવાયેલેા. તેમાંના અમારા પર આવેલા અહેવાલેામાંનું કંઈક સૌની જાણ માટે પ્રગટ કરીએ છીએ:

વડેાદરા શિશુભારતી: ૮–૨–૪૨, રવિવારે બપેારે, વડેાદરાનાં બાળકેાએ ખૂબ જ ધામધૂમથી બાલદિન ઉજવ્યેા હતેા. બપેારે બે વાગે, જુદા જુદા જિલ્લામાંથી કૂચકદમે ધસતાં, હસતાં નાનાં બાળકેા તારકેશ્વર આગળ એકઠાં મળ્યાં હતાં. ત્યાંથી બાળકેાનું મેાટું ભવ્ય સરઘસ નીકળ્યું હતું. મેાખરે જ શિશુભારતીના નિયામક શ્રી. કમળાશંકર પંડિતની દોરવણી હેઠળ, સરઘસના અગ્રભાગે, એક બાળક અને બાલિકાએ 'બાલદિન', 'બાળકેાને સન્માનેા'–નું મનેારમ મંગલપટ પકડયું હતું અને બધાં બાળકેા 'બાલ દેવેા ઝીન્દાબાદ', 'બાલમંદિરેા ઝીન્દાબાદ', 'બાળકેાને મારશેા નહિ', 'બાળકેાને ભાંડશેા નહિ', 'બાળકેાને બ્હીવડાવશેા નહિ', વગેરે સૂત્રેા અને બાલસેનાનાં ગીતેા ગાતાં, હસતાં, રમતાં, આનંદમાં ને ઉલ્લાસમાં સુવ્યવસ્થિત રીતે બબ્બેની હારમાં સરઘસમાં ચાલતાં હતાં.

ચિ. જયસ્વિની બૂચના બાળ પ્રમુખપણા નીચે સંગીત નાસ્તા વગેરેનેા કાર્યક્રમ બૂબ સુંદર રીતે પાર પડયેા.

વીસનગર—વીસનગર બાલમંદિર તરફથી પણ ગામને શેાભે એ રીતે બાલદિન ઉજવાયેા હતેા. બાલ–સરઘસમાં ગામનાં ઘણાં બાલકેાએ ભાગ લીધેા હતેા. રાષ્ટ્રીય પતાકા અને ફેળવણીના સૂત્રેાથી સરઘસ દીપી ઊઠયું હતું. સાંજે ૭ વાગે બાલક્રીડાંગણના મેદાનમાં બાળકેાની એક સભા મળી હતી. તેમાં બાળકેા જોગ એક નાનેા સંદેશ શ્રી ઈશ્વરાચાર્યે આપ્યેા હતેા, વીસનગરમાં ચાલતા બાલઅધ્યાપન મંદિરનાં ભાઈબહેનેાએ પણ આમાં ભાગ લીધેા હતેા.

નૂતનબાળશિક્ષણ સંઘ–મુંબઈ શાખા: આ શાખાની શરૂઆત થયાં તેા ઠીક સમય વ્યતીત થઇ ગયેા, છતાં તેની રીતસરની ઉદઘાટન ક્રિયા ગત ફેબ્રુઆરીની ૭મી ની સાંજે મુંબઇના માજી વડા પ્રધાન શ્રી માનનીય બાળાસાહેબ ખેરના પ્રમુખપણા નીચે સુંદરબાગ હેાલમાં થઈ.

આ કાર્યક્રમમાં, નૂતન બાલશિક્ષણસંઘ સાથે મુંબઈના જોડાયેલાં બાલમંદિરેાએ ભાગ લીધેા હતેા.

મુંબઈ શાખાના મંત્રીઓવતી શ્રી બાબીબેન મૂળજીએ અહીંના કાર્યનું દિશાસૂચન અને ઇતિહાસ આપ્યો હતો અને શ્રી. તારાબેન મોડકે સંઘનું કાર્ય સમજાવ્યું હતું.

શ્રી માનનીય ખેર સાહેબે નીચેનો મતલબનું ભાષણ કર્યું હતું:

"આપણે ત્યાં બાળશિક્ષણ જરાય હતું નહિ. પાંચ વર્ષ કે એથી મોટી ઉમરે બાળકને પંતુજીને સ્વાધીન કરવામાં બધું જ આવી જતું. આવી જગ્યાએ કોઈ જાતનો કસ ન નીકળે એ જાતની કેળવણી મળતી. શિખવનાર શિક્ષકોની લાયકાત ખૂબજ નીચી કક્ષાની હતી અને ૪૦-૫૦ નાં ટોળાંને ગમે તેવી ગલીચ જગ્યામાં શિક્ષણ આપવું પડતું.

"હવે સમય બદલાયો છે. જ્યારે આજે બાળ-શિક્ષણ સંસ્થાઓ સ્થપાય છે ત્યારે બાલમાનસ કેવું ને શું છે તે સમજવું જોઇએ. તેમાં માત્ર પશ્ચિમના અનુકરણની જરૂર નથી. આપણે બાળકો માટે આપણે ત્યાંની પ્રવૃતિઓ ઊભી કરવી જોઇએ. બાળકનું શિક્ષણ જન્મતાની સાથે જ શરૂ થાય છે.

"દરેક બાળકને પોતાનું સ્વમાન પણ હોય છે. અને એ સ્વમાનનો, જીવનના અનેક પ્રસંગે આપણને તેઓ અનુભવ કરાવે છે.

"એવાં આ બાળકોને આપણે સૌએ વધું સમજવાં જોઇએ અને પછી એમનાં શિક્ષણની યોગ્ય યોજના કરવી જોઇએ. માત્ર શહેરો જ નહિ પણ ગામડાંઓમાં પણ આ શિક્ષણ કેમ સર્વવ્યાપી થાય તેનો વિચાર થવો જોઈએ."

આ બધા વિચારો આપવામાં તેઓએ નિત્ય જીવનમાંથી ઘણાય દાખલાઓ પણ ટાંકી બતાવ્યા હતા.

ગામડાનું બાલશિક્ષણ

(વરણામાં બાલમંદિરના ઉત્સવ પ્રસંગે શ્રી. સત્યવ્રત મુકરજી સાહેબે કરેલા ભાષણમાંથી આ ફકરો છે.)

"આજનાં બાળકો તે આવતી કાલના નાગરિકો છે. જતે દિવસે આપણા દેશનું સુકાન તેમના જ હાથમાં સોંપાશે. જનસમાજનો મોટો સમુદાય ગામોમાં વસતો હોવાથી આવી સંસ્થાઓ ગામડાંઓમાં સ્થપાય અને વિકાસ પામે તો જ વધારે કલ્યાણ કારી થઇ શકે.

બાળકોની શારીરિક ઉન્નતિ માટે આપણે શહેરોમાં જેટલો રસ લઈએ છીએ તેટલો ગામડાંમાં લેવામાં આવતો નથી. આજ સૌની મીંટ ગામડાં તરફ મંડાઈ છે. ગામડાં માટે માત્ર લાગણીનું પ્રદર્શન કરવાથી ગ્રામ્ય-જીવન સુધરી જવાનું નથી. એ દિશામાં રચનાત્મક કાર્યમાં પહેલો પ્રશ્ન તે ગામડાનાં બાળકોનો છે. અહીં વરણામામાં એ પણ પ્રશ્ન હાથમાં લઈ સુંદર કાર્ય થતું જોઈ મને આનંદ થાય છે.

મનુષ્યના ભાવી ઘડતરનો ઘણો આધાર બાલ્ય-પણમાં તેના માનસ ઉપર પડેલા સંસ્કાર ઉપર રહે છે. ચારિત્ર્યના ચણતરનું આ કાર્ય કોલેજના અધ્યાપકો કરતાં બાળકોના શિક્ષકોએ વિશેષ ધ્યાન આપી કરવાનું છે.

બાળકોની કેળવણી માટે ખર્ચનો સવાલ હોય જ નહિ. પોતાની થોડી જરૂરિઆતો ઓછી કરીને પણ આ કાર્યનો ખર્ચ આનંદથી પૂરો કરવો જોઇએ. આની પાછળ આટલો મોટો ખર્ચ થવાનો નથી કે જે સામાન્ય માણસના ગજાબહારનો હોય.

આપણે સૌ જાણીએ છીએ કે ગામડાંના બલકે આખા દેશનો મુખ્ય વ્યવસાય ખેતીનો છે.

તે માટે શરીરે ખડતલ જોઈએ. બાળકોએ પણ સ્વાવલંબી થવાની કેળવણી લેવી જોઈએ. આપણે સૌ સ્વાતંત્ર્યના ઉપાસકો છીએ. છતાં ભય અને ભૂખની લાગણીઓ આપણને પરવશ બનાવી મૂકે છે. એ બંધન તોડવાની અને નિર્બંધતા મેળવવાની પોતાની જવાબદારી આપણાં સંતાનો અદા કરી શકે તે માટે શક્તિનું સિંચન કરવામાં આવવું જોઈએ.

કુદરતના બોધપાઠ

મરચીનો છોડ ફાલ્યો. તેને નાનાં નાનાં મરચાં બેઠાં. તે બધાંનો રંગ, તે પાકે નહિ ત્યાં સૂધી લીલો જ હોય ને?

ટામેટાંનો છોડ ફાલ્યો. તેને નાનાં નાનાં ટામેટાં બેઠાં. તે બધાંનો રંગ, તે પાકે નહિ ત્યાં સૂધી લીલો જ હોય ને?

અને સ્વાદમાં પણ તેવું જ ને?

તદ્દન નવું ફૂટેલું મરચું તીખું નહિ પણ જરા તૂરું અને તદ્દન ઓછું તીખું હશે.

તદ્દન નવું ફૂટેલું ટામેટું પણ જરા ઓછું ખાટું અને સહજ તૂરું હશે.

તેને ઉગાડનાર અને જોનાર સૌને વિશ્વાસ છે કે મરચું પાકુ થતાં તેનો સ્વાદ અને રંગ બદલાશે. તે પ્રમાણે ટામેટાનું. કાચી અને પાકી કેરીનું—અને તે જ પ્રમાણે ઘણી ઘણી વનસ્પતિઓનું.

તો પછી બાળકની બાબતમાં તેમ કેમ નહિ?

બાળ ઉછેર—અને બાળકેળવણીમાં વનસ્પતિ-શાસ્ત્રનું બારીક અવલોકન આપણી નજરને, વિના પુસ્તકે ઘણું જ્ઞાન આપી દે છે. તેમના મૂંગા બોધપાઠ, આપણા શાંત ચિત્તને હલાવી, તેમનામાંથી ઝરતી દિવ્ય વાણી આપણા દિવ્ય ચક્ષુ અને અંતર કપાટને ખોલી દે છે.

મરચાં, ટામેટાં જેવા છોડ, આંબા અને જાંબુડા જેવાં વૃક્ષો પોકારી પોકારીને, માનવીને કહે છે: "ભાઈ શાંતિ રાખો. ધીરજ રાખો. જે બાળકને તમે સારું જોવા તલસો છો તેનામાં વિશ્વાસ સેવો" અમને ખાતર પાની તથા સ્વચ્છ આબોહવા આપી, અમારો માળી, અમારામાં રહેલ અંતર્ગત શક્તિમાં જે વિશ્વાસ રાખી દૂર દૂર ઊભો રહે છે અને ધીરજ સેવે છે, તેમ તમે પણ તમારાં બાળકોને શુદ્ધ વાતાવરણ આપી તેને સ્વાતંત્ર્ય બક્ષી, તેના વિકાસ માટે, હાથ-પગના હલનચલન માટે ખુશનુમા અવકાશ આપી, ધીરજ સેવો. તેમ કરશો તો ધીરજના મીઠાં ફળ મળશેજ."

આપણી આસપાસની કુદરત, આવા મૂંગા મૂંગા ઘણાય બોધપાઠ પ્રતિક્ષણે આપ્યેજ જાય છે. પરંતુ આપની પંચેન્દ્રિયોનાં દ્વારા ખુલ્લાં હોય તો તેની અસર થાય ને? અને તે દ્વાર જ્યાં સૂધી બંધ છે ત્યાં સૂધી બાળકેળવણીની સાચી દિશાનાં દ્વાર પણ ક્યાંથી જડે?

વજુભાઈ

કૃપા કરી નોંધ લેશો!

વ્યવસ્થાની સરળતા માટે એવું નક્કી થયું છે કે શિક્ષણપત્રિકા કાર્યાલય મુંબઈમાંથી વડોદરા ખસેડવું. ગુજરાતી, મરાઠી ને હિન્દી પત્રિકાની વ્યવસ્થાને અંગેનો પત્રવ્યવહાર તથા લવાજમ વગેરે માટે પણ વડોદરા જ લખવું—માત્ર તંત્રી તરીકેનું કાર્ય મુંબઈમાંથી થશે. એટલે એને અંગેનો પત્ર વ્યવહાર મુંબઈને સરનામે કરવોઃ

વાચક કૃપા કરી નોંધ લે કે માત્ર પત્રિકા કાર્યાલય જ મુંબઈથી ખસેડવામાં આવ્યુ છે. નૂ. બા. સંઘનું કાર્યાલયનો મુંબઈમાં જ છે. એટલે નિરીક્ષણકાર્યને અંગે અથવા સંઘના બીજા કામો સંબંધેનો પત્રવ્યવહાર દાદર, મુંબઈને જ સરનામે કરવો.

વડોદરાનું સરનામું :—
શ્રી ગોપાળરાવ ગ. વિદ્વાંસ
વ્યવસ્થાપક, 'શિક્ષણ પત્રિકા'
c/o જ્ઞાનમંદિર, મહાજન ગલી,
રાવપુરા, વડોદરા.

મુંબઈનું સરનામું—
તંત્રી : શિક્ષણપત્રિકા
૧૧૮, હિન્દુ કોલોની
દાદર–મુંબઈ ૧૪

પત્રિકાનું લવાજમ

આ બારમો અંક હોઈ આવતા અંકથી ગુજરાતી પત્રિકાનું નવું વર્ષ શરૂ થશે. પત્રિકાના ગ્રાહકો તથા નૂ. બા. શિ. સંઘના સભ્યોને વિનંતિ છે કે તેઓ પોતાનું લવાજમ વડોદરા શ્રી. ગોપાળરાવ વિદ્વાંસને સરનામે મોકલી આપે. આવતા મહિનાની ૨૦ તારીખ સુધી જેમનું લવાજમ નહિ આવ્યું હોય તે બધાંને હંમેશના રિવાજ પ્રમાણે અંક વી. પી. થી મોકલવામાં આવશે. સંઘના સભ્યોને ૩. ૧–૧૨–૦ નું વી પી. જશે, તે છોડાવી લેવા વિનંતિ છે.

વી. પી. ન ઇચ્છતાં હોય તેઓ મેહેરબાની કરી તેમ લખી જણાવે.

પત્રવ્યવહાર સાથે ગ્રાહક નંબર લખવો.

ભેટ અંક

આ વર્ષે આની સાથેનો ભેટ અંક અમે અત્યારે આપ્યો નથી. તે માટે બાળકો માફ કરે. એકાદ મહિના પછી ઘણું કરીને ભેટ અંક આપી શકીશું એવી આશા રાખીએ છીએ. **તંત્રી**

મુદ્રક : કૃ. ના. સાપલે : રામકૃષ્ણ પ્રિં. પ્રેસ : ત્રિભુવન રોડ, મુંબઈ ૪.
પ્રકાશક : તારાબેન મોડક : 'શિક્ષણપત્રિકા' કાર્યાલય : હિંદુ કૉલની, દાદર.


22972
22972